ૐ

મહાત્મા શ્રી સદ્‌ગુરૂ

ઈમામશાહ મહારાજ

[જીવન વૃત્તાન્ત]

卐

લેખક :
ગુરૂવર્ય શ્રી પુરૂષોત્તમ ગુરૂધર્મા મહારાજ
શ્રી સ પંથી મંદિર, કૈજપુર.

મહાત્મા શ્રી સદ્‌ગુરૂ

ઈમામશાહ મહારાજ

[જીવન વૃત્તાન્ત]

卐

લેખક :
ગુરૂવર્ય શ્રી પુરૂષોત્તમ ગુરૂધર્મા મહારાજ
શ્રી સ પંથી મંદિર, કૈજપુર.

ॐ

મહાત્મા શ્રી સદ્‌ગુરૂ
ઇમામશાહ મહારાજ
જીવન વૃત્તાન્ત

લેખક :
ગુરૂવર્ય શ્રી પુરૂષોત્તમ ગુરૂધર્મા મહારાજ
શ્રી સત્‌પંથી મંદિર, ફૈજપુર.

ગુજરાતી અનુવાદ
પ્રથમ આવૃત્તિ
પ્રત ૧,૦૦૦
તા. ૨૦ નવેમ્બર ૧૯૭૧

●

●

પ્રકાશક :
શ્રી જગન્નાથ ગુરૂ પુરૂષોત્તમ મહારાજ
શ્રી સત્ પંથી મંદિર,
ફૈજપૂર.

મુદ્રક :
કૃ. વા. મરાઠે
મેનેજર,
શ્રીરામવિજય પ્રિ. પ્રેસ,
રાવપુરા, પ્રતાપ રોડ, વડોદરા.

અભિપ્રાય

પ્રસ્તુત ગ્રંથમાં સતપંથના પ્રવર્તક સદ્‌ગુરૂ ઈમામશાહે એમના સતપંથમાં રહેલું તત્ત્વજ્ઞાન અને સદ્‌ચરિત્રનું નિવેદન કર્યું છે. આ ચરિત્ર પ્રસ્તુત કરવામાં લેખક અભિનિવેશથી અલિપ્ત રહ્યા છે.

સદ્‌ગુરૂ વિષેના અને પંથ વિષયની શ્રદ્ધા અવિચળ રાખીને તેમને સતપંથની ભૂમિકાને સમતોલ રીતે રજૂ કરી છે. તેમની નિવેદનની ભૂમિકા આગ્રહી પંથાભિમાનની નહીં, પરંતુ પંથ વિષયના લોકોમાં રહેલા અજ્ઞાન અને અણસમજ દૂર કરવા માટેની છે. જે લોકશિક્ષણ માટે અને લોકકલ્યાણની ભાવના જગાડનારા, સત્પુરુષની ઉત્તમ વાણીરૂપ છે. જે હકીકત સંતોષજનક છે. આ પુસ્તકના આધારે સતપંથધર્મ વિષેની ભૂમિકા વિસ્તૃત કરવાના ધ્યેયની સફળતા થશે. અને એના આધારે સમાજમાં સતપ્રવૃત્તિની ઝંખના કરવાનું કાર્ય થશે. એવી મને આશા છે.

—શ્રી બાલાસાહેબ ઉર્ફે મધુકરરાવ ચૌધરી
શિક્ષણ વ વનમંત્રી, મહારાષ્ટ્ર રાજ્ય મુંબઈ.

દરેક ધર્મ એકયતા સૂચવે છે, તેમ સતપંથ ધર્મ પણ માને છે. તેના સંસ્થાપક ગુરૂનું જીવનવૃત્તાંત અને તેના પ્રસંગો સાચેજ અદ્‌ભૂત છે. જે તેના અનુયાયીઓને પ્રેરણારૂપ બનશે. પુસ્તકનું સંકલન સરસ થયું છે.

—શિવમ સુંદરમ
અમદાવાદ.

આપણા ધર્મનું ગુજરાતીમાં આવું પુસ્તક જરૂરનું છે. ગુરૂમહારાજના જીવન ચરિત્રને બીરદાવવાનું અહોભાગ્ય સૌમાં જાગે એવી પ્રાર્થના કરું છું.

—નગીનલાલ સુ. જરીવાલા.
સુરત.

જ્ઞાન કે ઉપદેશ કોઈપણ ભાષામાં અપાયેલાં હોય, પણ તેનો મૂળ આશય તો કલ્યાણનો જ હોય છે. તેવીજ રીતે ગુજરાતી ભાષામાં પ્રસ્તુત થતા આ પુસ્તકમાં વર્ણવેલાં જ્ઞાન કે ઉપદેશનો હેતુ પણ સદ્‌આચરણો દ્વારા માનવ કલ્યાણ કરવાનો જ છે. વાચક, આ પુસ્તકમાં અપાયેલાં ઉપદેશનું શ્રદ્ધાથી પાલન કરે તો તે શ્રેયકર નિવડશે.

—નાથુભાઇ એસ. જાદવ.
પ્રતિનિધિ.
ભરૂચ, સુરત, કાનમ અને ખાનદેશ વિભાગ
ધી ઈમામશાબાવા રોજા સંસ્થા કમિટિ

દશાવતારની કથાના સપ્તાહમાં ફળિત થયું. જેમાં ભાવનગર નિવાસી, શ્રી મુળજીભાઈ શ્રી. બુદ્ધિલાલભાઈ, શ્રી, નંદલાલ મુખી, શ્રી. રામજીમુખી તથા ઓડ નિવાસી પટેલ શ્રી અરજનભાઈ કાનજી તથા મેઘપુરા કમ્પાનિવાસી પટેલ શ્રી ગોવિંદભાઈ મેઘજી, માઢવા કમ્પા નિવાસી પટેલ શ્રી દેવજીભાઈ અબજી, પાલડી કમ્પા નિવાસી શ્રી કરસનભાઈ, શ્રી કાનજીભાઈ તથા શ્રી દેવરામભાઈ વગેરે અનેક સતપંથી મહાનુભાવોએ પરિશ્રમ ઉઠાવીને પુસ્તક માટે ફાળો એકઠો કર્યો. તદુપરાંત દેસાઈપુરામાં સન્માનીય પૂજ્ય બાબાસાહેબ મહારાજની પૂણ્યતીથીના અવસરે પણ ફાળો એકઠો થયો. ત્યારબાદ ભાવનગરમાં સન્માનનીય શ્રી કાકા સાહેબના સ્વાગત સત્કારના સમયે થોડી રકમ ફાળામાં મળી. પરંતુ ભેગી થયેલી આ રકમ, પુસ્તક છપાવવાના ખર્ચ માટે પૂરતી ન હતી. તેથી માઢવા કમ્પા, રણાસણ રામપુરા, હડમતીયા, વિલાસપુરા, ચંદનપુરા. નિકોડા, કાશીપુરા, માતાજી ગાડૂ, નાયડા વગેરે કમ્પા નિવાસી ગુરૂબંધુઓએ ફાળામાં ભેટ આપી મદદ કરી.

આ રીતે મળેલો કુલ ફાળો લગભગ બે હજાર રૂપિયા થયો. તેમ છતાં પુસ્તક છપાવવાનાં ખર્ચમાં ખૂટતી રકમ અમે અમારી પાસેથી જોડીને આ કાર્ય પૂર્ણ કર્યું છે.

જે જે મહાનુભાવોએ શ્રમ વેઠીને ઉદારતાથી અંતઃકરણપૂર્વક મદદ કરી છે. તે સર્વનો અમે હાર્દિક અભિનંદન સહિત આભાર માનીએ છીએ. જે મહાશયોએ આ પુસ્તક માટે ઉચિત અભિપ્રાયો આપ્યા છે, તેઓના પણ અમે આભારી છે.

વડોદરાના શ્રી. રામવિજય પ્રિન્ટીંગ પ્રેસના મેનેજર સાહેબ તથા તેના કુશળ કર્મચારીભાઈઓએ, આ પુસ્તક ખંત અને ભાવનાપૂર્વક છાપીને તૈયાર કરી આપ્યું છે તેમનો આભાર માનીએ એટલો ઓછો છે.

વડોદરા નિવાસી સતપંથ પ્રેમી અને પીરાણા સંસ્થાન કમિટિના મેમ્બર શ્રી નાથુભાઈ એસ. જાદવ તથા ગુરૂબાંધુ શ્રી. ડી. ડી. ભારંબે કે જે બન્નેએ અપાર પરિશ્રમ વેઠીને પ્રુફ તપાસવાનું તથા દેખભાળનું કાર્યકરી ભકિતનો પરમ આદર્શ બતાવ્યો છે તેઓના પ્રયત્નથી આ પુસ્તક આટલું વહેલું, વાંચકોના હાથમાં અમે મૂકી શકયા છે. તે બદલ તેઓશ્રીનો અમે આભાર વ્યકત કરીએ છીએ.

અંતમાં પ્રેમી તથા સુજ્ઞ પાઠક ગણને અમારી નમ્ર વિનંતી છે કે, આ પુસ્તકમાં કયાંક વ્યાકરણ દોષ, મુદ્રણદોષ કે ભાષાકીય ખામી રહી હોય તો તે માટે અમોને ઉદારતાપૂર્વક ક્ષમા કરે.

એજ અભ્યર્થના. —પ્રકાશક.



પ. પૂ. ગુરૂવર્ય જગન્નાથ ગુરૂ પુરૂષોત્તમ મહારાજ
શ્રી સતપંથી મંદિર, ફૈજપુર.

realpatidar.com

ॐ

श्रीपरब्रह्मपरमात्मने नमः

પ્રસ્તાવના

दुर्लभं त्रयमेवैतद्देवानुग्रह हेतुकम् ।
मनुष्यत्वं सुमुक्षुत्वं महापुरुषसंश्रयः ।।

ઈશ્વરના અનુગ્રહથી જીવ ત્રણ વસ્તુ મેળવે છે, એક એટલે મનુષ્યજન્મ, બીજી મોક્ષ માટેની ઈચ્છા અને ત્રીજી સત્સંગ. આ ત્રણે વસ્તુ મળવી મુશ્કેલ છે. કારણ પશુ તરફ જોઈશુ તો પોતાના જીવનકર્મ સીવાય એટલે આહાર, નિદ્રા, ભય, મૈથુનાદિ શિવાય તેને બીજું કશુજ જ્ઞાન હોતુ નથી. આ ચારેય બાબતનો મનુષ્યને હોય છેજ પણ ઈશ્વરે મનુષ્ય ઉપર કૃપા કરી તેને વિશેષ જ્ઞાન આપેલુ છે. આમ હોય છતાય કેટલાક માનવદેહી જીવાત્મા એટલી તો હલકી કોટીના હોય છે કે તેમના કરતા તો બિચારા પશુ હજાર દરજ્જે સારા કહી શકાય. આવી વૃત્તિવાળા લોકોને માનવ જન્મ મળીને પણ શો ફાયદો ? મનુષ્ય જન્મ પામનારને મુકતીની ઈચ્છા હોવી એ ઉત્તમ કહેવાય અને આવી ઈચ્છાવાળા માનવે તેના માટે સતત પ્રયત્ન અને અભ્યાસ કરવો જોઈએ. માત્ર ઈચ્છા કરવાથી કઈ મુકિત મળવાની નથી. તેના માટે સત્સંગની જરૂર હોય છે. આ સંગમા એક મોટો ફરક હોય છે રસ્તે જતા ચોરોનો સંગ થાય તો તે આપણને લુટી લે છે. પણ સારામાણસનો સંગ મળે તો તે આપણને સારો રસ્તો બતાવે છે. તેથીજ સત્પુરૂષોનો સંગ મળવો વધુ જરૂરનુ છે. આમ આ ત્રણ બાબતો મેળવવી એ પ્રત્યેક માણસની ફરજ છે.

આ અપાર સંસારમાં અનેક પ્રકારના દુ:ખોથી પીડાયેલા જીવાત્માને શી રીતે શાંતિ મેળવી શકાય તે માટેની તાલાવેલી લાગેલી હોય છે. આવા લોકોને દુ:ખમાંથી ઉગારવા માટે કેટલાક ઢોંગી લોકો અનેક ઠગારા કૃત્યો કરી કપટથી પોતાની જાળમાં ફસાવે છે. તેથી શાંતિ મળવી તો બાજુયે રહી પણ તેને જન્મમરણના ફેરામાં સપડાવુ પડે છે. કેટલાય યુગોથી આં રીતે ફેરા ફરતા હોવા છતાય માણસ પોતાની કપટનીતિ છોડતો નથી કેવી હીન બુધ્ધિ ! કોઈ કહે છે મારોજ ધર્મ ખરો અને બીજા બધાનો ખોટો, તો બીજા કહે છે મારો ખરોને બીજાનો ખોટો. આ રીતે દરેક જણ પોતપોતાનોજ ધર્મ ખરો

હોવાનો દાવો કરે છે. તો પછી કોનો ધર્મ સાચો ? ખરેખર તો કોઈ ધર્મ ખોટો હોતો નથી ધર્મ કદાપિ ખોટો થઈ શકતો નથી કારણ તે કદી અસત્યાચરણ કરાવતો નથી. કળીયુગમાં અનેક પંથ નિકળ્યા છે તેથી જે તે પંથના મતમતાંતરના લીધે આવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે પરંતુ સદ્‌ગુરૂ ઈમામશહા મહારાજે કહ્યુ છે કે,

" પંથ કોયે ખોટો ના હોવે । ચાંદરણા માર્ગ સબ કોઈ જોવે ।। "

ધર્મ માર્ગ ખોટો નથી હોતો પણ બધાએ તેજસ્વી વૈદિક ધર્મના પ્રકાશના માર્ગે જવુ, કોઈપણ ધર્મ જાત કે પંથના લોકો હોય તો પણ ઈશ્વરને તે બધા સરખા જ હોય છે. દુઃખી માણસને મદદ કરવી એ ઈશ્વરનો સર્વવ્યાપી ધર્મ છે. તેથી તેનો અમલ કરવામાં ભેદદ્રષ્ટિ રાખવી નહી. ધર્મમાં જે સત્ય તત્વો હોય છે તે દુનિયાભરમાં એકજ હોય છે. જુદા જુદા સમયે જુદા જુદા મહાત્માઓએ જુદી જુદી ભાષામાં તે કરેલા હોય છે એટલોજ ફરક. દુનિયામાં ઈશ્વર એકજ છે અને તેનો ધર્મ પણ એકજ છે. લોકોનુ જીવન સુખી કરી પરમાર્થનો જે લાભ કરી આપે તે ધર્મ. આવા માનવ ધર્મની જાણ કરી આપનારા સતપુરૂષો એ સમાજનુ એક અગત્યનુ અંગ છે. એમના તત્ત્વો કે કાર્યની વિગતો વિશે મતભેદ હોઈ શકે પણ અખંડ સમાજ પુરૂષની નિર્મિતિ માટે અને સમાજના તમામ સ્તરોમાં એકતા અને સ્થિરતા રાખવાના કામે તેઓ ઘણા ઉપયોગી હોય છે સંતપરંપરાથી સમાજના સામાન્ય જનતાના મન ઉપર જે ઉંડા સંસ્કાર થાય છે. તે સર્વભક્ષક કાળ પણ ભુસી શકતો નથી. નદીના પાણીથી ખેતરોમાં પાક થાય છે તે પ્રમાણે સંતોના સાહિત્યથી જનમાનસમાં સુવિચાર. ભકિત અને સદ્‌ભાવનાની વાડીઓ ખિલે છે. ગુરૂભકિત દયા, ક્ષમા, શાંતિ એ માનવતાને ઉજ્વળતા આપનારા પવિત્ર ગુણોની શિખામણ સંતો આપે છે. ભુતમાત્રમાં પરમેશ્વર છે એ ભાવના જેના મનમાં દ્રઢ થાય છે તેમા બ્રાહ્મણ, શુદ્ર બળદ કે ગધેડો એવા ભેદ હોતા નથી. અને તો આખુય જગત ઈશ્વરમય દેખાવા લાગે છે. સંતો જનતાના જીવન જોડે તદ્રુપ થાય છે અને જીંદગીની છેલ્લી ઘડીસુધી સત્ય શાંતિ અને પ્રેમ વિગેરે ભાવનાઓ છોડતા નથી. એવાજ સંત પુરૂષો પૈકી એક સત્પુરૂષનો આ જીવન વ્રત્તાન્ત છે.

અનાદિ કાળથી આર્યલોકો જે ઉજ્વળ સંસ્કૃતિથી જીવ્યા તે સંસ્કૃતિના તેજસ્વી અને સર્વશ્રેષ્ઠ માર્ગેજ સદગુરૂ ઈમામશહા ગયા, અને એજ માર્ગ એમણે પોતાના પરમપ્રિય શિષ્યોને બતાવ્યો. પ્રાચીન સમયમાં આપણા પૂર્વજો હૃદયમાં વિશ્વપ્રેમનું અમૃત અને હાથમાં જ્ઞાનદીપ રાખી આખાય વિશ્વને આર્યસંસ્કૃતિનો સંદેશ આપવા નિકળ્યા હતા સારાય વિશ્વમાં તે સંચાર કરતા અને વેદ ઉપનિષદો, ભાગવત, ગીતા વિગેરે

ગ્રંથોના ઉચ્ચ અને પવિત્ર જ્ઞાનથી જનતાના મન ઉન્નત કરતા અને આધ્યાત્મિક જ્ઞાન આપતા હતા. ભારતમાં અને અન્ય સ્થળોયે થયેલા મહાપુરૂષોયે આર્યસંસ્કૃતિનો સારી રીતે અભ્યાસ કરી તે વખતના સમાજને અનુસરીને ધર્મપ્રચારનું કાર્ય ચાલુ રાખ્યું હતું. એજ પરમશ્રેષ્ઠ આર્યસંસ્કૃતિનો ઉપદેશ સદગુરૂ ઇમામશહા મહારાજે લોકોને આપ્યો છે. "હું કઇ નવું કહેતો નથી પણ હજારો વરસો પૂર્વે ઋષિમુનિઓએ જે કહ્યું હતું તે જુનાને નવો ઓપ ચડાવું છું એટલુંજ. આપણે સાચા ધર્મને ભુલ્યા છીએ. એ તેજસ્વી ધર્મ અને ઉજ્વળ સંસ્કૃતિમાં અનેક ખરાબ રૂઢીયો પેઠી છે તે દૂર કરવાની જરૂર છે. તેજસ્વી નિર્મળ અને અમર એવો ધર્મ અને તેનાથી નિર્માણ થતું સુખી જીવન આપણે લોકોને આપવાનુ છે" એમ તે હમેશા કહેતા.

આ રીતે વેદાન્ત તત્વજ્ઞાન ઉપર એમની અડગશ્રદ્ધા હતી અને અવિચલ નિષ્ઠા હતી છતા અન્ય ધર્મોતરફ એમની દૃષ્ટિ ઘણી ઉદાર અને વ્યાપક હતી. તેમણે 'ઋષિવર ચેતામણી' ગ્રંથમાં કહ્યું છે કે—

સૃજનહાર છે સાઇયા । તેણે કિધા તે પંથ અપાર ॥
તે માહે સઉસહુના સ્થાનકે । આપણા ધરમમાં રહે હુશિયાર ॥
અધુરો ઓછો કોઇ નહી । સરવે સ્થાનકે છે સૃજનહાર ॥
સર્વને કારણે સૃજીયા । સતગુરૂ બ્રહ્માનો અવતાર ॥

દુનિયાના બધા ધર્મો જુદા જુદા માર્ગે એકજ તત્વને અનુસરે છે. એવી તેમની શ્રદ્ધા હતી. કમળ પુષ્પને અનેક પાખડીઓ હોય છે તે બધી પાખડી એકજ મધ્ય બિંદુ સાથે જોડાયેલી હોય છે તેમ સર્વ ધર્મ પંથો એક જ તત્વમાંથી નિકળેલા છે એક જ તત્વનો આવિષ્કાર કરે છે કમળપુષ્પના દળમાં વિરોધ હોતો નથી તેમ જુદા જુદાધર્મમાં પણ વિરોધ ન હોવો જોઇએ એમ તેઓ કહેતા. અનેકમાં એકતાજોવાની પ્રાણિમાત્રને ટેવ હોવી જોઇએ એવી તેમની શીખામણ હતી.

"મુકિતમાટે યજ્ઞયાગમાં થતી હિંસાની, મહાન કષ્ટ આપનારા યોગસાધનોની અથવા તો પંડિતાઇની કંઇજ જરૂર હોતી નથી. અહિંસા સત્ય, અસ્તેય, અપરિગ્રહ, સમતા, ક્ષમા, સેવા એજ મુકિતનો સાચો માર્ગ છે. જુદી જુદી જાતોમાં વિષમતા ન હોવી જોઇએ બધાયની જાત તો એકજ છે. માનવજાત. પ્રાણિમાત્રનો આત્મા એકસમાન છે.

"જગદીશ જગત જગમાહીં જગદીશ । એવી બુદ્ધિ રાખો સાલસ ॥"

આ આખુંય જગત જગદીશ્વરરૂપ છે. જગદીશજ જગતરૂપે સાકાર થયો છે. "हे विश्वची माझें घर" એવી ભાવના રાખી તે પ્રમાણે માણસે વર્તવું જોઇએ. તેજ

મોક્ષસાધન છે. કરેલી ભક્તિ ફોગટ જતી નથી. પરમાર્થ માર્ગ સહેલો કરવાનુ તે એક સાધન છે બધાએ કર્મ કરવું જોઈએ પણ તેમાં ફળની આશા રાખવામાં આવે તો પ્રારબ્ધ બંધાય છે અને સ્વર્ગાદિ દિવ્યસુખો મળે છે પણ તે મુક્તિમાર્ગમાં અંતરાયરૂપ હોય છે, કારણ સ્વર્ગાદિસુખો ભોગવ્યા પછી માનવીને ફરીથી મૃત્યુલોકમા આવવું પડે છે. પણ તે વખતે મનુષ્યદેહજ મળશે કે કેમ તે કહી શકાય નહી. તેથી હાલ મળેલી પરિસ્થિતીમાં પરમેશ્વર સ્વરૂપનું અનુસંધાન કરી નિષ્કામ ભાવે સર્વ કર્મો કરવા હું કર્તા છું એવું અભિમાન નહી રાખતા મુક્તિમાર્ગે જવુ જોઈએ" એવો અણમોલ ઉપદેશ તેમણે લોકોને સાદી સહેલી ગુજરાતી ભાષામાં કર્યો છે.

ઈમામશહાની મધુરવાણી સાંભળી લોકોને આનંદ થતો. એમનો ઉપદેશ સાંભળતી વખતે લોકો વેરભાવના ભુલી જતા અને તેમના હૃદયમાં સત્ય અહિંસા અને પ્રેમનો દીપ તેઓ પ્રગટાવતા.

સામાન્યરીતે મહાપુરૂષોના જીવનની આસપાસ અનેક ચમત્કારિક કથાઓ ગુંથેલી હોય છે ભગવાન શ્રીકૃષ્ણે પોતાની ટચલી આંગલીપર ગોવર્ધન પર્વત ઉંચકયો અથવા તો શ્રીકૃષ્ણે કે રામચન્દ્રજીએ નાની ઉંમરમાંજ અનેક રાક્ષસોનો સંહાર કર્યો, જ્ઞાનેશ્વરે ભીત ચલાવી, પાડાકનેથી વેદ બોલાવ્યો, મીરાબાઈએ વિષ પચાવ્યુ તેમજ એકનાથ, નામદેવ, તુકારામ વિગેરે મહાન સંતો સંબંધી અનેક ચમત્કારી કથાઓ છે તેવુંજ ઈમામશહાની બાબતમાં પણ છે એવી અનેક કથાઓ તેમના જીવનચરિત્રમાં છે પણ ચમત્કાર એજ આવાં મહાપુરૂષોનુ સારસર્વસ્વ નથી હોતુ. એ તો એમની સહજ લીલા હોય છે. આવી ચમત્કારલીલા કેટલાક લોકો રિદ્ધિસિદ્ધિના જોર ઉપર કરે છે. પણ સત્પુરૂષોની બાબતમાં એવું નથી હોતુ. તેમની આત્મિક શક્તિ અને તપની તાકાતના કારણે આવા ચમત્કારની વાંતો સહેજમાં બની જાય છે. એમને રિદ્ધિસિદ્ધિની જરૂર નથી હોતી. સદગુરૂ ઈમામશહાએ તો આવા લોકોનો સખત નિષેધ કરેલો છે. ઋદ્ધિસિદ્ધિના જોર ઉપર સામાન્ય લોકોને મોહમાં નાખનાર પુરૂષને મુક્તિ કદાપિ મળતી નથી. એવા લોકોને આત્મઘાતકી સમજવા એમ તેવો કહેતા. તેમણે પોતે અનેક ચમત્કારો બતાવ્યા છે છતાં એમની મહાનતા એવા ચમત્કારના કારણે નહોતી. એમ હોત તો તેમની ગણત્રી એકાદ 'ઓલિયા બાબા' માં થાત અને તેમની સ્મૃતિ પણ ન રહેવા પામત. ૫૦૦/૬૦૦ વર્ષ લગી તેમની જે સ્મૃતિ ટકી રહી છે તે તેમના ચમત્કારના કારણે નહી પણ તેમણે આપેલ દીવ્ય અને અણમોલ ઉપદેશના કારણેજ રહી છે. અગમ્ય એવા આગમજ્ઞાન અને અવર્ણનીય એવા તપ:સામર્થ્યના કારણે તેમજ પરમઉજ્વળ, સુસંસ્કૃત કર્માચરણના લીધે તેઓ લાખ્ખો લોકોના શ્રદ્ધાસ્થાન બન્યા. માનવ જાતીના

કલ્યાણમાટે તેમણે અનેક મુસીબતો વેઠી અધ્યાત્મ સમતા, સેવા વિગેરેની મહાન શિખામણ તેમણે દુનિયાને આપી. આજ તેમની મહાનતા છે. અને તેથીજ તેમની જીવન ઝરમર જાણવી જરૂરનું છે, તે માટેજ આ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

સદગુરૂ મહારાજના ચરિત્રલેખન માટે સંપૂર્ણ એવી માહીતીનો એકપણ ગ્રંથ આજસુધી પ્રસિદ્ધ નથી. તેથી તેમના જીવનના એક એક બનાવની માહિતી મેળવવામા ઘણો પરિશ્રમ વેઠવો પડયો છે હાલનુ ચરિત્ર "ભાભારામ સુબોધ" અને "ઈમામશહાના પરછા" એ બે પુસ્તકો તેમજ ઈમામશાહ મહારાજના ગ્રંથોના આધારે લખેલું છે. અર્થની સરળતા ખાતર મૂળ લખાણમાં થોડી સ્પષ્ટતા પણ કરવામા આવી છે હાલના ચરિત્રમાં "નિવેદન" એ મથળાનીચે જે લખાણ છે તે સદગુરૂ ઈમામશહા મહારાજના "સત્પંથજ્ઞાન સાહિત્ય" માંથી લીધેલું હોઇ તેના આધારમાટે બીજા ગ્રંથોમાંથી કેટલાક શ્લોકો આપેલા છે આ આખુય લેખન સદગુરૂ મહારાજના નામસ્મરણ અને તેમના કૃપા પ્રસાદથી થયુ છે બલકે સદગુરૂ મહારાજે પ્રેરણા અને સ્ફુર્તિ આપી આ કાર્ય કરાવી લીધું છે.

સદગુરૂએ બતાવેલા સત્પંથનું સત્યસ્વરૂપ ટૂંકમાં નીચે પ્રમાણે છે—

[૧] દઢ નિશ્ચય [૨] પ્રતિજ્ઞા [૩] નિયમ

દઢ નિશ્ચય : (૧) સત્ય (૨) પુરૂષાર્થ (૩) પ્રેમ (૪) સમાન ભાવ (૫) અહિંસા (૬) પરોપકાર (૭) ક્ષમા.

ઉપરના તત્ત્વોનું પાલન દૃઢ નિશ્ચયથી કરવું.

(અ) **સત્ય** : બોલવામાં અને આચરણમાં હંમેશા સત્ય અને નિષ્કપટ બુદ્ધિ અને મૃદુવાણીનું અવલંબન કરવું,

(આ) **પુરૂષાર્થ** : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

(૧) **ધર્મ** : વેદોકત માર્ગનું યથાશકિત આચરણ કરવું.

(૨) **અર્થ** : જાતમહેનત અને પ્રામાણિકપણાથી ધન મેળવવું આ સાત્ત્વિક સંપત્તિ કહેવાય. પણ અન્યાય જુલમ કે ખોટા માર્ગે મેળવેલી સંપત્તિનો ઉપભોગ લેનાર માણસ હીન બને છે. તેથી ન્યાય અને નીતિના માર્ગે ધન મેળવવુ.

(૩) **કામ** : વિષયસેવન કે ઈંદ્રિયોના ક્ષણિક ઉપભોગમાં ભેરવાઈ ન રહેવું. વાસનાઓ જીતી ઈંદ્રિયો ઉપર કાબુ મેળવવો.

(૪) **મોક્ષ** : વેદવિહીત મુકિતમાર્ગના સાધના મુજબ વર્તન રાખી મુકિતનું અંતિમ ધ્યેય પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું. એમ કરવામાં આવશે તોજ માનવજન્મનું સાર્થક થશે. અન્યથા માનવ અને પશુમાં ફરક નહી રહે.

(૬) **પ્રેમ** : કોઇના પ્રત્યે દ્વેષ તિરસ્કાર કે અદેખાઇ ન રાખતા એક બીજા પ્રત્યે પ્રેમભાવથી રહેવું. દોષો તરફ ન જોતા ગુણગ્રહણ કરી પ્રેમથી રહેવું.

(ઈ) **સમાનભાવ** : આપણામાં અને બીજામાં રહેલો આત્મા એક જ છે એવી આત્મૌપમ્ય બુદ્ધિ રાખવી, આપણે બધા એક જ ઈશ્વરના બાળકો છીએ. કોઈ નાનું મોટૂં નથી એ દૃષ્ટિથી બધા સાથે બંધુભાવથી રહેવું.

(ઉ) **અહિંસા** : સત્પંથ માર્ગમાં અહિંસા એ એક મહાન તત્ત્વ છે. પશુ પક્ષી કે અન્ય પ્રાણિને મારવાથી જ હિંસા થાય છે એમ નથી તો 'માર' એટલું કહેવાથી કે લાગણી દુભાવવાથી પણ હિંસા થાય છે એથી નૈતિક અધ:પતન થાય છે.

(એ) **પરોપકાર** : સન્માર્ગે જનારા પ્રત્યેકને મદદ આપવા હંમેશા તૈયાર રહેવું. શુદ્ધબુદ્ધિથી અને નિષ્કામભાવથી દુખીજનોની સેવા કરવી અને દરેકના કલ્યાણની ભાવના રાખવી તેમજ સત્પુરૂષોની સેવા કરવી.

(અ) **ક્ષમા** : આપણને દુ:ખ કે કષ્ટ આપનારને ક્ષમા આપવી એ આપણી ફરજ છે.

[૨] પ્રતિજ્ઞા :

(અ) **સત્પંથની દરેક પ્રતિજ્ઞાઓનું પાલન કરવું** : સદગુરૂ ઇમામ શહાએ વ્યવહાર, કર્તવ્ય પાલન અને ધર્મ કાર્યમાં કેવી રીતે આચરણ રાખવું તે સંબંધે કરેલા નિયમોનું પાલન કરવું.

(આ) **બાળકોને સત્પંથની શીખામણ આપવી** : પોતાના સંતાનોને બાળપણથી જ ધર્મ શિક્ષણ આપવું એ દરેક માબાપની ફરજ છે બીજા શિક્ષણની જેમ ધર્મ શિક્ષણ પણ આપવામાં આવશે તોજ સંસ્કૃતિ ટકશે

(ઇ) **અંધશ્રદ્ધાનો ત્યાગ અને જ્ઞાનદૃષ્ટિનું અવલંબન** : અજ્ઞાન કે અંધશ્રાદ્ધાથી રહેવામાં ખતરો છે. તેથી વેદઉપનિષદો વિગેરે સતશાસ્ત્રો ઉપર તેમજ સદગુરૂ વચન ઉપર દૃઢશ્રાદ્ધા અને નિષ્ઠા રાખવી.

[૩] **નિયમ** : (અ) શરીર શુદ્ધિ, (આ) હૃદયશુદ્ધિ, (ઇ) વ્રત, (ઈ) ઉપાસના, (ઉ) ધ્યેય.

(અ) **શરીર શુદ્ધિ** : લાઇસુતક (વૃદ્ધિ–જનનશૌચ) સ્ત્રી પ્રસૂત થયા પછી તેણીએ સવા મહીનો એટલે ૪૦ દિવસ અને ગોત્રજોએ ૧૧ દિવસ સુધી સુતક પાળવું. મરણ સુતક–મરણ પ્રસંગે ગોત્રજોએ ૧૧ દિવસ સુધી સુતક પાળવું. રજસ્વલા–રજસ્વલા સ્ત્રીએ ૪ દિવસ સુધી કોઈને સ્પર્શ કરવો નહી. સ્નાન શૌચાદિ બાબતોમાં શાસ્ત્રમુજબ વર્તવું અને સદગુરૂ વચન મુજબ તીર્થ મંત્રોપચારાદિથી શુદ્ધ થવું.

(આ) **હૃદયશુદ્ધિ** : અમલી (કેફી) પદાર્થો એટલે લસણ, ડુંગળી, હિંગ, તમાકુ અફીણ, ગાંજો, ભાંગ, તાડી, માંસ મદિરા વિગેરે નિષિદ્ધ વસ્તુઓનો ત્યાગ કરવો કારણ આ પદાર્થોના સેવનથી માણસને નુકસાન થાય છે અને પ્રભુ-ભજનથી પરાવૃત્ત થવાય છે.

વ્યાજ, સવાઇ વ્યાજ અને પરસ્ત્રીગમન–ચિંતનથી પણ મનુષ્યને હીનતા આવે છે. માણસ આત્મચિંતનથી દૂર રહે છે અને આસુરીસંમ્પત્તિ વધે છે. આ મહાપાપથી મનુષ્યનુ અધ:પતન થાય છે. તેથી વેદમાં નિષેધ કરેલી વસ્તુઓનો ત્યાગ કરી સાત્વિક અન્ન અને પદાર્થોનું સેવન કરવું. આથી હૃદયશુદ્ધિ થાય છે. મન પ્રભુભજનમાં તલ્લીન થાય છે. દૈવી સંપત્તિ વધે છે.

(ઇ) **વ્રત** : યુગધર્મ મુજબ દરેક મહિનાની સુદી બીજનુ એટલે ચન્દ્રદર્શનનું વ્રત કરવું, તેમજ શુક્રવારના રોજ થનાર ચન્દ્રદર્શનનું મહાન્ વ્રત કરવું (બુધવારના રોજ અમાસ, ગુરૂવારના રોજ પ્રતિપદા અને શુક્રવારે ચન્દ્ર-દર્શન હોય તો તે કળીયુગની યુગતિથી હોવાથી એ મહાન વ્રત કહેવાય છે) તેમજ દસવંત, સુક્રિત, પુણ્યતિથી, શ્રાદ્ધ, ઉત્તરકાર્ય–પિંડ શ્રાદ્ધ વિગેરે બાબતો સત્‌પંથ પૂજાવિધી પ્રમાણે કરવી. રામનવમી, ગોકુળ-અષ્ટમી, અગીયારસ, ચૌદસ, અમાસ ચતુર્થી અને ગુરૂપૂનમ એ તિથીનું વ્રતપાલન પણ કરવું.

(ઈ) **ઉપાસના** : દરરોજ સ્નાન કરી પ્રાતર્સંધ્યા અને સાયંસંધ્યા કરવી જ્યોતીનું અને પ્રાણવબ્રહ્મ ૐ નું ધ્યાન અને પરમેશ્વરનું અને સદગુરૂનું ચિંતન કરવું તેમજ સતપંથના વચનોનુંસાર ઘટપાટપૂજા કરી ગુરૂમંત્રના નામસ્મરણ કરવું.

(ઉ) ધ્યેય : હાલના સમયમાં ધ્યેયપુરૂષ શ્રી નિકળંકી નારાયણના પરમપવિત્ર સ્વરૂપનું માનસિક ધ્યાન કરી તેમનું સ્મરણ ચિંતન હમેશા કરવું અને મોક્ષ-પ્રાપ્તિનું ઉજવલ ધ્યેય નજર આગળ રાખી આત્મોન્નતિ માટે દૃઢનિશ્ચયથી પ્રયત્ન કરવો એજ સત્પંથનું સંક્ષિપ્ત સ્વરૂપ છે. દરેકે આ પ્રમાણે વર્તવા પ્રયત્ન કરવો.

યુંગધર્માનુસાર આ ભાવપ્રણાલી જનતાને આપવામાટે સદગુરૂ મહારાજની થયેલી અપૂર્વ લીલા વાંચકો સમક્ષ મુકવાનો પ્રયત્ન કરેલો છે. સદગુરૂના અત્યંત સમર્થ અવતારનું આ અલૌકિક ચરિત્ર છે. એનું શ્રાવણ કરનારનું કલ્યાણજ થશે એ બદલ મને પોતાને લેશમાત્ર શંકા નથી. આ ચરિત્ર ગ્રંથ જે કોઈ વાંચશે તે તમામને સદગુરૂ ઈમામશહા મહારાજનો દૈવી પ્રેમ અંતઃસ્ફુર્તિ આપે એવી મારી તેમના ચરણે નમ્ર પ્રાર્થના છે.

લેખક
શ્રી પુરૂષોત્તમ ગુરૂ ધર્મા મહારાજ
શ્રી સતપંથી મંદીર કૈઅપૂર.



પ. પૂ. ગુરૂવર્ય પુરુષોત્તમ ગુરૂધર્મા મહારાજ
શ્રી સતપંથી મંદિર, ફૈજપુર.

realpatidar.com

ॐ

श्रीसદ્ગુરૂ સમર્થ

નિ વે દ ન

" गुरुः सदा दर्शयिता प्रवृत्ति तीर्थ व्रतं योगतपादिधर्मान् ।
आचारवर्णादिविबेकयज्ञान् ज्ञानं परंभक्ति विवेकयुक्तम् ।। "

गुरु भजे शास्त्रमार्ग वर्तोनी । तीर्थ व्रत योग तपादिमुनी ।
आचारवर्णादि ज्ञानी । ज्ञानपरमभक्ति विवेकयुक्त ।।१४१
याकारणे श्रीगुरुसी । भजावे शास्त्रमार्गेसी ।
तीर्थव्रतयाग तपासी । ज्योतिस्वरुप असे जाणा ।।१४२
आचारधर्म वर्णाश्रमासी । विवेकधर्म मार्गासी ।
भक्तिवैराग्य युक्तासी । गुरुची मार्ग दाविणार ।।१४३
गुरु सर्व देवासमान । गुरुविण पार नाही ।
गुरु सेविता सर्वसिद्धि । होती परियेसा त्रिशुद्धि ।।१४४

—गुरु चरित्र अ० २ रा.

ખરેખર ગુરૂમહિમાનું વર્ણન કરીએ તેટલુ ઓછું જ છે. ગુરૂ એ જ્યોતિ સ્વરૂપ હોય છે. એટલે જે પ્રમાણે દીપ પ્રજ્વલીત થવાથી અંધારૂં દૂર થાય છે તે પ્રમાણે ગુરૂ પોતાના શિષ્યને ઠેકાણે રહેલું અજ્ઞાનરૂપી અંધારૂં દૂર કરે છે. સદ્ગુરૂ ઇમામશાહા કહે છે કે—

" ગુરૂ દીવો ગુરૂ દેવતા ગુરૂબીના ઘોર અંધારા
ગુરૂબીના જુગતી નહી ગુરૂબીના મુગતિ નહી "

ગુરૂ શિષ્ય પાસેથી તીર્થવ્રત યાગ વિગેરે કરાવી તેમને વિવેક જ્ઞાન શિખવાડે છે અને જ્ઞાનયુકત ભકિત તથા ભકિતયુકત વૈરાગ્ય

સ્વીકારવા કહી પરમેશ્વર સ્વરૂપમાં લીન કરાવે છે. તેથી ગુરૂ ઇશ્વર સમાન છે. ગુરૂ આપણા માર્ગદર્શક છે તેમનાવિના આપણી જીવન નૌકા કિનારે પહોંચતી નથી. ગુરૂએ આપણી જીવન નૌકા ભવસાગર પાર કરાવનાર નાવિક છે. ગુરૂની સેવા કરનારને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેમની સેવાથી કાયા વાચા અને મનની શુદ્ધિ થાય છે. રામદાસ સ્વામી દાસબોધમાં કહે છે—

" ब्राह्मणे पाविजे देवाधिदेवा । तरी किमर्थं सद्‌गुरु करावा ।
ऐसे म्हणाल तरी निजठेवा । सद्‌गुरुबिण नाही ।। "

બ્રાહ્મણ વિગેરેના લીધે જો ઇશ્વરની પ્રાપ્તિ થતી હોત તો સદ્દગુરૂ કરવાની શી જરૂર છે! બ્રાહ્મણ સ્વધર્મકર્મમાં પૂજનીય હોય તો પણ સદ્દગુરૂ કૃપાવિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેથી સદ્દગુરૂ એ આપણો ખજાનો છે. સદ્દગુરૂસિવાય જેણે જ્ઞાન મેળવ્યું તે જ્ઞાન નહી પણ માત્ર શ્રમ છે. જન્મમરણના ફેરા ટાળવા હોય તો હમેશા સદ્દગુરૂનું શરણ લેવું જોઇએ. કેમકે તેમની કૃપાદૃષ્ટિથીજ બધી ઉપાધીમાંથી મુક્ત થઇ શકાય છે. તેથીજ કહ્યું છે કે—

" ध्यानमूलं गुरोर्मूर्तिः पूजामूलं गुरोः पदम् ।
मंत्रमूलं गुरोर्वाक्यं मोक्षमूल गुरोः कृपा ।। "

માણુસે ગુરૂનું ધ્યાન ધરવું, ગુરૂચરણની પૂજા કરવી ગુરૂમંત્રજ બોલવો કારણ ગુરૂકૃપાથીજ મુક્તિ મળે છે.

ગુરૂકૃપા ન હોય તો અધોગતિ થઇ જન્મ નિષ્ફળ જાય છે તેથી ગુરૂકૃપા માટે તાલાવેલી હોવી જોઇએ. સદ્દગુરૂ ઇમામશહા કહે છે—

" લાગીરે જેને મનવીખે । તેના અંતર માવળિયા જોયે ।। "

આ લીટી મનમાં બરાબર ઠસી જાય અને મનમાં સદ્દગુરૂ વિષે દૃઢશ્રદ્ધા અને અતુલનિષ્ઠા જાગે તેનેજ ગુરૂકૃપાનો લાભ થઇ જ્ઞાનપ્રાપ્તિ

થાય અને ભવબંધ તૂટી પરમાનંદની પ્રાપ્તિ થાય છે. તેથી સદગુરૂનો ઉપદેશ આપણે કૃતિમા ઉતારવો એમાંજ મહત્તા છે. સદગુરૂ કહે છે—

કરણી બીના કેમ પામીએ ।
ઇહિા કહ્યું કરણી કમાવસો તો પામસો વૈકુંઠવાસજી ॥

જે સદગુરૂવચનનું પાલન કરતો નથી તે અવિદ્યાથી નરકવાસ પામે છે. વેદશાસ્ત્રમાં કહ્યું છે કે, સદગુરૂકૃપાસિંધુ હોય છે. આખી સૃષ્ટીના હોય છે. તે મેઘ સમાન હોય છે. જેમ મેઘમાંથી સતત વરસાદ વરસે છે. પણ ઉંચી જગાએ તેનું ટીપું સરખું રહેતું નથી નીચાણવાળા ભાગમાં પાણી ભેગું થાય છે તેવી જ રીતે સદગુરૂએ આપેલ જ્ઞાન યોગ્યતા (લાયકાત મુજબ ગ્રહણ થાય છે. ઘમંડી દાભીક અને અભિમાની લોકો પાસે જ્ઞાનનું ટીપૂં પણ નથી હોતુ, પણ નીચા એટલે નમ્ર અને દૃઢ શ્રદ્ધાવાળાને જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેથી જ સદગુરૂની સરખામણી કોની સાથે કરવી તે કહેવું કઠણ છે. તેમને કલ્પવૃક્ષ સાથે સરખાવીએ તો તે પુરતું નથી, કારણ કલ્પવૃક્ષ તો માગેલી અને કલ્પેલી વસ્તુ આપે છે, પણ સદગુરૂ તો નહી કલ્પેલી કામના પણ પૂરી કરે છે. આ રીતે વેદ શ્રુતિ સ્મૃતિમાં જેમની ખ્યાતી છે એવા સદગુરૂ ચરણકમળની સેવા કરી તેમના જ ચરણનું ધ્યાન ધરવું કે જેથી મુક્તિ મળી શકે. શાસ્ત્રમાં કહ્યું છે કે —

" गुरुः पिता गुरुर्माता गुरुरेव परः शिवः ।
शिवे रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न कश्चन ॥ "

ગુરૂ આપણા માતાપિતા છે. ગુરૂ એજ સાક્ષાત પરબ્રહ્મ છે. જો ઇશ્વરનો કોઇના ઉપર કોપ થાય તો પણ ગુરૂને શ્રદ્ધાથી તે શરણે જાય તો ગુરૂ જ તેનું રક્ષણ કરે છે. પણ ગુરૂનો કોપ થાય તો તેનું રક્ષણ દેવ પણ કરી શકતા નથી. વળી જો કોઇના ઉપર ઇશ્વર પ્રસન્ન થાય તો તે કહેશે કે તૂ પહેલા ગુરૂને ઓળખ પણ જો ગુરૂ જ પ્રસન્ન થાય તો પ્રત્યક્ષ ઇશ્વર જ તેના આધીન છે એમ સમજવું.

" गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।
गुरुरेक परब्रह्म तस्माद् गुरुमुपाश्रयेत् ॥ "

ગુરૂ એજ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ છે પણ ગુરૂ એક જ પરબ્રહ્મરૂપ છે તેથી માણસે ગુરૂનો જ આશ્રય લેવો.

મનુષ્યમાત્રને જ્ઞાન આપે તે ગુરૂ, કારણ "જેનાથી જ્ઞાન મળે તે ગુરૂ" એવું શાસ્ત્રવચન છે.

" गुशब्दस्त्वंधकारोऽस्ति रुशब्दस्तन्निरोधकः । "

'गु' એટલે અંધારૂં 'रु' એટલે તેનો નાશ કરનાર, આ રીતે ગુરૂ એજ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર છે. મનુષ્ય અજ્ઞાની હોવાથી જ્ઞાન પ્રાપ્તિ માટે ગુરૂની જરૂર હોય છે, કારણ જ્ઞાન વગર મુક્તિ નથી અને ગુરૂ વગર જ્ઞાન મળતુ નથી. 'नास्ति तत्त्वं गुरोः परम् ।' ગુરૂ કરતા શ્રેષ્ઠ એવું બીજું કોઈપણ તત્વ નથી. સદગુરૂ સમાગમ દુર્લભ હોય છે સત્પંથ જ્ઞાન સાહિત્યમાં કહ્યું છે કે —

પૂર્વ જન્મનો ભાગ્ય અમારો, કી ભાઈ સંચો અમારો ।
ઇસદિન ગુરૂ બ્રહ્માજી મલીયા કી ભવભંજન એણે ગુરૂ ટાલીયા ॥

અમારા પહેલાના જન્મનું ભાગ્ય આજે ઉદય પામ્યું તેથી પ્રત્યક્ષ સદગુરૂ બ્રહ્મા જ અમને આજે મળ્યા, જેના કારણે અમારો ભવબંધ સમૂળ દૂર થયો, આવો ભવભંજન કરનારા સદગુરૂ મળવા દુર્લભ હોય છે, એક સંતે કહ્યું છે કે —

सतगुरु गुरु बहु अंतरो, जो दिवस अरु जाण ।
गुरु बतावे वैकुंठ तो, सद्‌गुरु दे निजधाम ॥

ગુરૂ અને સદગુરૂમાં ફેર છે. ગુરૂ વૈકુંઠનો માર્ગ બતાવે છે તો સદગુરૂ બ્રહ્મમાં લીન થવાનો માર્ગ બતાવે છે–મુક્તિ માર્ગ બતાવે છે. ગુરૂ તો અનેક હોય છે પણ સદગુરૂ યુગાંતરમાં ભાગ્યે જ મળે છે. એને જ યુગગુરૂ— અથવા સૃષ્ટિગુરૂ કહે છે. બારે કળાથી યુકત

હોય તેજ ખરા સદગુરૂ કહેવાય. વેદશાસ્ત્રમાં સદગુરૂની બાર કળા નીચે મુજબ કહી છે :—

(૧) જે પૂર્ણચન્દ્ર પ્રમાણે નિર્મળ હોય છે. (૨) જે સૂર્યપ્રમાણે તેજસ્વી. (૩) અગમ્યરૂપ બતાવનાર. (૪) આગમનિગમ જાણનાર (૫) જેમના પગ ઉપર પદ્મ હોય. (૬) જેમના જમણા પગનાં અંગુઠામાંથી દૂધ એટલે તીર્થ નીકળે છે. (૭) જેમની આંખમાં ઊંઘ હોતી નથી અને જે આખુંય જગત એકરૂપ જુએ છે, (૮) જેમના પગ જમીનને અડતા નથી એટલે જેમની ગતિ મનની ગતિ પ્રમાણે છે. (૯) જે સત્વ રજ તમાદિ ગુણોથી પર હોય અને જેમની આંખો અત્યંત તેજસ્વી હોય છે. જે પોતાના મુખમાં ચૌદ ભુવનો બતાવે છે એટલે ચૌદ ભુવનોની અને અખિલ બ્રહ્માંડની માહિતી આપે છે અને જન્મતા જ બધા વેદ બોલી બતાવે છે. (૧૧) જેમની શકિત દેવ અને દાનવો કરતા વધારે હોય છે. (૧૨) જે જીતેન્દ્રિય હોઇ બધાની મનકામના પૂરી કરે છે. આ પ્રમાણે બારે કળાથી યુકત હોય તેજ સદગુરૂ-યુગગુરૂ-જગદ્ગુરૂ કહેવાય નહી તો :—

गुरवो बहवः सन्ति शिष्यवित्तापहारकाः ।
दुर्लभः सद्गुरुर्देवि शिष्यहृत्तापहारकः ॥

ગુરૂગીતામાં પાર્વતિજીને શંકર કહે છે કે 'શિષ્યનું ધન હરણ કરનારા ઘણા ગુરૂ હોય છે પણ શિષ્યના હ્રદયનો તાપ હરણ કરનારા ગુરૂ દુર્લભ હોય છે.' તેથી જે મહાપુરૂષની કૃપાથી અજ્ઞાન દૂર થઇ જન્મમરણના ફેરામાંથી મુકિત મળે તેજ ગુરૂ કહેવાય. જીવને ભવબંધનમાંથી મુકત થવાની ઇચ્છા હોવા છતાં માયા અને મોહની ભ્રમણાના અંતરાયો દૂર કરવાની તેનામાં શકિત હોતી નથી. આવા પ્રસંગે ત્રિવિધ તાપથી ગ્રસ્ત થયેલા સંસારી જીવને મનની શાંતિ અને આનંદ આપનાર સદ્ગુરૂની જરૂર હોય છે. ગુરૂ એકાદ શિષ્યની નજીકમાં શરીરથી નહી હોય છતાં ગુરૂવચન ઉપર શિષ્યની અડગ શ્રદ્ધા હોય તો પણ ગુરૂપ્રેરણાથી તેવા

શિષ્યને પરમપદનું જ્ઞાન થાય છે. એકલવ્યનું ઉદાહરણ આના માટે પુરતું છે. અર્જુનને ઉપદેશ આપતી વખતે ભગવાન શ્રી કૃષ્ણ કહે છે —

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥

ભ. ગીતા અ. ૪/૩૯

જ્ઞાન પ્રાપ્તી માટે આતુર થયેલા જીતેંદ્રિય એવા શ્રદ્ધાવાન માણસને આ જ્ઞાન મળે છે. આ જ્ઞાન થવાથી તરત જ શાંતિ મળે છે સદગુરૂ મહિમાં આમ અતકર્ય અગોચર છે તેથી સદગુરૂની સ્તુતિ પરમાત્મ સ્વરૂપમાં કરવામાં આવી છે.

ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिम्
द्वान्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ।
एकंनित्यं विमलमचलं सर्वधी साक्षीभूतम्
भावातीतं त्रिगुणरहितं सद्‌गुरुं तं नमामि ॥

જેનો આનંદ બ્રહ્મમાં હોઇ જે પરમસુખદાયક છે જે કેવળ જ્ઞાનમૂર્તિ અને સુખદુ:ખાદિ દ્વન્દ્વોથી પર છે, જે આકાશ જેવો નિર્લેપ નિરૂપાધિક અને તત્વમસિ એ મહાવાકયથી ઓળખી શકાય તેવો છે. જે નિત્ય અદ્વિતીય અવિદ્યાદિ મળદોષરહિત સ્થિર, સર્વની બુદ્ધિને સાક્ષીભૂત, ભાવાતીત, ત્રિગુણાતીત છે એવા સદગુરૂને હું પ્રણામ કરૂં છું.

જેમણે ઉપરના ગુણયુકત સદગુરૂ મળે તે ધન્ય છે. જન્મથી જ તેજસ્વી એવા જ્ઞાની લોકો સર્વવિદ્યામાં પારંગત હોય છે. આવા મહાપુરૂષોના માત્ર ચરણ સ્પર્શથી અવલોકનથી તેમના સ્થાનના સ્મરણ માત્રથી સાધકને જ્ઞાન પ્રાપ્તિ થાય છે. તેમના દર્શનથી કેટલાયની બીમારી દૂર થાય છે. ચંડાલ જેવા હલકી યોનીના લોકોને પણ મુકિત મળે છે. આવા મહાન સદગુરૂના ચરણતીર્થના પ્રભાવથી અજ્ઞાન દૂર થઇ મુકિત સુલભ થાય છે તેમના ચરણતીર્થના મહીમા માટે સતપંથ જ્ઞાનદીપ સાહિત્યમાં કહ્યું છે કે —

એક બુંદ પાઉળતણો સપ્ત સમુદ્ર નહી તોલ ।
જગ સારા પ્યાસા ફિરે પીવે સિંચન હાર રે ॥

સદગુરૂ ચરણામૃત શ્રદ્ધાવાન માણસને અમૃત સમાન છે પણ ગફલત કરનારા અને ઢોંગી લોકોને તે પાણી જેવું લાગે છે. જેથી માણસે પૂર્ણ શ્રદ્ધાથી ગુરૂચરણામૃત પાન કરવું કે જેથી તેને ઉંચી ગતિ પામવાનું જ્ઞાન મળે છે. સદગુરૂ ત્રિકાલજ્ઞ એટલે ભૂત ભવિષ્ય વર્તમાનકાળ જાણનારા હોય છે તેમજ તે ત્રિગુણાતીત અને સમદર્શિ હોય છે. ઇશ્વર પણ તેમના આધિન હોય છે. આ બધું તેમની તપશ્ચર્યાનું ફળ છે.

જ્યારે ધર્મનો લોપ થાય છે ભિન્ન ભિન્ન ધર્મનો પરસ્પર સંકર થાય છે ત્યારે તેમને માર્ગદર્શન કરવા યુગગુરૂ દુનિયામાં પ્રગટ થાય છે. શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું છે કે —

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

श्रीमद्भगवद्गीता अ० ४ श्लो० ७–८

જ્યારે જ્યારે ધર્મ ક્ષીણ થઇ અધર્મ જોર કરે છે ત્યારે ત્યારે હું અવતારરૂપે પ્રગટ થાઉ છું સજ્જનોના રક્ષણ માટે, દુર્જનોના સંહાર માટે અને ધર્મની સ્થાપના કરવા માટે હું યુગે યુગે પ્રગટ થાઉં છું.

ઇશ્વરે અવતાર લેવાનું કારણ આ બે શ્લોકોમાં જણાવ્યું છે, જે ધર્મના લીધે સમાજનું ધારણ પોષણ થાય છે તે ધર્મ નિસ્તેજ અને ક્ષીણ થાય અને અધર્મ જોર પકડે માનવ જાતીની અધોગતિ થઇ સૃષ્ટિચક્ર બગડવા લાગે ત્યારે એ ચક્ર વ્યવસ્થિત કરવા અને સમાજની બગડેલી ગડિ ઠીક કરવા માટે ઇશ્વરનો અવતાર હોય છે. ધર્મ વિરોધક તત્વોનો

સંહાર. સજ્જનોનું રક્ષણ અને ધર્મ પ્રસ્થાપના માટે ઇશ્વર અવતાર અવતાર ધારણ કરે છે. ધર્મના મૂળ તત્વો સનાતન અને કદાપિ ન બદલવાના હોય છે તો પણ ધર્મના આચારરૂપી બાહ્યંગ પરિસ્તિતીમુજબ બદલાય છે આથી જે તે યુગમાં ભગવાન પ્રગટ થાય છે. ત્યારે તે સમયને અનુકુળ હોય એવા ધર્મની તે સ્થાપના કરે છે. મત્સ્ય કુર્મ વગેરે દસ અવતારોનું ધર્મસ્થાપનાનું સ્વરૂપ અંતરંગમાં એકજ હોવા છતાં બહારથી જુદુ દેખાય તેનું કારણ યુગધર્મ છે. ' યુગે યુગે ' એનો અર્થ દરેક યુગમા એવો થાય છે, પણ ઈશ્વરના અવતાર એકજ યુગમાં અનેકવાર થાય છે અને જે તે સમયને અનુરૂપ એવો અવતાર તે ધારણ કરે છે તેજ પ્રમાણે સદગુરૂનું પણ હોય છે. ઈશ્વરના અવતાર પહેલા સદગુરૂ સત્યનો માર્ગ દોરીં આપે છે. સત્યયુગમાં ઈશ્વરના ચાર અવતાર થયા તે વખતે " સદગુરૂ બ્રહ્મા " સદ્ગુરૂ હતા, તેમણે ઈશ્વરને જાણવા માટે દરેક અવતારના પહેલા સદ્ધર્મ સ્થાપન કર્યો. પણ જેમણે તે યુગ ધર્મને માન્યો નહી એવા દૈત્ય શંખાસૂર, મધુકૈટભ, મોરદાનવ, હિરણ્યક્ષ-હિરણ્યકશિપુ આદિ ધર્મને ક્ષીણ કરવા લાગ્યા, ષડ્વિકારોને આધીન થઈ અધર્માચરણ કરવા લાગ્યા, સાધુ સંતોને રંજાડવા લાગ્યા ત્યારે પૃથ્વી ઉપરનો ભાર દુર કરવા માટે ઈશ્વરને મત્સ્ય, કુર્મ, વરાહ અને નૃસિંહ એ અવતાર ધારણ કરવા પડયા. આ અવતારોએ દૈત્યનો સંહાર કરી ધર્મ સુવ્યવસ્થિત કર્યો. ત્યાર પછી ત્રેતાયુગમાં બલી સહસ્ત્રાર્જુન, રાવણ વગેરે રાક્ષસોના સંહાર માટે ઈશ્વરે વામન, પરશુરામ, શ્રીરામ એવા અવતાર લીધા તે વખતે બ્રહ્મર્ષિ વસિષ્ઠ યુગગુરૂ હતા. તેમણે દોરી આપેલા યુગધર્મને ઉપરના દૈત્યોએ ગણકાર્યો નહી તેથી ઈશ્વરને ત્રણ અવતારો લેવા પડયા.

તેજ પ્રમાણે દ્વાપાર યુગમાં સદગુરૂ પદ વેદમૂર્તિ વ્યાસ પાસે હતું. તેમણે સ્થાપન કરેલા ધર્મને કંસ દુર્યોધન વગેરે કૌરવોએ નહી માનવાથી તેમના સંહાર માટે ઈશ્વરે શ્રીકૃષ્ણ અને બુદ્ધ એ રીતે અવતાર ધારણ કર્યા. હાલ કળીયુગમાં એ યુગ પુરૂષનું પદ સદ્ગુરૂ ઈમામશહાને પ્રાપ્ત થયું. છે. ઇશ્વરી અવતારની જાણ કરી આપવા માટે તેમણે સદ્ ધર્મની

સ્થાપના કરી છે. તેમણે સ્થાપન કરેલા યુગધર્મમાં અનેક મહત્વની બાબતોનો સમાવેશ છે જેનો અહીં ટુંકમાં વિચાર કરવાનો છે —

સત્ય, ત્રેતા અને દ્વાપાર એ ત્રણ યુગોમાં ભક્તોનો ઉદ્ધાર દુષ્ટોનો સંહાર અને ધર્મની સ્થાપના કરવા માટે ઇશ્વરના નવ અવતારો થયા. તે પૈકી પહેલા સત્યયુગમાં ચાર, ત્રેતા યુગમાં ત્રણ અને દ્વાપાર યુગમાં બે એમ કુલ નવ અવતારો થયા. હાલ કલીયુગમાં દશમો અવતાર થવાનો છે પણ તેનો પવન કલીયુગની શરૂઆતથીજ જણાવા લાગ્યો છે. સૂર્યોદય પહેલા પ્રભા ખીલી સંધી પ્રકાશ દેખાય છે તે પ્રમાણે આ પછી જે અવતાર થવાનો છે તેના ઉદય પહેલા સંધી પ્રકાશ દેખાવા લાગ્યો છે અને તેથી સદગુરૂ ઇમામશહા કહે છે કે —

ઉગ્યા તેને વંદિએ । માનો તેની આણ ।
આજ સ્વામીને ઓળખી । તેના કરો વખાણ ॥

ઉગનારને વંદન કરી તેનું વચન પાળવું જોઇએ. દાખલા તરીકે એકાદ મોટી વ્યકિત વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ જેવા પદે હોય ત્યારે તે જે હુકમ કરે તે બધાએ પાળવોજ જોઇએ પણ તેજ વ્યકિત થોડા દિવસ પછી અધિકાર પદેથી દુર થાય, સેવા નિવૃત્ત થાય ત્યારે સત્તા જવાથી તેનો હુકમ કોઈ પાળે નહી તેજ પ્રમાણે અવતાર પુરૂષનું પણ છે. જે સમયમાં જે અવતારની સ્થાપના થઈ હોય તે સમયમાં તે અવતારનેજ માનવો જોઇએ, નહી તો સૃષ્ટિ નિયમનો ભંગ થઈ તેના માટે આપણને દુઃખ સોસવું પડશે. એમ નહી હોત તો ઈશ્વરને જુદા જુદા અવતાર લેવાનું શું કારણ હતું ? તેથી હવે થનાર અવતાર સંબંધી આપણે જાણવું જોઇએ તેને નમવું જોઇએ. સદગુરૂ ઈમામશહા કહે છે. —

દસહિ અવતાર એક કરી સેવો, પાત્ર દુજા મત જાણોરે ।
જેણે નહિ માન્યા તેણે સબ કુછ ખોયા તેને યમકા ફાસારે ॥

ઈશ્વરના જુદા જુદા વખતે થયેલા અવતારો બાહ્ય દૃષ્ટીથી જુદા દેખાતા હોય તો પણ અંતરંગમાં તો એકજ છે. એકજ ઈશ્વરના તે

જુદા જુદા રૂપો છે. મત્સ્ય એજ કુર્મ, એજ વરાહ, એજ નૃસિંહ, એજ વામન, એજ પરશુરામ, એજ રામ, એજ કૃષ્ણ એજ બુદ્ધ અને એજ નિકલંકી નારાયણ, આમ આ દસે અવતાર એકજ છે એમ માની અદ્વૈત ભાવથી ભજનારને ભક્તિનો લાભ થશે. તેમને નહી માનનારે જાણે સર્વસ્વ ગુમાવ્યું એમ સમજવું એને યમરાજનો ફાંસો લાગ્યા વગર નહી રહે.

આ રીતે દશે અવતારોને માનવુંજ જોઇએ. પણ જે નવ અવતાર થઈ ગયા તેમનો અધિકાર નષ્ટ થયો છે તેથી આજે જેમને એ અધિકાર સુપ્રત થયેલો છે એવા દસમાં निकलंकी अवतार નેજ આપણે ઓળખી તેમની ભક્તિ કરવી જોઈએ એમ ઈમામશહાએ કહ્યું છે. આ પછી થનારા નિકલંકી અવતાર સંબંધી આગમજ્ઞાનનું કથન તેમણે કર્યું છે તે આગમ ' શ્રી દશાવતાર ' નામના ગ્રંથમાં છે.

ત્રેતા યુગમાં ' વાલા ' નામનો કોળી વટેમાર્ગુઓને લુંટી તેના ઉપર પોતાનું ગુજરાન ચલાવતો હતો. તેને નારદજીએ એક દિવસે આ પાપકર્મથી પરાવૃત્ત કરી રામ નામનો જાપ કરવા પ્રેરીત કર્યો. પણ તે વખતે પરશુરામ અવતાર અસ્તિત્વમાં હતો. શ્રીરામ પ્રગટ નહોતા છતાં નારદજીએ વાલાને રામનામનો જાપ આપ્યો અને તેથી વાલા 'વાલ્મીકી' ઋષિ થયો અને રામ અવતાર પ્રગટ થતા પહેલા તેમણે રામાયણ લખ્યું. એ રામાયણ મુજબજ રામનું આચારણ રહ્યું સદગુરૂ ઈમામશહાએ પણ હવે પછી થનારા દસમાં અવતારનું-નિકલંકી નારાયણનું આગમ લખી રાખ્યું છે.

ત્રેતાયુગમાં પરશુરામનો અવતાર થયો તેમની પછીજ શ્રીરામ અવતર્યા તે વખતે પણ પરશુરામ જીવતા હતા. પરશુરામે ૨૧ વખત પૃથ્વી નિઃક્ષત્રિય કરી હતી. ત્યાર બાદ શ્રીરામ ક્ષત્રિય કુળમાં અવતર્યા તેમને સીતા સ્વયંવર વખતે ' ત્ર્યંબક ' નામના ધનુષ્યનો ભંગ કર્યો તે વખતે પરશુરામે વિચાર કર્યો કે મેં ૨૧ વખત ક્ષત્રિયોનો સંહાર કર્યો

છતાં શ્રીરામ હજુ શી રીતે રહ્યા. ? તેથી તેમણે શ્રીરામનો સામનો કર્યો. બંને જણા એકજ ઇશ્વરના અવતાર હોવા છતાં તેમને વચ્ચે યુદ્ધ શી રીતે થયું એવો પ્રશ્ન ઉભો થાય છે પરંતું લોકોને બોધપાઠ આપવામાટે તેમને સિદ્ધાંત ખાતર આવું કાર્ય કરવું પડે છે. બન્નેની વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારે પરશુરામે ધનુષ્યનો ટંકાર કરી શ્રીરામ ઉપર બાણ છોડતા ત્યારે રામની માત્ર નજરથીજ એ બાણનું પાણી થઇ જતું. પરશુરામે ઘણા શક્તિશાળી બાણ રામચન્દ્રજી ઉપર છોડયા પણ તેમને એકપણ બાણ લાગ્યું નહી. ત્યારે પરશુરામ સમજી ગયા કે હવે મારૂ અવતાર કાર્ય પુંરૂ થયું છે. તેથી અહી રહેવાની જરૂર રહી નથી એમ ઠરાવી તે હિમાલયમાં જતા રહ્યા. આમ અવતાર કાર્ય પુરૂ થયા પછી તેમનું કઈ ચાલતું નથી. દ્વારપારયુગને અંતે અને કલીયુગની શરૂઆતમાં બુદ્ધાવતાર થયો. પણ આ તમામ અવતારોનું અવતાર કાર્ય એમની સાથેજ જતું હોવાથી તેમનો પ્રભાવ પડે નહી, તેથી સદ્ગુરૂ ઇમામશાહા ' મુનિવર ચેતવણી ' નામના ગ્રંથમાં કહે છે કે,

જે ફોગટ ફેરા ખાવે દનિયા, અને ઠાલા જપે જાપરે ।
તે ડુવારે જઇને ફુકાર કરે, ભાઇ તાહા કોને પુછે વાતરે ॥
તે ઘરણા ધણી તે ઘેર નહી, અને ગફલત દનિયા ફેરા ખાયેરે ।
જે ઠાલા ઘરના પરોણલા, ભાઇ તે જેમ આવે તેમ જાયેરે ॥

જે ઘર ઉજ્જડ થયેલું હોઈ તેમાં કોઇ રહેતું નથી ત્યાં તમે મોટેથી બુમો પાડશો તોય તમને કોણ જવાબ આપશે. વળી એકાદ ઘરનો માણસ મરણ પામે અને કેટલાય વરસો વિતી ગયા પછી તમે તે માણસના નામે ગમે તેટલી બુમો પાડો તોય તમને જવાબ કોણ આપી શકે ? તેજ પ્રમાણે નવ અવતાર હવે નષ્ટ થયેલા હોવાથી હવે દસમા અવતારનુંજ મહત્વ છે. તેથી તેનેજ ઓળખી માન આપવું જોઇએ આનુંજ નામ સાકાર પુજા. આ પૂજાની સ્પષ્ટતા નીચે પ્રમાણે છે —

ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ કે એવાજ બીજા અવતારો એ પૂર્ણબ્રહ્મ પરમાત્માનાજ અવતારો છે અને આખી હિંદુજાતિને તેના ઉપર દૃઢવિશ્વાસ છે. નિર્ગુણ નિરાકાર સચ્ચિદાનંદઘન પરમાત્માજ સગુણ સાકાર રૂપે પ્રગટ થાય છે. આકાશમાં જેમ પરમાણુ સ્વરૂપ જળ મેઘરૂપે ભેગું થાય છે તે પ્રમાણે સચ્ચિદાનંદઘન પરમાત્મા પોતે સ્વયંસિદ્ધ નિરાકારમાંથી સાકારરૂપ ધારણ કરે છે. 'અવતાર લેવો' અને એની પૂજા એજ સાકાર પૂજા છે. આ સાકાર અવતારની દઢભાવથી જે પૂજન અર્ચન વંદન સ્મરણ વગેરે વિવિધ પ્રકારથી ભક્તિ કરશે તે મુક્ત થશે એમ ભગવદ્‌ગીતામાં અનેક ઠેકાણે લખ્યું છે.

સદ્‌ગુરૂ ઇમામશહાએ 'વિરાટ સ્વરૂપ' નામના ગ્રંથમાં કહ્યું છે કે જે માણસ જે જે દેવતાની સ્થિરમનથી ભકિત કરશે તે માણસ અંતકાળ સમયે તે તે દેવતાઓના સ્થાને જાય છે. ત્યાં તે કંઇપણ નવું કાર્ય કરી શકતો નથી, માત્ર મૃત્યુલોકમાં કરેલા પુણ્યકર્મોનો ઉપભોગ લે છે અને એ પુણ્ય ખલાસ થયા પછી માત્ર પાપકર્મોજ તેની પાસે બાકી રહે છે. તે સંચિતથી જીવાત્મા મૃત્યુલોકમાં હલકી યોનીમાં જન્મ લઇ પાપકર્મોના ફળ ભોગવે છે. પણ મૃત્યુલોક એ કર્મભુમિ હોવાથી તે અહીં પાપ અને પુણ્ય એમ બંને પ્રકારના કર્મો કરી શકે છે. અને તેના સંચિતમાં ઉમેરો થતો જાય છે. તેમા જો તે જીવ એકાદ ક્ષુદ્ર દેવતાની ઉપાસના કરવા લાગે તો ફરીથી ઉપર મુજબ તેનું ચક્ર શરૂ થાય છે અને તે ચક્ર ચોર્યાંશી લાખ ફેરા પુરા થતા સુધી થોભતું નથી. તેથી સદ્‌ગુરૂએ કહ્યું છે કે 'હે મનુષ્ય તૂં આ બધી નિકૃષ્ટ દેવ દેવતાઓ છોડી દે અને બધાનું આદિ-કારણ મૂળ પરબ્રહ્મ પરમજ્યોતિસ્વરૂપ પરમેશ્વરનું એકલાનુંજ સતત અને દૃઢનિશ્ચયથી જીંદગીસુધી પ્રેમથી સ્મરણ કર, તેનીજ ભકિત કરી મુકિતનો અધિકારી થા. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥ ७/२०

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ।। ७/२१

स तया श्रद्धया युक्तस्तस्यारा धनमीहते ।
लभते च ततः कामान्मयैव विहितान्हि तान् ।। ७/२२

अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमे धमाम् ।
देवान्देवयजो यान्ति भद्भक्तः यान्ति मामपि ।। ७/२३

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ।। ७/२४

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ।। ९/११

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ।। ७/२५

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये मिदुः ।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ।। ७/३०

ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે કે પોતાની પ્રકૃતિને આધીન થયેલા અને વિવેક બુદ્ધિ નષ્ટ થયેલા ભક્ત અન્ય દેવતાઓની ઉપાસના કરે છે. સકામ ભક્તોની ક્ષુદ્ર કામનાઓ પુરી કરનારા અનેક દેવતાઓ હોવાથી પોતાની વિશિષ્ટકામનાઓ પુરી કરવા માટે પોતાની રાજસ કે તામસ પ્રકૃતિ મુજબ ભક્ત પોતાને અનુકૂળ થનારી ભક્તિ ખોટી ભ્રમણથી વિશિષ્ટ વ્રતો અને ઉપાસના કરે છે. જે ભક્ત જે સ્વરૂપની શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરે છે તે ભક્તની તે દેવતા પ્રત્યેની શ્રદ્ધા હું સ્થિર કરૂં છું એ કરવાનો હેતુ એટલે તેની કામના પુરી કરવી એજ છે. તેથી હું એ ભક્તને જોઇતું ફળ તે દેવતામારફ્તે અપાવું છું. ફળ આપનારો હુંજ છું પણ અજ્ઞાની ભક્ત માત્ર એ ફળ પેલા દેવતાએ આપ્યું એમજ માને છે. આવા મંદબુદ્ધિ ભક્તને મળનારૂ ફળ અલ્પસમયમાટે ટકનારૂં એટલે નાશવંત હોય છે.

જે દેવતાની ઉપાસના માણુસ કરે છે તે દેવતાના લોકને તે પામે છે. અને મારી ભકિત કરનારા મારા અવિનાશી પદને પામે છે. અન્ય દેવતાઓની ભકિત ઉતરતી શા માટે છે તો એવી ભકિતનું ફળ ટૂંકા સમયમાટે ટકનારૂં છે. મૃત્યુપછી પણ તે ભકત 'अन्ते मति सा गतिः' એ ન્યાયથી તે તે દેવતાના સ્થાનને પામી ત્યાંથી જન્મમરણના ફેરામાં સપડાય છે. મારો ભકત હોય તેજ મને પામે છે. તેને પુનર્જન્મની બીતી હોતી નથી. મારૂ અવિનાશી નિરૂપમેય અને સર્વશ્રેષ્ઠ રૂપ જાણવા અસમર્થ એવા મંદબુદ્ધિના લોકો મને ઇતર લોકો પ્રમાણે વ્યકત સ્વરૂપનો માનવી માને છે. માયાથી મોહિત થવાથી મારૂં ખરૂં સ્વરૂપ નહી ઓળખતા મારી અવગણુના કરે છે અવતાર ધારણ કરી હું મનુષ્ય દેહથી વ્યવહાર કરૂં છું. ત્યારે ભૂતમાત્રના સ્વામી એવા મારા ખરા સ્વરૂપને ન જાણનારા મૂઢલોકે હું માનવ છું એમ સમજી મારી અવજ્ઞા કરે છે. હું આખી સૃષ્ટીથી પર, ઉદાસીન સાક્ષીની જેમ રહ્યો તો મારૂ એ અવ્યકત અને પર સ્વરૂપ માણુસો ઓળખી શકશે નહી અને ભકિતથી વંચિત રહેશે. પણ દુષ્ટોનો નાશ, સંતોનું રક્ષણ અને ધર્મસ્થાપના કરવા માટે હું દેહ ધારણ કરી કર્મો કરૂં છું તેથી મારૂં ખરૂં સ્વરૂપ ન ઓળખનારા આમ કરે છે. તેથી આરીતે જે મને અવગણે છે અને મારો ઉપદેશ નેવે મૂકે છે તે આત્મકલ્યાણના માર્ગથી ચલિત થાય છે. અને જ્ઞાનેશ્વરીમાં કહ્યું છે તેમ નામ ક્રિયા કે દેહવિનાનો જે હું તે મને નામધારી કર્મકારી અને દેહધર્મથી યુકત એમ સમજે છે. મને નિરાકારને આકાર, નિરૂપાધિકને ઉપચાર વિધિનિષેધાદિક એવા મને આચારાદિક વ્યવહાર, જાતિહીનને જાતિ, ગુણાતીતને ગુણ, ચરણરહીતને ચરણ, હસ્તરહિતને હસ્ત પરિમાણાતીત પરિમાણ, કર્ણરહિતને કર્ણ, નેત્રરહિતને નેત્ર ગોત્રરહિતને ગોત્ર, નિરાકારને રૂપ, અવ્યકતને વ્યકત, નિરિચ્છને ઇચ્છા, તૃપ્તને તૃપ્તિ એવી માન્યતા ધરાવે છે. હું વસ્ત્રરહિત એટલે આખા જગતને ઓઢાડનાર અને ઢાંકનાર છતાં મને ઓઢાડે છે અને ઢાંકે છે અલંકાર પહેરાવે છે. આમ હું સ્વયંભૂ હોવા છતાં મારી મૂર્તિઓ બનાવે છે. હું નિત્ય

હોવા છતાં મારૂં આવાહન અને વિસર્જન કરે છે, મૂર્તિને દેવ સમજી પૂજે છે. પણ તે ભંગ પામે તો તેમાંથી દેવપણું ગયું એમ માની તેનો ત્યાગ કરે છે. આરીતે હું મનુષ્ય છું એમ માને છે તે નર્યું અજ્ઞાન છે. હું યોગમાયાથી ઢંકાયેલો હોવાથી સામાન્ય લોકો મને ઓળખી શકતા નથી. અધિભૂત, અધિદૈવત અને અધિયજ્ઞસ્વરૂપ મને પરમાત્માને જે જાણે છે તે અંતકાળે પણ શાંત રહી મારાથી વંચિત રહ્યો નથી.

આ ઉપરથી જણાશે કે જે વસ્તુનું ચિંતન આપણે હમેશા કરીએ છીએ તેજ વસ્તુ મૃત્યુ સમયે આપણી નજર સામે ઉભી રહે છે કારણ તુકારામ મહારાજ કહે છે —

पडिलें वळण इन्द्रिया सकळां । भाव तो निराळा नाही दूजा ॥

આપ્રમાણે ઇન્દ્રિયોને એટલે મનને જેવા સંસ્કાર પાડીયે તેવું તેના તરફથી કર્મ થાય છે તેથી મરણ સમયે કોઈ આધિભૌતિક વસ્તુનું, કોઇ ગમતા કે અણગમતા માણસનું અથવા વિશિષ્ટ દેવતાનું સ્મરણ ન કરતાં સર્વશ્રેષ્ઠ સચ્ચિદાનંદઘન પરમાત્માનુંજ સ્મરણ થવું જોઇએ અને તેના માટે પરમેશ્વર જળ સ્થળ કાષ્ઠ કે પથ્થરમાં સર્વત્ર ભરેલો છે, આખી સૃષ્ટી એનુંજ સ્વરૂપ છે પ્રાણીમાત્રના રૂપથી તેજ બધે સંચરે છે. બધા દેવતાઓ એનુજ સ્વરૂપ છે એટલે અધિયજ્ઞરૂપે પણ તેજ છે અને 'यज्ञो वै विष्णु:' એવા વિષ્ણુ સ્વરૂપથી પણ તેજ પિંડ બ્રહ્માંડ વ્યાપી રહેલો છે એવી સર્વત્ર બ્રહ્મમયદૃષ્ટિ થાય તોજ અંતકાળે તેનાસિવાય બીજો વિચાર આવશે નહી. સદગુરૂ ઈમામશાહ કહે છે —

પરિબ્રહ્મા વિષ્ણુને ઓળખ્યા । તે તો અમર હુવા તતખેવરે ॥

આ ઉપરથી પરબ્રહ્મ પરમાત્માના અવ્યકત સ્વરૂપને અગર તો વ્યકત એટલે અવતાર પાત્રને ઓળખવું એજ 'સાકાર પૂજા છે' સાકાર પૂજા એટલે પ્રતિમા પૂજા કરવી એમ નથી પણમૂર્ત એટલે મૂર્તિમંત, પ્રત્યક્ષ, સ્વયંસિદ્ધ પરમઇશ્વરનો જે અવતાર તેની પૂજા કરવી. એ છોડીને જે પ્રતિમા પૂજા કરે છે તે મૂઢ કહેવાય. કારણ વેદ-

શાસ્ત્રમાં તેનો નિષેધ કર્યો છે. 'मूर्खस्य प्रतिमां पूजा' એમ રામદાસ સ્વામીએ કહ્યું છે. તેમજ એકનાથ, નામદેવ, જ્ઞાનેશ્વર તુકારામ, કબીર, ગોરખનાથ વગેરે મહાન્ પુરૂષોએ પણ પ્રતિમા પૂજાનો નિષેધ કર્યો છે. જ્ઞાનેશ્વર મહારાજ કહે છે —


निर्जीव दगडाची काय करिसी सेवा ।
तो तुज निर्दैव्या देईल काय ॥१
कवणे गुणे भुली पडली गव्हारा ।
तीर्थाच्या माहेरा नीळखीसी ॥२
अष्टोत्तरसे तीर्थें जयाच्या चरणी ।
तो तुझ्या हृदयीं खरा देव ॥३
देह देऊळी असता जाशी आणा तीर्थां ।
मुकलासी ह्मणे ज्ञानदेव ॥४

સંતશ્રી તુકારામ મહારાજ કહે છે —

बेल तोडिला सजीव । पाषण पूजीला निर्जीव ॥१
सजीव तुळशी तोडिती । निर्जीव दगडा वाहाती ॥२
बेल तोडोनिया मूढ । लिंग पूजती पगड ॥३
पाषाणाला पुरणपोळी । अतिथाला शिव्यागाळी ॥४
मुख्यदेव विसरला । लोभ दगडाचा केला ॥५
गळा पडिला पाषण । खरा देव जाणे ना कोण ॥६
तुका ह्मणे ख-या बेला । देह शीवा अर्पियेला ॥७

સંત એકનાથ મહારાજ કહે છે —

या जनाशीं वेड लागले ॥धृ॥
शिळा तांब्याचे बाहुले केले । पाट मांडूनि वरी बैसविले ॥
वस्त्र अलंकार त्यासी गुंडाळले । मना आले ते नांव ठेविले ॥१


યુગપ્રમાણે અવતારને ધ્યાવો તો પામસે મોક્ષધામ
મત્સ્ય
નિકલંકી અવતાર
બૌધ્દ
કૂર્મ
કલિયુગ
દ્વાપરયુગ
કૃષ્ણ
વરાહ
રામ
નૃસિંહ
પરશુરામ
વામન
દસહી અવતાર એક કરી સેવો, પાત્ર દુજા મત માનોરે।
જેણે નહી માન્યા તેણે સબ કછુ ખોયા, તેણે યમકા ફાસારે॥

शुद्ध पाण्याने प्रक्षाळीलें । गंध फूलांनी झाकळीले ।।
धूप दाखवूनि दिपक लाविले । पुढे अन्न ठेवूनी चाळविले ।।२

घेरे घेऊन भोवंडिले । आडवे पडोनि दंडवत केले ।।
परि आपपर नाही देखीले । एका जनार्दनी ते ओळखीले ।।३

સંત નામદેવ મહારાજ કહે છે —

पाषाणाचा देव । बोलेचिना कधि ।। हरी भवव्याधि । केवी टळे ।।१

दगडाचा देव । मानिला ईश्वर ।। परि तो साचार । देव भिन्न ।।२

दगडाचा देव । इच्छा पुरवीत ।। तरि कां भंगत । आघाताने ।।३

पाषण देवाची । भक्ति जें करिति ।। सर्वस्वी मुक्ती । मूढपणे ।।४

વગેરે વગેરે

તેજ પ્રમાણે રામદાસ સ્વામીએ પણ (દાસબોધ ૬/૬) મૂર્તિપૂજા નિકૃષ્ટ માની છે. ' પ્રતિમા પૂજા ન કરવી, પાષાણની પૂજા ન કરવી. પ્રતિમા પૂજે તે નહી પામે મોક્ષ ' એમ સદગુરૂ ઇમામશાહાપણ કહે છે. માટે ડાહ્યા પુરૂષોએ અવતારને અથવા તેના અવ્યકત સ્વરૂપનેજ માનવું જોઇએ. તેનીજ ભકિત અને ચિંતન કરવું જોઇએ. આ અવતાર જુદે જુદે વખતે જુદા જુદા સ્વરૂપથી થાય છે એમ પ્રથમ કહ્યું છેજ તેથી હાલ જે અવતારને પ્રમુખપદ છે તે દસમાં અવતારને માનવું જોઇએ એમ સિદ્ધ થાય છે. આ પ્રગટ અવતાર એટલેજ પ્રત્યક્ષ અવ્યકત ઉદાસીન સાક્ષી એવા પરમાત્માનુ સ્વરૂપ છે —

ઇશ્વર જો અવ્યકત, ઉદાસીન છે તો આ વિશ્વની આટલી મોટી રચનાનું અને તેના વ્યવહારનું કાર્ય શી રીતે થાય છે ? આ પ્રશ્નનો ઉત્તર ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં નીચે પ્રમાણે આપે છે —

मयाऽध्यक्षेण प्रकृति सूयते सचराचरम् ।
हेतुनाऽनेन कौन्तेय जगद्विपरिवर्तदे ।।९/१०

3

હે અર્જુન, હું પ્રમુખ હોવાથી એટલે મારા સાક્ષિત્વના અને ઇચ્છાના લીધે આ અવ્યકત પ્રકૃતીજ આ બધુ સ્થાવર જંગમાત્મક જગત્ નિર્માણ કરે છે. મારી ઇચ્છાના કારણે જ જગતનો વ્યવહાર ચાલે છે. આમ ઇશ્વરેચ્છાસિવાય આ સૃષ્ટિ નિર્માણ થતી નથી. સદગુરૂ ઇમામશાહ કહે છે —

હેત ધરી એક ઇંડ ઉપાયા । ચૌદ ભુવનના મહેલજો કિયા ॥

ઇશ્વરે કઈ સંકલ્પથીજ આ સૃષ્ટીની રચના કરી છે ઐતરેયોપનિષદના પહેલા ખંડમાં કહ્યું છે કે —

ॐ आत्मा वा इदमेक एवाग्र आसित् । नान्यात्किचन-
मिषत् । स ईक्षत लोकान्नु सृजा इति ॥१॥

ॐ એ એકજ અક્ષર બ્રહ્મ સૃષ્ટી નિર્માણ થતા પહેલા એકમાત્ર પરમાત્મા હતો એ સિવાય બીજુ કઇ પણ નહોતું. એ પરમાત્માએ નિશ્ચય કરી આ જગત નિર્માણ કરવાનો નિશ્ચય કર્યો–ઇચ્છા કરી. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યુ છે–

तदैक्षत बहुस्याम प्रजायेय । ६–२–३

હું બહુ પ્રકારે બનું એવી ઇચ્છા સબળ બ્રહ્મને થઇ. તૈતિ રીય ઉપનિષદ (૨–૬) વિગેરે અનેક ઉપનિષદોમાં સૃષ્ટી નિર્માણ થવાના આજ કારણો આપ્યા છે.

ઐતરેયોપનિષદમાં સૃષ્ટિ નિર્માણની મૂળ હકીકત આપેલી છે તેમજ સૃષ્ટીની રચના શી રીતે થઈ એ વિશે સદ્દગુરૂ ઇમામશાહે પણ 'નિકલંકી ગીતા' યોગવાણી, વિરાટસ્વરૂપ, મૂળબંધ અથવા જડબંધ એ ગ્રંથોમાં વિગતવાર ચોખવટ કરી છે. તેમાં તેમણે પ્રથમ અનંત કલ્પો પૂર્વેની હકિકતનું વર્ણન કર્યુ છે તે વખતે આખુંય વાતાવરણ નીલવર્ણ ધુંધુઃકારથી વ્યાપેલું હતું ત્યાં પૃથ્વી ન હોતી તેમજ જમીન પાણી આકાશ, સૂર્ય, ચન્દ્ર તારા મંડળ વગેરે કશુંજ ન હોતું. બધેય

નીલવર્ણ પસરેલો હતો તે વખતે પરમેશ્વર સાક્ષાત નિરાકાર બ્રહ્મ ૐ કાર સ્વરૂપ મહાનિર્મળ અને શાંત અને મહાન તેજોમય જ્યોતિ-સ્વરૂપથી સ્થિર હતા. તેમની પહેલાં શું હતું તે કોઇ પણ જાણી શકતું ન હતું. માત્ર તે વિકારાતીત બ્રહ્મ અનંત કલ્પ અનંત યુગો સુધી યોગનિદ્રીત-ધ્યાનસ્થ હતુ. તેણે પોતાના મનમાં સંકલ્પ કરી ચતુર્મુખ બ્રહ્મદેવને ઉત્પન્ન કર્યા પૂણ બ્રહ્મદેવને પણ અનંત કલ્પો સુધી કશીજ ખબર ન પડવાથી તે ગુંચવાડામાં પડયા તેમણે આંખો મીચી ધ્યાન ધર્યુ ત્યારે ઇશ્વરના તેમને દર્શન થયા. તેથી તેમને આત્મજ્ઞાન થયું. ત્યારે પરમાત્માએ બ્રહ્મદેવને સૃષ્ટી નિર્માણ કરવા કહ્યું. પણ તે વખતે ચોતરફ ઘોર અંધઃકાર હોવાથી બ્રહ્મદેવે પ્રકાશની માંગણી કરી. તેમણે કહ્યું પ્રકાશ સિવાય બધી રચના મિથ્યા અને નિરર્થક થશે.

પરમેશ્વરે કહ્યું કે પ્રકાશ માટે તૂં મારી સ્તુતિ કર. એ મેળવવા માટે આ એકજ ઉપાય છે.

બ્રહ્મદેવે કહ્યું–હે પરબ્રહ્મ પરમેશ્વર, તૂં નિરંજન નિરાકાર છે. તને કશીજ ઉપમા આપી શકાય તેમ નથી તેથી નિરૂપમ નિરૂપાધિક એવી તારી સ્તુતિ હું શી રીતે કરૂં ? આવા સંકલ્પ વિકલ્પમાં બ્રહ્મદેવ હતા. તે જોઇ પરમેશ્વર બોલ્યા 'प्रज्ञानमानन्दंब्रह्म' (બુદ્ધિમા જ્ઞાનરૂપી આનંદ આવે એટલે એજ બ્રહ્મ) એનું વર્ણન એજ મારી સ્તુતિ અથવા ગુણગાન છે. બ્રહ્મદેવે આ મહાવાકયનું યથા શક્તિ વર્ણન કરવાથી તે ઘોર અંધકારમાં અજવાળું આવ્યું. એટલે ત્યા રક્તવર્ણ લાલ પ્રકાશ થયો તેથી આ સ્તવનનું નામ ઋગ્વેદ પડયું.

આ લાલ પ્રકાશમાં જરાપણ પ્રકાશ ન હોતો કે જેમાં સૃષ્ટિનો કાર્યક્રમ ચાલુ રહે. તેથી બ્રહ્મદેવની પ્રકાશ સંબંધેની ઇચ્છા અશાંત રહી એટલે ઇશ્વરે તેને ફરીથી કહ્યુ 'अहं ब्रह्मास्मि' (હું બ્રહ્મ છું) આ વાકયનું વર્ણન એજ મારૂ વર્ણન છે. બ્રહ્મદેવે આ મહાકાવ્યનું યથા-શક્તિ વર્ણન કરવાથી વાતાવરણમાં વિશાળ (યજુરતા) દેખાઈ. આમ

રંગ બદલવાથી પ્રથમના લાલ રંગ કરતા આ વિશાળપણાથી પ્રકાશની છટા વધી- તેથી એ સ્તવન નું નામ યજુર્વેદ પડયું.

આ પીળાશ જેવા પ્રકાશમાં જોઇએ તેટલું અજવાળું નહી હોવાથી બ્રહ્મદેવની ઇચ્છા અપૂર્ણ રહી તેથી તેમણે પ્રકાશ માટે ફરીથી ઇશ્વર પાસે પ્રાર્થના કરી તેમણે પ્રકાશ માટે ફરીથી ઇશ્વર પાસે પ્રાર્થના કરી ઇશ્વરે 'तत्वमसि' (તે બ્રહ્મ તૂ છે) એ મહા વાકયનું વર્ણન કરવા આજ્ઞા આપી. બ્રહ્મદેવ તત્વમસીનું યથાશક્તિ વર્ણન કર્યું તેના લીધે પ્રથમના લાલ અને પીળાશ કરતા પ્રકાશમાં થોડુંક શામપણું આવ્યું. તેથી પ્રથમ કરતા આ પ્રકાશ વિશેષ અંશથી દેખાવા લાગ્યો આ વર્ણનનું નામ સામવેદ પડયુ. બ્રહ્મદેવે પૂર્ણ પ્રકાશની અભિલાષા ઇશ્વર આગળ વ્યક્ત કરી.

બ્રહ્મદેવને સંતોષિત કરવા ઇશ્વરે 'अयमात्मा ब्रह्म' (આત્મા એજ બ્રહ્મ છે) આ મહા વાકયનું વર્ણન કરવા કહ્યું. એ પ્રમાણે કરતા જ વાતાવરણમાં બધેય પ્રકાશ જ પ્રકાશ દેખાવા લાગ્યો. તેથી આ વર્ણનને અથર્વવેદ એવું નામ પડયું. આ પ્રમાણે ચારે વેદોની ઉત્પત્તિ થઈ એવું પ્રાચીન સાહિત્ય ઉપરથી દેખાય છે. વેદ ઉત્પત્તિના આચારે પ્રકારના રંગ હાલ સુધી સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે દેખાય છે અને મહા પ્રલય સુધી તે એજ પ્રમાણે દેખાયા કરશે.

ત્યાર પછી ઇશ્વરે પોતાની યોગમાયાથી બ્રહ્મદેવને સૃષ્ટીની રચના (સજીવ સૃષ્ટીની નિર્મિતી) કરવા કહ્યું, અને બોલ્યા જગતમાં તૂ સદ્ગુરૂપે છે તને જાણ્યા સિવાય કોઈપણ ભક્તને મારા અવ્યક્ત સ્વરૂપનો સાક્ષાત્કાર થશે નહી. આમ બોલી ભગવાન અંતર્ધાન થયા.

પછી બ્રહ્મદેવે કેટલાય યુગોસુધી તપશ્ચર્યા કરી અને પછી સૃષ્ટીની રચના કરવા શરૂઆત કરી. એ રચના તોત્તેર યુગો સુધી ચાલી ત્યારે સૃષ્ટીમાં ચોર્યાશી લક્ષ જીવયોની નિર્માણ થઇ. આમ સૃષ્ટી રચનાની

આ વિગતવાર હકિકત સદ્દગુરૂ ઇમામશાહે ઉપરના ગ્રંથોમાં કથન કરી છે. આથી તેમનું નિગમજ્ઞાન કેટલુ પ્રખર હતું તે દેખાઈ આવે છે. સૃષ્ટીના અનાદિકાળથી બ્રહ્માંડની ઉત્પત્તિ, ચંદ્ર-સૂર્ય તારા, ગ્રહ, સપ્તપાતાળ, મૃત્યુલોક, સ્વર્ગલોક, ઉધ્ર્વલોક વૈકુંઠધામ વિગેરેની ઉત્પત્તિ શી રીતે થઇ અને એ દરેક ઠેકાણે કઈ કઈ વસ્તી છે, ત્યાંના પ્રાણી કેવા છે, તેમના આચાર વિચાર કેવા છે, મૃત્યુલોકના કયા જીવાત્માઓ તે ઠેકાણે જાય છે વગેરે બધી માહિતી તેમણે જાણી લખી રાખી છે.

જે રીતે સદ્દગુરૂએ નિગમ (એટલે અનાદિકાળથી) પ્રાચીન હકિકત કહી છે તેજ પ્રમાણે તેમણે હાલ ચાલુ છે તે કળીયુગમાં હવે પછી શું થશે તે આગમ માહિતી પણ આપી છે.

આ કળીયુગમાં અધર્મ શી રીતે ફેલાશે તે સંબંધીનું વર્ણન નીચે મુજબ કર્યું છે. પાપ, કલહ, હિંસા, વિશ્વાસઘાત વગેરે બધા અનર્થો દુનિયામાં ચોમેર ફેલાશે. બ્રાહ્મણક્ષત્રીય વૈશ્ય શૂદ્ર એ ચાર વર્ણોમાં એકાકાર થશે અને લોકો દુઃખી થશે. પોતાના કુળના આચારો છોડી આચારભ્રષ્ટ અને શીલભ્રષ્ટ થશે. મનુષ્યની માનવતા, શુદ્ધ આચારવિચાર વગેરે નષ્ટ થશે અને લોકો ક્રિયાભ્રષ્ટ થશે. કર્મકાંડી કહેવડાવનારા લોકો ધર્માચરણ છોડી ધર્મની અને ભક્તોની નિંદા-અવગણના કરશે. જુદી જુદી જાતોમાં એકંકાર થશે વિવાહ વિગેરેના મંગલવિધિમાં ભંગાણ પડશે અને તે નાશ પામશે. સતી, પતિવ્રતા, કુળવાન અને શીલવાન સ્ત્રિયોક્રિયા ભ્રષ્ટ અને શીલભ્રષ્ટ થશે રાજાઓ પ્રજાને રંજાડશે. પ્રજા પણ તેવી જ થશે. યતિ સાધુ વિગેરે પણ પોતાના કર્મો છોડી અધર્મી, કામી અને ક્રોધી થશે. પિતાકન્યા, માતા-પુત્ર અથવા કન્યાનો આચાર સાસુ-સસરા સાથે જમાઇનો આચાર એ બધું વિપરીતપણે થશે અને દુનિયામાં સર્વત્ર પાપાચરણ થશે.

આવા પાપાચરણથી વાતાવરણમાં ફેરફાર થઇ કાળચક્ર બદલાશે એટલે અકાળે વર્ષા થશે. અગર દુકાળ પડશે, અનાજ ઓછું પાકશે.

વૃક્ષને સારા ફળો આવશે નહીં, તે ફળફુલ વિહોણા થશે. અનાજ અને ફળમાના રસકસ નિકળી જશે, અને સત્વ વગરનું અનાજ ખાવા મળશે, તેથી લોકો માંસાહારી. વ્યસની, દુષ્ટ, અન્યાયી, નિર્બળ નિસ્તેજ અને ક્રોધી બનશે. અનાચાર વધશે, તીર્થસ્થળોનું મહત્વ ઘટશે. રિદ્ધી સિદ્ધી વગેરે થંભી જશે. સમુદ્ર, નદી અને તળાવના પાણી સુકાઈ જશે. સૂર્યની ઉષ્ણુતા વધશે, મોટા મોટા ગામો ઉજ્જડ થશે, ધરતીકંપ થશે, આગો લાગશે, ચેપીરોગો ફાટી નીકળશે. આ રીતે કાળચક્રમાં ફેરફાર થશે.

એમા પણ ભારત દેશના ઉત્તરે આવેલ ચીન દેશમા કાલિંગા નામનો રાક્ષસ અવતરશે. તપશ્ચર્યાના જોરે તે રાવણ જેવો પ્રબળ પ્રમત્ત ક્રૂર ઢોંગી અને બેઇમાન થશે. એમના પોતાના હાથ નીચેના મુખ્ય મુખ્ય શિષ્યોને તે દેશ વિદેશ મોકલી પોતાનુ મહત્વ વર્ણવાનુ કહેશે. એ શિષ્યો અનેક ખટપટો કરી, ચમત્કાર કરી બતાવશે. લોકોને તે કહેશે કે અમો તીર્થવાસી છીએ બધા તીર્થોના મહિમા અમારી પાસે છે. પાણી મંતરી તેનું તે ઘી કરી બતાવશે. લાકડાના ઘોડાને ઘાંસ ચખાડશે. કાલીંગો દૈત્ય પોતે અત્રંગી આસન ઉપર બેસશે. સાત પેઢીના મા બાપ દેખાડશે. લોકોની મન કામનાઓ પુરી કરશે, નદીમાં કેનાલો ખોદી પાણી વહેવડાવશે. નદીના પાત્ર પલટાવશે. દાનવોને દેવ ગણશે. અત્યાચારી બની સજ્જનોનુ પાવિત્ર્ય બગાડશે. આ રીતે લોકોને પોતાની જાળમાં ફસાવી પોતાની સત્તા પ્રસ્થાપિત કરશે. સાચા ભક્તો માટે આ કસોટીરૂપ છે. પોતાનું ઈમાન કાયમ રાખી જે દૃઢ નિશ્ચયથી પરમેશ્વરનુ–નિકલંકી નારાયણનું ભજન શરૂ કરશે, નામસ્મરણ છોડશે નહી તેજ રાક્ષસોથી અલિપ્ત રહેશે અને સાચો ભક્ત કહેવડાવશે આવા ભક્તોને દુષ્ટ લોકો પજવ્યા વગર રહેશે નહી વિગેરે આગમજ્ઞાન સદ્દગુરૂ ઈમામશાહે વર્ણવ્યું છે.

આ પ્રમાણે સદ્ધર્મ અને માનવતા ધર્મ ઓછા થતા થતા ધીમે ધીમે નષ્ટ થશે અને અધર્મ ફેલાશે. લોકો અસત્યાચરણથી સજ્જનોને

રંજાડશે તેથી પૃથ્વીઉપર પાપનો ભાર વધશે તે ઉતારવા માટે કે હલકો કરવા માટે ઈશ્વરને અવતાર લેવો પડશે. પંચનદી મૂળસ્થાન ઉપર દેવ દાનવની એટલે નિકલંક નારાયણ અને કાલીંગા રાક્ષસ વચ્ચે લડાઈ થઈ ઇશ્વર દાનવને મારી નાખી પૃથ્વી ઉપરનો પાપનો ભાર દૂર કરશે અને ચીન દેશનો જલપ્રલય થવા માટે સમુદ્રમાં ડુબાડશે. 'આગમવાણી' નામના ગ્રંથમાં સદ્દગુરૂએ આ પ્રમાણે જણાવ્યું છે આ ઉપરથી આપણને તેમના અગાધ આગમ જ્ઞાનનો ખ્યાલ આવી શકશે. આવું સર્વોપરી આગમ જ્ઞાન કહી જેમણે બીજાની કામનાઓ પુરી કરી છે તે મહાન્ ગુરૂની ચરણસેવા કરનાર શિષ્યની ચિત્તવૃત્તી શાંત થઇ તે મહાત્મારૂપ બને છે.

सत्संगाद्भवति हि साधुता खलानाम् ।
साधूनां न हि खलसङ्गमात्खलत्वम् ।।
आमोदं कुसुममयं मृदेव धत्ते ।
मृद्गन्धं न हि कुसुमानि धारयन्ति ।।

દુર્જનને સત્સંગથી સજ્જનતા મળે છે પણ સજ્જન દુર્જનના સંગથી દુર્જન થતો નથી. ફૂલ માટીનો વાસ ગ્રહણ નથી કરતું. ગંગા જેવા તીર્થક્ષેત્રો માણસના પાપ ધોઇ નાંખે છે; પણ એ તીર્થના પાપો બ્રહ્મરૂપ મહાત્માના ચરણસ્પર્શથી નષ્ટ થાય છે. બધા તીર્થો સદ્દગુરૂ-ચરણે હોય છે તેથી શિષ્યે સદ્દગુરૂનું જ ચરણતીર્થ પ્રાશન કરવુ જોઇએ કે જેથી તેને 'સત્' જ્ઞાન થાય છે.

ભૂત ભવિષ્ય જાણનારા અમોઘ દૃષ્ટીવાળા સદગુરૂ ઈમામશાહ મહારાજે ભિન્ન ભિન્ન ધર્મોનો જે સંકર થયો છે અને જે અધોગતીએ જાય છે તે જોઇ સત્ધર્મની સ્થાપના કરી છે. આવા સત્ધર્મની સ્થાપના દરેક યુગમાં અવતારના વખતે થાય છે. તેથીજ ઇમાંમશાહે કહ્યું છે કે—

સતપંથ જુગાજુગે આવીયા । કી ભાઈ યુગાયુગે આવીયા ।
તો સત માર્ગ દિખલાયા । લોભીરે તમે માયામો રહ્યો ॥

આ સતપંથ યુગેયુગથી ચાલતો આવેલો છે તે આજ કાળનો નથી પણ અનાદિકાળથી ચાલતો આવ્યો છે. સનાતન છે અને તેજ સત્માર્ગ સદગુરૂએ આપણને બતાવ્યો છે. ઇમામશાહે બતાવેલા સત્પંથમાં મોટે ભાગે સત્યનો જ સમાવેશ છે.

સત્ય વસ્તુ ક્રિયારહિત, હેતુરહિત, પાપ-પુણ્ય વિનાની, બંધ અથવા મોક્ષ વિનાની અને વર્ણાશ્રમ ધર્મ વિનાની છે. તે હંમેશા સત્ય જ છે. જગત સત્ય નથી પણ તે સત્યનો માર્ગ બતાડનાર છે. તેનો વ્યવહાર કર્મવ્યવહાર એ તો મિથ્યાજ છે. કર્મ વ્યવહારનો લોકવ્યવહાર જોડે નજીકનો સંબંધ હોય છે પણ એ બંને મિથ્યા હોવા છતાં એ બધા વ્યવહાર સત્ય છે એમ માણસ માને છે તેથી તે પંચ ભૂતાત્મક, નાશવંત, આશા વિનાનો, ઘણો ત્રાસદાયક એવો બંધનરૂપ દેહ પોતાનો માની વ્યવહારના છળકપટમાં તત્પર રહે છે. મોહના લીધે આ બધો વ્યવહાર મનુષ્યને સત્ય લાગે છે પણ જ્યાં સુધી તે અભિમાન છોડતો નથી અને પરબ્રહ્મનું સત્યસ્વરૂપ ઓળખતો નથી ત્યાં સુધી તેને સુખ મળતું નથી. તેથી જીવાત્માએ ઇશ્વરનું સત્ય સ્વરૂપ જાણવાની જરૂર છે.

પરબ્રહ્મના આ સત્યસ્વરૂપને જ ઇમામશાહે 'સત' નામ આપ્યું છે આ સત્‌ને ઓળખવાનો જે માર્ગ તેજ સત્પંથ છે. તેથી ઇમામશાહા કહે છે—

સતપંથ ધર્મ સો કહીયે, જેણે ઓળખ્યા સતગુરૂ નુર રે ।
પરિબ્રહ્મા વિષ્ણુને ઓળખ્યા, તે તો અમર હુવા તતખેવરે ॥

પરબ્રહ્મ પરમેશ્વરના અવ્યક્ત સ્વરૂપને એટલે સત્‌ ને જે ઓળખે છે તે અમર થાય છે. તે જીવ પરમસુખી થઇ જન્મ-મરણના ફેરામાંથી છૂટે છે.

આ સત શું છે? કેવું છે? કયાં છે? એ કહેવું કઠણ છે કારણ તેના જેવી બીજી વસ્તુ દુનિયામાં નથી. તે બુદ્ધિથી જાણવું જોઇએ.

વાણીથી વર્ણવી શકાય નહી. માત્ર એટલું જ કહી શકાય કે 'સત્' તે સત્ જ છે. તે નામરૂપ વિનાનું નિર્ગુણ અને નિરવયવ છે. એને કોઇની સાથે સરખાવી શકાય નહી. આ સત્‌ના લીધે જ ચન્દ્ર-સૂર્ય પ્રકાશે છે, તારામંડળ, વાયુ, ધ્રુવ, ઈન્દ્ર વિગેરે અનંત આકાશમાં સ્થિત છે. સતથી ચૌદભુવનો સ્થિત થએલા છે. સતના કારણે જ આ નવખંડ અને સપ્તદ્વિપ મંડીત પૃથ્વી શેષનાગના ફણા ઉપર સ્થિર રહી છે. સતના કારણે જ મેરૂ પર્વત અચલ રહ્યો છે. સમુદ્ર પોતાની મર્યાદા છોડતો નથી અને મેઘ વૃષ્ટી કરે છે. સત એજ ખરૂ રક્ષણકર્તા છે જેણે સતને ઓળખ્યું નથી તે દુ:ખી થાય છે આવું આ સૌને ધારણ કરનારૂં સત પરમ પ્રકાશિત છે સર્વત્ર છે ત્યાં સૂર્ય-ચંદ્ર કે તારાઓ નથી. એ પરમજ્યોતિરૂપ છે તેથી રામ ગીતામાં કહ્યું છે કે––

ज्योतिरेव परंब्रह्म ज्योतिरेव परं सुखम् ।
ज्योतिरेव पराशान्ति ज्योतिरेव परंपदम् ।।

જ્યોતિ એજ પરબ્રહ્મ છે, પરમ સુખ છે, જ્યોતિ એજ પરમ્ શાંતિ અને પરમ્પદ છે. તેમજ ભગવદ્ગીતામાં કહ્યું છે કે––

ज्योतिषामपि तज्जोतिस्तमसः परमूच्यते ।
ગીતા અ. ૧૩ શ્લોક ૧૭

आदित्यवर्णं तमसः परस्तात् ।
શ્વેત. ઉપ. ૪/૮

तदेव ज्योतिषा ज्योतिः ।
બૃહ. ઉપ. ૪/૪/૧૬

તે બ્રહ્મ તેજનું તેજ અને જ્યોતિની પણ જ્યોતિ છે. ઈમામશહા મહારાજ કહે છે કે––

જ્યોતે સ્વરૂપ જાણીએ । આદણુંદ વિંડ કેવાયરે ।।
નિરાકારરૂપે તો પોતે છે । તે તો અકલ કહાવ્યા નવ જાય રે ।।

૪

આ સત કેવું છે ? એકાદ બુંદ જેવું છે કે ઇંડા જેવું છે તે કહેવું મુશ્કેલ છે, કારણ તે નિરાકાર અનુ નિરવયવ છે. એને જાણવું એ આપણી બુદ્ધીની બહારની વાત છે. આવું અતકર્ય, અગોચર સત્ જાણવાથી મળનારૂં ફળ કે સુખ બીજી કોઇ વસ્તુ સાથે સરખાવી શકાય નહી. એના જેવું બીજુરૂપ સૌંદર્ય કે જ્ઞાન નથી. જેના દર્શન થયા પછી બીજા કોઇ દર્શનની અપેક્ષા રહેતી નથી તેજ આ 'સત્' છે. તે પરબ્રહ્મ હમેશા પૂર્ણ સર્વગત અનંત દેશ કાલાતીત અને દેશ કાલમય છે. તે બ્રહ્મ નિરાકાર નિર્ગુણ છતા નિત્ય સાકાર અને સગુણ છે. તે એકમાત્ર હોવા છતા વિવિધસ્વરૂપ સંપન્ન છે. નિત્ય હોવા છતા તેની ભિન્ન પૃથક સત્તા છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શક્તિ, રામ, કૃષ્ણ, નિકલંકી નારાયણાદિ દશાવતાર ગણેશ વિગેરે તેના વિવિધ નામો છે, છતાં એકજ છે. આ સર્વ સ્વરૂપો નિત્યશાશ્વત બ્રહ્મરૂપજ છે.

सर्वे नित्य: शाश्वताश्च देहास्तस्य परात्मन:
हानोपादानरहिता नैव प्रकृतिजा: क्वचित् ।

परमानंदसंदोहा ज्ञानमात्राश्च सर्वत:
सर्वे सर्वगुणै: पूर्णा: सर्वदोषविवर्जिता: ।।

પરાત્પર પરબ્રહ્મના તે બધા નિત્ય શાશ્વત પરમાત્મસ્વરૂપ છે. તેમના દેહ જન્મમરણરહિત અને સ્વરૂપભૂત છે. પ્રકૃતિજનિત નથી તે પરમાનન્દ છે. સર્વભાવથી જ્ઞાનસ્વરૂપ છે. શાશ્વતગુણોથી પરિપૂર્ણ છે. એટલે દોષમુક્ત છે.

આજ સત્‌ના દર્શનમાટે જીવાત્માએ સદાતત્પર રહેવું જોઇએ. સદ્‌ગુરૂ ઈમામશહા મહારાજે કહ્યુ છે–પ્રત્યક્ષ આચરણમાં ઉતાર્યું છે તે એ કે શુદ્ધ ઘીની જ્યોત લગાડવી તેના લીધે ચિત્તવૃત્તી સાત્વિક અને શાંત થાય છે તેવી જ્યોતિ કરી ગુરૂતરફથી મળેલા મંત્રનું અખંડ સ્મરણ કરી તે જ્યોતિ સાથે તદ્રૂપ થવા પ્રયત્ન કરવો.

ગુરૂપાસેથી દીક્ષા લેતી વખતે તે જે મંત્ર કહે તેને 'જાપ' અથવા 'ગુરૂમંત્ર' કહે છે. આ દીક્ષા દરેક માણુસે લેવી જોઇએ. 'હિંદુધર્મ કલ્પદ્રુમ' ચોથા અધ્યાયમાં કહ્યું છે કે દીક્ષા એ સર્વ જાપનું મૂળ છે. તપશ્ચર્યાનું મૂળ પણ દીક્ષાજ છે. દીક્ષા લીધા વિના જે માણુસ જપ-પૂજા વિગેરે કરે છે તેના બધા કર્મો ખડક ઉપર વાવેલા બી પ્રમાણે નિષ્ફળ થાય છે. તેવા માણુસને સદ્ગતિ મળતી નથી. તેથી ગુરૂપાસેથી દીક્ષા લેવી જરૂરનું છે. અને તેમની પાસેથી મળેલા મંત્રનુ અખંડ સ્મરણ અને જ્યોતિનું ધ્યાન ધરવું.

આ ધ્યાનમાટે પ્રથમ પોતાનુ મન શાંત સ્થિર અને વશ રાખવું જોઇએ. અહંકાર અને મમત્વનો ત્યાગ કરવો જોઇએ અને ઇન્દ્રિય-નિગ્રહથી મન કાબુમાં રાખવું જોઇએ મન અદૃશ્ય હોવા છતા તેનો શરીર સાથે દૃઢસંબંધ હોવાથી તેને વશ કરવાના બધા પ્રયત્ન પ્રથમ શરીર ઉપરજ કરવા પડે છે. વ્રત, તપ, બ્રહ્મચર્ય, સત્યભાષણ. પરદ્રવ્ય અને પરનારીનો તિરસ્કાર, પરનિંદા અને આત્મસ્તુતીનો ત્યાગ, સુખ-દુ:ખ સહન કરવાની ટેવ, દયાભાવ વગેરે નિયમો નિશ્ચયથી પાળવાં આ બધું મનો નિગ્રહમાટે છે. આ નિગ્રહમાટે સદ્ગુરૂ જ્ઞાનરૂપ અંકુશ જોઇએ. સંકલ્પ વિકલ્પનો ત્યાગ કરી ઇશ્વરની ઉપાસના પૂર્ણ શ્રદ્ધાથી કરવી જોઇએ.

આ પ્રમાણે મનવશ થયા પછી એકાંત અને પવિત્ર સ્થળે શરીર અને મન સ્થિર રાખી આંખો મીચી હૃદયાકાશમાં સૂર્યજેવો તેજસ્વી પ્રકાશ મનઃચક્ષુથી જોવો. આ પ્રકાશ અત્યંત તેજસ્વી હોવા છતાં ઉષ્ણતા વગરનો, શીતળ સમાન જાણી તેમાં લીન થવું. આ પ્રકાશ કે તેજ પરબ્રહ્મનું છે. આ તેજસ્વી પરમજ્યોતીનું રાતદિવસ ધ્યાન કરવું એવી વેદોની મનુષ્યમાત્રને આજ્ઞા છે. ધ્યાન કરવાનો હેતુ એ છે કે સાધનરૂપ જે શબ્દપ્રણવ ૐકાર તેજ વેદ, એને શબ્દબ્રહ્મ કહે છે, આમાંથીજ વેદ વિસ્તાર પામ્યા. ૐ કારજ ગાયત્રી છે, ગાયત્રીના–

ૐકારનુ તેમજ ગુરૂમંત્રનું સ્મરણ કરી ઇશ્વિરી તેજનું ધ્યાન કરવામાં આવે તો મનુષ્ય નિષ્પાપ અને સ્થિર ચિત્તવાળો થાય છે અને પરિણામે પરબ્રહ્મના તેજોવલયમાં વિરામ પામે છે.

ઉપર બતાવેલો ધ્યાનનો પ્રકાર માત્ર એક બે વખત કરવાથી સફળ થશે નહી. એ સતત કરવો જોઇએ. સદ્દગુરૂ ઈમામશહા કહે છે–

હરદમ કરો કરો અભિયાસ કરીને દેખો ખાસ ।
દમેદમે મારા સ્વામીજીનેસેવો સ્વામી તમારે પાસ ॥

પ્રત્યેક શ્વાસોશ્વાસની સાથે આ પ્રયત્ન કર્યા વિના–ચિત્તવૃત્તીનું મંથન કર્યા વિના પરમાત્માના દર્શન થવા મુશ્કેલ છે.

ચિત્તવૃત્તીનો નિરોધ એટલે માયા મમતાનો ત્યાગ. આના માટે સંસાર છોડવાની જરૂર નથી. સંસારમાં રહીને જ મોહ મમતા વગેરેનો ત્યાગ કરવા, પ્રપંચ છોડવો એટલે વૈરાગ્ય નથી પણ તેની આસક્તિ છોડવી એનું નામ વૈરાગ્ય. આમ માયામોહ ચંચલતા વિગેરે છોડી સંસારમાં રહીને જ પરમાર્થ કરવો જોઇએ. તુકારામ મહારાજ કહે છે––

प्रपंच साधुनी परमार्थ ज्याने केला ।
तो नर भला भला रे भला ।।

તેજ પ્રમાણે કહ્યું છે કે––

સંસારસું સરસો રહે ને મન્ન મારી પાસ ।
સંસારમાં લેવાય નહી, તેણે જાણુ મારો દાસ ॥
જલમાહે વસે રે કમલની, ઉદકે પ્રવેશ ના થાયે ।
એવા ચિન્હ મારા દાસના, હૂં તો કહું છું નિરાધાર ॥

તેમજ સદ્દગુરૂ ઈમામશહા પણ કહે છે––

સંસાર સાગર સકલ છે જુટો, મત જાણો હૈ મેરારે ।
છોડીને ભ્રમ તમે બ્રહ્મ પછાનો, ખોજ અંતરઘટ તેરારે ॥

સંસારની નાશવંત બાબતોથી દુર રહેવું, રાત-દિવસ પુરૂષોત્તમને ઠેકાણે એક નિષ્ઠ રહેવું પાણીમાં રહી પાણીથી અલિપ્ત રહેનાર કમળ પ્રમાણે જીવાત્માએ સંસાર-સાગરમાં રહી અલિપ્ત રહેવું. પાણીમાં હોવા છતાં કમળની પાખડીઓને પાણીનો સ્પર્શ થતો નથી એટલું જ નહીં પણ પાણીના બિંદુ પાંખડીઓ ઉપર પડે તો પણ તે ખસી પડે છે તે પ્રમાણે જીવાત્માએ સંસારમાં અલિપ્ત રહેવું. સંસારમાં સ્ત્રીએ વિષયવાસના જીતવાનું મુખ્ય સાધન છે તેથી સંસારમાં સ્ત્રી-પુત્રાદિકની આસકિત ન રાખતાં અલિપ્ત રહેવું એટલે જ કામ, ક્રોધ, લોભ, મોહ, ભયાદિ, માયા, વિકાર જીતવા એજ ખરી વિરક્તિ છે પણ જીવ 'સત' કરતા અસતમાં જ રાચ્યો રહે છે. મૂઢ માણસ સંસારમાં આ મારો દેહ, આ મારી સ્ત્રી, મારો પુત્ર, મારો નોકર, મારૂ ધન વિગેરે બધું મારૂ જ છે એ રીતે હું અને મારૂં એ મમત્વમાં જ બદ્ધ થઈ તેમાજ લીન થઈ જાય છે, અને પોતાની કિંમતી જીંદગી માંસના પુતળાની (દેહની) સેવામાં વેડફી નાખે છે. થોડા સંસ્કાર પામેલો પુરૂષ પૂજન અર્ચનના અવડંબરમાં સમય ગુમાવે છે અને વધુ સંસ્કારી માણસ યજ્ઞયાગ કરી સ્વર્ગાદિ ફળપ્રાપ્તીની ઇચ્છા કરે છે. પણ આવા ફળની આંશાથી કરેલા કર્મો ફોગટ છે. આ તો અસતનો ફેરો કહેવાય. કારણ સ્વર્ગસુખ મળે તો પણ જન્મ-મરણના ફેરા ટળતા નથી. જેના લીધે બધા વ્યવહારમાં કુશળતા મળે અને ભવબંધના પાશમાંથી મુક્ત થઇ જન્મ-મરણના ફેરા ટળે તે પરબ્રહ્મ પરમાત્મા એટલે 'સત'ની શોધમાં કોઇનું ચિત્ત ચોટતું નથી. હજારો કે લાખોમાંથી એકાદોજ આ માર્ગને અપનાવે છે. સદ્‌ગુરૂ ઇમામશહા મહારાજ કહે છે—

ઝવેરી હોય તો પારખે, અને હિરા ચૌટે બાજાર ।
મુંનિવર હોવે તો પારખે, ગિનાનની સુરતી લગાયરે ॥

જેમ ખરા હિરાને પારખનાર ઝવેરી જુજ હોય છે તેમ સાચો મુનિવર તેજ જ્ઞાનરૂપી કસોટીથી પરમેશ્વરને જાણી શકે છે. અન્યથા

મોહમાં ફસાયેલા બીજા લોકો તેને ઓળખી શકતા નથી. પુત્રાદિ ઉપર જેમની આત્મબુદ્ધિ હોય છે તે પામર છે. જે પામર તેમનું સુખદુઃખ તેજ પોતાનું માને છે તે તો અલ્પક્ષ અને મૂઢ કહેવાય. આ નાશવંત શરીરનો અભિમાની માણસ નિર્જળ ભૂમિમાં પાણીની આશા સેવતા મૃગ જેવો છે. વ્રત નિયમોથી શરીરને સજા કરવાથી અમૃત મળશે પણ વિષયસેવનથી તેનું પોષણ કરવાથી કેવળ ઝેર જ મળવાનું છે. જે માણસને સતની પૂર્ણ પુરૂષોત્તમની પ્રાપ્તિ કરી લેવાની છે. તેણે બીજા કોઇની ઉપાસના કરવી નહી. જેને શેરડી જોઇએ છે તેણે બાવળ કે બોરડીનું સેવન કરવું નિરર્થક છે સતની પ્રાપ્તી માટે અહંકારનો ત્યાગ કરી વૈરાગ્ય ધારણ કરી સંયમથી ચિત્તવૃત્તીનો નિરોધ કરી પ્રેમી થવું જોઇએ. સદગુરૂ ઇમામશહા મહારાજ કહે છે--

પ્રીત પી હુ સું જે કરે, એક પલના પડે ભૂલ ।
કનક કસોટી જે સહે, તે પામે મોલ અમૂલ ।।
પ્રીત લાગી કેમ જાણીએ, જેણે પાચે તત્વ કિધા વશ ।
કામ ક્રોધ જેણે વશ કર્યા, તેના તન ચડિયા કશ ।।

પ્રેમભક્તિ સૌથી શ્રેષ્ઠ છે. પ્રેમસિવાય ભકિત ન થઈ શકે. જરાપણ ભૂલ કર્યા વગર ઇશ્વરની જે પ્રેમ ભાવે ભકિત કરે છે તે સુવર્ણની જેમ કસોટીએ ઉતરે છે. કામ, ક્રોધ અને લોભ એ ત્રણને જીતનાર બાકીના ત્રણ સહેલાઇથી જીતી શકે છે. ઇમામશહા કહે છે—

"જીહ્યા ઇંદ્રિય જે વચે, તે ઉતરી ગયા પાર ।।"
"કામ ક્રોધે જે નર ભુલીયા, તેનો વ્હેલ ગયો અવતાર રે ।।"
"લોભ સવારથેજીવ બુડીયો, અને ગફલત બુડો ગેમાર ।।"

કામ, ક્રોધ, લોભ વિગેરે વિકારોના કારણે જે જીવ ઇશ્વરભકિતથી વંચિત રહ્યો તેનો જન્મ નિષ્ફળ કહેવાય. એવા લોકો પૃથ્વી ઉપર ભાર રૂપે પશુ સમાન છે. માત્ર મનુષ્યરૂપે તે ફરે છે એટલુંજ. ભગવદ્-ગીતામાં કહ્યું છે—

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामःक्रोध स्तथा लोभस्तस्मादेतत्रयं त्यजेत् ।।

भ. गी. १६-२१

કામ, ક્રોધ અને લોભ એ ત્રણુ નરકના દ્વાર પોતાનો નાશ કરનારા છે. માટે એ ત્રણેનો ત્યાગ કરવો. જે કામ ક્રોધાદિષડ્રિપૂને જીતે છે તેને પંચતત્વો વશ થાય છે. અને એવાજ માણસને સત્‌નું દર્શન થાય છે. એના માટે પ્રેમભકિતની અત્યંત જરૂર છે. ઈમામશહા મહારાજ કહે છે—

પ્રેમભકિત હિરદે વસે અંતર નેહ લગાય ।
શ્વાસ ઉસ્વાસે આેરાધીએ તો કાને શ્રુત ન જીય ।।

પ્રેમભકિત જેના હૃદયમાં વસેલી છે તેણે કઇ મોટી બુમો પાડી જાહેર કરવાની હોતી નથી. પણ ગુરૂ તરફથી મળેલા મંત્રનુ સ્મરણ પ્રત્યેક શ્વાસોશ્વાસની સાથે મનમાં કરતા રહેવું. આનેજ 'અજંપા જાપ' કહે છે અને તેના લીધેજ ઇશ્વરના દર્શન થાય છે સદ્‌ગુરૂ ઈમામશહા કહે છે—

नाभी कमससे नेह लगावो, सुरत नुरत मजबूत ।
श्वास उश्वासे सबदकु पकडो, मिटे जनमकी भूल ।।

આ પ્રમાણે ગુરૂપાસેથી મળેલા મંત્રનો અજંપા જાપ પ્રેમભકિતથી કરવામાં આવે તોજ જન્મમરણનો ફેરો ટળી તેને પરમાત્માની સત્‌ની પ્રાપ્તિ થશે.

જેમ બાવળનું સેવન કરનારને ખાંડ મળતી નથી તેમ કામ વિગેરેનું સેવન કરનારને 'સત્'ની પ્રાપ્તી થતી નથી ઈશ્વર સાથે તદ્રુપ થવાથી જે આનંદ મળે છે તે વર્ણવી શકાતો નથી કે દેખાડી શકાતો નથી. તે અનુપમ હોઈ જે જાણે તેજ ભોગવી શકે. સદ્‌ગુરૂ કહે છે—

યુગમાં મીઠા પ્રેમરસ, જો કોઇ દેખે ચાખરે ।
સ્વામી જો વાએ સિરલગી, તો હઈડા દેવે સાખરે ॥

પ્રેમરસ અમૃત સમાન છે. જે ચાખે તેજ તે જાણી શકે. બીજાને તે કહી શકાતો નથી; તેમ ઇશ્વર પ્રત્યેનો પ્રેમ માત્ર ભકતજ જાણી શકે. બીજાને કહેવાથી તે સમજી શકશે નહી. ઇમામશહા મહારાજ કહે છે—

મહાપદ કેરી વાટ કોઈ એક જાણેરે ।
જેણે મલીયા સત્‌ગુરૂ સાર તપસ્યા મેલીરે ॥

ઇશ્વર પ્રાપ્તી માટે નામસ્મરણ, કીર્તન, દર્શન, પ્રેમ અને તેની સાથે એકતા ન થઈ જવું એજ સાચુ સાધન અને સાર છે. આ પ્રમાણે એકરૂપ થવા માટે શાસ્ત્રમાં દાખલો આપે છે કે—

सति सक्तो लरो याति सद्भाव ह्येकनिष्ठया ।
कीटको भ्रमरींध्यायन्भ्रमरत्वाय कल्पते ॥

વિવેક ચુડામણી

સત્‌માં આસકત થયેલો એટલે એકનિષ્ઠાથી સત્‌ના ચિંતનમાં લાગી રહેલો પુરૂષ તેને પામે છે. જેમ ભ્રમરીનું ધ્યાન કરનાર કીટક ભ્રમરીરૂપ બને છે તેમ સદ્‌ગુરૂ ઇમામશહા કહે છે—

ઈળ ભ્રમરી પકંતરો, લઇ મંદરમાં જાય ।
ભ્રમરી ચટકો ઇળખમે, તો આપસમાના થાય ॥

જે રીતે ભ્રમરી કીટકને પોતાની કોટડીમાં રાખે છે અને જ્યારે જ્યારે ત્યાં આવે છે ત્યારે ત્યારે તેને ડંખ મારે છે. તેથી તે ભ્રમરીનું સતત ધ્યાન કરે છે. એ નિરંતર ધ્યાનથી આખરે એ કીટક ભ્રમરીરૂપ થઇ જાય છે તે પ્રમાણે મનુષ્ય જ્યોતિસ્વરૂપનું ધ્યાન ચિંતન કરશે અને વાસનાઓનો ત્યાગ કરી અંતઃકરણ શુદ્ધ બનાવશે, ત્યારે તે પણ નિર્વિકલ્પ, અક્ષય બ્રહ્મમાં પ્રવેશ કરી શકશે તે આનંદ નિવાસી થાય છે.

આસ્થિતી પ્રાપ્ત થાય ત્યારે વેરભાવ રહેતો નથી. પૂજ્ય પૂજક–ભાવ શમે છે. અને પરમપદને પામે છે.

ઉપર વર્ણવેલી 'સત્' પૂજા–પરબ્રહ્મપૂજા–જ્યોતિસ્વરૂપની પૂજા સત્ પંથમાં શ્રેષ્ઠ માનવામાં આવેલી હોઈ સદ્ગુરૂ ઇમામશહા મહારાજે તે પ્રત્યક્ષ કૃતિમાં ઉતારી છે. પણ એ કરતાય શ્રેષ્ઠ પૂજા એટલે 'આત્માપૂજા'. આ પૂજા માટે પ્રથમ જીવને આત્મજ્ઞાન થવું જોઇએ. ગુરૂવચન ઉપર દ્રઢશ્રદ્ધા રાખી તેમણે કહેલા તત્વનું પાલન કરી આત્મચિંતન કરવાથી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. પરમાત્માનું એટલે આપણું આત્મસ્વરૂપ પોતાના હૃદયમાં છે એમ જાણી તે પ્રાપ્ત કરી લેવું અને તેનાથીજ ઇશ્વરની સાચી ભક્તિ થાય છે. ગીતામાં કહ્યું છે કે–

समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।

સર્વ ભૂતમાત્રને ઠેકાણે જેની બુદ્ધિ સમ થઈ છે એવા સમદર્શી ભક્તને મારી પરાકોટીની ભક્તિ પ્રાપ્ત થાય છે. સર્વત્ર સમબુદ્ધિ થવી એજ મોક્ષનું સાધન છે. સૃષ્ટીની ઉત્પત્તિ ઇશ્વરથી થયેલી હોઇ દરેક પ્રાણીમાં પરમેશ્વર વ્યાપી રહેલો છે એવી બુદ્ધિ થવી જોઇએ. આત્મા એ પરમાત્માનો અંશ છે. ઇમામશહા કહે છે કે

આત્મારામ તમે અવિગત સેવો, સર્વહી ભૂત નિવાસી હો ।
ગીતામાં પણ કહ્યું છે કે–

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।

સર્વ ભૂતમાત્રમાં ઇશ્વરનું અધિષ્ઠાન એક સરખું છે. ભૂતમાત્રનો મૃત્યુ કે પ્રલયથી નાશ થાય છે તો પણ તેમની અંદર રહેલા આત્મતત્વનો નાશ થતો નથી આ જ્ઞાન જેને મળ્યું તેને સાચી દૃષ્ટી મળી એમ સમજવું અને ત્યારેજ એને મુક્તિ મળી શકે. આપણામાં છે તેજ ઇશતત્વ દરેકમાં છે એ જ્ઞાન થવાથી માણસ કોઈની પણ કાયા કે માનસિક કે વાચિક હિંસા કરતો નથી. આપણું દુ:ખ તેજ બીજાનું દુ:ખ

એટલી એકતા તેનામાં આવવાથી તે સમત્વયોગી કોઇની હિંસા કરતો નથી અને કોઈ પણ રીતે બીજાને દુઃખ આપતો નથી. આવી સમત્વ બુદ્ધિ ધરાવનારને મુક્તિ નજીક હોય છે. ઇમામશહા કહે છે–

લખચોર્યાંશી જે ચારે રેખાણ, એક સ્વરૂપથી સર્વે જાણ ॥
કારજ કારણરૂપ ઉપસિયું, કારજમાહીં તે કારણ વસીયું ॥
કનક કુંડલ જલ લહેરી જેમ, બ્રહ્મામાહી બ્રહ્માંડ જ તેમ ॥
તંતૂ વિનારે પટના હોયે, પટમાંહે તે તંતૂ સમાયે ॥
તેમ સર્વે ઉતપત જગદીશ, સર્વે ઘટમાહી એક જ ઇશ ॥

મારો, મારા પડોશીનો કે બીજા કોઇનો દેહ ભિન્ન હોવા છતાં તેમાં વાસ કરનારો આત્મા એકજ છે. સૂર્યના કિરણો જુદે જુદે ઠેકાણે પડે છતા તે સૂર્ય તો એક જ છે. જુદા જુદા અલંકાર હોવા છતાં તેમાં રહેલું સોનું એક જ છે તે પ્રમાણે કાર્યકારણ, જલલહરો, વસ્ત્રતંતુ અને પિંડ બ્રહ્માંડનો સંબંધ જાણવો. દેહમાં વસેલો આત્મા એક જ પરબ્રહ્મનો અંશ છે અને એક જ પરબ્રહ્મથી આ આખા જગતનો વિસ્તાર થયો છે. જુદા જુદા શરીરોમાં ઉપાધી ભેદથી જુદો દેખાતો આત્મા મૂળમાં એક જ છે અને પ્રાણી માત્ર એક જ ઇશ્વરના અવયવો છે એમ જાણી તમામ પ્રત્યે આત્મભાવ રાખવો એજ સાચું આત્મ જ્ઞાન છે.

આત્મા એ પરબ્રહ્મનો અંશ હોવાથી તેને દેહની સાથે જન્મ મૃત્યુ નથી તે અનાદિ છે. પરમાત્માનું ગુણવર્ણન નહી હોવાથી આત્માનું પણ કરી શકાતું નથી. તે નિર્ગુણ નિત્ય અને શાશ્વત છે તેને ઉત્પત્તિ સ્થિતીલય વિગેરે ષડ્વિકાર નથી. તે પરમાત્મા સ્વરૂપ છે. ઇમામશહા કહે છે ––

" આત્મા પૂજ્યા તેણે સારા પૂજ્યા । "
" પુંજસો તો પામસો સંસારમધ્યે સોયજી ॥
પ્રગટ આત્મા સ્વામી મારા પુંજના ફલ જોયજી ॥ "

સર્વભૂતો પ્રત્યે સમભાવ રાખી એ તમામની સાથે આત્મૌપમ્ય બુદ્ધિથી વર્તવું એજ આત્મપૂજા, ઇશ્વરની પરાભક્તિ અને મોક્ષ-પ્રાપ્તિનું પ્રમુખ સાધન છે.

બીજી મહત્વની વાત એટલે 'યુગધર્મ' દરેક યુગમાં સત્‌ધર્મનો જે આચાર છે તે ગીતામાં કહ્યા પ્રમાણે યુગે યુગે જુદો જુદો હોય છે આજ યુગધર્મ કહેવાય છે. એમાં સામાન્યતઃ કર્મ, ઉપાસના અને ભક્તિનો સમાવેશ થાય છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે ––

कृतं त्रेता द्वापारं च कलिरित्येषु केशवः ।
नाना वर्णाभिधाकारो नानैव विधिनेज्यते ॥
भागवत स्कं. ११ अ. ५ श्लोक. २०

તેમજ પરાશર સંહિતામાં કહ્યું છે કે–

अन्ये कृतयुगे धर्मस्त्रेतायां द्वापरे परे ।
अन्ये कलयुगे नृणां युगरूपानुसारतः ॥२१

કૃત, ત્રેતા, દ્વાપાર અને કલિયુગમાં ધર્મનું સ્વરૂપ જે તે યુગ-ધર્મ પ્રમાણે જુદુ જુદુ હોય છે. આ ઉક્તિમુજબ સદ્ગુરૂ ઈમામશાહે ચતુર્યુગનો જે યુગધર્મ બતાવ્યો છે તે ટૂંકમાં નીચે પ્રમાણે છે.

કૃતયુગમાં ઋગ્વેદ પ્રધાન હોવાથી તમામ ધર્માચાર ઋગ્વેદ મુજબ થતા ઋગ્વેદનો વર્ણ લાલ છે તે વખતે ઉત્તર દીશા મહત્વની માનવામાં આવતી હતી તેથી લોકો ઉત્તર તરફ મોઢું રાખી ઋગ્વેદી ગાયત્રી મંત્રનો જાપ કરતા. કૃત યુગમાં સદગુરૂ બ્રહ્મદેવ સૃષ્ટીગુરૂ હતા અને ભક્ત પ્રલ્હાદ હતો. સુવર્ણનો પાટ એટલે કે સિંહાસન સ્થાપન કરી તેના ઉપર સુવર્ણકલશ મુકવામાં આવતો અને ઋગ્વેદી મંત્રમુજબ ઘટપાટ પૂજા અને યજ્ઞવિધિ કરતા. સતપંથમાં આ ઘટપાટ પૂજા વિધીનો ખાસ કરીને સમાવેશ છે. કારણ ઘટને ઠેકાણે બધી દેવતાઓનો વાસ છે. કલશ સ્થાપનાના મંત્રમાં કહ્યું છે કે–

कलशस्य मुखे विष्णुः कण्ठे रूद्रः समाश्रितः ।
मूले तत्र स्थितो ब्रह्मा मध्ये मातृगणः स्मृताः ॥
कुक्षौ तु सागराः सर्वे सप्तद्वीपा वसुंधरा ।
ऋग्वेदोऽथ यजुर्वेदः सामवेदो ह्यथर्वणः ॥
अंगैश्च सहिताः सर्वे कलशं तु समाश्रिताः ।
अत्र गायत्री सावित्री शांतिपुष्टिकरीं तथा ॥
आयान्तु देव पूजार्थं दुरितक्षयकारकाः ।
गंगे च यमुने चैव गोदावरि सरस्वति ॥
नर्मदे सिंधु कावेरि जलेऽस्मिन्सन्निधिं कुरू ।
वरुणाय नमः सर्वोपचारार्थे गंधाक्षतपुष्पं समर्पयामि ॥

અર્થ—કલશના મુખસ્થાને વિષ્ણુ, કંઠસ્થાને શિવ, મૂલસ્થાને બ્રહ્મદેવ છે. મધ્યભાગે માતૃગણુ રહેલા છે. તેમની કુખમાં એટલે અંદર સપ્તસમુદ્ર સપ્તદ્વિપોસહ પૃથ્વી, ઋગ્વેદ, યજુર્વેદ સામવેદ, અથર્વવેદ પોતપોતાના અંગોસહ રહેલા છે. અહીં શાંતિ અને પુષ્ટિદાયક ગાયત્રી સાવિત્રી તે પાપનાશક દેવતા પૂજા માટે આવે. ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતિ, નર્મદા, સિંધુ કાવેરી આ જળમાં આવી સ્થિત રહે. વરૂણને નમસ્કાર હો. ગંધાક્ષતા સુગંધી ફૂલો એમને અર્પણ કરૂં છું એમ કહી ફૂલો કલશને ચડાવવા. અંદરનું જળ તુળસીપત્રથી અથવા આચમનીથી પૂજા સાહિત્ય ઉપર છાટવું. આ પ્રમાણે કલશપૂજા એટલે વરૂણપૂજાની સ્થાપના કરી લોકો જ્યોતિ સ્વરૂપનું ધ્યાન કરતા અને તે વખતે મહત્વ પામેલા નૃસિંહ અવતારનું નામસ્મરણ કરતા. તે વખતે શરીરમાં વાયુતત્વનો ભાગ વધુ પ્રમાણમાં હોવાથી લોકો મૃતદેહને જંગલમાં છોડી દેતા તેથી એ વાયુતત્વમય દેહ વાયૂમાં વિલીન થતો. એ શરીરને જરાપણુ દુર્ગંધી આવતી નહી. આ રીતના અંતેષ્ટિ સંસ્કારને વનદાગ કહે છે. આ રીતનો યુગધર્મ કૃતયુગમાં પાળવામાં આવતો.

ત્યારબાદ ત્રેતાયુગમાં મહર્ષિ વસિષ્ઠ એ સદગુરૂ યુગગુરૂ હતા તેમણે બતાવેલો યુગધર્મ ટૂંકમાં આપ્રમાણે છે– યજુર્વેદ પ્રમાણભૂત અને પૂર્વ દિશા મહત્વની છે તેથી પૂર્વદિશા તરફ મ્હોં રાખી લોક યજુર્વેદી ગાયત્રી મંત્રનો જાપ કરતા. ચાંદીના સિંહાસન ઉપર ચાંદીના કલશની સ્થાપના કરતા. યજુર્વેદી મંત્ર પ્રમાણે જાપ કરતા. તે વખતે રામાવતાર પ્રમુખ હોવાથી શ્રીરામનું નામસ્મરણ થતુ. મહર્ષિ વસિષ્ઠ યુગગુરૂ અને ભક્ત રાજા હરિશ્ચન્દ્ર હતો. રવિવારના દિવસે ચૌદસ હોય તો અનંત ચતુર્દશીનું વ્રત મહત્વનું માનવમાં આવતું. ત્રેતાયુગમાં શરીરમાં જલતત્વ વધારે હોવાથી મૃતદેહનું પાણીમાં વિસર્જન કરતા તેથી દેહ પાણીમાં વિલીન થતો. આ અંતેષ્ટિ વિધીને જલદાગ કહેતા ત્રેતાયુગમાં આવો યુગધર્મ આચરણમાં હતા.

પછી દ્વાપારયુગમાં વેદમૂર્તિ વ્યાસ એ યુગગુરૂ હતા. તેમણે દ્વાપારયુગનો જે યુગધર્મ બતાવ્યો તે આ પ્રમાણે હતો–સામવેદને દક્ષિણ દિશા મહત્વની હોવાથી દક્ષિણ તરફ મ્હોં રાખી લોક સામવેદી ગાયત્રી મંત્રનો જાપ કરતા. તાંબાના સિંહાસન ઉપર તાંબાનો કળશ સ્થાપી સામવેદી મંત્ર મુજબ ઘટપાટ પૂજાવિધિથી જ્યોતિસ્વરૂપ ધ્યાન કરી કૃષ્ણ અવતારનું નામસ્મરણ કરતા. સદ્દગુરૂ વ્યાસ એ યુગગુરૂ અને પાંડવ એ ભક્ત હતા. સોમવતી અમાવસ્યાના વ્રતનું પાલન કરવું શ્રેષ્ઠ મનાતું. શરીરમાં અગ્નિતત્વ વધારે હોવાથી મૃતદેહને ચંદનના લાકડાથી અગ્નિદાહ કરતા. બળતી વખતે એ દેહને દુર્ગંધી રહેતી નથી. આ અંતેષ્ટિ વિધિને 'અગ્નિદાગ' કહે છે. આમ દ્વાપારયુગનો યુગધર્મ હતો.

કૃતયુગમાં બ્રહ્મદેવે જે યુગધર્મ કહ્યો તેમાં પરિસ્થિતી મુજબ થોડો ફેરફાર કરી યુગગુરૂ વસિષ્ઠે ત્રેતાયુગનો ધર્મ કહ્યો અને ત્યાર પછી તેમાં પણ સમય મુજબ ફેરફાર કરી દ્વાપારયુગમાં વેદમૂર્તિ વ્યાસજીએ કહ્યો અને તેમાં પરિસ્થિતીનુસાર ફેરફાર કરી કલીયુગમાં સદગુરૂ ઈમામશાહાએ યુગધર્મ કહ્યો તે નીચે પ્રમાણે ––

કલીયુગમાં અથર્વવેદ, પ્રમાણભૂત માન્યો છે જે સર્વવેદોમાં શ્રેષ્ઠ છે. મહાભારતમાં લખ્યું છે કે —

नेत्राभ्यां जनयद् देवो ऋग्वेदं यजुषासह ॥
सामवेदं च जिह्वाग्रादथर्वाणं च मूर्धतः ॥४७॥
अथर्वणस्तु यो योगः शीर्ष यज्ञस्य ततस्मृतम् ॥५०॥
ग्रीवाबाव्हंतरं चैव ऋग्भागः स भवेत् ततः ॥
हृदयं चैव पार्श्वंच सामभागस्तु निर्मितः ॥५१॥
बस्तिशीर्वं कटीदेशं जङ्घोरूचरणैः सह ॥
एवमेष यजुर्भागः संघातो यज्ञकल्पितः ॥
पुरुषो दिव्यरुपाभः सम्भूतो ह्यमरात् पदात् ॥५२॥

—महाभारत, भविष्य पर्व, सप्तदशोऽध्याय

અર્થ : તે પરમ પ્રકાશિત દેવતાએ પોતાના નેત્રમાંથી ઋગ્વેદ અને યજુર્વેદ નિર્માણ કર્યા. જીભના અગ્રભાગેથી સામવેદને લલાટમાંથી અથર્વવેદને પ્રગટ કર્યા. અથર્વવેદનો યોગ તે યજ્ઞપુરુષનું મસ્તક છે. એટલે તે યોગ શ્રેષ્ટ અને મહત્વનો છે. ઋગ્વેદનો ભાગ તેનું ગળું અને ભુજા વચ્ચેનું અંગ છે. સામવેદથી યજ્ઞપુરૂષનું હૃદય અને પાછલો ભાગ નિર્માણ થયેલ છે. આ પછી બાકી રહેલો ભાગ યજુર્વેદનો છે તે દ્વારા યજ્ઞપુરૂષનું પેટ તે ઉપરનો ભાગ કટિપ્રદેશ, જંઘા અને ચરણ વિગેરે શેષ શરીરની કલ્પના કરવામાં આવી છે. તે દિવ્યરૂપ અને માયા યુક્ત પુરૂષ અમર અવિનાશી તુરીય પદેથી પ્રગટ થયેલ છે.

આથી યજ્ઞપુરૂષનું મસ્તક જેનાથી બન્યું છે, જેમાં વિશિષ્ટ પ્રકારનો ધ્યાનયોગ અને જ્ઞાનયોગ કહેલો છે તે આ અથર્વવેદ છે. અથર્વવેદનો મૂળ અર્થ એવો છે કે अ—थर्वा એટલે નિશ્ચળ. થર્વ એટલે ચંચળતા. જીવાત્માની ઇન્દ્રીયો ચંચળ હોય છે પણ તેનાથી પણ મન

અતિ ચંચળ હોય છે. આ ચંચળ મનને નિશ્ચળ બનાવવાની અને હૃદયમાં આત્માનો શોધ લેવાની વિદ્યા જેમાં કહી છે તેજ અથર્વવેદ. તેને 'બ્રહ્મવેદ' એમ પણ કહે છે. આવો અથર્વવેદ કળીયુગમાં પ્રમાણ-ભૂત માનવામાં આવ્યો છે અને તેથીજ સદ્દગુરૂ ઇમામશહા મહારાજે આ અથર્વવેદથીજ આપણને શ્રેષ્ઠ એવો ઘટપાટ પૂજા વિધી બતાવ્યો છે. આ વિધી કરવામાં જે મંત્ર બોલાય છે તે બધાયમંત્ર અથર્વવેદ ઉપરથીજ ઇમામશહામહારાજે કરેલા છે. પૂજા વિધીના સમયે ઘટ-પાટની સ્થાપના કરી ચોખ્ખા ઘીની ત્રણ જ્યોતિ કરવી. અથર્વવેદમાં કહ્યું છે કે–

सर्वाणि तस्मिन् ज्योतिंषि यानि त्रीणि प्रजापतौ ॥

अ. वे. १०/७/४०

ત્રણ જ્યોતિ પ્રજાપતિને ઠેકાણે છે. આ ત્રણ જ્યોતિ રજ, સત્વ, તમ આ ત્રણ ગુણોના અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ દેવતાના પ્રતિકરૂપે છે. પૂજાના વખતે આ ત્રણ જ્યોતીની ધ્યાનધારણા કરી ગુરૂ પાસેથી મળેલા મંત્રથી શ્વાસોચ્છવાસની સાથે સ્મરણ કરી મનમાં ત્રણે જ્યોતિ એક સાથે જોવી. આ પ્રમાણે એકરૂપ થવાથી સત્વ રજ તમ એ ત્રણ ગુણના બદલે એકજ શુદ્ધ સત્વાંશ ગુણ રહે છે તેજ પ્રણવરૂપે પૂર્ણ પરબ્રહ્મ છે. અને તેનુજ દર્શન થાય છે–સાક્ષાત્કાર થાય છે. તેજ સત તેજ પ્રણવસ્વરૂપ એટલે ૐ એ પૂર્ણ અક્ષર બ્રહ્મથી ઓળખાય છે. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે–

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥

गीता ८/१३

જે ૐ એ એકાક્ષર બ્રહ્મનો હંમેશા ઉચ્ચાર કરે છે અને તેનો અર્થ ધ્યાનમાં લઈ પરબ્રહ્મ પરમેશ્વરનું સ્મરણ કરે છે તે શરીર છોડયા પછી પરમ ગતીને પામે છે. સદ્દગુરૂ ઇમામશહા કહે છે —

સતને સંતો કે ત્રણુ દેવ સમાઇ, તારે ૐકાર સબદે સૃષ્ટી નિપાઇ
આદ ઉનાદે જેણે ૐકાર ભણીયે, અને બ્રહ્મા વિષ્ણુને ગણીયે ।।

તેમજ ઉપનિષદમાં કહ્યું છે કે —

ओमित्येदक्षरमिदँ सर्वं तस्योपव्याख्यानं
भूतं भवद्भविष्यदिति सर्वं मोङ्कार एव/यच्चान्यत्
त्रिकालातीतं तदप्योङ्कार एव ह्येतब्द्रह्म ।।

मांण्डुक्योपनिषद् श्लोक १

ૐ એ આ રીતે એક અક્ષર (અવિનાશી પરમાત્મા) છે. આખું જગત તેનું જ ઉપવ્યાખ્યાન એટલે તેનાજ નિકટ મહિમાનું લક્ષ્ય કરી આવનારૂં છે. ભૂત વર્તમાન અને ભવિષ્ય એ આખુય જગત ૐકાર છે તેમજ ત્રણે કાળથી પર એવું જે તત્વ છે તે પણ ૐકાર છે ૐ એ અક્ષર જ પૂર્ણબ્રહ્મ અવિનાશી પરમાત્મા છે યમરાજ ભગવાન ધર્મ નચિકેતાને બ્રહ્મતત્વની માહિતી આપતા કહે છે —

सर्ववेदा यत्पदमामनन्ति तपाँसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्तेपदँ संग्रहेण
ब्रवीम्योमित्येत् ।।१५।।
एतद्धयेवाक्षरं ब्रह्म एतद्धयेवाक्षरं परम् ।
एतद्धयेवाक्षरं ज्ञात्वा यदिच्छति तस्य तत् ।।१६।।
एतदालम्बनँ श्रेष्ठमेतदालम्बनं परम् ।
एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ।।१७।

कठोपनिषद् द्वि. वल्ली

સંપૂર્ણવેદ જે પરમાત્માનુ હંમેશા વર્ણન કરે છે જે આખાય તપાદિ સાધનોનું પરમ ચરમ લક્ષ્ય છે તેમજ જે પ્રાપ્ત કરવાની ઈચ્છાથી સાધક નિષ્ઠાપૂર્વક બ્રહ્મચર્યનું અનુષ્ઠાન કરે છે તે પુરૂષોત્તમ ભગવંતનું પરમત્વ મે તને સંક્ષેપથી કહ્યું ૐ એજ અક્ષર છે.

આ અવિનાશી પ્રણવ તત્વજ બ્રહ્માનું સગુણ સ્વરૂપ છે. સંપૂર્ણ પ્રાણિમાત્રમાં સભર એવું અક્ષર બ્રહ્મ છે તેમજ તે પ્રણવ તત્વ સ્વયં સમગ્ર બ્રહ્મ પરમપુરૂષ પુરૂષોત્તમનું નિર્વિશેષ સ્વરૂપ છે. બ્રહ્મ અને પરબ્રહ્મ એ બંને નામો ૐ કારજ છે. આ સ્વરૂપની ઉપાસના કરનાર તે અભિષ્ટ સ્વરૂપને પામે છે.

ૐ કારજ પરમાત્માની પ્રાપ્તિ માટે સર્વશ્રેષ્ઠ માર્ગ છે–સર્વશ્રેષ્ઠ સાધન છે. આ પરમ રહસ્ય જાણી શ્રદ્ધા અને પ્રેમથી જે એ પરમતત્વ ઉપર નિર્ભર રહે છે તેને પરમેશ્વરની પ્રાપ્તી ખાત્રીથી થાય છે.

ઈમામશહા મહારાજે પણ કહ્યું છે કે પરમાત્મા પરમશાંત અને અદ્વૈત છે. અને એને જાણનારા બ્રહ્મજ થાય છે. માણસે પોતાનું મન શાંત અને એકાગ્ર કરી પરબ્રહ્મનું એટલેજ જ્યોતિસ્વરૂપનું નિત્ય ધ્યાન ધરવું કે જેથી તેને હજારો સૂર્ય જેવા તેજસ્વી પરમસુખદાયી એવા પરમેશ્વરનું દર્શન થશે. પરમવિશુદ્ધ જ્યોતિમાં તેની આત્મજ્યોત એકરૂપ થઈ માણસ લક્ષચોર્યાશીના ફેરામાંથી મુક્ત થશે.

આપ્રમાણે પરમાત્મા સાથે તદ્રૂપ થવું એ જીવનનું આદ્યકર્તવ્ય છે તેની પૂર્તિ માટે શ્રેષ્ઠ શ્રદ્ધા હોવી જોઇએ સત્યવસ્તુ ઉપરની શ્રદ્ધા શુભ ફળ આપનારી હોય છે. સંસારના નાનામોટા કામોમાં પણ શ્રદ્ધા ઉપર આધાર રાખવો પડે છે, તો પછી પરમાર્થ માર્ગમાં તો શ્રદ્ધા હોવી જરૂરની હોય જ. સદગુરૂએ કહ્યું છે કે તું આ મંત્રનો જાપ કર એટલે તને ઇશ્વરનો સાક્ષાત્કાર થશે. આ ગુરૂવચન એ ઇશ્વરના વચન સમાન માની પૂર્ણ શ્રદ્ધાથી માણસ ગુરૂએ આપેલા મંત્રનો એકનિષ્ઠાથી જાપ કરશે તો તેને ઇશ્વરનો સાક્ષાત્કાર થયા વગર નહી રહે. પણ એના વિરૂદ્ધ વર્તન કરી ગુરૂવચન ઉપર અશ્રદ્ધા અને શંકા રાખશે તો તે માણસ ગમે તેટલા જાપ કરશે તો તેનું કદાપિ કલ્યાણ થશે નહી. અશ્રદ્ધા હમેશા નડતર કરતા હોય છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણે કહ્યુ છે કે संशयात्मा विनश्यति । સંશયી માણસ નાશ પામે છે. વિના-

૬

કારણ શંકા ઉઠાવનાર માણસ કઇપણ નિશ્ચય કરી શકતો નથી અને તેથી તેનો નાશ થાય છે. ઇમામશહા મહારાજ કહે છે કે 'શંકા કરશે તે ડુબશે' તેથી ગુરૂવચનમાં અગર બીજા કોઇ કામમાં શ્રદ્ધા નહી રાખનાર કદાપિ સફળ થતો નથી તેમજ આ લોકમાં કે પરલોકમાં તેની ઉન્નતિ થતી નથી.

ઇશપ્રાપ્તિમાટે સૌ પ્રથમ શ્રદ્ધા હોવી જોઇએ. શ્રદ્ધાથી સત્સંગ અને સત્સંગથી જ્ઞાન મળે છે. જીવસામેનો સંસારરૂપી પડદો દૂર થાય છે ત્યારેજ તેને પરમસ્વરૂપના પ્રત્યક્ષ દર્શન થાય છે. આ પડદો દૂર કરવા માટે જ્ઞાન જોઇએ. જ્ઞાનથી ભક્તિ ઉત્પન્ન થાય છે. અને ભક્તીના લીધે સાક્ષાત્કાર થાય છે. જ્ઞાન થવાથી બ્રહ્મ એજ સત્ય અને બીજુ બધુ મિથ્યા છે, એનું ભાન થાય છે. આ ભક્તીને જ્ઞાનોત્તર ભક્તિ અથવા અન્યોન્ય ભક્તિ કહે છે. જ્ઞાનના લીધે ભક્તિ અને ભક્તીના લીધે જ્ઞાન હોય છે. જ્ઞાનસિવાયની ભક્તિ સુકા લાકડા જેવી અને ભક્તિસિવાયનું જ્ઞાન રસવગરના ફળ જેવું છે. ઇશ્વરપ્રત્યે પરમપ્રેમ હોવો જોઇએ એનુજ નામ ભક્તિ એમ ભક્તીસૂત્રમાં કહ્યું છે. સકામ ભક્તિ કરતા નિષ્કામભક્તિ–જ્ઞાનભક્તિ–અનન્યભક્તિ શ્રેષ્ઠ હોય છે. સર્વ કર્મમાં નામસ્મરણ એજ સૌથી સહેલું કર્મ છે આ નામસ્મરણની સિદ્ધિમાટે ભક્તિ અને જ્ઞાન એ મુખ્ય સાધનો છે તેથી સ્થિર નિષ્ઠાથી અને અનન્ય ભાવથી, સંશય નહી રાખતાં, નામસ્મરણરૂપી તપ આચરવું. ખાતા. પીતા, હરતા, ફરતા, કામકરતા વગેરે દરેક પ્રસંગે પ્રભુના નામને કદાપિ ભુલવું ન જોઇએ. બધી કામના બીક, શરમ કે શંકા ત્યજી નિર્ભયતા અને નિષ્ઠાથી ઇશ્વરના નામનું રટન કરવું. ઇમામશહા મહારાજ કહે છે–

દૂર દેશથી આવ્યો વણઝારો, સામલ સુદ સવદા કિજીએ ।
ઉઠતા બેસતા રાહ ચલતા, નામ સ્વામીજીના લિજીએ ॥

ઇશ્વરના નામનું રટણ અને સ્મરણ નિરંતર કરતા રહેવું. સતત અભ્યાસસિવાય કોઇ પણ વસ્તુ પ્રાપ્ત થઇ શકતી નથી. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે–

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ।।
गीता अ. ६ श्लोक. ३५

હે અર્જુન, આ મન ખરેખર અતિચંચળ અને ઘણા પ્રયત્ન પછી વશ થનારૂં છે. પણ સતત અભ્યાસથી અને વિરકતીથી તે વશ થઈ શકે છે. તેથી સતત અભ્યાસની જરૂર છે. સદગુરૂ ઇમામશહા કહે છે–

હરદમ જપો અજંપા જાપ । જપતા રહિયે જાપ અજંપા ।
મુંડ કમંડલ કાઇથર કરી રાખો । નાભી કમલથી જગાવો ।।
સતગુરૂ શબ્દના માહે બાજા બજાઈએ । સુરતિ સુહાગ ચડાઇએ ।
મુખવિના ગાઇએ શ્રવણવિના સુણીએ । બીનકર તાલ બજાઈએ ।।
તાલ પખવાજ મૃદંગ બાજે । બિન રસના ગુણ ગાઇએ ॥

ઇશ્વરનું નામસ્મરણ કરવા માટે સન્યાસીની જેમ મુંડન કરી હાથમાં કમંડલ લઈ વનમાં જવું પડતુ નથી. ઘરમાંજ રહી ખરા અંતઃકરણથી અને પુરા ભકિતભાવથી નામસ્મરણ કરવું તે માટે વાજુ વગાડવાની જરૂર નથી. મુખે ગાવાની, કાને સાંભળવાની અથવા મૃદંગ પખવાજ મંજીરા વગેરે વગાડવાની બીલકુલ જરૂર નથી. સદગુરૂ તરફથી મળેલા જાપનું મનમાં હમેશા સ્મરણ કરતા રહેવું. હરિનામ મંગલનું મંગલ, પાવનનું પાવન, કલ્યાણનું નિધાન અને પાપ હરણ કરનારૂ છે એના સ્મરણમાત્રથી સર્વદુઃખ અને પાપના ઢગલા દૂર થાય છે આના ગુણ જેટલા વર્ણવીએ તેટલા થોડા છે. નામસ્મરણ એ ભવ-રોગ દૂર કરવા માટે રામબાણ ઇલાજ છે. પ્રભુના મંગળ નામનું નિરંતર સ્મરણ કરવાથી સર્વકર્મ સહેલાઇથી સાધ્ય થશે. ભવસાગર પાર કરી શકાશે, મુકિત મળશે, સંસાર બંધન તુટશે, પરમાત્માની પ્રાપ્તિ થશે. તેથી આજ સર્વોત્તમ અને સત્ય છે.

ઇશ્વરની ભકિત કરતી વખતે મન સ્થિર રાખવું જોઇએ. કારણ મન એ તમામ બાબતોનું મૂળ છે. વિરકિત નિર્માણ થાય એટલે મોહ એની

મેળેજ દૂર થાય છે. પણ વિરકિત માટે સદગુરૂએ આપેલા ઉપદેશનું સ્મરણ કરતા રહેવું કે જેથી ચિત્તશુદ્ધ થઇ મન શાંત થવા લાગશે. ઇશ્વરની ભકિતમાટે શાંત અને એકાંત વાતાવરણની જરૂર હોય છે આવો શાંતસમય એટલે મધરાત. આ વખતે આખુય જગત નિદ્રામાં પોઢેલુ હોઈ બધેય નિરવ શાંતિ હોય છે અને તેથી માણસનું ચિત્ત શાંત અને સ્થિર રહે છે. તેથી આ સમય વધુ અનુકૂળ હોય છે તેથીજ સદગુરૂ ઇમામશહા મહારાજે ઘટપાટ પૂજા રાત્રીના સમયે કરવાનો નિયમ કર્યો છે. આ પૂજા સનાતન વૈદિક ધર્મવિધી મુજબ કરવામાં આવે છે અને તેના બધા મંત્ર કલિયુગમાં પ્રમુખ અને બ્રહ્મવિદ્યામાં શ્રેષ્ઠ એવા અથર્વવેદ મુજબ બોલવામાં આવે છે.

અખિલ ભારતીય સતપંથી ૫ મું સંમેલન તા. ૨૦–૧૦–૧૯૬૦ ના રોજ થયું ત્યારે પ્રમુખશ્રી પંડિત સાતવળેકરજીએ કહ્યું કે "અથર્વવેદનો મહિમા હિંદુ ધર્મમાં મોટો છે–એમાં બ્રહ્માએ અધ્યક્ષસ્થાને હોઇ એને માનનારો અથર્વવેદી કહેવાય છે. મેં અથર્વવેદનો પૂર્ણ અભ્યાસ કર્યો છે. વિશ્વનું મોટામાં મોટુ શાસ્ત્ર આ વેદ ઉપર આધારેલું છે એ સદ્ભાગ્યની વાત છે. તમારા ગ્રંથકર્તાએ ઘણા દાખલાઓ અથર્વવેદનાજ લીધેલા છે. સતપંથ ઘટપાટ પૂજા વિધીની તમારી એક ચોપડી મેં જોઇ તેમાં શરૂથી આખરસુધી અથર્વવેદનામંત્ર જોયા. તે ઉપરથી આ પંથના તમે બધા અનુયાયીઓ અથર્વવેદી છો. કારણ આ પંથનો સંબંધ અથર્વવેદને અનુસરીને છે. તમારો ગ્રંથ અથર્વવેદના મંત્રોથી ભરેલો છે. એકમંત્રમાં કહ્યું છે કે શબ્દમાં ખૂબ શકિત છે. જે માણસમાં આટલી શબ્દશકિત ગુપ્તરીતે વસે છે તે કેટલાય મહાન કાર્યો કરી શકે છે. તમારો સતપંથી ધર્મ અને સનાતન ધર્મના ગ્રંથો એમજ કહે છે કે માનવમાં દિવ્ય શકિત ગુપ્તપણે વસે છે. તમારા ગ્રંથમાં સૂર્ય, ચન્દ્ર, વાયુ, વરૂણ અને અશ્વિનીકુમાર છે, ઇન્દ્ર છે તેથીજ કહું છું કે માનવમાં મહાનશકિત છુપાયેલી છે. હુ ઇશ્વરનો પુત્ર હોઈ ગમે તે કામ કરી શકીશ એવી આત્મશ્રદ્ધા અને હિંમત

તમારામાં હશે તો પરમાત્માની દિવ્યશકતીનો અંશ તમારામાં આવ્યા વગર નહી રહે. જેમ સુકા ઘાસ ઉપર અગ્નિની નાની સરખી ચિનગારી પડે તો પણ મોટો દાવાનલ પ્રગટ થાય છે તેમ મંત્રશકિત એ પણ અગ્નિના સ્ફૂલિંગ જેવી છે.”

આપ્રમાણે અથર્વવેદના મંત્રમાં એક મહાન દિવ્ય શકિત છે અને ઘટપૂજા વિધી અથર્વવેદના મંત્રથીજ થાય છે તેથી દિવ્યશકતી ભરેલા મંત્રથી પૂજાના સ્થળે આદ્યવિષ્ણુ નારાયણ, મહાલક્ષ્મી, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈન્દ્ર, રૂદ્ર, સૂર્ય, ચન્દ્ર, વાયુ, વરૂણ, અશ્વિનીકુમાર, પ્રજાપતિ, યમ, અગ્નિ, અન્નપૂર્ણાદેવી, સપ્તર્ષિગણ, એકાદશરૂદ્ર, બાર આદિત્યો, આઠ વસૂ, મરૂદ્‌ગણ, યક્ષ, ગણેશ, ગણ, ગંધર્વ, સરસ્વતી, સીતા, કુંતા, દ્રૌપદી, તારા, કનકાશકિત, તુળજાદેવી, રૂક્મિણી, યક્ષગણ, મેઘગણ, કિન્નર, ૩૩ કરોડ દેવ, ભકત રૂખમાંગદ અંબરીષ, ધ્રુવ, પ્રલ્હાદ, કમલાપતિ, હરિશ્ચન્દ્ર, પાંચ પાંડવો, હનુમાન, મત્સ્ય, કૂર્મ, વરાહાદિ દશઅવતાર, નવગ્રહ, બાર રાશી, બારમેઘ, અષ્ઠકુળ પર્વત નવકૂળ નાગ, નવલાખ તારા, બધી નદીઓ, સપ્તસાગર, સપ્ત પાતાળ; ૨૧ સ્વર્ગ, સપ્તદ્વિપ, નવખંડમંડિત, પૃથ્વીદેવી, સાતવાર, સત્તાવીશ નક્ષત્રો, બાર કરણ, પંદર તીથી, અઢાર વનસ્પતિ, દસ દિક્‌પાલ, નવ નાથ, ચૌર્યાશી સિદ્ધ, અડસઠ તીર્થો, વ્યાસ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, માર્કંડેય વિગેરે ઋષિ, મુનિ, મહર્ષિ, દેવર્ષિ નારદ સનકાદિક, દશદિશાના સર્વ દેવતા, અંતરિક્ષના ૧૪ ભૂવનના અને અનંત બ્રહ્માંડના દેવદેવતાઓને આમંત્રથી નમન કરી પૂજાના ઠેકાણે આવાહન કરવામાં આવે છે. એનો ટૂંકસાર નીચે પ્રમાણે છે–

“આદ્ય નારાયણે સર્જી મુરત ચાર, ચતુર્વેદને ૐ કાર ૐ કારથી સરજ્યા સત્પંથ, ધરી અવતારને બાંધ્યા બંધ, સ્વામી! અથર્વવેદને ચોક સિંહાસને આવો, ઘટમાં આવીને વાસકરો, પાટની પુજાએ રહો, કળશમાહે કળા ધરો, ઘટઘટમાં આવી પરવરો, આદ્યબ્રહ્માએ ઘટપાટ સ્થાપ્યા

ચો દિશ ફેરવી દુહાઇ, અનંતરૂપે ચરિત્ર કિધા કર્તામૂરત સોહી, આલોક દેવલોક, ગતગંગા તથા આજ્ઞાંકિત સેવકોના આમંત્રણ સ્વીકારો, કળશ-માહે તમારી કળા ધરો સ્વામી ! તમે નુર સ્વરૂપે (તેજ અમૃત સ્વરૂપે) કુલવાસ, જલ અક્ષતામાહે પરવરો ––

આ પ્રમાણે ઉપરની બધા દેવતાઓને વિનંતી કરી આવાહન કરવામાં આવે છે, અને પુજા ભાગ સ્વીકારવા માટે પુજાના સ્થળે બોલાવવામાં આવે છે. આ રીતે એ તમામ ઘટપાટ પુજાના–યજ્ઞવિધીના સ્થળે આવે છે. પવિત્ર નદીઓ અને તીર્થ સ્થળોનો નિવાસ ત્યાં હોય છે તેથી આને 'ઘટગંગા' અગર 'ગતગંગા' તીર્થ કહે છે. એનો મહિમા અગાધ છે. તમામ પાવન તીર્થો કરતા પરમશ્રેષ્ઠ અને મહાન ફલદાયક આવું આ ગંગાતીર્થ છે. એનો મહિમા અનિર્વચનીય છે કેમ કે વિશ્વની મહાન શકિત અદૃશ્યરૂપે આ ઠેકાણે કેન્દ્રિત થયેલી હોય છે, આ શકિત મહાન કાર્યો કરે છે. સદગુરૂ ઈમામશહા કહે છે ––

હેતે મળોરે ભાઈ મુનિવરો । અને મુખથી સાચી વાણી બોલ ॥
નીતદર્શન કીજે દેવના । દિલથી સુતક પાતક ખોલ ॥
ગુરૂગત ગંગા તીરથ ન્હાઇએ । અને કિજે નિરમલ મન ॥
આ સતપંથ પદારથ તો મળે । જેના પુરણ હોય પુણ્ય ॥
પુરણ પુણ્ય વિના કેમ પામીયે । અને સતપંથ સાચી વાટ ॥
એ પાંચે પદારથ તો મળે । જેના દિલ હોવે પાક ॥

હે મુનિવર ! શ્રેષ્ઠ પુરૂષ, પ્રથમ તૂં બધાની સાથે પ્રેમથી રહે, કોઈની સાથે વેર, અવગણના, દ્વેશ, તિરસ્કાર, અપમાન કે નિંદા નહી કરતા બધાની જોડે પ્રેમનું વર્તન રાખ. હંમેશ સત્ય બોલ, ભૂલેચૂકે પણ ગુસ્સો આવે કે દુઃખ થાય એવું કડવું વચન કદાપિ બોલીશ નહી, પણ સત્ય અને મૃદુ બોલ. ઈશ્વરનું સ્મરણ દર્શન કદી છોડીશ નહી. તે માટે હંમેશા પ્રયત્નશીલ રહે. પોતાનું મન શુદ્ધ રાખી વિષયો પ્રત્યેની આસકિત છોડ. આ પ્રમાણે

પ્રેમ, સત્ય, ઇશસ્મરણ અને દર્શન કરવા માટે નિર્મળગંગા ગુરૂગતગંગા જે ઠેકાણે ભેગી થાય છે. એવા ઘટપાટ પુજા વિધીના પવિત્ર તીર્થક્ષેત્રે જવું. ત્યાં સત્સમાગમમાં સ્નાન કરી, સત્સંગ સાગરના જ્ઞાનરૂપી જળથી હૃદયને મેલ વિગેરે અપવિત્રતા ધોઇ કાઢી શાંત અને પવિત્ર થવું. અજ્ઞાન કે ગફલતથી તારા હાથે કઈ અપરાધ, પાપ કે પ્રમાદ થયેલું હોય તો તે બદલ પશ્ચાતાપ કરી પવિત્રં અને ચોખ્ખા હૃદયથી ગતગંગામાના લોકોને તે પાપ વિગેરે વિદીતકર એટલે તૂ પાપમુકત થઇશ. કારણ ગતગંગા એટલે જ સત્સંગ. કળીયુગણું પાપ ધોવાનું એ એક મહાન સાધન છે એમ વેદમાં કહેલું છે. પુજા સમયે ભેગા થયેલા ગતગંગામાંના સાધકજનોનું ચિત્ત સ્થિર થઇ તે ઠેકાણે કેન્દ્રિત થયેલું હોય છે. તે કેન્દ્રિત ચિત્તશકિતને ઇશ્વરની સહાયતા મેળવી તે શકિત દ્વારા ઉપર બતાવેલું કામ સહેલાઇથી થઈ શકે છે. પણ આ સર્વ બાબતોમાં મૂળમાં આત્યંતિક શ્રદ્ધા, ભકિત, એકાગ્રતા અને પ્રેમભાવ હોવો જોઇએ. ઇશ્વરના સાક્ષાત્કાર માટે આજ મુખ્ય અને સુગમ ઉપાય છે. સંઘશકિત કેન્દ્રિત થવાથી નિરાકારમાંથી સાકારના દર્શન થાય છે. તેથી સાધકોએ ઉપર બતાવ્યા પ્રમાણેનો પ્રયત્ન શુદ્ધ અંતઃકરણથી કરવો. જેનું પુર્વ-જન્મનું પુણ્ય પ્રબળ હોય તેને જ 'સત્'નો આ અમર અક્ષય અવિનાશી માર્ગ મળે છે. પવિત્ર મનવાળા મહાત્માઓને જ ઉપરની બાબતો પ્રાપ્ત થાય છે.

સતપંથ ઘટપાટ પુજામાં નવ પ્રકારની ભકિતનો સમાવેશ થાય છે એ પ્રકાર નીચે પ્રમાણે છે.

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वंदनं दास्यं सख्यमात्मनिवेदनम् ।।

શ્રવણભકિત એટલે કથા કિર્તન પ્રવચન જ્ઞાનોપદેશ, મંત્રોપદેશ વિગેરે સાંભળવા. કિર્તન એટલે પરમેશ્વરના ગુણગાન ભકિતભાવે કરવા સ્મરણ એટલે ઇશ્વરનું નામસ્મરણ કરવું. પાદસેવન એટલે ઈશ્વર અને

સદ્દગુરૂ ચરણે સદા તત્પર રહેવું. અર્ચન એટલે ચંદન, અબીલ, ધૂપ, ફુલ વિગેરે સાહિત્યથી ઈશ્વરનું પૂજન કરવું વંદનભકિત એટલે પુજા વિધીના વખતે દરેક મંત્ર પુરો થયા પછી નમન કરવું દાસ્યભકિત એટલે 'હે ઈશ્વર હું તારો દાસ છું તું મારો સ્વામી છે.' એમ કહી ગુરૂં ગતગંગાની સેવાચાકરી કરવી. સખ્ય એટલે ઇશ્વરની મિત્ર ભાવથી ભકિત કરવી અને આત્મનિવેદન એટલે ઇશ્વરમાં લીન થવું. હું અને તું એ દ્વૈતભાવ છોડી ઈશ્વરમાં લીન થવું. આ પ્રમાણેની નવવિદ્યા ભકિતનો ઘટપાટ પુંજાવિધીમાં સમાવેશ થાય છે.

હવે આપણે કલીયુગનો યુંગધર્મ જોઇએ. કળીયુગમાં અથર્વવેદને મહત્વ છે. પશ્ચિમ દિશા મહત્વની માનેલી હોવાથી એ દિશા તરફ મ્હોં રાખી અથર્વવેદી ગાયત્રી મંત્રનો જાપ કરવો અને ગુરૂ તરફથી મળેલા મંત્રનું પણ સ્મરણ કરવું. અથર્વવેદનો શ્વેત એટલે સફેદ રંગ હોવાથી સફેદ વસ્ત્ર પરિધાન કરવું. આ યુગમાં શરીરમાં મહાભૂતો પૈકી પૃથ્વી એટલે માટીતત્વ વિશેષ પ્રમાણમાં હોવાથી મૃત માણસનો દેહ માટીમાં દાટવો કે જેથી તે માટીમાં વિલીન થશે. કળીયુગમાં પાપનું પ્રમાણ પણ વિશેષ હોઈ પુણ્ય ઓછું હોય છે. તેથી કળીયુગમાં સતધર્મનું પાલન કરનાર પુરૂષ ભાગ્યે જ દેખાય છે સદ્દગુરૂ કહે છે—

કલયુગ કારણ ફંદ રચાસે । તે તો ફંદમાં સૌ કોઈ પડશે ॥

કલિયુગ માટે જ આ ફંદ (જાળ) બનાવેલા છે. મોટા ભાગના લોકો આ માયા જાળમાં પડી ગોથા ખાતા નાશ પામે છે. પરંતુ મુમુક્ષુજનોને સંસાર સાગર તરી મુકિત મેળવવાની તાલાવેલી છે એવા લોકો માટે એટલે સત્ સાધકો માટે આ એક મોટું પર્વ છે. સદ્દગુરૂ મહારાજ કહે છે.

એક કણ નામે સ્વામીજીને દિજીએ । તો ફલંગ સવાલાખ લિજીએ ॥

કલિયુગ સિવાય બીજા યુગોમાં હજારો વર્ષ સુધી તપ કર્યા પછી થોડું ફળ મળતું પણ કલિયુગમાં થોડા સમય માટે ભગવાનનું નામસ્મરણ

કરવામાં આવે તો હજારગણુ ફળ મળે છે. વસ્તુનો એકાદ કણુ પણ દાનમાં આપવામાં આવે તો પણ તેનું સવાલાખગણું ફળ મળે છે. તેથી સત્‌સાધક માટે આ અણમોલ તપ છે.

દરેક યુગમાં જે તે યુગ તિથીનું મહત્વ હોય છે. સત્યયુગમાં અગિયારસ, ત્રેતાયુગમાં ચૌદસ, દ્વાપારયુગમાં અમાસ તેમ હાલ કલીયુગમાં સુદી બીજ એટલે ચન્દ્રદર્શન (ચાન્દ્રયણુ વ્રત) એ મહત્વનું વ્રત માનવામાં આવ્યું છે. વિષ્ણુ ધર્મોત્તર પુરાણુમાં આ વ્રતને એટલે સુદી બીજને બાલેન્દુવ્રત કહ્યું છે. દરેક મહિનાની સુદી બીજના રોજ આ વ્રત કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ફળ મળે છે એમ નારદ પુરાણુ પુર્વ ભાગ, ચતુર્થવાદમાં કહ્યું છે. એ સિવાય થાવર બીજ–અજવાળી બીજના એટલે બુધવારના રોજ અમાવસ્યા હોઇ ગુરૂવારના રોજ પડવો અને શુક્રવારના રોજ બીજ અને તેજ દિવસે ચન્દ્રદર્શન હોય તો તે કલિયુગનું મહાન વ્રત માનવામાં આવે છે કારણુ બુધવારની અમાવસ્યાના દિવસે કલીયુગનું મંડાણુ મંડાયું છે અને શુક્રવારની બીજના દિવસે કલિયુગની શરૂઆત થઇ છે (એટલા માટે જ દરેક ધર્મ કે જાતીમાં શુક્રવાર દેવનો દિવસ મનાય છે.)

આ પ્રમાણે શુક્રવારના રોજ ચંદ્રદર્શનનું વ્રત કળીયુગમાં શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે અને તેનું મહાન ફળ મળે છે. એમ યોગવાસિષ્ઠના ચોથા સર્ગમાં કહ્યું છે. ધર્મસિંધુ પાન ૮૧ ની ૨૧ મી લીટીમાં કહ્યું છે કે યુગતિથીનો અપવાસ કરવાથી વિશેષ ફળ મળે છે. તેમજ કલ્યાણુ માસિક વર્ષ ૨૬ અંક ૧૨ પાન ૧૪૮૩ ઉપર તથા નારદ પુરાણુાંક વર્ષ ૨૮ અંક ૧ પાન ૨૮૦/૨૨૦/૮૭ ઉપર આ કુળ તિથીનું–ચંદ્રદર્શન વ્રતનું વર્ણન કર્યું છે. આ વ્રતનું આચરણુ કરવામાં પડવાના દિવસે ગુરૂવારે તદ્દન નિરાહાર અને નિર્જલ રહેવું. શ્રદ્ધાથી પ્રભુભજન નામસ્મરણુ જાપ, તપ, દાન વિગેરે મંગલ વિધિ કરવા અને રાત્રીના સમયે ઘટપાટ પૂજા કરી સર્વ દેવ-દેવતાઓને મંત્રોચ્ચારથી નમસ્કાર કરી નૈવેદ્ય અર્પણુ કરી તેમનો કૃપા પ્રસાદ ગ્રહણુ કરવો રાત્રે અખંડ ભજન-પૂજન નામસ્મરણાદિ કરવા. પછી બીજે દિવસે પણુ નિરાહાર

૭

અને નિર્જળ રહી ઇશચિંતન કરવું અને પછી રાત્રે પણ આગલા દિવસ પ્રમાણે પૂજા વિધિ કરી કૃપા પ્રસાદ ગ્રહણ કરવો. રાત્રે અખંડ જાગરણ કરી ભજન-પૃજન નામસ્મરણ વિગેરે કરવું અને શનિવારે સવારે યથા-શકિત અતિથીસહ ભોજન કરી વ્રતનું પારણું કરવું.

આ મહાન યુગતિથીના વ્રતના દિવસે ઇન્દ્રિયોનો સંયમ કરી કેવળ ઈશિપુજન અને સ્મરણ કરી કથાકથન અથવા શ્રવણ કરવું. કામ, ક્રોધ, લોભ વિગેરેનો સર્વથા ત્યાગ કરી અસત્ય કે કટુ ભાષણ ન કરવું તેમ કોઇની નિંદા નહી કરવી. ધર્મદ્વેષ કરનારા નાસ્તિક, શાસ્ત્રનિંદક કે ઇશ્વર ઉપર શ્રદ્ધા ન રાખનારા લોકો સાથે તે દિવસે વાત સરખી ન કરવી તે દિવસે જપ, દાન, તપ વિગેરે કરવાથી વિશેષ પ્રકારનું ફળ મળે છે એવું સ્કંદ પુરાણમાં કહ્યું છે —

एताश्चयस्त्रस्तिथरो युगाद्या दत्तं हुतं चाक्षयमासु विद्यात् ।
युगे युगे वर्षशतेन दानं युगादिकाले दिवसेन तत्फलम् ॥

स्कंदपुराणं–माहेश्वरखंड–कुमारिकाखंड ३/३०२

યુગતિથીએ કરેલું દાન અને હવનનું અક્ષય ફળ મળે છે. દરેક યુગમાં સો સો વર્ષ સુધી દાન કરનારને જે ફળ મળે છે તે આ યુગતિથીના એક જ દિવસે કરેલા દાનથી મળે છે. સદગુરૂ ઇમામશાહ મહારાજ કહે છે —

આજ કલજુગમાં અથર્વવેદ અમુલખ હીરા ।
અજવાળી બીજવ્રત ખમીયા કરોને મારા મુનિવરા ॥
એકાદશી ચતુર્દશી અને અમાવશ્યા જાગો ।
વેળ્યા તરૂવર ફળ હોતે તમને કયાંથી હો લાધો ॥

હે મુંનિવર ! શ્રેષ્ઠ માનવ, કલીયુગમાં અથર્વવેદ એ અણમોલ હિરા સમાન છે. તેમાં દર્શાવ્યા મુજબ દરેક અજવાળી બીજના–શુક્રવારના બીજના એટલે થાવર બીજના વ્રતનું પાલન કરવું. યુગધર્મ

મુજબ દરેક યુગની જુદી જુદી યુગતિથી છે તેમ કલીયુગની યુગતિથી એ શુક્રવારની સુદી બીજ ચન્દ્રદર્શન છે. આંબાનો કાલ ગયા પછી આપણે આંબાની આશાથી આંબાવાડીમાં જઇએ તો આંબા કયાંથી મળે ? આંબાની મોસમમાં જઇશું તોજ મળી શકશે તેજ પ્રમાણે યુગતિથી નિકળી ગયા પછી તેનું વ્રત આચરવાથી કશો લાભ નહી થાય. હાલ જે યુગતિથીનું વ્રત છે તે કરવામાં જ મહત્વ છે. તેથી તેનું પાલન દરેક જણે કરવું જોઇએ.

કેટલાંક કાચા બ્રહ્મજ્ઞાની કહે છે કે બ્રહ્મજ્ઞાનીએ જપ, તપ, તીર્થયાત્રા વ્રત, ઉપવાસ, ભજન, પુજન, સંધ્યા, અર્ચન, શ્રાદ્ધ, તર્પણ વિગેરે કઈ પણ ન કરવું એવી શાસ્ત્રાજ્ઞા છે. પણ વેદશાસ્ત્રાદિમાં કહ્યું છે કે જીવાત્માએ માત્ર બ્રહ્મજ્ઞાન શ્રવણ કરવાથી અથવા પઠણ કરવાથી તે બ્રહ્મજ્ઞાની થઈ શકતો નથી. આવા લોકોને શાસ્ત્રમાં 'નકલી જ્ઞાની' અથવા 'જ્ઞાનબંધુ' એવી સંજ્ઞા આપી છે.

સાચો બ્રહ્મજ્ઞાની એટલે જેને બ્રહ્મ જાણવાનું પુરૂજ્ઞાન થયું છે એટલે જે સર્વ પ્રાણી માત્રમાં એકરૂપ જોઇ એ પ્રમાણે દરેક સાથે વર્તે છે. જેની ક્રિયાવસ્થા અને ભાવાવસ્થા એકરૂપ હોય છે તેજ સાચો બ્રહ્મજ્ઞાની સમજવો. જેના મનમાં રાગ દ્વેષાદિ વિકાર કે અહંકાર વિગેરે જરા સરખામણ નથી હોતા—જે જનકરાજા પ્રમાણે વિદેહ મુક્ત છે એટલે સદગુરૂ ઇમામશહાએ કહ્યા પ્રમાણે 'જીવતા મૃતક હોઇને રહીએ' અને —

ભાઇ સતૂપંથે સાચા ચાલસો, તેના જીવ અમરાપુરમાં જાએ ।
અમરાપુર તમો એમ પામસો, જો જીવતા મૃતક થાએ ॥

જે જીવતા છતાં મૃતવત્-જીવન્મુક્ત થાય છે—જેની શુભ કે અશુભ કામનાઓ નાશ પામેલી હોય છે તેને શાસ્ત્રમાં 'નિત્યમુક્ત' એવી સંજ્ઞા છે. એટલે તેને કોઇ મારે કે ત્રાસ આવે તેનો સત્કાર કરે કે અપમાન કરે તેનું કશું જ ભાન તેને હોતું નથી. આવી. સ્થિતીવાળો

માણુસ જ પૂર્ણ બ્રહ્મજ્ઞાની કહેવાય. એવી સ્થિતિ એકાદ વર્ષના નાના બાળક જેવી હોય છે તેથી ઇમામશહા મહારાજે કહ્યું છે – 'બ્રહ્મા બાળક તમે બ્રહ્મ પછાનો' આવા નિત્યમુક્ત બ્રહ્મજ્ઞાનીને કશી બાબતનું જ્ઞાન હોતું નથી તો પછી ભજન, પૂજન, જપ, તપ, વ્રત વિગેરેની જાણ પણ કયાંથી હોય ? તે વિકારરહિત અને ઉપાધી રહિત હોય છે. પરંતુ કેટલાક અપરિપકવ જીવાત્મા આ સમજતા નથી અને અવગુણ છુપાવવા માટે સામાન્યજનોને કહે છે કે બ્રહ્મજ્ઞાનીએ વ્રત, તપ, જાપ વિગેરે કશું કરવાની જરૂર હોતી નથી પણ આ કહેવું ભૂલ છે. કારણ એવું છે કે 'महाजनो येन गतः स पंथाः ।' જ્ઞાની લોકો જે પ્રમાણે આચરણ કરે છે તે મુજબ સામાન્ય લોકો પણ વર્તે છે. તેથી સામાન્ય જનતાને સન્માર્ગે વાળવા લોકજાગૃતિ કરવી એ જ્ઞાની મનુષ્યનું કર્તવ્ય છે. ઇશ્વરી સંદેશ મુજબ જગતકાર્ય લોકસંગ્રહ માટે કર્મો કરવા અને દરેક પ્રાણી માત્રમાં ઈશ્વરી અંશ હોવાથી જ્ઞાનીએ 'સર્વભૂત હિતાર્થ' પ્રયત્ન કરતા રહેવું તેથી બ્રહ્મજ્ઞાનીએ અજ્ઞજનોને ઇશ્વરભક્તિ તરફ વાળવા અને પ્રાપ્ત કર્તવ્યનો ત્યાગ નહી કરતાં નિષ્કામ કરવું. સદગુરૂ ઇમામશહા મહારાજે કહ્યું છે કે —

જપ–તપ–તિરથ–વ્રત–ઉપવાસી, મૂલ ન જાણે સો અંધા હો।
મદમત્સર અહંકાર ન મૂકે, પાખંડ ધંદા હો ॥

દરેકે જપ, તપ, દાન વિગેરે કરવું પણ તે કરતી વખતે તે બદલ અહંભાવ નહી રાખવો. અહંકાર કે અભિમાન એ પરમાર્થ માર્ગમાં મોટો દુશ્મન હોઇ તે માણુસનું પતન કરાવે છે. મદ મત્સર કે અહં-ભાવ નહીં છોડનારના સતકર્મો ફોગટ હોય છે. તેથી સદગુરૂ કહે છે કે તમો વ્રતોપવાસ કરો પણ આ અવગુણો છોડો અને નિષ્કામ કર્મ કરો.

છેલી સંધી છેલી વાતો છેલા ચેહી પીયાણા।
સત કરી જાગસે તેણે મળસે અમર ઠાણા ॥

ત્રણે જુગના ચુટયા વીરા તમે હજુ નહી જાગ્યા ।
ભુલા થઇને તે અંધા સતગુરૂ ગીનાનના ખોજી ॥
કહેત ઇમામશહા મુનિવર જાગતા રહિએ ।
વખડી વેલા વરતી કી વીરા સુઇ ના રહિયે ॥

સદગુરૂ ઇમામશહા મહારાજ કહે છે કે મારા વહાલા ભાઈ આ છેલ્લી જ તક છે, છેલ્લો જ યોગ છે સંજોગોવશત તને આ માનવ જન્મ પૂર્વજન્મોના સુકૃત્યોથી અને ઇશકૃપાથી મળ્યો છે તેથી આ અણમોલ નરદેહનો લાભ ઉઠાવી યથાશક્તિ પરમાર્થ સાધન કર. સદ્વર્તન રાખીશ તો તારૂં કલ્યાણ થશે. આજ સુધી સત્ય, ત્રેતા અને દ્વાપારયુગો વિત્યા તેમાં ઇશ્વરની ભક્તિ કરી નથી તેથી ચોર્યાશી લાખ જીવ યોનીના ફેરા ખાતો ખાતો હાલ ચોથા કળીયુગમાં આ નરદેહ પામ્યો છે તો આ અણમોલ દેહ સંસારિક કામ કાજમાં વેડફી નાંખીશ તો આ અમૃતસમો લાભ ગુમાવી બેસીશ. તારા કેટલા માનવજન્મ થયા તેની તને ખબર નથી તેથી હવે આ છેલ્લો જ નરદેહ છે એમ માની – આજસુધી સદગુરૂ વચન પ્રમાણે વર્ત્યો નહી. ઇશ્વરની ભક્તિ કરી નહી જેથી જ્ઞાન મળ્યું નહી. માટે હવે જાગૃત થા અને પરમાર્થ માર્ગે જવાની શરૂઆત કર. છેલ્લી જ તક માની સત્‌માર્ગનું આચારણ કર.

જો તુ જાગે તો સુખ પામે, સુતા સોહી ગોતારે ॥
ગઈ સો વેળા બહોડ ન આવે, કિસ નિંદ તૂ સુતારે ॥
અતિ નિંદ કછું ભલે પણ નહી, એક હી અરથન સીઝે રે ॥
ઐસા કામ કિજીએ ગહેરા, જીસથી પ્રભુજી રીઝે રે ॥
ત્રણના ત્રુટા ચવથે મળીયા, જો મન લેજો ઓળખી રે ॥
આજના ત્રુટા પ્રળા જાસો, નેટ ના રહેસો ભાઈ રે ॥

હે મનુષ્ય, હવે તું જાગીશ તો સુખ મળશે, સદ્ગતિ મળશે પણ ઊંઘતો રહીશ તો ગોથા ખાઈશ તને એવી કઈ મોહનિદ્રા લાગી છે કે

જે તને ભવસાગરના ગોતા ખવડાવે છે? ઉઠ અને આપણે અને આપણો માલિક જે પરમાત્મા ખુશ થાય એવું કામ કર. તું દુનિયામાં આત્મકલ્યાણુ સાધવા માટે આવ્યો છે તેથી ફરીથી ગર્ભવાસ નહી મળે એવા કર્મો તારે કરવા જોઇએ. ત્રણુ યુગો ફરતો ફરતો તું ચોથા યુગમાં આવ્યો છે તેથી હજુ પણુ તું ભુલ્યો તો તને કાયમ માટે નરકવાસ પ્રાપ્ત થશે ત્યા તને કોઈ મદદ કરશે નહી.

તાહા નહી માતા તાહા પિતા, નહીં ત્યારે બહેન ને ભાઈ।
કિધા કરતવ તેરા આપલહસો, સુકરીત સાથે તેરા ભાઈ ॥

તારા મા-બાપ, ભાઈ-બહેન, છોકરો કે પતિ વિગેરે કોઇપણુ મદદ માટે આવશે નહી. તારા પોતાના કર્મો તારે જ ભોગવવા પડશે. તારા સત્કર્મો જ તને મદદ કરશે. માટે આંધળો બની માયામાં ફસાઇશ નહી અને અણુમોલ જન્મ ફોગટ જવા દઇશ નહી. સદગુરૂ ઇમામશહા કહે છે —

દુનિયા છે દો દનકા પેખના । તેણે દેખી દેખીને મત ભુલોજી ॥
દુનિયાની સંગતમાં જે જીવ ભુલ્યા । તે ફરી ફરી દુનિયામાં આવેજી ॥

દુનિયાના રંગનો તને સંગ લાગશે તો તું ભંગ પામ્યો જ જાણુ કારણુ દુનિયાનું કાળચક્ર ફરનારી ઘંટી જેવું છે. જેમ ઘંટીમાં દાણા દળાઇ લોટ થાય છે તેમ આ જગતનાશની મોટી ઘંટીમાં કેટલાય પ્રાણી ભરડાઇ જાય છે. આ ઘંટીના નિચલા પડ ઉપર ઉપલું પડ જે ખીલાના આધારે ફરે છે તે ખીલાના રૂપે જગતનો આધાર ઇશ્વર પોતે રહેલો છે. આ ઘંટીને ઈશ્વરસમો મજબુત ખુટો છે. તે પકડી જે સ્ત્રી એ ઘંટી ફેરવ્યા કરે છે તે આ દુનિયાનો નાશ કરનાર મૃત્યુદેવતા છે. તે પોતાની બંને બાજુએ રહેલા સંસારરૂપી વાસણુમાં પ્રાણીમાત્રરૂપી દાણા મુઠી મુઠી લઇ ઘંટીમાં નાંખે છે અને આ સંસારરૂપી ઘંટી એક સરખી ફર્યા કરે છે. દરેક દાણો—પ્રાણીઓ તેમાં મૂકાય છે અને નાશ પામે છે આ વિનાશકારી ઘંટીમાંથી બચવું હોય તોએ ઘંટીમાં જ કોઇ

નિર્ભય સ્થાન આપણે ખોળવું જોઇએ. જે દાણા ઘંટીના ખીલાના આશ્રયે રહે છે તે ભરડાતા નથી તેમણે રક્ષણ મળે છે. તેથી આપણને કાળના કરાલ મુખમાંથી બચવું હોય તો આ સંસારરૂપી ઘંટીના પરબ્રહ્મરૂપી અવિનાશી ખીલાનો-પરમેશ્વરનો આશ્રય લેવો. તેની ભક્તિ કરો, તન, મન, ધન તેને અર્પણ કરો અને દરેક રીતે તેના જ થઇને રહો. એ પ્રમાણે કરશો તો તમારા ઉપર પરમેશ્વરની કૃપા થશે અને પછી કાળની બીક રહેશે નહી. શ્રુતિ કહે છે --

आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कदाचन ।

જે પરબ્રહ્મના આનંદમય સ્વરૂપને ઓળખે છે તે કદાપ ડરતો નથી, એજ ખરેખર જીવ્યો કહેવાય અને તેને જ મુક્તિ મળે. તેથી આ અપાર મોહમાયાની જાળમાં નહી ફસાતા સતત જાગૃત રહેવું જોઈએ જે જાગૃત રહેતો નથી અને અભિમાની હોય છે તે સર્વ વ્યાપિ પરમેશ્વરને ઓળખી શકશે નહી. મોહપાશ તોડવા માટે વેદ અને શાસ્ત્રોમાં કહેલા નિયમોનું પાલન કરવું જોઇએ. સદગુરૂ મહારાજ કહે છે-'વેદશાસ્ત્ર કહે તે કરવું રે ભાઇ' વેદશાસ્ત્રનાં નિયમોનું પાલન કરો પણ અંધશ્રદ્ધા રાખતા નહી યોગ્ય અને સત્ય હોય તેવું આચરણ કરો. રોજના વ્યવહારમાં સામાન્યતઃ શી રીતે વર્તવું, અંતર્બાહ્ય શુદ્ધિ થઈ આપણી ઉન્નતિ થાય તે માટે સદગુરૂ ઇમામશહા મહારાજે કેટલાક મહત્વના નિયમો કહ્યા છે તેને 'શિક્ષાપત્રી' અથવા 'શિખામણ' કહે છે. આ નિયમો સતપંથ ભજનાવલી નામના ગ્રંથમાં 'સતપંથના તત્વો નિયમો ક્રિયાઓ' એ મથાળા તળે આપેલા છે. સાધકોએ તે અવશ્ય જોઈ તે પ્રમાણે વર્તવું. જ્ઞાન એ માત્ર શ્રવણ કે મનન માટે નથી પણ પ્રત્યક્ષ આચરવા માટે છે. સદગુરૂ મહારાજ કહે છે --

ભાઈ કરણી બીના કેમ પામીયે, જેની કરણી સીધા ભલા કાજ ।
ભાઇ કસણી અમુલખ તાજણો, અને કસણી ખમી તે ભલી જાત ॥
આજ કસણી ક્રિયા ધરમની, તેણે કલજુગ ન લોપે કોય ।
આગમ સદગુરૂ ભાકિયા, તેણે દર્શન પ્રભુના થાયે ॥

કૃતિ સિવાય કશું કાર્ય થઈ શકે ? શુદ્ધ ક્રિયા વગરનું જ્ઞાન ફોગટ છે. મનુષ્ય વેદશાસ્ત્રમાં ગમે તેટલો સંપન્ન હોય છતાં તે મુજબ તેનું આચરણ ન હોય તો તે મહામૂર્ખ સમજવો જેની કરણી મહાન તેજ મહાન જાણવો. હે મુનિવર ! તારી કરણીથી જ તને શ્રેષ્ઠત્વ મળશે. વેદ અને શાસ્ત્રમાં બતાવેલા નિયમોનું બરાબર પાલન કર તેથી મહાન કાર્ય થઇ માનવ જન્મ સફળ થશે. આવું આચરણ કરવામાં ઘણા કષ્ટ પડે છે છતાં એવા આચરણથી જ મુક્તિ મળે છે. પહેલાના ત્રણ યુગોમાં સદધર્માચરણ માટે જેમણે મહાન કષ્ઠ વેઠી કસોટી સહન કરી તે હિસાબે કળીયુગમાં કસોટી ઘણી જ નાની છે. તેથી તું સદધર્મનું આચરણ શ્રદ્ધાથી સારી રીતે કર. તેથી જ તને પરમેશ્વરના દર્શન થશે. તેને તન, મન, સમર્પણ કરી પરમ ભક્તિથી તેની ઉપાસના કરવી જોઇએ.

ભકિત એવી રે ભાઈ ઓ એવી તરસાને છે પાણી જેવી ॥

તૃષાર્થને પાણીની ઘણી જરૂર હોય છે. પાણી વગર તે તરફડે છે. તેથી તેનું ધ્યાન જેમ પાણી તરફ હોય છે, તેવી રીતે આપણું ધ્યાન પરમેશ્વર તરફ હોવું જોઇએ. એમ થશે તો જ પરમેશ્વરનો સાક્ષાત્કાર થઇ શકશે અને જન્મ-મરણના ફેરા ટળી મોક્ષપદ મળી શકશે.

આ સત્ય માર્ગ સદગુરૂ ઇમામશહા મહારાજે દુનિયાને બતાવ્યો છે. તેના આચરણથી શાંતિ અને મુકિત મળે છે. આપણા ઋષિમુનિ અને પૂર્વજોનો જેનાથી ઉદ્ધાર થઇ તે પરમાત્માપદે પહોંચ્યા, તેજ અનાદિકાળથી ચાલતો આવેલો 'સતપથ' 'સનાતન વૈદિક યુગધર્મ' છે. સદગુરૂ ઇમામશહા મહારાજે કહ્યું છે કે --

આ સંસાર સાગરને વચમાં । અને નાવ ધરી છે દોય રે ॥
તેમાં એક ફૂટીને એક સાજીયા । ભાઇ તારૂં મન માને તાહા જાય રે ॥
તે ઝુટાને નાવ ફૂટી ભાવે । અને ફૂટી નાવ આજ આયે રે ॥
જે સતીને સાચી નાવ ભાવે । ભાઇ તે ફૂટીના દેવે પાય રે ॥
મુનિવર ચેતાવણી.

હે મુનિવર ! આ સંસાર-સાગરમાં બે પ્રકારની નાવડી છે. તેમાની એક નાવડી બહારથી દરેક રીતે ઉત્તમ કળાથી સજાવટ કરેલી છે બહારથી એ સુશોભિત હોઇ મોહ પમાડે તેવી છે. પણ જોતાવેત આકર્ષણ કરનારી આ નાવડી અસત્યની હોઈ અંદરથી તેને છિદ્રો પડેલા છે. તેનો નાવિક સદા બેદરકાર રહે છે. બીજી નાવડી દેખાવમાં તદ્દન સાદી અને બહારથી જોનારને નિસ્તે જ દેખાય છે પણ તેને છિદ્રો નથી. તેથી જગતરૂપી નગરના પ્રવાસી પોતાનો પ્રવાસ પૂરો કરી સંસાર–સાગર તરી જવા માટે બરાબર વિચાર કરી આ બે પૈકી સારી નાવડી પસંદ કરે છે. હે પ્રવાસી ! દુર્ગંધીયુક્ત અને કાદવવાળા સંસારરૂપી ખાબોચિયામાં દેડકાની જેમ જીવવાની ઇચ્છા રાખીશ નહી. સંસાર પરિણામે દુઃખદાયક છે એ અસત્ય નૌકા છે. જેને સત્ય ગમતુ નથી તે આ મોહમયી નૌકાનો આશ્રય લે છે પણ તે ફૂટેલી હોવાથી તેમાં પાણી ભરાઇ તે ડુબે છે. સત્યનો આશ્રય લેનારા માયા મોહમાં લપટાતા નથી. તેથી તે સાદી દેખાતી સત્યની નૌકામાં બેસી પેલે પાર થઇ જાય છે.

અસત્યનો આશરો લેનારા અલ્પમતિ મૂર્ખ અને અજ્ઞાની હોય છે તેમાં બેસનારા પણ તેવાજ હોય છે. તેમના પાપરૂપી બોજાથી નાવડીમાં પાણી ભરાય છે અને કુબુદ્ધિરૂપ વંટોળીયો શરૂ થાય છે અને માયા સાગરમાં અહંતા મમતા કામક્રોધ વિગેરે મોટા મોટા મોજા નિર્માણ થાય છે અને છેવટે નાવડી ડુબે છે અને તેથી નાવિક અને મુસાફરો પણ પોતાના બોજા સાથે ડુબે છે અને ગોથા ખાતા ખાતા જન્મમરણના ફેરામાં પડે છે પણ સત્યનો આશરો લેનારાનો નાવિક સદગુરૂ હોવાથી અને તેના પ્રવાસીઓ અનુભવના મજબૂત આધારને વળગેલા હોવાથી તેઓ અહંભાવ અને સંકલ્પ વિકલ્પરૂપ મુસીબતોનો સામનો કરવા સમર્થ હોય છે. સદગુરૂના ઉપદેશામૃતથી માયામોહથી અલગ રહી મોક્ષ પામે છે. તેમના સારા નરસા કર્મરૂપી પોટલા નિષ્કામ કર્મયોગાચરણથી છુટી જાય છે અને તે નિત્યમુક્તાત્મા

દાસબોધમાં કહ્યા મુજબ 'सद्गुरु भजना परते कांही । मोक्षदायक दुसरें नाही ।। गुरुचें वचन प्रतिपाळण । है मुख्य परमार्थाचे लक्षण ।। सदगुरु वचन हृदयीं धरी । तोचि मोक्षाचा अधिकारी ।।' મોક્ષનો અધિકારી થાય છે.

હે પ્રીય બંધૂઓ ! જે સતી હોય તેજ સદગુરૂ ઈમામશહા મહારાજે બતાવેલી સતની નાવડીમાં બેસશે; અને જ્યાંથી કદિ પાછા ફરવાપણું રહેતું નથી તે પરમધામ પામે છે. આ વેદશાસ્ત્રાંતર્ગત માર્ગ છે. જ્યાં ચક્ષુવાણી કે મનની ગતિ નથી, જે વર્ણવી કે જાણી શકાતું નથી; જે અગમ્ય અગોચર અદ્વૈત અખંડ પ્રેમાનન્દ છે તે સત્ ચિત્ આનંદરૂપ પરમેશ્વરને જાણવાનો સત્માર્ગ–સત્પંથ જેમણે બતાવ્યો છે તે પરમપૂજ્ય બ્રહ્મરૂપ વેદમૂર્તિ સદ્ગુરૂ મહારાજને હું વંદન કરૂં છું.

सर्ववेदान्तसिद्धान्तगोचरं तमगोचरम् ।
गोविन्दं परमानन्दं सद्गुरुं प्रणतोऽस्म्यहम् ।।

સામન્યતઃ જાણી શકાય નહી પરંતુ વેદાન્તમાં સર્વ સિદ્ધાન્તથી જાણી શકાય એવા પરમપૃજ્ય આનન્દમૂર્તિ સદ્ગુરૂને નમસ્કાર છે.

સદ્ગુરૂ ઈમામશહા મહારાજના જીવન ચરિત્રમાં કહ્યા મુજબ તે જ્યાં જ્યાં ગયા તે ઠેકાણેના લોકોને ઉપર પ્રમાણેનો ઉપદેશ તેમણે આપ્યો છે. આ પ્રમાણેનો યુગધર્મ સદ્ગુરૂ ઈમામશહા મહારાજે આપણી બધાની સમક્ષ મુકયો છે. તેમણે કહ્યું છે કે 'માન્યા તે અમરાપૂર ગયા । ન માન્યા તે ફેરામાં રહ્યા ।।' જેમણે આસત્ધર્મને માન્યો અને તે પ્રમાણે આચરણ કર્યું તે જીવ મોક્ષગતિએ જાય છે. પણ જે સત્ય વસ્તુ જાણતા નથી તે અધોગતીએ જાય છે તેથી સત્ સાધકોએ જ્ઞાન યથાર્થપણે લઇ સદગુરૂ ઈમામશહા મહારાજે કરેલ અમુલ્ય જ્ઞાનોપદેશરૂપ રસનો આસ્વાદ વાચનરૂપે લેવો અને તેમના વચન પ્રમાણે વર્તન રાખી આત્મોન્નતિ કરી લેવી એજ એક સદિચ્છા.

ॐ

શ્રી સદ્‌ગુરૂ સમર્થ

* શ્રી ગુરૂ પ્રણામાષ્ટક *

ॐ अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्री गुरवे नमः ॥१॥

अखंडमंडलाकारं व्याप्तं येन चराचरम् ।
तत्पद दर्शितं येन तस्मै श्री गुरवे नमः ॥२॥

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।
गुरुस्साक्षात् परब्रह्म तस्मै श्री गुरवे नमः ॥३॥

सर्वश्रुतिशिरोरत्नविराजितपदाम्बुज ।
वेदान्तपद्मसूर्याय तस्मै श्री गुरवे नमः ॥४॥

चैतन्यं शाश्वतं शान्तं व्योमातीतंनिरञ्जनम् ।
नादबिन्दु कलातीतं तस्मै श्री गुरवे नमः ॥५॥

नित्यशुद्धं निराभासं निराकारं निरञ्जनम् ।
नित्यबोधं चिदानन्दं तस्मै श्री गुरवे नमः ॥६॥

अहंब्रह्मेति विज्ञानं जातं यस्य प्रसादतः ।
दत्तं येनाभयं दानं तस्मै श्री गुरवे नमः ॥७॥

अखंडानंदबोधाय शिष्यसंतापहारिणे ।
सच्चिदानंप रुपाय तस्मै श्री गुरवे नमः ॥८॥

ૐ

શ્રીમત્ સદ્ગુરવે નમઃ

૧. સદ્ગુરૂ મહાત્મ્ય કથન.

ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्ति
द्वन्द्वातीतं गगनसदृशं तत्वमस्यादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं
भावातीतं त्रीगुणरहितं सद्गुरुं त्वां नमामि ॥

પરબ્રહ્મરૂપ, આનંદરૂપ, પરમસુખદાયક કેવળ જ્ઞાનમૂર્તિ સુખ-દુઃખરહિત આકાશપ્રમાણે નિરૂપાધિક તત્વરૂપી મહાવાકયથી ઓળખાતો, એક નિત્ય નાશરહિત મલરહિત, અચળ સ્થિર, સર્વેની બુદ્ધીનો સાક્ષીભૂત, ઉત્પત્તિરહિત, ત્રિગુણાતીત એવા સદ્ગુરૂને હું નમસ્કાર કરૂં છું.

પદવંદન કરૂં ગુરૂદેવના, સકળ ગુણ ચતુરસુજાણ ।
પુરણબ્રહ્મ દ્રસ્ટે કરે, અચળ પુરૂષ પુરાણ ॥
પુજન કરૂં ગુરૂપદનું, જેથી ચૌદે લોક પુંજાય ।
શેષ બ્રહ્મા શક્તિ મળી, ગુણ ગુરૂનાં ગાયે ॥
ક્રિયા હોય જો ગુરૂદેવની, ટળે ચોરાસીના તાપ ।
જન્મ મરણની આપદા છુટે આપો આપ ॥
"गुरु गोविंद दोनो खडे, किसे लागु पाय ।
बलिहारी इस गुरुकी, जिन्हे गोविंद बतलाय ॥"

ગુરૂ અને પરમેશ્વર એ બંન્ને આપણી સમક્ષ સાક્ષાત્ ઉભા હોય ત્યારે પ્રથમ કોની શરણે જવું એવો પ્રશ્ન આપણા મનમાં આવે છે. ઈશ્વરની પ્રત્યક્ષ ઓળખાણ થવી કઠણ છે કારણ તે પરમાત્મતત્વ સર્વ

પ્રાણિમાત્રમાં-તમામ જડ ચૈતન્યમાં સમાયેલું છે. ભગવાનનું સ્વરૂપ બધામાં સરખું જ હોય છે તેથી તે કયા સ્વરૂપે ભક્તને દર્શન આપશે તે સમજવું મુશ્કેલ છે. આવા પ્રસંગે તે અગમ્ય અગોચર ઇશ્વરની ઓળખાણ આપનારનીજ સાધકને અત્યંત જરૂર હોય છે. અને આવી ઓળખાણ કરી અપાવનાર સદગુરૂ સિવાય બીજું કોઇ નથી. તેથી તેમને જ શરણે જવું અને તેથી જ ઇશ્વર કરતા સદ્ગુરૂને વેદશાસ્ત્રમાં શ્રેષ્ઠ માનવામાં આવ્યા છે.

ઇશ્વરની ઓળખાણ કરાવી આપનાર સદ્ગુરૂ હોવાથી તેમના ચરણોની સેવા કરવી જોઇએ. તેમના જ્ઞાન અને ભક્તિભાવથી મન અને શરીર શુદ્ધ અને રોમાંચિત થઈ બધી મુસીબતો દૂર થાય છે. તેમજ ત્રિવિધતાપ અને ભવબંધનો પણ દૂર થાય છે. ગુરૂ એ પારસમણી સમાન છે તેથી સદ્ગુરૂના લીધે જીવાત્માને પૂર્ણ જ્ઞાન થઇ તે મુક્ત થાય છે.

જેને આત્મજ્ઞાન નથી હોતું તેને પોતે શા માટે જન્મ્યો અને ક્ષણિક જીવન જીવ્યા પછી કયાં જવાનું છે તેનું ભાન હોતું નથી. આવા અજ્ઞાની માણસ આ મારૂં, તે મારૂં, મેં આમ કર્યું, હું જ મોટો વિગેરે મમત્વ અને અહંકારમાં રાચ્યો રહે છે તેથી તેનો જન્મ ફોગટ જાય છે માટે જ માયા અને મમતાનો ત્યાગ કરી આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે માણસે સદગુરૂનો આશ્રય લેવો જોઇએ. તુકારામ મહારાજ કહે છે—

'सद्गुरु वांचूनि सापडेना सोय । धरावे ते पाय आधी आधी ।
आपणांसारिखे करिती तत्काळ । नाही काळवेळ तया लागी ॥

સદગુરૂ એ આત્મજ્ઞાનથી પરિપૂર્ણ હોય છે. એમણે તેનો અનુભવ લીધેલો હોય છે. તેમણે આગમ-નિગમ જ્ઞાન હોય છે. પરબ્રહ્મમાં તે સમરસ થયેલા હોઇ બીજાને પણ એ જ્ઞાનનો લાભ કરી આપે છે તેમની કૃપાદ્રષ્ટિથી મોક્ષપદ મળતુ હોવાથી તે મેળવવા માટે સદગુરૂ ચરણે પોતાનું તન મન અને ધન અર્પણ કરવું અને તેમના વચનનું

શ્રદ્ધાથી પાલન કરવું એટલે તેમની કૃપાદ્રષ્ટિ થશે. ઇશ્વરના જે અવતારો થયા તેમણે પણ ગુરૂસેવા કરી છે. પ્રભુરામચન્દ્રજી જ્ઞાની હોવા છતાં ગુરૂ વસિષ્ઠની આજ્ઞામાં રહી બ્રહ્મજ્ઞાન મેળવ્યું તેમજ ભગવાન શ્રીકૃષ્ણજીએ પણ સાંદિપની ગુરૂની સેવા કરી હતી. આ ઉપરથી ગુરૂ-મહિમા કેટલો અગમ્ય છે તેનો ખ્યાલ આવશે. બલીરાજા દાનવીર હોવા છતાં તેમણે ગુરૂની આજ્ઞાનો ભંગ કર્યો તેથી તેમને પાતાળમાં જવું પડયું. સદ્દગુરૂની કૃપાવિના તરી શકાય નહી તેથી તેમની આજ્ઞા મુજબ જ માણસે વર્તન રાખવું.

૨. સદ્‌ગુરૂનું અવતાર કાર્ય અને ઇમામશાહનો જન્મ.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥
गीता ४/७–८

હે અર્જુન, જ્યારે જ્યારે ધર્મ ક્ષીણ થવા લાગે છે અને અધર્મ ફાલે છે ત્યારે ત્યારે હું અવતારરૂપે પ્રગટ થાઉં છું ધર્મના આધાર-સ્થંભ સમાન સજ્જનોના રક્ષણ માટે અને ધર્મ ઘાતક એવા દુર્જનોના સંહારમાટે અને ધર્મ સ્થાપનામાટે હું પ્રગટ થાઉં છું.

પ્રત્યેક પાત્ર પરખીને પ્રેમે પૂજો પાયે ।
ચૌદા ભુવનનો ધણી પ્રગટ છે જુગમાહે ॥
પ્રત્યેક રૂપે આવ્યા રમતા રમતા રામ ॥
મનુષ્યરૂપે જુગે જુગે આપી પુરણ કામ ॥૧॥
ભક્ત કારણ હરિ આવ્યા આપ ધરિયા ધરી અવતાર ॥
દૈત્ય દાનવાને સંહાર કરવા સાધુની સાર ॥૨॥
કુડ કપટ ટાળ્યા પાખંડ છે જુગમાહે ॥
નિર્મલ કરવા પ્રીથમી આવ્યા ત્રિભુવનરાયે ॥૩॥
જેણે જોગી જોતા ફરે વનવન ફરે રે ઉદાસ ॥
દરશન સપને પામે નહી નીત કરે જોગ ઉપવાસ ॥૪॥
પ્રત્યેક જગો જગે આવ્યા સુનો નહી સંસાર ॥
રચના રચને વાસો વસો આપ જુગ કરતાર ॥૫॥
માલીરે બીના વાડી નહી પ્રાણ વીના નહી દેહ ॥
ચોખા કરીને ચાલવું સાચે મન ધરી માહે ॥૬॥

માલી હશે ત્યારે સિંચઉ વનફળ નવનીત થાયે ॥
સદ્દગુરૂહશે ત્યારે નિપજે ધરમી નવા નિપજાવે ॥૭॥

દુનિયામાં અવતાર લેવાના કારણનો ખુલાસો સદ્દગુરૂ ઇમામશાહે ઉપરના ભજનમાં કર્યો છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યા પ્રમાણે દુનિયામાં જે વખતે દૈત્ય દાનવોનું જોર વધી સંત મહાત્માઓને તકલીફ થાય છે અને અરાજકતા ફેલાય છે ત્યારે તે દૂર કરવા માટે ચરાચરમાં વ્યાપ્ત હોવા છતા ઇશ્વર અવતાર ધારણ કરે છે. વ્રત તપ કરનારા યોગીઓને પણ જેના દર્શન થવા મુશ્કેલ છે તે પરબ્રહ્મ પરમાત્મા અવતાર ધારણ કરે છે ત્યારે તેના દર્શનનો માર્ગ સુલભ હોય છે. તેના દર્શનમાટે સરળ અને સહેલો ઉપાય એટલે અવતાર પાત્રની ઓળખાણ કરાવી લેવી એ છે. જે યુગમાં જે અવતારનું કાર્ય ચાલુ હોય તે યુગમાં તેનીજ ભક્તિ કરવી જોઇએ. તેના માટે સદ્દગુરૂ જોઇએ. બગીચાની વ્યવસ્થામાટે માલીની જરૂર છે તેમ સદ્દગુરૂ આ જગતરૂપી બગીચાનું કાર્ય કરતા હોય છે–પ્રત્યેક યુગમાં યુગધર્મની સ્થાપના કરે છે. અવતાર પ્રગટ થતા પહેલા તે દુનિયાને આગમજ્ઞાન કરી આપે છે. અને સત્‌ધર્મનું બીજારોપણ કરે છે. યુગધર્મ અનાદિ કાળથી ચાલતો આવેલો હોઈ તેનું અંતરંગ એકજ હોય છે. માત્ર તેનુ બાહ્યસ્વરૂપ પરિસ્થિતી મુજબ દરેક વખતે બદલાય છે. સત્યયુગમાં બ્રહ્મદેવે સ્થાપન કરેલો યુગધર્મ ત્રેતાયુગમાં તે વખતની પરિસ્થિતી પ્રમાણે ફેરફાર કરી વસિષ્ઠે જગત્ આગળ મૂકયો અને વ્યાસજીએ દ્વાપર યુગનો ધર્મ પણ તે પ્રમાણે ફેરફાર સાથે મૂકયો. હાલ કલિયુગમા તેજ યુગધર્મ પરિસ્થિતી મુજબ યોગ્ય ફેરફાર કરી યુગગુરૂ ઇમામશહા મહારાજે દુનિયા આગળ મુકયો છે.

આ રીતે સત્ય ત્રેતા અને દ્વાપાર યુગમાં જગતના ઉદ્ધાર માટે અનુક્રમે સદ્દગુરૂ બ્રહ્મા, વસિષ્ટ અને વ્યાસજી તે તે યુગમાં સદ્દગુરૂ થઇ ગયા તેમ કલીયુગમા સદ્દગુરૂ ઇમામશહા મહારાજ અવતર્યા છે. તેમના જીવનચરિત્ર સંબંધે મળી શકી તેટલી માહિતી આપીએ છીએ–


ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ
મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા
અગર જલતા ગુણ કરે છે, અને ચંદન ઘસી ઘસી જોય ॥
અવગુણ કેડે ગુણ કરે છે, ગોર કહે હું બલીહારી તોય ॥
અહેરણ ઘણના ઘાવ હીરા સહે, અને તેમાહે ગડી જાય ॥
સાચા મુનિવર જેણે કહીયે, જેમ નમક પાણીમાં ઘુલી જાય ॥
ભાઈ! ધરમ એવા લોડીયે, અને ઈમાન આવે સાર ॥
— ગુરૂવાણીના દિવ્ય સંદેશો
જન્મ ઈ.સ. ૧૪૪૦
સમાધી ઈ.સ. ૧૫૦૦
મહાત્મા સદગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ.
તરફથી સપ્રેમભેટ.

Imamshah is born in a muslim family

ઈ. સ. ૧૪૪૦ ના સુમારમાં પંજાબદેશના 'ઉચ મૂલસ્થાન' એટલેજ મુલતાન ગામે ઈમામશાહા મહારાજનો જન્મ થયો. તેમના પિતાનું નામ કબીરદ્દીન હતું અને ઘરાણું સૈયદ હતુ. તે વખતે આ કુળ દરેક રીતે આગળ પડતું સુશિક્ષીત અને સંસ્કારી હતું. અસલથીજ તે કુળના લોકોને ધર્મ અને વેદશાસ્ત્રની સારી માહિતી હતી. લોકોને ધર્મોપદેશ કરી તેમને સન્માર્ગે લાવવા એ તેમનું મુખ્ય કામ હતું. તે માટે તેઓ ગામેગામ ફરતા રહેતા. કબીરદ્દીનબાબાના પિતાના સમયથી તેઓ મુલતાન ગામે રહેવા લાગ્યા અને પછી તે ભાગ્યશાળી પુરૂષના દેર સદગુરૂએ અવતાર લઇ ઇમામશાહા નામ ધારણ કર્યું.

જન્મથીજ તેમણે નિર્મળ પવિત્ર અને સુવર્ણ જેવી કાંતીવાળુ દિવ્ય સ્વરૂપ ધારણ કર્યું હતું. તેમનું તેજ એકાદ મહાન બ્રહ્મજ્ઞાની જેવું હતું તેમનું રૂપ તપસ્વી જેવું અને મુખમંડલ શાંત અને તેજસ્વી હતું. કબીરદ્દીન બાબાને ઘેર આવો તેજસ્વી પુત્રરત્ન અવતર્યાની વાત સાંભળી ગામેગામના લોકો તેમના દર્શનમાટે આવવા લાગ્યા. કેટલાક ભાવિક લોકો તેમના દર્શનથી કૃતાર્થ થયાનું માનવા લાગ્યા. તે તમામની ઉત્તમ વ્યવસ્થા કબીરદ્દીન બાબા રાખતા અને જ્ઞાનોપદેશ પણ કરતા. આ રીતે વખત આનંદમાં પસાર થવા લાગ્યો. જ્ઞાનચર્ચામાં રાત્રીઓ વિતવા લાગી અને દિવસ એક પળ સમાન ટૂંકો લાગવા લાગ્યો. જોતા જોતામાં ચાર વર્ષ પૂરા થયા.

ઇમામશાહાને ચૌદ વિદ્યાનું જ્ઞાન અને આત્મજ્ઞાન જન્મથીજ હતુ. ચારે વેદોનું પણ સંપૂર્ણ જ્ઞાન હતું પરંતુ લોકાચાર પ્રમાણે તેમના પિતાએ તેમને નિશાળમાં મોકલ્યા આખાય જગતને જ્ઞાન આપનારા એમને કોણ શિખવાડે ? પણ પિતાની આજ્ઞાનુસાર ઇમામશાહા નિશાળમાં ગયા. ત્યાં તે બાળકોને આશ્ચર્યકારક ચમત્કાર બતાવતા. ગરીબ બાળકોને કપડા આપ્યા. મંદબુદ્ધિના બાળકોને હોશિયાર કર્યા બહેરાને સાંભળતા કર્યા લુલાને સાજા કર્યા. આ બધા ચમત્કાર તેમણે દૈવી

૯

શક્તિના જોરે કર્યા તેથી બધા બાળકો તેમના તરફ આકર્ષાઈ આદર ભાવથી જોવા લાગ્યા ધીમે ધીમે આ હકિકત સારાયે શહેરમાં ફેલાઇ. લોકો તેમના અલૌકિક ગુણોથી આશ્ચર્યચકિત થયા ગામમાંથી પણ પોતાની બિમારી દૂર કરવાસારૂં ઇમામશહા પાસે આવવા લાગ્યા અને માત્ર તેમાના દર્શનથીજ એ લોકોની બીમારી દૂર થતી. આ તેમની દિવ્ય શક્તિની કીર્તિ સુવાસિત ફુલની જેમ બધેય ફેલાવા લાગી. તે માત્ર આઠજ દિવસ પરોપકારની ખાતર નિશાળમાં ગયા તે કોઇની સાથે ભેદભાવ રાખ્યા વગર સમાન ભાવથી અને આત્મભાવથી રહેતા. તેમના આ ગુણોથી અને વર્તનથી બધાલોકો તેમને ધન્યવાદ આપી જયજયકાર કરતા.

૩. ઇમામશહાના બાળપણના ચમત્કાર

પારસમણિ સંગ લોહ પડે રે । થાયે તેનો રે સ્પર્શ ॥
ઓચિંતુ કંચન ઉપજે રે । થાયે ઉત્તમ રસ ॥૧॥
કલ્પતરૂ નિજ છાયામા રે । ભુખો નવ રહે કોય ॥
કામધેનુની ઓથમાંરે । ક્ષુધા દૂરજ હોય ॥૨॥
ચંદનનારે સંગથીરે । ઉપજે શીતલતા અંગ ॥
અગ્નિ તેને નડે નહીરે । હોય ચંદનનો સંગ ॥૩॥
સતસંગમારે રહીને રે । દુઃખ કોયે ના થાયે ॥
મહિમા અપાર તેહનારે । મારૂ કહ્યું ના જાયે ॥૪॥

લોઢાને પારસમણીનો સ્પર્શ થતાની સાથેજ તેનું સુવર્ણ થાય છે, કલ્પવૃક્ષની છાયામાં બેસવાથી ભુખનષ્ટ થાય છે, કામધેનુ પાસ હોય ત્યારે કોઈ ભૂખ્યો રહી શકતો નથી. ચંદનના સંગથી ઠંડક મળે છે તેમ સત્સંગથી બધા દુઃખો દૂર થાય છે, સજ્જનોની સોબતથી માણસ સુખી થાય છે. આમ સત્સંગનો મહિમા અપાર છે.

મુલતાન શહેરમાં વીરચંદ નામે એક માલદાર વેપારી હતો. તે જેવો શ્રીમંત તેવોજ ભક્ત પણ હતો. દરેક સાથે તે નમ્રતા અને મિત્રભાવથી રહેતો લોકો તેને દેવસમાન માનતા તેને રેવણદાસ નામનો એક ગુણી અને એકનો એક પુત્ર હતો પણ તે બહેરો અને મુંગો હતો. આથી તેના માતાપિતા બહુ દુઃખી હતા.

એક દિવસે ઇમામશહાના ચમત્કારોની વાત આ વેપારીના કાને ગઇ. તેથી તે પોતાના મુંગા દીકરાને લઇ નિશાળમાં ઇમામશહા પાસે ગયા અને કહ્યુ કે હું તમારે શરણે આવ્યો છું. કૃપા કરી મારા આ મુંગા દીકરાને વાણી આપો અને તે બહેરાને સાંભળતો કરો. આપનો મહિમા અગાધ છે માટે કૃપા કરી મારૂં આ દુઃખ દૂર કરો.

વીરચંદની આ વિનંતી સાંભળી ઇમામશહા બોલ્યા 'તારૂં અને તારા દીકરાનું કલ્યાણ થશે.' સદ્‌ગુરૂના મુખેથી આ શબ્દ નિકળતાજ એ દીકરાનો બોલવા અને સાંભળવા લાગ્યો. આ રીતે વીરચંદ શેઠ અને તેમના દીકરાનું દુઃખ કાયમનું દૂર થયું અને આનંદથી આભાર માનતા ઘેર ગયા.

એક દિવસે પિતા પુત્ર મુલતાન શહેરની શોભા જોતા હતા ત્યારે એક સ્ત્રી તેમની પાસે આવી અને કબીરદીન બાબાને તેણીએ કહ્યું–'ગુરૂ. મહારાજ આપને નમસ્કાર કરૂં છું. મારા આ આંધળા દિકરાને દૃષ્ટિ મળે એવી કૃપા કરો. આ સેવિકા ઉપર દયા કરો' એમ કહી તેણે પોતાનો આંધળા દિકરાને તેમના ચરણઉપર મૂકયો.

કબીરદીન બાબાએ કહ્યું કે આ જન્મથીજ આંધળો હોવાથી કઈ પણ ઇલાજનો ઉપયોગ થશે નહી. તે ઉપરથી તે સ્ત્રીએ કરગરીને આજીજી પૂર્વક કહ્યું કે 'મહારાજ મેં ઘણી દવાઓ કરી પણ કંઈ અસર થઇ નહી. તેથી હું આપને શરણે આવી છું. મારો આ એકનો એક દિકરો આંધળો છે તે સારો નહી થશે તો એનો જન્મ ફોગટ જશે તેથી મારા ઉપર દયા કરી મારૂં આ દુઃખ દૂર કરો.

એ સ્ત્રીના કાલાવાલા સાંભળી ઈમામશહાએ પિતાને પુછયું 'પિતાજી આ સ્ત્રી આટલો વિલાપ કેમ કરે છે? તેની શી ઈચ્છા છે તે મને કહો?

તે સ્ત્રી બોલી, 'હું મુલતાનની રહીશ છું મારૂં નામ કેશર છે ખત્રી–ક્ષત્રીય જાતીની છું. મારો આ દિકરો ધનુ જન્મથીજ આંધળો હોવાથી હું ઘણી દુઃખી છું. મારા ઉપર દયા કરો' એમ કહી વિલાપ કરવા લાગી. ઈમામશાહે તેને અભય આપતાં કહ્યું 'આ છોકરો રાત્રે સુંઇ સવારે ઉઠશે ત્યારે તેને દૃષ્ટિ આવેલી છે એમ તું જોઇશ?

તે સ્ત્રી આનંદથી ઘેર ગઇ રાત કયારે થશે અને સૂર્યોદય કયારે થશે એવું તેને થયું. તે ઇશ્વરનું નામસ્મરણ કરવા લાગી. સૂર્યોદય થવાની સાથેજ તેનો પણ ભાગ્યોદય થયો. કારણ છોકરો ઉંઘમાંથી જાગૃત થતાજ તેને એકદમ પ્રકાશ દેખાવા લાગ્યો. તેને દૃષ્ટિ આવી એ જાણી મા ખુબ આનંદમાં આવી અને સદ્ગુરૂના ગુણગાન કરવા લાગી. તેનુ દુઃખ કાયમનું દૂર થવાથી તેણે અન્નદાન કર્યું. અને ઈમામશહાના યશોગાન કરવા લાગી.

આ પ્રમાણે અનેક દુઃખીજનોના દુઃખ દૂર કરી તેમને સુખી કર્યા અને તેમણે લોકોના જીવનમાં પ્રકાશ નિર્માણ કર્યો.

૪. ઇમામશહાનું પ્રખર અંતર્જ્ઞાન અને તેમને બ્રહ્મ-કળાની પ્રાપ્તિ.

" प्रियप्राया वृत्तिर्विनयमधुरो वाचि नियमः ।
प्रकृत्या कल्याणि मतिरनवगीतः परिचयः ॥
पुरो वा पश्चाद्वा तदिदमविपर्यासितरसं
रहस्यं साधूनामनुपथि विशुद्धं विजयते ॥ "

સંત પુરૂષોનો કાયિક વ્યવહાર પ્રિય લાગવા જેવો હોય છે. વિનયના લીધે તેમની વાણી પણ મધુર હોય છે. અસત્ય બોલવાનું

ટાળવા ખાતર મિતભાષણ કરે છે. તેમની વાણી કલ્યાણકારી અને સંગ નિર્દોષ હોય છે. આ રીતે સંતોનું રહસ્ય ભૂતકાળ તેમજ ભવિષ્ય કાળમાં વિશુદ્ધ દંભવગરનું અને વિજયી હોય છે.

ઇ. સ. ૧૪૪૮ સાલની વાત છે. એક દિવસે સવારે પિતાપુત્ર બેઠા હતા ત્યારે કબીરૂદ્દીન બાબાએ ઇમામશહાને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ ગુજરાતના લોકોને આપવા સારૂં જવાની આજ્ઞા આપી. મુશાફરીમાટે તેમને રથ જેવી એક બળદગાડી અને સેવા માટે પોતાનો પરમશિષ્ય હાજરબેગને પણ તેમણે સાથે મોકલ્યો. પિતાની આજ્ઞાનુસાર સદગુરૂ ઇમામશહા પોતાના સેવક સાથે ગુજરાત જવા નિકળ્યા તે વખતે તેમની ઉમર માત્ર આઠ વરસની હતી. મુશાફરી કરતા કરતા તેઓ ૨૫૦ કોસ દૂર જઇ પહોંચ્યા.

એક દિવસે એટલે સંવત ૧૫૦૫ કારતક વ. ૪ ના દિવસે મુસાફરી દરમિયાની રાત પડવાથી કશમોરા શહેરની નજીક કોટલી ગામે તેમણે મુકામ કર્યો. ત્યા શહેરના ઘણા લોકો આવ્યા. બ્રહ્મજ્ઞાનની ચર્ચા થઇ. તેથી તે લોકો આનંદથી ડોલવા લાગ્યા. ગુરૂજીનો ચહેરો અનુપમ તેજથી ખીલી ઉઠ્યો હતો.

ગુરૂજીના મુખકમળમાંથી બ્રહ્મોપદેશ વહેતો હતો. રાત્રે ૧ નો સુમાર થયો હશે. એટલામાં એક આશ્ચર્યકારક બીના બની. ગુરૂજીએ ઉપદેશ આપવાનું એકાએક બંધ કર્યું અને ધ્યાનસ્થ બેઠા. તેમનો આશ્ચર્યકારક ચેહેરો જોઇ શિષ્યજનોએ આ બધુ શું બન્યું છે તે જણાવવા વિનંતી કરી. ઇમામશહા બોલ્યા મારે હમણાજ મુલતાન જવાની ઇચ્છા થઇ છે.

શિષ્યો બોલ્યા, "મહારાજ હમણા દોઢ વાગ્યાનો સુમાર છે. સવાર થશે એટલે જવા માટે કંઇ તજવીજ કરીશું."

ઇમામશહા બોલ્યા, "પિતાજી કબીરદ્દીન મહારાજ સ્વર્ગવાસી થયા છે. તેમના અંત્યવિધી માટે મારે જવુંજ જોઇએ. વળી તેમની

પાસેથી મને મારી 'પાંતી' (એટલે દૈવી દેણુ અથવા કળા) લેવાની રહી છે તેથી તેમને દફન કરતા પહેલા મારે ત્યાં પહોંચવુંજ જોઇએ."

લોકો બોલ્યા, "મુલતાન અહીંથી ૨૫૦/૩૦૦ કોસ દૂર છે તેથી ગમે તેટલી ઉતાવળ કરો છતા તે વખત પહેલા ત્યાં શી રીતે પહોચી શકાશે. છતા સવાર થશે એટલે એક સાંઢણી આપીશું."

સદ્દગુરૂ બોલ્યા કે, "સાંઢણીનો કશોજ ઉપયોગ નહી થાય. કારણ તેથી બહુ મોડું થશે. મારે તો હમણાજ નિકળવું જોઇએ. કબીરૂદીન બાબાનું અંત્યદર્શન લેવાની જેમણે ઇચ્છા હોય તેમણે પણ મારી સાછે આવવું."

શિષ્યોને ઘણી નવાઇ લાગી. તેમને લાગ્યું કે એટલે દૂર સુધી શી રીતે પહોચી શકાશે અને મરેલા માણસ પાસેથી 'વાંતી' પણ કેવી રીતે મળી શકે ? વળી આપણને પણ તે શી રીતે લઇ જઈ શકશે ? બધુંજ અજબ લાગે છે છતા કેટલાક અનુયાયીઓ તેમની સાથે જવા તૈયાર થયા.

સદ્દગુરૂએ પોતાનો રથ તૈયાર કરવા હાજરબેગને કહ્યું. અને લોકોને કહ્યું કે જેમને સાથે આવવું હોય તેમણે રથ મજબુત પકડી રાખવો. તેથી જેમને ગુરૂમહારાજ સાથે જવાની ઇચ્છા હતી એવા ૪૦ અનુયાયીઓ આગળ આવી તેમણે રથ મજબુત રીતે પકડી રાખ્યો. તે વખતે રાતનો ૩/૩॥ નો સુમાર હતો. રથને વળગેલા લોકોને સદ્દગુરૂએ કહ્યું કે દરેક પોતાની આંખો મીચી રાખવી અને હું કહું ત્યારેજ તે ખોલવી. તેમણે આંખો બંધ કરતાજ રથ ઉચો થઇ વાયુવેગે ચાલવા લાગ્યો અને સૂર્યોદયની પહેલા મુલતાન આવી થોભ્યો. લોકોને પોતાની આંખો ખોલવા સદ્દગુરૂએ કહ્યું. તે વખતે પોતાના પિતાનું શબ લઇ જવાતુ તે દેખાયું. સદ્દગુરૂએ આગળ જઇ પોતાનો હિસ્સો લેવા માટે શબ થોભાવવા કહ્યું. પછી શબ પાસે જઇ બોલ્યા, "પિતાજી મારો હિસ્સો હજુ સુધી મળ્યો નથી તે આપવાની કૃપા કરો."

આ સાંભળી લોકો આશ્ચર્યચકિત થયા. તેમણે ઈમામશહાને કહ્યું કે આ શબ પાસેથી તમને શું મળવાનું છે? તમારો હિસ્સો તો ઘેરજ રાખેલો છે. તે કાંઈ આ શબ સાથે થોડોજ છે? માટે ચિંતા કે મોહ કરશો નહી.

ઈમાશહા બોલ્યા, "ભાઈઓ મને તો તે હિસ્સો મળવાનોજ છે, પણ મારે તે (સ્થાવર કે જંગમ મિલકત) લઈ શું કરવાનું છે? એ તો નાશવંત છે. મારે એની બિલકૂલ જરૂર નથી મને તો બીજો અવિનાશી હિસ્સો જોઈએ છે અને પિતાજી તે લઇ ગયા છે મને તે મળ્યા વગર હું આ શબ લઈ જવા દઈશ નહી."

કેટલાક અશ્રદ્ધાળુ લોકોને ઇમામશહાનું આ કહેવું ગમ્યું નહી. તેમને મૂર્ખ ઠરાવી તે હસવા લાગ્યા. તે બોલ્યા કે ઇમામશહા હજુ અજ્ઞાની છે તેમને સમજશક્તિ નથી. માટે તેમના કહેવા ઉપર વિશ્વાસ નહી રાખતા શબ ઉપાડો. તેથી કેટલાક લોકો શબ ઉપાડવા લાગ્યા પણ તે ઉચકી શકાયું નહી તેથી લોકો આશ્ચર્યમાં ગરકાવ થયા.

બધાની નજર ઇમામશહા મહારાજ અને તેમના પિતાના શબ ઉપર લાગી રહી. સવા પ્રહર જેટલો સમય વિતી ગયો. એટલામાં કબીરૂદ્દીન બાબાએ પોતાનો હાથ બહાર કાઢયો અને પોતાના દેહ ઉપરની માળા કાઢી પુત્ર ઇમામશહાને આપી. પણ ઇમામશહાને એટલેથી સંતોષ થયો નહી. આખરે તેમના પિતાએ પોતાનું મુખ કમલ ખોલી તેમાથી 'સાકર' (એક પ્રકારની દૈવી કળા) કાઢી ઈમામશહાના મુખમાં મૂકી. આ જોઇ લોકો આશ્ચર્યચકિત થયા. શબ જીવતું થયાનું જોઈ ઈમામશહા સાથે આવેલા લોકો આનંદમા આવી જય જયકાર બોલવા લાગ્યા. પછી બધાએ આદરભાવથી શબ ઉચક્યું અને છેવટે ઇમામશાહે પોતાના હાથે પિતાજીને દફનાવ્યા.

૫. બ્રહ્મકળાનો પ્રતાપ.

લક્ષણ પૂરણ બ્રહ્મનારે, થયા આજરે જોય।
દયા ક્ષમાને દીનતારે, સત નમની હોય ॥

હું પદને અતિ ઈર્ષા રે, ટાલો સર્વે તમામ ।
તેથી કરીને જાણીયારે, સાચા બ્રહ્મારે નામ ॥
બ્રહ્મઋષિ તેથી કહ્યારે, સાંભળો મારા મિત્ર ।
સાચપણેથી રાખજોરે, સદા એહીજ તંત્ર ॥
બ્રહ્મ લક્ષણ જોઇનેરે, થયું બ્રાહ્મણ નામ ।
લક્ષણ નથી એ જેહમારે, ટાળો એનુંરે ઠામ ॥
સત્ લક્ષણ જેહમાં, સત્પંથી સાચાસોચ ।
સત્ વિના સુનુંસદા, વેશજ મિથ્યા હોય ॥

"ઓહો ! ધન્ય છે આજનો દિવસ. અમારૂં ધન્ય ભાગ્ય છે કે આજે અમને દયા ક્ષમા શાંતિ સમો, અહં કે ઇર્ષા વિનાના અને કેવળ સત્માંજ રત એવા બ્રહ્મર્ષિના દર્શન થયા." ઉપરના સદ્ગુણોવાળો હોય તેજ ખરો બ્રહ્મર્ષિ જાણવો, તેજ બ્રહ્મ અથવા બ્રહ્મજ્ઞ કહેવા લાયક છે. ઉપરના લક્ષણો સિવાયનો માણસ ઢોંગી સમજવો. જેનામા સત્ એટલે કે દયા ક્ષમા શાંતિ, અસ્તેય, નિરહંકારબુદ્ધિ, નમ્રતા અને સેવાભાવ છે. તેજ સત્પંથી જાણવો. નહી તો માત્ર 'સત્પંથ' ધર્મનો વેશ ધારણ કર્યો પણ તેના માટે જોઇતા ગુણો જેના આચરણમાં નથી તે મૂઢ, ખોટા ડોળવાળા અને ધૂર્ત જાણવા. રાજાનો માત્ર વેશ ધારણ કરવાથી કોઈ તેનો હુકમ પાળશે નહી. જેનામાં રાજાની શક્તિ અને કર્તવ્યપરાયણતા હોય તેનાજ હુકમ પળાય છે. તેવીજ રીતે સત્પંથની દિક્ષા લીધાં પછી તે મુજબ આચરણ ન કરવામાં આવે તો તે વેશ મિથ્યા કહેવાય.

કબીરદીન બાબા સ્વર્ગવાસી થયા પછી ઈમામશાહ થોડા દિવસ મુલતાનમાંજ રહ્યા. થોડા દિવસ પછી કેટલાક યોગી લોકો (સુખી) દસવંતની રકમ લઇ આવ્યા. એ રકમ સાડા સાત લાખ રૂપિયા જેટલી હતી. કબીરદીન બાવા નહી હોવાથી એ રકમ કોને આપવી તે બદલ પ્રશ્ન ઉભો થયો. ઈમામશાહના બીજા ભાઇઓ આ રકમ લેવા આગળ આવ્યા અને તે રકમ મેળવવા માટે ઝઘડો કરવા લાગ્યા.

તે જોઈ યોગી બોલ્યા કે કબીરદીન બાવાએ અમને કહ્યું હતું કે જેમનામાં બ્રહ્મકળા હોય તેનેજ દસવંતની રકમ આપવી. તેથી આપણા-પૈકી જેનામાં બ્રહ્મકળા હોય તો તે અમને બતાવો અને રકમ લો. તે સાંભળી ઝઘડનારા બાજુએ ખસ્યા અને યોગી લોકો નિરાશ થઈ રકમ પાછી લઈ જવા લાગ્યા.

એટલામાં હાજરબેગ ત્યા આવ્યા અને કહ્યું કે રકમ પાછી કેમ લઈ જાવ છો. અંદર ઈમામશહા બેઠા છે તેમને મળો એટલે તમારૂં કામ થશે.

યોગી લોકોએ ઇમામશહા પાસે જઇને કહ્યું કે મહારાજ અમે દસવંતની રકમ લાવ્યા છીએ. બ્રહ્મકળાનો પ્રતાપ બતાવો અને આ રકમ સ્વીકારો. તે ઉપરથી ઇમામશાહે પોતાનું મ્હોં ખોલતાજ તેમાં તે યોગી જનોને ચૌદ ભુવનો દેખાવા લાગ્યા. ગંગા, યમુના, પર્વતો, વનસ્પતિઓ નવગ્રહ, તારા, સૂર્ય ચન્દ્ર વિગેરે બધુંજ તેમાં દેખાવા લાગ્યું. યુગગુરૂના જે લક્ષણો શાસ્ત્રમાં કહેવામાં આવ્યા છે તે તમામ સદ્દગુરૂમાં દેખાવા લાગ્યા. તેથી યોગી લોકોની ખાત્રી થઈ કે સત્પંથની ઉજ્વલ જ્યોતિ અહીંજ પ્રદીપ્ત થયેલી છે આજ ખરેખર યુગગુરૂ છે. તેથી પોતાની સાથે આણેલી દસવંતની રકમ તેમણે સદ્દગુરૂને અર્પણ કરી. સદ્દગુરૂએ તમામ રકમ ઘટપાટ પૂજા વિધીના માર્ગે બ્રહ્માર્પણ કરી ગરીબોને વહેંચી આપી અને યોગી લોકોનો સત્કાર કર્યો. તેમનીસાથે યોગજ્ઞાનની ચર્ચાની પણ શરૂઆત કરી. તે વખતે યોગીલોકોએ પુછેલા અનેક પ્રશ્નોના સંતોષકારક જવાબ સદ્દગુરૂએ કુશળતાથી આપ્યા. એજ જ્ઞાન સદ્દગુરૂના 'યોગીવાણી' નામના ગ્રંથમાં લખી રાખવામાં આવેલું છે. તેમા યુગધર્મ અને સૃષ્ટીની ઉત્પત્તિ સંબંધી માહિતી હોઈ ભક્તિસહ નિષ્કામ કર્મયોગનું પ્રતિપાદન કરવામાં આવેલું છે.

૬. શ્રદ્ધાની પરાકાષ્ટા

સદ્ગુરૂનો પ્રેમી શિષ્ય 'જીવન'

प्रेमण्यास अदक है, जो खेलें प्रेमज खेल ।
गुरुये कसणीज देखिया, उनसर वही कैसी हेल ।।
उठी झाल स्नेहकी, सव तन करे अंगार ।
सही सो जाले आपकु, सो पीहुके प्रेमेधार ।।
प्रेम पीहासु मन वसे, जो मनमां किजे नेह ।
दुरिजन दुनिया दाखवे, सो जलबल होवे खेह ।।
प्रित पिहाकी दोहेलीं, चलना खांडाधार ।
शीस उतारी खेलीये, कोई खेले खेलनहार ।।

પ્રેમની તરસ કંઇ જુદીજ હોય છે. તસ્સ્યાનો જીવ પાણી વગર તરફડે છે તેજ પ્રમાણે પ્રેમની તરસ પણ હોય છે. સાચા પ્રેમની કસોટી ગુરૂની કસોટીથીજ થાય છે. જેમ અગ્નીથી શરીરનો દાહ થાય છે તેમ પ્રેમનો અંગાર આખા શરીરમાં ફેલાવો જોઇએ–પ્રેમ રોમરોમમાં હોવો જોઇએ. પ્રેમના અંગારથી આખાય શરીરનો દાહ થાય તો હરકત નહી પણ ઇશ્વરના પ્રેમમાં લાગેલું મન ત્યાંથી જરાપણ ખસવું ન જોઇએ. એવો ઇશ્વરપ્રત્યે પ્રેમ હોય તોજ તેનો ઉપયોગ. નહી તો ઉપરથી ખોટો ડોળ કરી લોકોને જે છેતરે છે તે દુર્જન છે. પ્રેમભક્તિનો માર્ગ ખાંડાની ધાર ઉપર ચાલવા જેવો કઠણ છે. શરીરના ટૂકડા થાય તોય હરકત નહી પણ આ માર્ગ કદાપિ છોડીશ નહી એવો દ્રઢનિશ્ચય જોઇએ. આવો ભક્ત દુર્લભ હોય છે.

પંજાબમાં સિંધુનદીના તીરે એક નાવિક સદ્ગુરૂનો પરમભક્ત હતો. એનુ નામ હતું જીવન. તે સિંધુ નદી ઉપર લોકોને સામે પાર લઈ જવાનું કામ કરતો હતો. આ કામ કરતી વખતે તે હમેશા ઇશ્વરનું અને

સદગુરૂનું સ્મરણ કરતો. એક દિવસે વેપારી લોકોનો એક કાફલો નદી-પાર થવા માટે તેની નાવડીમાં બેઠો. નાવડી ચાલવા લાગી પણ અધું અંતર કાપ્યું હશે એટલામાં નદીનુ પાણી એકાએક ચઢવા લાગ્યું અને નદીએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. મોટા મોટા મોજાના લીધે નાવડી આમ તેમ ડોલવા લાગી. વેપારીઓ ખુબ ગભરાયા. તેમણે નાવિકને કહ્યું 'તું અમને ડુબાડવા લાગ્યો છે?

એકાએક આવેલી આ આફતસામે નાવિક બિચારો શું કરી શકે? તે તો માત્ર ઈશ્વરની અને ગુરૂની પ્રાર્થના કરવા લાગ્યો તે બોલ્યો, "હે મુલતાનવાસી ગુરૂ, સદગુરૂ ઈમામશાહા મહારાજ, મારી આ નાવડી પેલે પાર પહાંચે એવું લાગતું નથી. કૃપા કરી અમને બચાવો." પ્રાર્થના કરી તેણે વેપારીઓને કહ્યું 'તમે હિંમત છોડતા નહી. સદગુરૂ આપણને તારવા આવ્યા વગર નહી રહે!'

વેપારીઓને દિલાસો આપી તે ફરીથી પ્રાર્થના કરવા લાગ્યો. વેપારી લોકો અકળાયા, ગભરાયા અને નાવિકને ઠપકો આપવા લાગ્યા. નાવડી સ્થિર રાખવા નાવિકે ઘણો પ્રયત્ન કર્યો, પણ કઇ ઇલાજ ચાલ્યો નહી.

નાવિકે ગુરૂ મહારાજની અનન્યભાવે ફરીથી પ્રાર્થના શરૂ કરી. આ અનન્યભાવે કરેલી પ્રાર્થના થાય છે એટલામાં તો નાવડીમાં પાણી દાખલ થવા લાગ્યું.

પરિસ્થિતી ભયંકર થઈ. વેપારી લોકો મદદ માટે બુમો પાડવા લાગ્યા. જીવન નિરાશ થઈ પોતાનો દેહ સિંધુ નદીમાં અર્પણ કરવા તૈયાર થયો. તેણે સદગુરૂનું સ્મરણ કરી નદીમાં ભૂસ્કો માર્યો.

આ જોઈ ભક્તની લાજ રાખવા સદગુરૂ ઇમામશાહા મહારાજ સર્વની સમક્ષ નાવિકની સામે આવી ઊભા રહ્યા. અને તેમને જીવનને ઉચકી લીધો તેજ સમયે નાવડી પાણીમાં સ્થિર થઈ.

આ જોઈ વેપારીઓ આશ્ચર્યથી છક થયા. સદગુરૂએ નાવિકને નદી-માંથી બહાર કાઢી તેને નાવડીમાં બેસાડયો. અને પોતે નાવડી ચલાવવા

લાગ્યા હવે નાવડી ઝપાટામાં ચાલવા લાગી અને થોડાજ સમયમાં સામે પાર પહોંચી ગઈ. મુસાફરો જમીન ઉપર સહીસલામત ઉતર્યા અને તેમણે સદગુરૂ ચરણે નમસ્કાર કર્યા.

સદગુરૂ ઈમામશહા બોલ્યા, "જીવન, તારી દૃઢ શ્રદ્ધા અને અટળ નિષ્ઠા જોઈ હું મારા બીજા કામો છોડી તારી લજ્જાનું રક્ષણ કરવા માટે અહી આવ્યો છું. જીવન બોલ્યો, 'ગુરૂમહારાજ હું અપરાધી છતાં આપે મને ક્ષમા આપી મારા ઉપર કૃપા દૃષ્ટિ કરી. હે પરમાનંદસ્વરૂપ દયાઘન હું આપને નમસ્કાર કરૂં છું.' એમ ગળગળા સ્વરે બોલી તેણે સદગુરૂને દંડવત કર્યા.

આ જોઈ વેપારી લોકો પણ ગળગળા થઈ પ્રેમથી બોલ્યા, "ગુરૂ મહારાજ, અમે મહાન અપરાધી છીએ. આપના જીવન ભક્તને અમે ગમે તેમ બોલીને ત્રાસ આપ્યો છે. તે અપરાધ બદલ અમને ક્ષમા કરી અમારા ઉપર કૃપા કરો." એમ અનેક રીતે સદગુરૂની પ્રાર્થના કરી તેમને ભક્તિભાવથી નમસ્કાર કર્યા.

સદગુરૂ મહારાજે એ તમામને પ્રેમથી આલિંગન આપી શુભ આશિર્વાદ આપ્યા. ત્યાર પછી જીવનને આધ્યાત્મિક જ્ઞાનનો ઉપદેશ આપી તેને કૃતાર્થ કર્યો. તેથી તે આત્મચિંતન કરવા લાગ્યો અને મહાન-જ્ઞાની થયો અને બીજાઓને પણ સન્માર્ગે દોરવા લાગ્યો.

૭. સદગુરૂના આશિર્વાદથી નિપુત્રકને પુત્રપ્રાપ્તિ.

ઈ. સ. ૧૪૫૨ ના અરસામાં સદ્ગુરૂની ઉમરના બારમા વર્ષે ઈમામશહા મહારાજ સતપંથનો ઉપદેશ આપવા માટે દેશ પરદેશ ફરવા લાગ્યા. બળદગાડી ચલાવવામાટે તેમનો પરમશિષ્ય હાજરબેગ સાથે હતો. ફરતા ફરતા તે પંજાબમાંથી મારવાડમાં જઈ પહોંચ્યા.

ચિતોડગઢ ગયા પછી ગામની બહાર એક મંદીરમાં તેમણે મુકામ કર્યો. ત્યા એક શ્રીમંત વાણીઓ રહેતો હતો તે મહાન ઈશ્વર ભક્ત

પણ હતો. તે અપંગોમાટે અન્નસત્ર ચલાવતો અને ગરીબોને અન્નદાન અને વસ્ત્રદાન આપતો. સાધુસંતોની સેવાપણ પ્રેમથી કરતો. લોકો તેને બહુ ચાહતા હતા. ગામની બહાર એક બગીચામાં તેણે એક સુંદર મંદીર બાંધ્યું હતું. જ્યા તે સવાર સાંજ પૂજા માટે જતો.

આમ એક દિવસે મંદીરમાં પૂજા માટે ગયો ત્યારે તેને ઈમામશાહા મહારાજના દર્શન થયા. સદ્‌ગુરૂએ તેમને પોતાની પાસે બેસાડી કુટુંબ પરિવાર વિગેરે સંબંધી કુશળતાના પ્રશ્નો પુછયા.

શેઠે કહ્યું "નજીકમાંજ દેખાતા બગીચામાં મારો બંગલો હોઈ ત્યાં હું મારી ત્રણ પત્નીઓ સાથે રહું છું. હું જાતે રબારી હોઈ નામ વેલર છે. આપના જેવા મહાત્માઓના આશિર્વાદથી મારી પાસે પુષ્કળ સંપત્તિ છે પણ તેના માટે કોઈ વારસ નથી."

પુત્ર હીનતાની વાત કહેતી વખતે તે રડવા લાગ્યો. એ જોઈ સદગુરૂ મહારાજને તેની દયા આવી તેમણે તેને ધીરજ આપતા કહ્યું, "વેલર પુત્ર પરિવાર હોવા છતાય માણસને પુત્રથી સુખ મળે છેજ એમ કયાં છે. તું દુઃખ કરીશ નહી. આપના પૂર્વસંચિતના ફળ માણસને ભોગવવાના હોય છે. સંસારમા ઋણાનુંબંધથી માણસને બીજા પ્રાણીના સંપર્કમાં જોડાવું પડે છે. ઋણ એટલે દેવું અને તેના લીધે પ્રાપ્ત થતુ બંધન તે ઋણાનુબંધન. તારે ત્યાં પુત્રયોગનો સંભવ છે. તું તારા કુટુંબસાથે ચિતોડગઢની ભુમી છોડી એસાવર ગામે જઇને રહે. ત્યા ગયા પછી થોડા સમયમાં તને પુત્ર પ્રાપ્તિ થશે.

સદગુરૂના આ આશિર્વાદથી વેલરને ઘણોજ આનંદ થયો. તેમની આજ્ઞામુજબ વેલરશેઠ પોતાના કુટુંબપૈકી મેથો, મેવો, મુળજી અને રત્ના અને પોતે એમ પાંચ જણા એસાવર ગામે જઈ રહ્યા થોડી મુદત પછી એને ત્યા ત્રણ પુત્રો જન્મ્યા. તેથી વેલરને ઘણો આનંદ થયો.

૮. સદગુરૂ ઇમામશહાનું દિલ્લી ગમન અને બાદશાહ સાથે વાર્તાલાપ.

હરદમ કરો કરો અભિયાસ । કરીને દેખો ખાસ ॥
દમે દમે મારા સ્વામીજીને સેવો । સ્વામી તમારે પાસ ॥
પાસે છે સ્વામી નહી હે સ્વામી । પુરો રાખો વિશ્વાસ ॥
તમારો સ્વામી તુમ માહે બૈઠો । જેમ છે કુલમાં વાસ ॥
રોમે રોમે મારા સ્વામી બૈઠા । ચેતનપૂર અવિનાસ ॥
બ્રહ્મગિનાનમાં હરદમ રહેજો । કરો અજંપાનો ધ્યાસ ॥
અજંપા જાપ જીસ ઘટ ભિતર । ઘટ સોહી ઉજાસ ॥
ઘટ ઉજાસો પાપથી નાસો । જપો શ્વાસ ઉશ્ચ્છાસ ॥
કહેત ઈમામશહા જે નર કરસે । પામસો વૈકુંઠવાસ ॥

હે મનુષ્ય ! તુ ઈશ્વરને જાણવાનો સતત અભ્યાસ કર. દરેક શ્વાસોશ્વાસ સાથે તેનું સ્મરણ કર. તે હમેશા તારી પાસેજ છે. પણ તું માત્ર માયાના મોહમાં પડવાથી તારા હૃદયમાં રહેલા આત્મારામને ભુલ્યો છે. ફૂલમાં રહેલી સુગંધની જેમ એ પરમેશ્વર આપણા હૃદયમાં વસેલો છે. ફૂલ દેખાય છે અને સુગંધ જાણી શકાય છે પણ દેખી શકાતી નથી તેમ શરીર દેખાય છે, રોમ રોમમાં ભરેલું ચૈતન્ય પણ જાણી શકાય છે પરંતુ માયાના આવરણના લીધે એ ચૈતન્ય દેખી શકાતું નથી. તે શ્રદ્ધાથી જાણવું જોઇએ. તેના દર્શન માટે આત્મજ્ઞાનની જરૂર હોય છે. માયામાંથી છુટી આત્મજ્ઞાન મેળવી અજંપા જાપ એટલે શ્વાસોશ્ચ્છાસ સાથે બ્રહ્મ ૐનું સ્મરણ અને જ્યોતિસ્વરૂપનું ધ્યાન ધરવું જોઇએ. આવો ધ્યાસ જે શરીરથી થશે તે પાપરહિત અને તેજઃપુંજ થશે. એવા જીવાત્માને મુકિત સુલભ હોય છે. આ બધી બાબતો અભ્યાસયોગથી મેળવી શકાય છે.

ઈ.સ. ૧૪૫૪ ના અરસામા ગુરૂજી મારવાડ દેશમાંથી નીકળી ઉત્તર-તરફ દિલ્લી જવા નિકળ્યા. મુકામ કરતા કરતા તે શિરોઈ ગામે પહોચી ત્યાંના લોકોને ધર્મોપદેશ કરવા લાગ્યા. તત્વજ્ઞાન, આત્મજ્ઞાન, આગમ-નિગમ જ્ઞાન વિગેરે સંબંધી તેમજ યુગધર્મની માહિતી તેઓ લોકોને આપતા અને તેમની શંકાઓ પણ દૂર કરતા. ત્યાથી સદગુરૂ દિલ્લી ગયા જ્યાં 'શાહાદુલ્લા' નામની એક ભવ્ય મશીદમાં મુકામ કર્યો. ત્યાં નમાજ પઢવામાટે કેટલાક મુસલમાન લોકો આવ્યા. ત્યારે નમાજ વખતે ઈમામ-શાહા મહારાજ હાથ જોડી ઈશસ્મરણ કરવા લાગ્યા. નમાજ પુરી થયા પછી કેટલાક મુસલમાનોએ તેમને નમાજ નહી પઢવાનું કારણ પુછયું. તે વખતે સદગુરૂએ તેમને એક ચમત્કાર બતાવ્યો.

તે બોલ્યા, 'મારા બદલામાં બંને મિનારા નમાજ પઢશે.' તેમના મુખેથી આ શબ્દો બહાર નિકળતાજ મશીદના બંને મિનારા નીચે નમ્યા અને તેમણે સદગુરૂને નમન કર્યું (તેમના તરફ ઝૂકયા) અને ફરી પાછા સિધા થયા આ જોઇ મુસલમાનલોકો આશ્ચર્યચકિત થઇ સદગુરૂની જય બોલવા લાગ્યા.

આ હકિકત દિલ્લી શહેરમાં વાયુવેગે પ્રસરી. અને ત્યાના બાદશાહ બહલોલ લોદી નામના અફઘાન રાજાના કાને પણ ગઈ. આ આટલો મોટો ઓલીયો કોણ હશે એવો વિચાર કરી એ બાદશાહ 'શાહાદુલ્લા' મસીદમાં તેમને મળવા માટે આવ્યો અને તેણે સદગુરૂને પ્રણામ કર્યા.

Imamshah is muslim

બાદશાહે તેમની પુછ પરછ કરતા ઈમામશાહા બોલ્યા 'પંજાબનું મુલતાન શહેર મારૂં જન્મસ્થાન હોઈ સૈયદ વંશના કબીરૂદીન બાવાને ત્યાં હું જન્મ્યો છું. બાદશાહે પુછયું 'આપ મુસલમાન છતા નમાજ કેમ પઢતા નથી?' સદગુરૂ બોલ્યા 'મુસલમાન અને હિંદુમાં શું ફરક છે?'

इस मिट्टीमें सारी दुनिया निपाया ।
इसीमे कौन हिन्दु कौन मुसलमाना ।।

ઇશ્વરે જ્યારે જીવસૃષ્ટિ નિર્માણ કરી ત્યારે સ્વેદજ, અંડજ ઉદ્-ભીજ અને જારજ એ રીતે ચારે ખાણીમાં ચોરાસી લક્ષ જીવયોની નિર્માણ

કરી. દરેક જીવનું શરીર પૃથ્વી, આપ, તેજ, વાયુ અને આકાશ એ પંચમહાભૂતોના સંયોગથી અને તેમના પંચીકરણથી નિર્માણ થયું છે. પંચતત્વથીજ બધા શરીરો નિર્માણ થયેલા હોવાથી તેમાં હિંદુ અગર મુસલમાન એવો ભેદ નથી.

માનવ ગમે તે હોય તોપણ તેનું ઉત્પત્તિસ્થાન અને તત્વગુણ એકજ હોય છે વળી ઉત્પત્તિ સ્થિતી અને લય એ જીવનક્રમ પણ એકજ છે. સ્થૂળરૂપમાં જો ભેદ નથી તો સૂક્ષ્મ રૂપમાં પણ શી રીતે હોઇ શકે? આપ પુછો છોકે નમાજ કેમ પઢતા નથી. નમાજ એટલે નમસ્કાર અથવા નમન. હું નીચે બેસીને નમસ્કાર કરૂં છું તેના માટે બાહ્ય દેખાવોની જરૂર હોતી નથી. મનમાં પ્રેમ હોવો જોઇએ. તે નહી હોય તો કશો ઉપયોગ નથી. ઇશ્વર બાહ્ય દેખાવથી દયાળુ થતો નથી. તે તો મૂળથીજ દયાળુ છે અને એવો ઇશ્વર આપણી પાસેજ છે છતાં આપણે તેને જોઈ શકતા નથી. કારણ આપણું અંતઃકરણ સાફ હોતુ નથી. આપણા અંતઃકરણમાંથી માયા, મમતા, લોભ, રાગ, દ્વેષ વિગેરે કચરો કાઢી નાખવો જોઇએ એટલે અંતઃકરણ શુદ્ધ થશે અને પછી જીવાત્માને ઇશ્વરનો સાક્ષાત્કાર થઈ શકશે. તેના માટે બાહ્ય દેખાવની જરૂર નથી. તેના માટે પ્રેમભાવ જોઇએ.

પ્રેમ ભકિત હિરદે વસે, અંતર નેહ લગાય ।
સ્વાસ ઉસ્વાસે આરાધીએ, તો કાને શ્રુતન જાય ॥

પોતાના કાનથી પણ સંભળાય નહી એવી ખરા દિલથી ભકિત કરવી. પરમ વિશુદ્ધ પ્રેમભાવથી ઈશ્વરનું પ્રતિક જે જ્યોતિસ્વરૂપ છે. તેનું ધ્યાન ધરવું અને ચિત્તમા અખંડ નામસ્મરણ કરવું જોઇએ. અને હું તેજ કરતો હોઉ છું.

સદગુરૂના આ વચનો સાંભળી બાદશાહ આશ્ચર્યચકિત થયો. તેણે તેમને બીજા ઘણા પ્રશ્નો પુછયા તે તમામનો તેને સંતોષકારક જવાબ મળવાથી

તેને ઘણો આનંદ થયો. પછી તેણે પ્રણામ કરી વિદાય લીધી. જતા પહેલા બાદશાહાએ કહ્યું, 'મહારાજ આપને કંઇ જોઇતું હોય તો માંગી લો. જમીન જાગીર કે બીજી કંઇપણ વસ્તુ જોઇતી હશે તો તે હું તરતજ આપીશ."

સદ્દગુરૂ બોલ્યા, 'જમીન જાગીર અને દુનિયાનો સ્થાવર જંગમ વૈભવ તો નાશવંત છે. એવી નાશવંત બાબતો સાધકને 'સત્' પાસેથી પરાવૃત્ત કરે છે. માણસે તેનાથી દૂર રહેવું અને પોતાનું મન ઇશ્વરના અવિનાશી સ્વરૂપમાં પરોવી રાખવું.

સો ધન શીંચો બાવલે, કોઈ ન ઝાલે હાથ ।
જન્મ મરણ ભય ચુકવે, મરતા આવે સાથ ।।

દરેક જીવાત્માએ એવા ધનની પ્રાપ્તિ કરવી કે જેમાં રાજા, ચોર, અગ્નિ કે વાયુ વિગેરે કોઇ પણ હાથ ઘાલી ન શકે તેમજ જન્મ મરણની પણ બીક નહી રહે. મરતી વખતે પોતાની સાથે આવે એવુંજ ધન તેણે મેળવવું જોઇએ. આ જગત્ માંથી કંઇ વસ્તુ મરણ સમયે આપણી સાથે આવે કે જેથી જન્મ મરણના ફેરા ટળી શકે? માત્ર સારા કર્મો સાથે આવે છે અને સત્કર્મ કે સત્સંગથીજ મુકિત મળે છે. તેથી માણસે નાશ-વંતના બદલે કાયમ ટકનાઇ અખંડ એવું એકજ પરમ તત્વ જાણવાનું જ્ઞાન મેળવી મોક્ષમાટે પ્રયત્ન કરવો જોઇએ.

'રાજાજી! મને જમીન જાગીર વિગેરે કંઇ નહી જોઇએ. મને તો માત્ર પ્રભુજ પ્રિય છે.' આ સાંભળી બાદશાહ આશ્ચર્યચકિત થયા. તેમણે નમ્રભાવે સદ્દગુરૂને પ્રણામ કર્યા. સદ્દગુરૂએ તેમને આશિર્વાદ આપી વિદાય કર્યા.

जगत्र सर्वे निर्धन भई, धनवंत देखू न कोय ।
धनवंता ताकु आखीये, जाके पीहु पदारथ होय ।।

गोधन गजधन बाजधन, अवर रतन धन खाण।
जब आवत संतोख धन, सब धन धूल समान ॥

આ જગતમાં ખરેખર કોઇ ધનવાન નથી. બધા નિર્ધન છે. ઇશ્વર-રૂપી ધન જેને પ્રાપ્ત થયુ તેજ ખરો ધનવાન. સ્થાવર જંગમ દોલત વિગેરે બધું નાશવંત છે. કરોડોની સંખ્યામાં કોઇની પાસે ગોધન હાથી ઘોડા વિગેરે હોય અગર અનેક અણમોલ રત્નોનો સંગ્રહ કે સોનાની ખાણો હોય છતાં તે બધુ નાશવંત છે. કાળ, ચોર, રાજા વિગેરેના કારણે એવું ધન ઓછું થાય છે. એવું ધન મેળવી શું કરવાનું છે ? ખરો વિચારી પુરૂષ આવા ધનની ઇચ્છા રાખતો નથી. જેને સંતોષરૂપી ધન મળ્યુ છે તે બીજા ધનને ધૂળ જેવું માને છે. પરમાત્મારૂપી અવિનાશી અને અણ-મોલ ધન મેળવનાર ઝાંઝવાના જળની ઇચ્છા રાખશે કે ? જેને ચૈતન્ય સ્પર્શમણી મળ્યો તે છોડી સ્ફટીકની ઇચ્છા શી રીતે રાખશે ? પરમાત્મા-રૂપી કે સંતોષરૂપી ધનની જેને પ્રાપ્તિ થઇ તે બીજા વિનાશી ધનની આશા કદાપિ રાખશે નહી.

૯. યાત્રાળુઓને કફનીની બાયમાં કાશીક્ષેત્ર દર્શન.

અડસઠ તીરથ અમે ગયા, પૂજા દેવ અનંત ।
આપે દેવલ દેવતા, મુનિવર હિરદે વસંત ॥

તીરથ સારા અમે દેખીયા, કહીં પાણી કહી પાષાણ ।
ઉજ્જડ ઘરના પરોણલા, કૈસે પાવે માન ॥

ઘરમાં તીરથ મોક્ષના, ઘરમાં ધરમદ્વાર ।
સાચા ધોના માહિકા, ફોગટ ધોના બાહાર ॥

દુનિયામાં શ્રેષ્ઠ માનવામાં આવે છે એવા જાત્રાના સ્થળે પાણી અને પથ્થર સિવાય બીજુ કઇ નજરે પડતું નથી. આપણે ત્યાં પૂજા કરીએ છીએ તેવાજ પાછા ફરીએ છીએ. ત્યા પાપ ધોવાતું નથી કે પુણ્ય ગાઠે બંધાતું નથી. કારણ પાણી કે પથ્થરનું પૂજન કરવાથી જ્ઞાન કે શાંતિ શી રીતે મળી શકે ? એકાદ ઉજ્જડ જગાએ મહેમાન થઈ જઇએ તો ત્યાં આદર સત્કાર અગર તો કામ કોણ કરી શકે ? તીર્થ સ્થળો જે ઠેકાણે હોય છે તેના પાણી અગર પથ્થરને જેણે નિર્માણ કર્યા તેજ ઇશ્વરે આપણું શરીરપણ નિર્માણ કર્યું છે તો એ શરીરપણ એક તીર્થજ છે. અને તીર્થના ઠેકાણે ઇશ્વર છે એમ કલ્પના કરવી પડે છે. પણ પ્રાણિમાત્રના શરીરમાં તે ચૈતન્યરૂપે હમેશા રહેલો છે તેથીજ આપણી સર્વ ક્રિયાઓ સારી રીતે ચાલે છે. આ રીતનું આ ધર્મદ્વાર–મોક્ષદ્વાર જો આપણા હૃદય-માજ છે તો તીર્થક્ષેત્રોમાં જવાનું શું કારણ ? વળી તીર્થમાં કરેલા સ્નાનથી બાહ્યઅંગની શુદ્ધિ થાય છે પણ હૃદયમાં વસેલા નારાયણને જાણવાથી અંતરંગની શુદ્ધિ પણ થાય છે. તેમ થવાથી આત્મસૂર્ય પ્રગટ થઇ જ્ઞાનકિરણો બધેય ફેલાય છે અને અજ્ઞાનરૂપ અંધઃકાર કાયમના માટે દૂર થઈ જીવાત્માને પરમશાંતિ મળે છે.

realpatidar.com

દિલ્લી શહેરમાં થોડા દિવસ રહી ગદગુરૂએ લોકોને ધર્મોપદેશ આપ્યો અને પછી ત્યાંથી દક્ષિણ તરફ ગયા. ફરતા ફરતા બ્રહાનપુર જઈ ત્યાંથી લાછોરા ગામે જતા ગામની બહાર એક આંબાના ઝાડની છાયા તળે કેટલાક મુસાફરો બેઠેલા તેમણે જોયા. સદગુરૂ ઈમામશહા પણ તેમની પાસે જઈ બેઠા. પણ મુસાફરોએ તેમના પ્રત્યે અણગમો બતાવ્યો પણ સદગુરૂએ તે તરફ ધ્યાન નહી આપતા તેઓ કોણ છે, કયા જવાના છે વિગેરે પુછ પરછ કરી. મુસાફરોએ કહ્યું કે તે કાશી જવાના છે. સદગુરૂએ પોતાનો જમણો હાથ ઉંચો કરી જાત્રાળુઓને કહ્યું "તમારે કાશી જવું છે ને તો જુઓ આ રહ્યું કાશીક્ષેત્ર" એમ કહી પોતાની કફનીની બાય ખુલ્લી કરી તેમને અંદર જોવા કહ્યું.

મુસાફરો જોતાં જ આશ્ચર્ય પામ્યા ! તેમણે બધેય મંદિરોજ મંદિરો દેખાવા લાગ્યા. પોતે આંબાના ઝાડ તળે બેઠા છે એવું તેમને ભાન નહી રહ્યું. તેમને તો યાત્રાળુઓની ગર્દીથી ફેલાયેલુ કાશીક્ષેત્ર દેખાવા લાગ્યું તેમણે ગંગાસ્નાન કર્યું અને મંદીરમાં જઈ કાશી વિશ્વેશ્વરના દર્શન કર્યા. બે પ્રહર સુધી તેમને કાશીસિવાય બીજુ કઈજ દેખાયું નહી. ત્યાં એ પોતાના સગાવહાલા ને મિત્રોને મળ્યા, દાન પણ કર્યું. સદગુરૂની સમક્ષ તેમને જાણે ભાવસમાધી લાગી આ તેમની સ્થિતીઘણા વખત ટકી.

આખરે સદગુરૂએ પોતાનો હાથ તેમની સામેથી પાછો લીધો ત્યારે કાશીક્ષેત્ર અદૃશ્ય થયું અને મુસાફરો ભાનમાં આવ્યા, એ ભ્રમમાં પડયા કે આપણે કાશીમાં છીએ કે બીજે કઈ છીએ. ભ્રમમાં ને ભ્રમમાં તે લોકો કાશીની વાતો કરવા લાગ્યા ત્યારે એક ડાહ્યા માણસે તેમણે ભ્રમ દૂર કરતા કહ્યું કે આપણી સામે આ જે વિભૂતિ ઉભી છે તેમણેજ આ ચમત્કાર બતાવી આપણને કાશીના દર્શન કરાવ્યા છે.

બધા આશ્ચર્યચકિત થયા અને પૂર્ણ શ્રદ્ધાથી તેઓ તે વિભૂતિ તરફ જોવા લાગ્યા ત્યારે તે વિભૂતીની આજુ બાજુ પરમ જ્ઞાનાનંદનું તેજોવલય

દેખાવા લાગ્યું. તે જોઈ તેમનું હૃદય પરિવર્તન થયું અને તેમને તે લોકોએ સાષ્ટાંગ દંડવત કર્યા અને પોતાના અપરાધની ક્ષમા માગી સદગુરૂએ તેમને આશિર્વાદ આપી અને સતપંથની દીક્ષા આપી.

ઘટમો તીરથ ઘટમો વન । નિર્મળ થાયે આપનો મન ॥
જહાલગી મનસું ફરતા ફરીએ । તીરથ વનમાં અરથ સરીએ ॥
કાયા કલેશ મત કરસોજન । સ્થિર કરી રાખો ચંચળ મન ॥
બ્રહ્મજ્ઞાને મનસ્થિર થાયે । મુનિવર બીજો કોઇનથી ઉપાયે ॥
કાયા કાશીને મન છે રે ગંગા ગુરૅને ચરણે જો લાગેરે રંગા ॥

રંગ રગાવો દિલમાં કાહે ફિરો વનવાસ ।
ઘટમો તીર શોધિયે તો પ્રભુજી તારે પાસ ॥

હે મનુષ્ય ! આપણું શરીર એજ એક તીર્થ છે, આ પીંડમાંજ બ્રહ્માંડમાંના પવિત્ર તીર્થો અને વનો ભરેલા છે. આપણી કાયા એજ કાશીક્ષેત્ર હોઇ મન ગંગા છે. આ તીર્થને ન ઓળખતા તું વિના કારણ તીર્થક્ષેત્રમાં અને વનમાં ભટકયા કરે છે. જયા સુધી તું તારૂં મન નિર્મળ કરતો નથી, મલીન વાસનાનો ત્યાગ કરતો નથી ત્યાસુધી ભટકતોજ રહેશે. મન શુદ્ધ થયેથી પોતાનાજ ઘટમાં બધું કયાં છે એ તું ઓળખી શકીશ. આ ચંચળ મન બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ સિવાય સ્થિર થઇ શકશે નહીં. એ જ્ઞાન વગર મનરૂપી મહોન્મત્ત હાથીના માટે બીજો અંકૂશ નથી, અને એ જ્ઞાન ગુરૂસિવાય મેળવી શકાતુ નથી. ગુરૂચરણે શ્રદ્ધા અને તાલાવેલી હોય તેજ આ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. માટે હે મુનિવર, તુ તારા ઇન્દ્રિયોને કાબૂમાં રાખી મન નિર્મળ કર, ચિત્ત-વૃત્તીનો નિરોધ કરી શુભ કે અશુભ કામનાઓનો ત્યાગ કર અને સદ-ગુરૂ પાસેથી જ્ઞાન ગ્રહણ કરી તેમની કૃપા મેળવ. તેમના ઉપદેશનું હમેશા રટન કરી આત્માનુભવ મેળવી લે. એમ થયેથી ઇશ્વર પોતાના હૃદયમાંજ છે તેનું તને ભાન થશે અને તું તીર્થરૂપ બનશે.

૧૦ ત્રિભુવનદાસ ઉપર સદ્ગુરૂની કૃપા.

કાયા વાડી કારની, કશમળ છે અપાર ।
પુત્ર કલમ સઉ કારમું, કારમું અરથ ભંડાર ।।
જીહા જોઉ તાહા કારમું, કારમું સકળ સંસાર ।
નારાયણ નહી કારમું, બીજું સપનું વિચાર ।।
ચેતો રે પ્રાણી બાપડા, ચેતો હઈડા માહેરે ।
સંસાર સપનુ જાણીએ, ભુલા ભરમે અપાર રે ।।

હે મુનિવર ! આ શરીર નાશવંત છે. બહારથી સારૂં દેખાતું આ શરીર અંદરથી તો દુર્ગંધની ખાણ છે માટે તેનું તું કદિ અભિમાન કરીશ નહી. તેમજ સ્ત્રી પુત્ર, ધન દોલત પણ વિનાશી હોવાથી તેના માટે મમત્વ કે લોભ રાખીશ નહી. માત્ર પરમાત્માજ અવિનાશી હોઇ તેના સિવાયનું બીજું બધું વિનાશી છે. જગત સ્વપ્નવત છે. ઉંઘમાં જોયેલું સ્વપ્ન જાગૃત થતાંજ નષ્ટ થાય છે, તેમ આ જગત અને સંસાર અજ્ઞાનના લાધે સત્ય જણાય છે. પણ પૂર્ણ જ્ઞાનાવસ્થા પ્રાપ્ત થતાંજ તે નાશ પામે છે. તેથી હે પ્રિયમિત્ર, માયાના મોહ જાળમાં ફસાઇ નહી રહેતા વિરક્ત રહે કામનાનો ત્યાગ કર અને આત્મકલ્યાણ પ્રાપ્ત કર કારણ તેના માટેજ આ માનવ જન્મ મળ્યો છે તેથી અવિનાશી નારાયણનું સ્મરણ અને ચિંતવન કરતા પરમ કલ્યાણ માટે હમેશા પ્રયત્ન કરવો જોઇએ.

પછી સદગુરૂ ઇમામશહા મહારાજ ગુજરાતના ડાંગ પ્રદેશમાં ગયા. ત્યા ઉપદેશ આપી ફરતા ફરતા કાનમ ગયા. ત્યાંથી નવસારી થઇ સુરત ગયા. ત્યા ત્રિભુવનદાસ નામના એક ધનવાન વેપારી રહેતા હતા. અરબસ્તાનના બસરા બંદર સાથે તેમનો મોટો વેપારી સંબંધ હોઇ બસરાથી સુરત સુધી તેમનો માલ જલમાર્ગે આવતો. તે માટે તેમના પોતાના સાત વહાણો પણ હતા.

એક વખત માલ લાવવા માટે તેમણે પોતાના પુત્રસાથે સાતે વહાણો બસરા મોકલ્યા. દિકરાએ માલ ખરીદ્યો તે સાતે વહાણો લઇ એોમાનના આખાતમાં થઈ અરબી સમુદ્રમાં આવ્યો.

પણ કમનસીબે આ વખત અરબી સમુદ્ર તોફાને ચઢયો. મોટા મોટા મોજા ઉછળી વહાણો ડગમગવા લાગ્યા. વખત જતા તોફાન વધવા લાગ્યું અને ખલાસી લોકો ખૂબ ગભરાયા. કોઇ મદદ મળે એમ નહોતું. બધાએ જીવવાની આશા છોડી અને થોડીવાર પછી સાતે વહાણો દરિયામાં ડુબ્યા.

દોઢ મહિના જેટલી મુદત વિતી છતા વહાણો પાછા નહી આવવાથી ત્રિભુવનદાસ ચિંતામાં પડ્યા. બે માસ નિકળી ગયા એટલે એ પોતે તપાસ કરવા નિકળ્યા. ડુમસ ગામે આવતા તેને કેટલાક વહાણો આવતા દેખાયા પણ તે તો બીજા વેપારીના હતા. તે પણ બસરાથી આવેલા હતા. તપાસ કરતા તે વહાણ પરના રણછોડ નામના એક માણસ પાસેથી જાણવા મળ્યું કે ત્રિભુવનદાસના વહાણો તો એક મહિના પહેલાજ બસરાથી નિકળી ચુકયા હતા પણ તે નિકળ્યા પછી અરબી સમુદ્રમાં મોટુ તોફાન થયું હતુ. આ હકિકત સાંભળી ત્રિભુવનદાસને જબરો આઘાત લાગ્યો અને તે શોક કરતા ઘર તરફ પાછા ફર્યા.

ઇશ્વરની યાદ સંકટ સમયે આવે છે તેમ ત્રિભુવનદાસની બાબતમા પણ થયું. સદગુરૂ ઇમામશહા મહારાજનો ઉપદેશ તે સાંભળવા જતા હતા. તેથી તેમને સદગુરૂ યાદ આવ્યા અને તે તરતજ તેમના મુકામે પહોચી ગયા. સદગુરૂને તેમણે પોતાની હકિકત કહી પ્રાર્થના કરતા કહ્યું કે સદગુરૂ મહારાજ હું આપણી શરણે આવ્યો છું. મારા ઉપર દયા કરો. આ પામરનો ઉદ્ધાર કરો. મારો એકનો એક દિકરો નાશ પામ્યો. હવે હું જીવતો રહીને પણ શું કરૂં ? ધિકકાર છે મારા આ કમનસીબ જીવનને.

સદ્દગુરૂ મહારાજે તેને આશ્વાસન આપતા કહ્યું, "ત્રિભુવનદાસ શાંત થા. જે બનવાનું હતુ તે બની ગયું માટે વૃથા શોક કરીશ નહી. શાસ્ત્રમાં કહ્યું છે કે–

'લિખા લેખ સો નહી મિટનેકા, કયા મરતા ઝુર ઝુર ।
ખબર બીના નર કે તે ખપ ગયે, માયા કે હો મજુર ॥'

"न हि भवति यन्न भाव्यं भवति च भाव्यं विनापि यत्नेन ।
करतलगतमपि नश्यति यस्य हि भवितव्या नास्ति ॥"

'જે બનવાનું છે તે કદાપિ ટાળી શકાતુ નથી. જે મળવાનું નહી હોય તે હાથમા આવ્યા પછી પણ જતું રહે છે. વિધીના લેખ કોઈ મિથ્યા કરી શકતું નથી. 'લખ્યા લેખ ટળે નહી, કોટ કરે ઉપાય ।' વિધીના લેખ કરોડો ઉપાય કરવાથી પણ ટાળી શકાતા નહી. રામ, યુધિષ્ઠિર, પ્રલ્હાદ, હરિશ્ચન્દ્ર વિગેરે જેવા અવતારી પુરૂષો પણ તે ટાળી શકયા નહી તો પછી આપણા જેવા પામરો શી રીતે ટાળી શકે ? માટે ચિંતા કરી શો ફાયદો ? નાશવંત વસ્તુનો નાશ વહેલો મોડો થવાનોજ. મારો પુત્ર, મારૂં ધન, મારૂં ઘર કહીને શોક કરે છે તો તને એકલાને છોડીને તે કેમ જતું રહ્યું ? દુનિયામાં કોની માલકીની કઈ વસ્તુ છે તેનો વિચાર કરી આ મિથ્યા માયાનો ત્યાગ કર.'

પણ સદ્દગુરૂના ઉપદેશની કઈપણ અસર ત્રિભુવનદાસ ઉપર થઈ નહી. તેણે કહ્યું "ગુરૂ મહારાજ, આપની કૃપા દષ્ટીથી આંધળો જોઈ શકે, મુંગો બોલી શકે અને લંગડો પર્વત ઓળંગી શકે તો પછી આ મુસીબતનો હિસાબ શું ? મહારાજ કૃપા કરી આ પામરને પાવન કરો." આમ કહી ગુરૂચરણ ઉપર માથું મુકીને પ્રાર્થના કરવા લાગ્યો.

આખરે સદ્દગુરૂએ તેને પુછયું 'એવી કઈ આફત તારા ઉપર આવી પડી છે ? ગમે તેવું દુઃખ કે આફત આવી પડે તો પણ તે તમામનું ઓસડ ઇશ્વર પાસે જ છે. ભવસાગર દુઃખથી ભરેલો છે પણ જે સંતોષ ક્ષમા દયા અને શાંતિ વિગેરે ગુણોથી નિર્ભર હોય છે તેને

દુઃખ શું છે તેની ખબર રહેતી નથી પણ જે માણસ કામક્રોધાદિ અવગુણોમાં લપટાઇ રહે છે તેને સુખ શું છે તેની ખબર હોતી નથી. તે માયા અને મોહમાં સુખ માને છે પણ ખરેખર તે દુઃખ જ હોય છે. હવે તું કોઈ બાબતનું દુઃખ કરતો નહી. તું ડુમસ ગામે જા, ત્યાં તારા સાતેય વહાણો ખાત્રીથી મળી જશે.

સદ્‌ગુરૂનું આ વચન સાંભળી શેઠને ઘણોજ આનંદ થયો અને તે તરતજ ડુમસ ગામે ગયા. આ બાજુ સદ્‌ગુરૂએ વરૂણ અને વાયુદેવને વિનંતી કરી ત્રિભુવનદાસના સાતે વહાણો સાગરમાંથી જેવાને તેવા બહાર કાઢી ડુમસ ગામે પહોચાડવા કહ્યું અને વાયુદેવે તે પ્રમાણે કર્યું.

ત્રિભુવનદાસ ડુમસ ગામે જઇ જુએ છે તો પોતાના સાતે વહાણો તેણે સામેથી આવતા જોયા. એક વહાણમાં તેણે પોતાના પુત્રને પણ જોયો. તેમનું હૃદય આનંદથી નાચવા લાગ્યું અને તે સદ્‌ગુરૂના ગુણ-ગાન ગાવા લાગ્યા. થોડી જ વારમાં વહાણો કિનારે આવી પહોચ્યા અને પિતા પુત્ર આનંદથી ભેટી પડ્યા.

ત્રિભુવનદાસે બધી હકિકત પુત્રને કહી અને તેને તેમજ ખલાસી-ઓને લઇને તે સદગુરૂના દર્શનમાટે સુરત ગયા. મુકામે પહોચ્યા તરત ત્રિભુવનદાસ ભક્તિભાવથી સદ્‌ગુરૂના ચરણોમાં જઈ પડ્યા. તેમને આશિર્વાદ આપી સદગુરૂએ ઉઠાડ્યા. ત્રિભુવનદાસે તેમના ગુણ-ગાન ગાયા અને સતપંથનું જ્ઞાન આપવા વિનંતી કરી. તે ઉપરથી સદગુરૂએ તેમને સતપંથની દીક્ષા અને ઉપદેશ આપી બધાને વિદાય કર્યા.

પછી ત્રિભોવનદાસે પોતાનું કામકાજ દિકરાને સોપી સદગુરૂ પાસેથી આત્મજ્ઞાન સંપાદન કર્યું. આગળ જતા તેમને આત્મસાક્ષાત્કાર થયો અને તે સાયુજ્જમુક્તિના અધિકારી બન્યા.

૧૧ ખલાસીનો મદભંગ અને નિજામનું ગર્વહરણ.

અહંકાર ગર્વ ના કિજીએ । અને ગર્વે હોય વિનાસ ॥
જો આવતા ગર્વને વારીએ । તો ગુરૂબ્રહ્માજી પુરે આસ ॥
સતગુરૂ સમંદર બેલીયા । અને સંસાર લેરે પૂર ॥
ગુરૂનર બેલીરે બેઠ ચલે । ઉપર વરસન લાગા નૂર ॥

હે મુનિવર્ય, તું કયારેય ગર્વ રાખીશ નહી. કારણ ગર્વથી માણસનું પતન થાય છે. કાળના પ્રવાહમાં ગર્વરૂપી મગર મદરૂપી મત્સ્ય અને વિષયરૂપ સર્પ તેમજ બુદ્ધિભ્રંશ વિગેરેની જાળમાં માણસ સપડાઇ ચારે બાજુથી જકડાઇ જાય છે. વળી કોઇ વાર માથું ઉચું કરવાની તક મળે તો આપદા અને ક્રોધરૂપી ગીધ તેને ચાંચ માર્યા કરે છે. આ પ્રમાણે ગર્વ કરવાથી મુસીબતો આવી પડે છે. પણ ગર્વ ત્યજી જે નમ્રતાથી રહેશે તેની આશા સદગુરૂ બ્રહ્મા પુરી કરશે. સદગુરૂ પોતેજ તેનો નાવિક બની તેને સંસારસાગરની પાર ઉતારી અમૃતત્વની પ્રાપ્તિ કરી આપશે.

સુરતમાં અનેક અનુયાયીઓને સત્‌ધર્મનો ઉપદેશ કર્યા પછી સદગુરૂ રેવા નદી ઉપર આવ્યા. ત્યા પાણી વધારે હોવાથી માણસોને પેલીપાર ઉતારવા નાવડી ફેરવામાં આવતી હતી નાવડીમાં કેટલાક માણસો બેઠેલા હતા. પોતાને પણ પેલી પાર લઈ જવા ગુરૂજીએ નાવિકને કહ્યું.

અજ્ઞાની નાવિકે ઉદ્ધતાઇથી જવાબ આપ્યો કે તમારો આ રાજવેશ ઉતારો તો હું તમને પેલીપાર લઇ જઇશ અહીં કોઇની શરમ રાખવામાં આવતી નથી. એમ બોલી નાવિકે હોડી ચાલુ કરી.

અધું અંતર ગયા પછી તે હોડી એકાએક ખૂપી બેઠી તે ન જાય આગળ કે ન ખસે પાછળ. નાવિકે તેને ચલાવવા ઘણી કોશિષ કરી

પણ હોડી જરાપણ ખસે નહી. આંમ કેમ થયું તેનું કારણ કોઈ પણ જાણી શકયું નહીં તેથી બધા નિરાશ થઇ કલ્પાંત કરવા લાગ્યા.

એટલામાં હોડીમાં બેઠેલો એક વૃદ્ધ માણસ બોલ્યો કે સામે જે તેજસ્વી પુરૂષ બેઠેલા છે તેનીજ આ કરામત હોવી જોઇએ. તેમને પાર ઉતારવા હોડીવાળાએ ના પાડી તેનુજ આ પરિણામ છે. તેથી તે માણસને હોડીમાં લો કે જેથી આપણી મુસીબત દૂર થશે. આ સલાહ બધાને ગળે ઉતરી અને તેમણે હોડીવાળાને પેલા પુરૂષને હોડીમાં લેવા કહ્યું. તેમની સૂચના મુજબ નાવિકે હોડી પાછી વાળવા પ્રયત્ન કર્યો તો શું આશ્ચર્ય ! હોડી ઝપાટામાં ચાલવા લાગી અને ગુરૂજી જયાં બેઠા હતા તે કિનારે જઈ પહોંચી.

હોડીના માણસોએ ગુરૂજીને પ્રણામ કર્યા અને નાવિક બોલ્યો, 'દીનાનાથ, માફ કરો. આપને નહી ઓળખવાના કારણે મેં ભયંકર ભૂલ કરી છે. અભિમાનના કારણે આપનું માન્યું નહી તેથી આ મુસીબતમાં આવી પડ્યા છીએ. હવે અમારા ઉપર કૃપા કરો.'

આમ પ્રાર્થના સાંભળી લોકોને પાર ઉતારવા ખાતર ગુરૂજી હોડીમાં બેઠા એટલે હોડી તરતજ ઝપાટાભેર ચાલવા લાગી અને જોત-જોતામાં તે સામે કિનારે પહોંચી ગઈ. બધા લોકો હોડીમાંથી નીચે ઉતર્યા પછી ગુરૂજી નીચે ઉતર્યા. લોકોએ ગુરૂજીને નમ્રભાવે પ્રણામ કર્યા અને તેમનો અનુગ્રહ લીધો.

ત્યાંથી આગળ ચાલતા રસ્તામાં કેટલાક સુરતના લોકો મળ્યા પોતાને ઘેર પધારવા તેમણે ગુરૂજીને વિનંતી કરી સદગુરૂ મહારાજ એ કણબી લોકો સાથે સુરત ગયા. ત્યાં થોડા દિવસ સુધી એ લોકોએ ગુરૂજીને રાખ્યા અને તેમની પાસેથી જ્ઞાન સંપાદન કર્યું.

એક દિવસે સદગુરૂ ઈમામશહા મહારાજ સાબરમતી નદી પાર કરવા માટે નદી ઉપર આવ્યા. નદીનું પાત્ર ઉંડુ હોઇ પાણી પુષ્કળ હતું. એક નાવિક ખલાસીનું કામ કરતો હતો.

ગુરૂજી ત્યાં પહોંચતા પહેલા કેટલાંક લોકો ત્યાં આવી બેઠા હતા. એટલામાં નિજામપણ ત્યાં આવ્યા. નિજામે નાવિકને કહ્યું "તું ગમે તેટલા પૈસા લે પણ મને સૌથી પહેલા પેલેપાર પહોંચાડ."

દરેકને સામે પાર જવાની ઉતાવળ હતી પણ નિજામે તેમને તોછડાઇથી કહ્યું કે, "તમારી આ ઉતાવળ નકામી છે છતા જેને બહુ ઉતાવળ હોય તેના માટે આ હોડીસિવાય બીજો માર્ગ ખુલ્લો છે. અહી કોઈનું કઇ ચાલશે નહી. બહુ ઉતાવળ હોય તેણે પોતાની ગાડી ખુશીથી હાંકવી.'

આમ બોલી નિજામે હોડી ચલાવવા નાવિકને કહ્યું. ગુરૂજીના સેવકે પણ ગુરૂજીને હોડીમાં બેસાડવા કહ્યું પણ અભિમાની નિજામે તે માન્યુ નહી.

અહંકાર અને તોછડાઇનું ખરાબ પરિણામ આવ્યા વગર રહેતું નથી. ચઢે તે પડવાનોજ એ સૃષ્ટીનો નિયમ છે.

આ ગેયે અહંકારે રાવણ મારીયો, કૌરવ દુર્યોધન રાયે રે ।
વળી કંસ છેદ્યો શ્રીકૃષ્ણજીએ, તો ગર્વ ન કિજે વીરા મનમાહેરે ॥

આ દુષ્ટ અભિમાને કેટલાયના ભોગ લીધા છે. લંકાધિપતિ રાવણનું મૃત્યુ અહંકારથી થયું તેમજ કંસ દુર્યોધન વિગેરેનું પતન પણ અહંકારથી જ થયું. માટે હે વીર માનવ, તું મિથ્યાભિમાન રાખીશ નહી. તે કોઈનું ભલું કરી શકતો નથી. તેમ તેને તને સુખ પણ મળતું નથી. જેને સત્સંગ નથી તેવા પામર જીવો અંધઃકારમાં ગોથા ખાયા કરે છે. ગુરૂજ્ઞાનના રંગ સિવાય અભિમાન અને મમત્વ કહી છુટશે નહી. સત્સંગનો મહિમા ઘણો મોટો હોઇ જવલ્લે જ કોઈ તેને જાણી શકે છે.

નિજામના કહેવા પ્રમાણે નાવિકે હોડી ચાલુ કરી અને તે ઝડપથી ચલાવવા લાગ્યો. ઇમામશહા મહારાજે હાજરબેગને કહ્યું. "નિજામના

કહ્યા પ્રમાણે આપણી ગાડી જોડી નદીમાં હંકાર." હાજરબેગ ગાડી હાંકવા લાગ્યો એટલે તે જમીન ઉપર ચાલે છે તેમ પાણી ઉપરથી ઝપાટામાં ચાલવા લાગી અને જોતજોતામાં સામે પાર પહોંચી ગઈ. કિનારા ઉપરના લોકો આશ્ચર્યચકિત થયા. નદીમાં પાણી ઘણું હોવા હોવા છતાં ગુરૂજી પેલીપાર પહોંચી ગયા તે જોઇ લોકોને નવાઇ લાગી અને નિજામ શરમિંદો થયો. કારણ તેની હોડી તો નદીના મધ્યભાગ સુધી પણ પહોંચી નહોતી. હોડી બહુ ધીમી પડી અને નાવિક અને નિજામ ચિંતામાં પડયા, આખરે નિજામ ગુરૂજીને શરણે ગયો અને પોતાને પાર ઉતારવા પ્રાર્થના કરી. ગુરૂજીને દયા આવી અને તેમણે તેને પાર ઉતાર્યો. જમીન ઉપર ઉતર્યા પછી નિજામે સદ્દગુરૂના પગ પકડયા અને પોતાની કસુર માટે ક્ષમા માગી. આ રીતે અહંકારથી ફુલાઇ ગયેલા નિજામને સદ્દગુરૂના સત્વાંશ ગુણના પ્રતાપ આગળ નમવું પડયું.

૧૨. સદ્દગુરૂ સમાગમથી લુટારૂ સતપુરૂષ બન્યો. 'નાયા'ની હકિકત

અંતકાલે કોણ માતા પિતા, અને કોણ બાંધવ ભાઇ ।
તાહા સગા નહી સાગવા, નહી પુત્ર કલમ બેહેણભાઇ ॥

જો આહીં સાંભલો સ્વામીજીને, તો કાયા ખોશાલી તૂં થાયે ।
આ કાયા ખોશાલી તો રહે, જો ધરમ સરવાઇ તૂં થાયે ॥

મારૂં તારૂં કરીને ધન સાચવું, પ્રાણી ચાલતા ન આવ્યું સાથ ।
તેના દોરા દશી છોડી લેશે, પ્રાણી ચાલ્યા ઠાલે હાથ ॥

તેનો જનમ અલંગો ગયો, ખેપ ચુકયો જુગ ચાર ।
ગુરૂ વચને જેણે આપન શોધા, તે જીવ પડો ઘોર અંધાર ॥

જેને સદ્દગુરૂ બ્રહ્માની ખબર જાણી, ખાઇ પીઇ સુતો જુગચાર ।
જેણે જીવની ચિંતા ન કરી, તેણે પડયા લખચોર્યાશીનો માર ॥

હે જીવાત્મા ! કોણ કોનો બાપ અને કોણ કોની માતા કે કોણ કોના ભાઈ, સ્ત્રી કે પુત્ર છે ? બધા પોતપોતાના સ્વાર્થ પુરતા હોઇ માયા મમતાના બંધનથી જકડાયેલા મૂઢ જીવ છે. પોતાના લાભ ખાતર વિકારી કે મતલબી પ્રેમ આ દુનિયામાં દેખાય છે અને આ વ્યવહાર પણ ઋણાનુબંધ હોય ત્યાં સુધી જ ટકે છે પણ ઋણાનુબંધ છુટયો કે સંબંધ પણ છુટી જાય છે તો પછી તું શા માટે આટલા ધમપછાડા કરે છે ? અનેક વિપત્તિઓ વેઠી ભલાબુરા કર્મો કરી ધન ભેગું કરે છે પણ તે ધન તારી સાથે આવવાનું છે કે ? તારી સાથે તો એકાદ વસ્ત્ર તો શું પણ એક તંતુ સરખો આવવાનો નથી. તું ખાલી હાથે આવ્યો તેમ ખાલી હાથે જ જવાનો છે એ ધ્યાનમાં રાખ. માયિક લોકો માટે મેળવેલા ધનનો તને લેશમાત્ર ઉપયોગ થવાનો નથી. પણ આ નરજન્મ ફોગટ ગુમાવ્યો એવું થશે. માટે મારા પ્રિય મિત્ર ! સમયસર જાગૃત થા ગુરૂપાસેથી આત્મજ્ઞાન મેળવી લે, ધર્મસંગ્રહ કર અને હંમેશા પરોપકારરત રહે આ માનવ જન્મમાં કઇ સારા કર્મો કરીશ તોજ તેની મદદ થશે. ધર્મ એજ જીવાત્માનો અંતઃકાળનો સાચો સાથી છે. તેથી હંમેશા સદાચાર રાખી ઇશ્વર-સ્મરણ કરતો રહે. એમ નહી કરતા તુમાત્ર વિષય સેવન કરે છે અને ખાઈ પી ઉંઘે છે, અમનચમન કરે છે અને અજ્ઞાનના અંધઃકારમાં રહે છે. એવા માણસનો જન્મ ફોગટ સમજવો. એવો માણસ ભૂમીને બોજારૂપ છે. તે જન્મમૃત્યુના ફેરા ફરે છે. માટે હે મુનિવર્ય ! તું સદગુરૂના વચનનું પાલન કરી મોક્ષનો અધિકારી થા.

ઇ. સ. ૧૪૫૮ ના સુમારમાં એટલે સંવત ૧૫૧૫ ના કારતક વદી ૧ ના દિવસે ઇમામશહા મહારાજ હાજરબેગ સાથે કાનમ જીલ્લામાં ચાંદોદ ગામે જવા નિકળ્યા. કાનમમાં ગીચ જંગલ અને મોટાં કોતરો હતા તેથી આ રસ્તે એકલાએ જવું જોખમ ભરેલું હતું. કારણ જંગલમાં જાનવરોની બીક હતી અને લુટમારના ગુન્હા

પણ બનતા હતા; આવો ભયંકર રસ્તો હોવાથી સદ્ગુરૂએ પોતાની ગાડી ધીમેથી ચલાવવા હાજરબેગને કહ્યું.

આગળ જતા ગાડી એક કોતરમાં ઉતરવા લાગી. રસ્તો ભયંકર હોઈ માર્ગ દેખાતો નહોતો. તેથી હાજરબેગ રસ્તો ખોળવા ફાં ફાં મારતો હતો. એટલામાં એક લુટારો નજીક આવતો દેખાયો હાજરબેગ ગભરાયો પણ સદ્ગુરૂએ તેને ધીરજ આપી શાંત કર્યો.

સદ્ગુરૂના કપડા તથા ગાડી વિગેરે જોઇ તેમને લુટવાની તેની ઇચ્છા થઇ. તેથી તેમને ઠાર મારવા માટે તેણે ધનુષ્ય ઉપર બાણ ચડાવી દોરી ખેંચી પણ સદ્ગુરૂએ જરાસરખો ક્રોધ કે ગભરામણ કર્યા વગર એક અદૃશ્ય બંધનથી તે લુંટારૂના હાથપગ બાંધી નાંખ્યા.

આ રીતે લુંટારૂના હાથ પગ તો બંધાયા જ પણ તેણે ધનુષ્ય ઉપર જે બાણ ચડાવ્યું હતું તે પણ ત્યાંને ત્યાંજ રહ્યું. આ જોઇ લુંટારૂ ખુબ જ ગભરાયો અને તેને લાગ્યું કે હવે જો આવી જ દશા જીંદગી સુધી રહેશે તો હું શું કરીશ. મારા કુટુંબ પરિવારના પોષણનું પણ શું થશે ? આ વિચારથી તે થરથરવા લાગ્યો.

મનુષ્યના મનમા કોઇપણ બીક પેસી જાય છે ત્યારે તેના મન ઉપર જબરદસ્ત દબાણ નિર્માણ થઇ તેની ઉછાળા મારતી પ્રવૃત્તિ નષ્ટ થાય છે. અને એમ થવાથી તેના મનમાં સુવિચાર આવી તે નીતિના માર્ગે જવા પ્રેરાય છે. પેલા નાયા લુટારાની સ્થિતી પણ એવીજ થઇ. પોતાની લાચારી જોઇ સામે દેખાતા સત્પુરૂષની શરણે જવા તેણે વિચાર કર્યો.

તેનો આ વિચાર સદ્ગુરૂએ અંતર્જ્ઞાનથી જાણ્યો તેથી તેમને તેની દયા આવી એટલે લુટારાના બંધનો એની મેળે ઢીલા પડ્યા. અને તેના હાથ પગની હિલચાલ શરૂ થઈ. લુટારો સદ્ગુરૂ પાસે ગયો અને તેણે તેમને સાષ્ટાંગ દંડવત કર્યા. સદ્ગુરૂ બોલ્યા—

'અરે નાયા ! આ તું શું કરે છે ?'

'મહારાજ, જીવન નિર્વાહ માટે મારે આ કરવું પડે છે.'

'પણ આ પાપ છે એ તું કેમ જાણતો નથી ?'

'મહારાજ, આ હું મારા કુટુંબ માટે કરૂં છું. તેમા મારો શો દોષ.'

'નાયા આમાં તુજ દોષી છે. ચોરી કે લુટ કરી તેમનું પોષણ કરવા તારા કુટુંબીજનોએ તને કહ્યું નથી. બીજો કોઇપણ સારો ધંધો કરી તારા કુટુંબનું પોષણ કરવું એ તારી ફરજ છે. છતા ચોરી કરી તું એમનું પેટ ભરે છે એ ગુન્હો તારો છે. એ ગુન્હામાં તારૂ કુટુંબ ભાગીદાર નહી થાય. સારામાં બધા ભાગીદાર થશે પણ ખરાબમાં કોઇ નહી થાય.

કેના છોરૂ કેના વાછરૂં, કેના માય ને બાપ ।
અંતઃકાલે જાયે પ્રાણી એકલો, સાથે પુણ્યને પાપ ।।

આ દુનિયામાં કોણ કોનો છોકરો અને કોણ કોનો બાપ કે કોણ કોની માતા. કોઇ કોઈના નથી. જીવાત્મા માત્ર કર્મનું પોટલું લઈ નેજ ચાલવા લાગે છે. તેથી તારા કુટુંબ માટે જે આ પાપ કરે છે તેમાં એ પૈકી કોઇ સહભાગી નહી થાય.

લુટારો બોલ્યો, 'હા પણ હું તો એમના માટેજ આ બધું કરૂં છું.' સદગુરૂ બોલ્યા 'એમ હોય તો તુ ઘેર જઇ તારા મા બાપને બૈરી છોકરાને પુછી આવ કે 'મારા પાપમાં તમારો હિસ્સો ખરો કે નહી' હું અહીંજ થોભું છું.

સદગુરૂના કહેવા પ્રમાણે નાયો તરતજ ઘેર ગયો અને તેણે પોતાના પિતાને પુછયું 'પિતાજી, હું ચોરી અને લુટ કરી પેટ ભરૂં છું તે તે પાપમાં તમારો હિસ્સો ખરો કે નહી ?'

બાપે ઉત્તર દીધો–' ના અમે એમા ભાગીદાર નથી તારે અમારૂં પેટ ભરવાનું. પછી ગમે તેમ કરીને ભર.'

આ જવાબ સાંભળ્યા પછી લુટારાએ પોતાની માતા અને પુત્રને પણ પુછયું પણ દરેક જણે એકજ જવાબ આપ્યો. તેના પાપકર્મમાં ભાગીદાર થવા કોઇ તૈયાર નહોતું.

લુટારૂને ખાત્રી હતી કે પોતાની પત્નિ તો ભાગીદાર જરૂર થશે. તેથી તેણે ઉપર પ્રમાણેનો સવાલ તેણીને કર્યો. પત્નિ બોલી, ' મહારાજ ! થોડા વખત મને એક વિછીએ ડંખ માર્યો છે. તેથી મને ખૂબ વેદના થાય છે આ વેદના તમે થોડીવાર મારા માટે સહન કરો. પછી હુ તમારા સવાલનો જવાબ આપીશ.' નાયો બોલ્યો ' એ વેદના હું શી રીતે સહન કરી શકીશ.' પત્નિએ તરતજ જવાબ આપ્યો–' ત્યારે હું તમારૂં પાપ શી રીતે ભોગવી શકીશ ?

પત્નિનો જવાબ સાંભળી નાયાની આંખ એકદમ ખુલી તેણે વિચાર કર્યો કે જેમના માટે હું આટલું પાપ કરૂં છું તે જો તેમાં ભાગીદાર થવા તૈયાર નહી હોય તો મારે પણ આ પાપકર્મ શા માટે કરવું ? અત્યાર સુધી મને જે વસ્તુનો ખ્યાલ નહોતો તે ખ્યાલ મહાત્માએ મને કરી આપ્યો કે

કેના છોરૂ કેના વાછરૂ, કેના માયને બાપ ।
અંતકાળે જાવે પ્રાણી એકલો, સાથે પુણ્યને પાપ ।।

સાચેજ એ મહાત્મા ધન્ય છે. આજે મારૂં નસીબ ખુલ્યું.

નાયાએ પોતાના સર્વસ્વનો ત્યાગ કરી તે સદગુરૂ પાસે ગયો તેને

આત્મજ્ઞાનની તીવ્ર ઇચ્છા થઇ. અને સદગુરૂના માત્ર દર્શનથીજ તેને સત્‌નું પૂર્ણ જ્ઞાન થયું. સદગુરૂના ચરણ પકડી તે તેમને અનન્ય ભાવે શરણે ગયો. તે બોલ્યો

'હે દીનદયાળ, ભક્ત વત્સલ, કૃપાળુ દાતાર, સદગુરૂ નાથ ! ધન્ય છે આપના સત્સંગને કે મારા જેવા નીચ નરરાક્ષસને આપે ક્ષણવારમાં જ્ઞાનમાર્ગ બતાવ્યો. સદગુરૂનાથ ! હું કોળી જાતીમાં જન્મેલો હોવાથી મારૂ દરેક કર્મ દોષવાળું હતું. ખાવું પીવું હરવું ફરવું વિગેરે મારો તમામ વ્યવહાર પાપી હતો. કારણ લુટમાર કરી નિર્વાહ કરવાનો ધંધો વંશપરંપરાથી અમારે ત્યાં ચાલતો આવેલો હોવાથી હું પણ એજ કર્મ કરતો હતો. આજસુધી કેટલીએ હત્યા અને અઘોર કર્મો મારા હાથે થયેલા છે. એ પાપકર્મની સીમા એટલે આપના જેવા સદગુરૂને પણ ઠાર મારવાની દુષ્ટબુદ્ધિ મને થઇ પણ આપ મારા ઉપર જરાપણ નારાજ નહી થતા મારા ઉપર દયા કરી મને આત્માનું ભાન કરાવી આપ્યું.

આમ કહી તેણે સદગુરૂને સાષ્ટાંગ પ્રણામ કર્યા. ઇમામશાહા મહારાજ બોલ્યા, 'નાયા હવે આ મનઃસ્તાપ બંધ કર. આ પાપ કર્મ શા કારણે કરવા પડયા તેનો વિચાર કર ! એમ કહી સદગુરૂએ તેના મસ્તક ઉપર હાથ મૂકયો એટલે તેને પોતાના પૂર્વજન્મની સ્મૃતિ થઇ અને તે ચોંકી ઉઠયો. તે બોલ્યો–

'ગુરૂ મહારાજ મારા પૂર્વજન્મમાં કરેલા એક ઘોર અપરાધનું ફળ હું ભોગવું છું. મારા ઉપર દયા કરો અને આ ઘોર કર્મપાશથી મને બચાવો.'

સદગુરૂ બોલ્યા 'તને થયેલા આત્મજ્ઞાનથી તારો જન્મ શા માટે થયો તે હવે તું જાણી શકતો નથી ?'

સદગુરૂના આ સવાલથી નાયાને એકદમ ભાન થયું તે વૃત્તિશૂન્ય બની પરમતત્વ જાણવાનું સંપૂર્ણ જ્ઞાન તેને થયું ગુરૂકૃપાથી તે સકળ વેદશાસ્ત્ર સંપન્ન થયો હતો. સત્ તત્વનું એટલેજ પરબ્રહ્મ પુરૂષોત્તમના અપાર અને અનિર્વાચ્ય પરમ લીલાનો સાક્ષાત્કાર રૂપે

અનુભવ તે કરતો થયો હતો. ઇમામશહા મહારાજે ઉપર મુજબ પ્રશ્ન પુછતા તે બોલ્યો, 'મારે હવે શું કરવું તે આપજ કહો !'

સદગુરૂ બોલ્યા 'પરમતત્વના સાક્ષાત્કારથી પવિત્ર થયેલ નાયા ! સાંભળ, દુનિયામાં સંતમહાત્માઓનો જન્મ માત્ર આત્મોન્નતિ માટેજ થતો નથી, પણ અન્ય જનોને ઉન્નતિનો માર્ગ દેખાડવા માટે હોય છે. સંત વિભૂતીઓ વિશ્વના કલ્યાણ માટેજ હોય છે. નિરહંકાર બુદ્ધિથી પરોપકાર કરતા રહેવું એ સંતોનું આદ્ય કર્તવ્ય છે તેથી દરેક સંતમહાત્માએ પરોપકારના કામેજ લાગવું જોઇએ. માટે તને પ્રાપ્ત થયેલા સતજ્ઞાનનો ઉપદેશ તું ગામેગામ ફરીને લોકોને કરતો રહે.'

આ પ્રમાણે કહી સદગુરૂ ઇમામશહા મહારાજે તેને રજા આપી. નાયાનુ હૃદય દિવ્ય પ્રેમથી ઉભરાઈ ગયું. સદગુરૂએ તેને આશિર્વાદ આપી તેઓ આગળ નિકળી ગયા.

૧૩ સદગુરૂ ઇમામશહાનો ગુજરાતનો પ્રવાસ.

અતિ દિવ્ય પ્રેમથી પોતાના પરમશિષ્ય નાયાને વિદાય આપી સદગુરૂ મહારાજ આગળ ચાલવા લાગ્યા. લોકોને સત્પંથ સદ્ધર્મનો માર્ગ બતાવવા માટે કષ્ટ વેઠી તે મુશાફરી કરતા હતા. આવાગમનનો ફેરો ટળે તે માટે તેઓ જ્ઞાનોપદેશ કરતા હતા. સાધકને વેદશાસ્ત્રસંપન્ન કરતા અને ભકતીમાર્ગે લગાડતા. દીન જનોનું દુઃખ હરણ કરી કેટલાક દર્દીઓની બિમારી પણ દૂર કરી લોકોને સુખી કરતા હતા.

આ પ્રમાણે સદગુરૂ મહારાજ ચમત્કાર બતાડી અને લોકોને આનંદ આપતા સદ્ધર્મનો પ્રચાર કરતા હતા. લોકો તેમનું સન્માન કરી જય-જયકાર કરતા હતા. સદગુરૂ મહિમા અપાર છે. દરેક જીવાત્માએ તેમની કૃપા મેળવી આત્મોન્નતિ કરી લેવી.

ચાંદોદ ગામેથી સદગુરૂ અવાખલ ગામે જઈ ત્યા ધર્મપ્રસાર કર્યો. ત્યાંથી તે પાટણ ગામે જઈ ત્યાં કંદોઈ જાતીમાં સત્પંથનો ઉપદેશ આપી

ઘણા શિષ્યો તૈયાર કર્યા. તેમને આશિર્વાદ આપી ત્યાંથી નિકળી એસાવર ગામે ગયા.

સદગુરૂ મહારાજ મારવાડના ચિતોડગઢ ગામે હતા ત્યાં તેમને વેલજી નામનો વાણિયો મળ્યો હતો. તેને ચિતોડગઢ છોડી એસાવર ગામે જઈ રહેવા સદગુરૂએ કહેલું તે પ્રમાણે તે પોતાના કુટુંબ પરિવાર સાથે આનંદથી રહેતો હતો એસાવર ગામે સદગુરૂ આવેલા જોઈ વેલજી ગળગળો થઈ ગયો. તે સન્માનપૂર્વક તેમને પોતાને ઘેર લઇ ગયો. ત્યા કુંટુંબના માણસોએ સદગુરૂને આદરભાવથી પ્રણામ કર્યા. સદગુરૂની કીર્તિ સાંભળી ઘણા લોકો તેમનો ઉપદેશ સાંભળવા આવવા લાગ્યા. સદગુરૂએ સાદી ભાષામાં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવાથી કેટલા લોકો તેમના સેવક બન્યા. તેમના આગ્રહથી સદગુરૂ તે ગામે થોડા દિવસ રહ્યા.

૧૪ નાયાકાકા અને ભાભારામ અદભૂત મેળાપ અને સદ્ગુરૂનો સમાગમ.

નાયાકાકાને ગુરૂ કૃપાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી તે ઘર અને કુંટુંબ પરિવાર છોડી લોકોને ઉપદેશ આપવામાટે ગામોગામ ફરવા લાગ્યા. ફરતા ફરતાં તેઓ ચરોત્તર જીલ્લાના પેટલાદ તાલુકાના વસો ગામે જવા નિકળ્યા.

વસો ગામમાં કેશવલાલ નામના એક શ્રીમંત અને નીતિવાન ગૃહસ્થ રહેતા હતા. તે બહુજ ધાર્મિક અને સંત પુરૂષોની સેવા કરનારા હતા. પણ એમને પુત્ર સંતાન નહી હોવાથી ચિંતામાં હતા. પરંતુ થોડા સમયબાદ એમને એક દેખાવડો અને સાત્વિક પુત્ર થયો. પુત્રજન્મથી માતા પિતાને બહુજ આનંદ થયો. તેમણે ગરીબોને ઘણું દાન આપ્યું અને પુત્રનું નામ ભાભારામ રાખ્યું.

ભાભારામ નિશાળમાં જવા લાગ્યો. થોડાજ વખતમાં તેણે સારી વિદ્યા સંપાદન કરી પણ થોડાજ સમયમાં તેના માતા પિતાજી મરણ

પામ્યા પછી તેની જવાબદારી વધી. તે પોતાના પિતા પ્રમાણેજ તીવ્ર-બુદ્ધિનો અને ધાર્મિક વૃતીનો હતો. તેણે કાશીક્ષેત્રમાં ધર્મશાળા બાંધી ત્યાં અન્નસત્ર શરૂ કર્યું જેની નિશાની આજે પણ મોજુદ છે. દરરોજનો પૂજાપાઠ વિગેરે કર્યા પછી ભાભારામ રોજ મંદિરમાં જઈ નિષ્કુળાનંદ સ્વામી પાસેથી બ્રહ્મવિદ્યા ગ્રહણ કરતા. એક દિવસે ભાભારામ દેવાગામે ગયા હતા ત્યાંથી વસો ગામે પાછા ફરતા રસ્તામાં તેમને નાયા કાકાનો મેળાપ થયો.

સંત મહાત્મા પુરૂષો ગમે ત્યાં અને ગમે તે વેશમાં હોય તો પણ તેમના તપોબળની સુવાસ છાની રહેતી નથી. એકાદ છિદ્રમાંથી પણ સૂર્યપ્રકાશ બહાર દેખાય છે તેમ સત્પુરૂષોની કીર્તિપણ ફેલાય છે. કસ્તુરીની સુગંધ પ્રમાણે એમના તપોબળની સુગંધ પણ પ્રગટ થાય છે.

સદગુરૂના સંપર્કથી નાયાકાકા પરમ પદે પહોંચેલા એક મહાન પુરૂષ હોવાથી તેમના દર્શનથી ભાભારામનું અંતઃકરણ ભક્તિભાવથી ભરાઈ ગયું આપણો એકાદો જૂનો સંબંધી ઘણા દિવસ પછી અચાનક મળી જાય તો આપણી જે અવસ્થા થાય તેવી ભાભારામની અવસ્થા થઈ. ભાભારામ પોતાના વાહનમાંથી નીચે ઉતરી નાયાકાકાપાસે ગયા. તેમની પુછ પરછ કરી.

'હું પરદેશનો પાંથસ્થ છું. માર્ગભૂલી હું આડે માર્ગે જતો હતો પણ એક સદગુરૂના દર્શનથી મારા પૂર્વજન્મની સ્મૃતિ જાગ્રત થઈ અને હું સારા માર્ગ ઉપર આવ્યો છું. આપને કેટલીક વાતો કહેવા માટે હું આવ્યો છું.' એમ નાયાકાકાએ કહ્યું. ભાભારામે પોતાના ઘેર લઈ નાયા-કાકાની ઉત્તમ વ્યવસ્થા રાખી.

ઘણા દિવસસુધી જ્ઞાન ચર્ચા થયા પછી નાયાકાકાએ સદગુરૂ ઈમામ-શાહ મહારાજ પાસેથી મળેલા બ્રહ્મજ્ઞાનનો ભાભારામને ઉપદેશ કર્યો. એમની તમામ શંકાઓનું નિવારણ કર્યું અને તેમને બ્રહ્મજ્ઞાની કર્યા.

ભાભારામના મનમાં શંકા નિર્માણ થઇ કે આપણે આગલા જન્મમાં કોણ હતા, અને કયા કારણથી આપણને આ સત્સમાગમ થયો. તેથી પોતે પૂર્વજન્મમાં કોણ હતા તે વિગેરે માહિતી જણાવવા તેમને નાયાકાકાને પુછયું.

નાયાકાકા બોલ્યા, " મનુષ્યનો આગલા જન્મનો જે કર્મ વિપાક ભોગવવાનો બાકી રહેલો છે તે ભોગવવા માટે પરમાત્માએ જીવને જન્મ આપે છે. ઉત્તમ જન્મ પામનાર શ્રદ્ધાવાન હોવા છતા બ્રહ્મ સાથેની એકતા સાધવામાં કંઈ અપૂર્ણતા રહે અને ભોગવાસના સર્વાંશે નાશ પામેલી હોતી નથી એવા જીવ યોગભ્રષ્ટ થવા છતાં દુર્ગતીએ જતા નથી પણ પોતાના પુણ્યના લીધે મેળવેલા સારા લોકમાં જાય છે અને ભોગવાસના બાકી રહેલી હોય તે ભોગવવા માટે આ લોકમાં જન્મધારણ કરે છે. એ ફળ ભોગવતા ભોગવતા તેને અકસ્માત વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. સત અને અસતનું ભિન્નપણાનું તેને ભાન થાય છે. ત્યારે તે સંસારને તુચ્છ સમજી તેનો ત્યાગ કરે છે. અથવા તો તેમાં નિર્લેપ રહે છે અને પોતાના જન્મનું સાર્થક કરી લે છે. ભ્રષ્ટ યોગી કોઈ ધર્મશીલ વિદ્વાનના ઘેર, પવિત્ર શ્રીમંતના ઘેર અગર તો યોગસંપન્ન પુરૂષને ત્યાં જન્મ લે છે. શરૂઆતમાં તો તે ભોગ ભોગવવામાં મશગુલ હોય છે પણ તેની ભોગેચ્છા અકસ્માત પુંરી થાય છે અને તે જ્ઞાનયોગ સાથીજીવન્મુક્ત થાય છે. આપ આવાજ એક ભ્રષ્ટ યોગી છો અને એ યોગસાધના પુરી કરવા માટે જ આપે આ લોકમાં જન્મ લીધો છે.

ભાભારામ— મહારાજ જીવન્મુક્ત અને વિદેહમુકત એમાં શું ફરક છે તે કહેવા કૃપા કરશો ?

નાયાકાકા—જીવનમુકત માણુસ પોતાનું જીવન નિતિનિયમ મુજબ વિતાડે છે. છતા તેનાથી અળગો રહે છે. બહારથી વૃત્તિયુકત દેખાતો હોવા છતાં અંદરથી નિવૃત હોય છે. જીવનમુકત એમજ માને છે કે ભ્રાંતીના લીધે જ દુનિયા જુદી દેખાય છે પણ તે મારૂ જ સ્વરૂપ છે.

હું અને જગત જુદા નથી જ્યા જુએ છે ત્યાં તેને પરમાત્મ તત્વ જ દેખાય છે. તેથી જ તે દુનિયાનો આનંદ લે છે છતાં એ સુખ તે ક્ષણિક અને કલ્પિત માને છે અને તેથી એ કલ્પિત સુખ ભોગવવામાં તે નિસ્પૃહ રહી સ્વરૂપમાં દઢ રહે છે. વિદેહમુકત ભેદ દષ્ટીથી ભયવ્યાપ્ત રહે છે અને દુનિયા સુખ દુઃખરૂપ દેખાયાથી તે તેનાથી અલગ રહે છે. દુનિયાને દુઃખરૂપ માની અંદર અને બહારથી તે તેનાથી અલગ રહે છે. સાધન છોડી સાધ્ય મળેલો હોય છે તેથી દસ ઈન્દ્રીયો અને અંતઃકરણના સમૂહથી નાશવંત શરીરરૂપ સાધનથી સ્વરૂપાનુસંધાન કરી શકે છે. આ કલ્પિત સાધનો વિદેહમુકતને નહી જેવા હોય છે જ્યારે જીવન્મુકતને તે અપ્રત્યક્ષ કાયમ રહીને સ્વરૂપાનુ-સંધાન કરાવે છે. તેથી તે કલ્પિત સુખનો અપ્રત્યક્ષ ઉપભોગ લે છે. વિદેહમુકત હઠથી અને જીવનમુકત યુકિતથી પરમપદની પ્રાપ્તિ કરી લે છે.

વધુ સ્પષ્ટતા માટે એક દાખલો આપું. આંધળો અને દેખતો બંને એક જ જગાએ બેઠેલા હોય એક સંગીત સાંભળે છે. દેખતો માણુસ આંખે દેખી આનંદ લે છે જ્યારે આંધળો અંતરવૃત્તીથી આનંદ લે છે બંનેનું સુખ સમાન હોય છે છતાં આંધળો ગાનારાના મોહકપણુથી અથવા એની હિલચાલથી નિર્ભય હોય છે. તેને કોઇ બીક હોતી નથી. કારણુ તે દેખી શકતો નથી પણુ દેખનાર માણુસને સુંદરતાનો અનુભવ અથવા ચોર કે મારનારની બીક લાગશે. એ ભય અપ્રત્યક્ષ હોવા છતાં તે લાગશે તો ખરૂ જ. આ પ્રમાણે દેખતા માણુસને જેમ અપ્રત્યક્ષ આનંદ હોય છે તેમ સાધનોના લીધે થનારા ભયનો પણુ સંભવ હોય આંધળાને અપ્રત્યક્ષ સુખ કે ભયનો સંભવ નથી હોતો. આ દેખાતો એટલે જીવનમુકત અને આંધળો એટલે વિદેહ મુકત જીવનમુકત સાધનસિદ્ધોમાં ઢીલો પડશે તો તેને જન્મ લેવો પડશે. વિદેહમુકતની સાધના હઠમય હોવાથી તેને ગબડી પડવાની બીક નથી હોતી.

ભાભારામ—મહારાજ, મારા અનંત જન્મોના પુણ્ય આજે સફળ થયા. આપના જેવા ભવતારક ગુરૂબંધુના સત્સમાગમનો અલભ્ય લાભ મને મળ્યો એ મારૂં અહોભાગ્ય છે. હવે મારા એક પ્રશ્નનો ઉકેલ બતાવો. મોક્ષનું લક્ષણ શું અને મુકિત શી રીતે મેળવી શકાય ?

નાયાકાકા—હે મુમુક્ષુ ગુરૂબંધુ, હું નથી જ્ઞાની કે નથી મહાત્મા કર્મના ફળ ભોગવનારો એક ક્ષુદ્ર પ્રાણી છું. મહાત્મા તો આપ છો કાદવમાં પડેલો હિરો ચોખ્ખા પાણીથી ધોઇ સાફ કર્યા વગર પ્રકાશ આપી શકતો નથી તે પ્રમાણે તમે પણ ઉપાધીરૂપી કાદવમાં પડેલા હોવાથી તમે ચિદાનંદસ્વરૂપ જોઈ શકતા નથી. તમારૂં પ્રારબ્ધ અને પુરૂષાર્થ સફળ છે એમ હું માનું છું. તમે પુછેલો પ્રશ્ન ગહન હોઈ તેનો જવાબ આપવો મારી શકિતની બહાર છે. જ્યા ઋષિમુનીની પણ ગતિ પહોંચી શકતી નથી ત્યાં મારા જેવા પામરની તો શી વાત ? પણ સદગુરૂ મહારાજના કૃપા પ્રસાદથી તમારા પ્રશ્નનો જવાબ આપુ છું.

જે સૂક્ષ્મ, અવિજ્ઞેય, અવ્યકત, અચલ, ઇન્દ્રિયોનો સમૂહ–વિષયો અને પ્રાણીમાત્રથી દુર એજ સર્વ પ્રાણિઓનો અંતરાત્મા, પરમાત્મા, પરમશ્રેષ્ઠ છે. એને ક્ષેત્રજ્ઞ કહે છે. એને જ ત્રિગુણાતીત, મુકત પુરૂષ પણ કહે છે. પૂજન, વંદન, ઉપાસના વિગેરે માટે પણ તેજ યોગ્ય છે. તેના કરતાં બીજું કોઈ શ્રેષ્ઠ નથી અને તેના સ્વરૂપમાં વિલીન થવું એજ મુકિત છે. પંચપ્રાણ, દસ ઇંદ્રિયો, મન અને બુદ્ધિથી જે મુકત છે, ત્રિગુણથી પર છે તેમજ પાપ કે પુણ્યથી પણ પર છે તેવા જ પુરૂષને મોક્ષ મળે છે. ચિદાત્મા એ મુકતની ગતિ છે. આદ્યમૂર્તિમાં મુકતાત્માનો પ્રવેશ થઇ ભેદનો નાશ થવો એજ મુકતાત્માની ગતિ છે. જે પ્રમાણે હાથ, પગ, ઉદર અને ઉપસ્થ ઇન્દ્રીયોનું રક્ષણ કર્યું છે, નિષિદ્ધ કર્મ કર્યું નથી અને કરેલા કર્મનું અભિમાન રાખતો નથી સમદૃષ્ટીથી રહી ઈશ્વરનું શરણ લીધું છે તેજ આ ગતીને પામે છે અને તે ઈશ્વરનું સ્વરૂપ શ્વેતદ્વિપમાં વાસ કરે છે. ત્યાંના મુકતાત્મા સ્થૂલદેહ વગરના હોય છે.

તે ઇન્દ્રિયભોગ અને ચેષ્ટા રહિત હોય છે. સત્વશીલ અને તેજસ્વી હોય છે તેથી તે દ્વૈતભાવ રાખનારની નજરે કદાપિ પડતા નથી. (તે જે શ્વેતદ્વિપમાં રહે છે તે શ્વેતદ્વિપમાંથી પરબ્રહ્મનો દસમો અવતાર શ્રી નિકલંકી નારાયણ સ્વયંસિદ્ધ પ્રગટ થઈ ઘોડા ઉપર સ્વાર થઈ હાથમાં દિવ્ય તલવાર લઈ કલિયુગમાનો રાક્ષસોનો સંહાર કરશે એવી આગમવાણી સદ્દગુરૂ ઇમામશાહે કથન કરેલ હોવાથી પરમેશ્વર શ્વેત-દ્વિપમાં સાક્ષાત સ્વરૂપ છે.) તે દિવ્યમૂર્તિના સ્વરૂપનું તેજ કરોડો સૂર્યોના તેજ કરતા પણ વધુ હોવાથી તે બ્રહ્મમૂર્તિના સ્વરૂપનું વર્ણન કરવું શકય નથી. એ બ્રહ્મદર્શન જોવું હોય તો સદગુરૂ ઈમામશાહાનો સમાગમ થવાની જરૂર છે.'

નાયાકાકાની આ અમૃતવાણી સાંભળી ભાભારામનું મન ઉભરાઇ આવ્યું. તેમણે નાયા મહારાજના પગ પકડયા અને તે બોલ્યા, 'મહા-રાજ, જેમના કૃપા પ્રસાદથી આ દિવ્યજ્ઞાન આપણને મળ્યું તે મહા-પુરૂષનું થોડુંક ચરિત્ર મને કહો. એ મહાપુરૂષના દર્શન આપ મને કરાવી આપો.

નાયાકાકાએ સદગુરૂનો ટુંક પરિચય ભાભારામને કહી સંભળાવ્યો અને પોતાને મળેલા અંતર્જ્ઞાનના લીધે ભાભારામને તેના પૂર્વજન્મની ઝાંખી કરાવી. નાયાકાકાએ સદગુરૂના સ્મરણથી ભાભારામના માથા ઉપર હાથ મુકયો તે બરાબર ભાભારામને પોતાના પૂર્વજન્મની સ્મૃતિ થઇ. તેમને હવે સદગુરૂના દર્શનની તાલાવેલી લાગી તે બોલ્યા—

'મહારાજ, આ દાસને પૂજ્ય ગુરૂજીની સમક્ષ લઇ ચાલો તેમની પાસે જતા હું શરમાવું છું કારણ તેમની કૃપાથી મેં સ્વર્ગસુખ ભોગવ્યું અને હાલનો ઉત્તમ પ્રકારનો મનુષ્યજન્મ મળ્યો તેમની સેવા મારા હાથે આજ સુધી થઈ નહી. મિથ્યા માયામાં ફસાઇ હું સત્યમાર્ગથી વંચિત રહ્યો. હું કેવો નિમક હરામ છું ? હે પ્રિયબંધુ, હું આપને શરણે આવ્યો છું. મારો ઉધ્ધાર કરો.'

ભાભારામની આ સ્થિતી જોઇ નાયાકાકાએ દિલાસો આપતા કહ્યું 'શાંત થાવ, ચિંતા ન કરો. હું પાપ કરનારો હોવા છતાં કેવળ તેમના દર્શનથી પવિત્ર થયો છું તમે તો ધર્મ કાર્ય કરો છો. સદ્દગુરૂ દયાળુ છે તે કોઇની અવગણના કરતા નથી માટે આપ વિશ્વાસ રાખી ચાલો.'

આ દરમ્યાન સદગુરૂ ઈમામશહા મહારાજ એસાવર ગામે પંદર દિવસ રહી જુનાગઢ આવ્યા. ત્યાંથી ઘોઘા ગામે જઈ ખંભાત, પંચ-મહાલ, પાવાગઢ, ચાંપાનેર અને વડોદરા થઇ દેવા ગામે આવ્યા હતા. નાયાકાકાએ આ વાત અંતર્જ્ઞાનથી જાણી. તેથી તે ભાભારામને બોલ્યો, 'તમારે જો સદગુરૂને મળવું હોય તો તે દેવાગામેજ હાલ છે.'

આ સાંભળી ભાભારામને ઘણો આનંદ થયો અને તે બંને જણા દેવાગામે જવા નિકળ્યા ગુરૂજીના મુકામે પહોચ્યા ત્યાં તો અંતર્યામી સદગુરૂ મહારાજ તેમને મળવા માટે સામેથી આવતા દેખાયા. નાયાકાકા ગુરૂજીને પગે લાગ્યા અને ભાભારામે પણ તેમજ કર્યું. સદગુરૂએ તેમને દૃઢાલિંગન આપ્યું.

ભાભારામને મોક્ષ સંબંધોનું જ્ઞાન આપ્યું તેથી તેમનું મન સ્થિર થયું. પછી સદગુરૂની આજ્ઞા લઇ તે તપશ્ચર્યા કરવા માટે વનમાં નિકળી ગયા. નાયાકાકા પણ લોકોને સતૃજ્ઞાનનો ઉપદેશ આપવા માટે નિકળી પડયા.

૧૫ સત્સમાગમનો અપાર મહિમા.

अघौघं प्राचीनं विघटति पुण्यं प्रथयति ।
प्रसूते सद्बुद्धि नवनवकला पल्लवयति ॥
हरत्यज्ञानान्ध्यं दिशति परमानंद पदवीं ।
सतां संगः कल्पद्रुम इव न किं किं वितनुते ॥

સત્સંગ કલ્પવૃક્ષ પ્રમાણે હોય છે. તે પાપના ઢગલાનો નાશ કરે છે, સદ્દબુધ્દિ આપે છે, કળાનો વિકાસ કરે છે અંધઃકારનો નાશ કરે છે અને પરમાનંદ આપે છે.

ઈમામશાહા મહારાજ દેવા ગામેથી નિકળી ગામેગામ સત્પંથનો ઉપદેશ આપતા અમદાવાદ શહેરમાં આવી પહોચ્યા અને એક જગાએ તંબૂ ઉભો કરી ત્યાં રહ્યા. એ વખતે અમદાવાદમાં ઘણા જ્ઞાની ફકીરો રહેતા હતા. ઇમામશાહા ત્યાં આવવાની વાત એમણે જાણી. ઇમામશાહ જાગતી જ્યોતિ છે એવું તેમણે સાંભળ્યું હતું તેથી આવા પુરૂષ ત્યાં નહી રહે તે માટે કંઈક તજવીજ કરવાનું વિચારવા બધા ફકીરો ભેગા મળ્યા. ઇમામશાહા ત્રિકાળદર્શી હોવાથી પોતે કરેલી તજવીજ બદલ તેમને કંઇ-પણ ખબર ન પડે એ રીતે એક યુક્તિ યોજવાનું તેમણે નક્કી કર્યું.

તેમણે એક કાચનો ગ્લાસ દુધથી પુરેપુરો ભર્યો. તે એટલે સુધી કે તે જરાપણ હાલે કે તેને ધક્કો લાગે તો અંદરનું દુધ ઢોળાય. એ પ્યાલો તેમણે એક માણસ સાથે ઇમામશહા તરફ મોકલ્યો.

દુધનો ભરેલો પ્યાલો જોઇ ઇમામશહા મનમાં સમજી ગયા કે આપણે અહી વધુ વખત ના રહીએ એ આ પ્યાલા મોકલવાનો ઉદ્દેશ છે. તેથી તેમણે હાજરબેગને કહ્યું–

આ યુક્તીનો જવાબ એવી રીતે મોકલવો કે તેમની લાગણી દુભાય નહી અને તેમને આનંદ થાય.' ગુરૂજીની આજ્ઞા થતાજ હાજરબેગ ઉઠીને ઉભો થયો અને ગુરૂજીની સૂચનામુજબ પાંચ છ મોટા સફેદ અને સુગંધી ફૂલો લાવી ગુરૂજી આગળ રજુ કર્યા. ગુરૂજીએ એ ફૂલો દુધથી ભરેલા ગ્લાસમાં મૂકયા અને તેમ છતા ગ્લાસમાનું દુધ ટીપુ સરખું નીચે ઢોળાયું નહી.

દુધ લઇ આવનાર માણસને એ ભરેલો પ્યાલો પાછા આપતાં ગુરૂજી બોલ્યાં 'આ પ્યાલો પેલા ફકીરોપાસે લઈ જઇ તેમને મારા પ્રણામ કહે.' તેમના કહેવા પ્રમાણે તે માણસે દુધનો પ્યાલો ફકીરો આગળ જઇને મૂકયો. ફકીરોએ જોયું કે આપણા દુધથી ભરેલા ગ્લાસમાં પાંચ છ ફૂલો હોવા છતા એક ટીપું પણ બહાર આવ્યું નથી તે જોઇ

બધા લોકો આશ્ચર્યચકિત થયા. તેઓ મનમાં સમજી ગયા કે પ્યાલામાંનું દુધ જરાપણ ઢોળાયું નથી તેમ હું તમારામાં રહું તો તમને કઈપણ તકલીફ થશે નહી. પણ હું તમારામાં મળીનેજ રહીશ એવો ઇમામશહા મહારાજનો કહેવાનો ભાવાર્થ છે.

ફકીરોને ઇમામશહાની યોગ્યતા સમજાઈ અને તેઓ તેમને મળવા માટે ગયા. સદ્દગુરૂએ તેમની પુછપરછ કરી પોતાના સંબંધેની માહિતી નમ્રતાથી આપી. એ લોકોએ સદ્દગુરૂને એક દિવસ રોકાઈ તેમને ત્યાં ભોજન લેવા આમંત્રણ આપ્યું. એ આમંત્રણ તેમણે સ્વીકાર્યું.

જે ફકીરોએ ઇમામશહાની અદેખાઈ કરી હતી કે તે અમદાવાદથી ચાલ્યા જાય એવું ઇચ્છતા હતા તેમની દ્વેષ ભાવના નષ્ટ થઇ. તેમને પ્રેમથી ભોજન આપી વિદાય આપી. સત્‌સમાગમના કારણે આ દ્વેષભાવના નષ્ટ થઈ. પ્રેમથી પશુ પંખી તો શું પણ ક્રૂર શ્વાપદોને પણ જીતી લેવાય છે. આ સુખ સત્‌સમાગમથી મળે છે. તેનાથી દૂર રહેનાર માણસ અજ્ઞાની અને આંધળો બની કુમાર્ગે જાય છે. મહાભારતમાં કહ્યું છે કે–

यदि सन्तं सेवति यद्यसन्तं तपस्विनं यदि वा स्तेनमेव ।
वासो यथा रंगवशं प्रयाति तथा स तेषां वशमभ्युपैति ।।

જે રીતે રંગના સંગથી વસ્ત્ર રંગને આધીન થાય છે તે પ્રમાણે સતપુરૂષની સહવાસથી તે સતપુરૂષ જેવો થાય છે. અને દુર્જનની સહવાસથી દુર્જન જેવો થાય છે. એટલે મનુષ્ય જેવી સોબત કરશે તેવો તે થશે. તેથી આ અણમોલ માનવજન્મ સફળ કરવો હોય તો તેના માટે સત્સંગ જેવું બીજું સહેલું સાધન નથી.

સત્સમાગમથી પાપ નાશ પામે છે, જન્મમરણનો ફેરો ટળે છે અને મનુષ્યને નિરવશાંતિ મળે છે. સત્સંગના મહિમા માટે પુરાણમાં નીચે પ્રમાણેની એક કથા છે—

એક વખત બધા દેવો, મહર્ષિ તેમજ દેવર્ષિએ ભેગા મળી તેમણે એક તરાજુ ઉભું કર્યું અને તેમાં સતસંગના સુખનો તોલ કરવા લાગ્યા એક પલ્લામાં પળવારના સતસંગનું સુખ મૂક્યું અને બીજામાં મૃત્યુલોકના બધા સુખો મૂકયા. તેમ છતાં સતસંગનું પલ્લું જરાપણ ઉંચુ થયું નહી. એટલે સ્વર્ગસુખો વણ મૃત્યુલોકના સુખો સાથે મૂકયા પણ પલ્લું ઉંચુ ન થયું. એટલે પાતાળલોકના પણ બધા સુખો તેમની સાથે મૂકયા પણ વ્યર્થ. છેવટે દુર્લભ એવું મોક્ષનું સુખ પણ તેમાં ઉમેર્યું તેમ છતા સત્સંગના સુખની બરાબરી કોઈ કરી શકયું નહી. આ ઉપરથી સત્સંગનો મહિમા કેટલો મોટો છે તે જણાઈ આવશે.

આ જોઇ નારદમુનિ વિષ્ણુલોકમાં ગયા અને સત્સંગ સંબંધી હકિકત વિષ્ણુ ભગવાનને નિવેદન કરી પુછયું કે સત્સંગનું મહત્વ આટલું મોટું શી રીતે હોઇ શકે ?

ભગવાન બોલ્યા, 'ભૂલોકમાં બ્રહ્મારણ્યમાં સરસ્વતી નદીના તીરે શમીવૃક્ષની બખોલમા રહેતો કાચિડો તમને આ મહિમા સમજાવશે.'

નારદમુંની બ્રહ્મારણ્યમાં ગયા. તે એક કાચિડો જાણે નારદમુનીની રાહ જોતો હોય એમ દેખાયું. નારદજીએ તેને કહ્યું કે ઈશ્વરની આજ્ઞાથી હું તને સત્સંગનો મહિમા પુછવા આવ્યો છું.'

'ઇશ્વરની આજ્ઞાથી' એટલા શબ્દો કાચિડાને કાને જતા જ કાચિડો બહાર આવ્યો અને નારદજીના ચરણ આગળ દેહ છોડયો. આ જોઈ નારદજી ગભરાયા. ભગવાન પાસે જઈ તેમણે કાચિડાના મૃત્યુની વાત કહી અને પુછયું 'સત્સંગનું મહાત્મ્ય આજ હોઇ શકે કે ?'

ભગવાન બોલ્યા, 'સત એટલે શ્રેષ્ઠ, સનાતન એવા પરમાત્માને જે જાણતો હશે તે પણ સત શબ્દથી ઓળખાય છે. તેથી એવા સત્પુરૂષોનો સંગ થવો અને સત્સંગ કહેવાય છે. સત્સંગ થયા બરાબર ભવદુઃખરૂપ આપત્તિ નષ્ટ થાય છે તે કાચિડો ગયા ભવના પાપના લીધે અધમ યોની

પામ્યો. તે તમારા જેવા સત્પુરૂષોના સંગથી પાપમુક્ત થઇ પરમપદ પામ્યો. આજ સત્સંગનું મહાત્મ્ય છે.

સત્સંગથી અત્યંત દુષ્ટ મનુષ્ય પણ સત્વગુણી અને સાધુ બને છે. બુદ્ધિની જડતા દુર થઈ મુરખ પંડિત બને છે ચિત્ત પ્રસન્ન થાય છે અને એવો માણસ બધાના પ્રેમને પાત્ર થાય છે.

સત્સમાગમથી સદવિદ્યા મળે છે સદગુરૂના ચરણ કમળનો આશ્રય મળે છે અને આખર મુક્તિ મળે છે. જ્ઞાન પ્રાપ્ત થાય છે. વૈરાગ્ય મળે છે. સત્સંગ એ ભગવત પ્રાપ્તિનું દ્વાર અને મોક્ષની સીડી છે.

અમદાવાદના ફકીરોના મનમાં ઇમામશહાના પ્રત્યે જે દ્વેષભાવ હતો તે સદ્ગુરૂસમાગમથી નષ્ટ થયો. ગુરૂજીનો મહિમા સાંભળી લોકો તેમના દર્શનમાટે આવવા લાગ્યા. કેટલાક દુઃખી લોકો પોતાના દુઃખ નિવારણ માટે, તો કેટલાક સંન્યાસી લોકો શાસ્ત્રની ચર્ચામાટે આવવા લાગ્યા. બધા તેમને મળી આનંદથી પાછા જતા.

૧૬ સદગુરૂનું ખાંડવવનમાં પ્રયાણ અને હરણ શ્રાવક ઉપર દયા.

ત્યારપછી સદગુરૂ કોચરબ ગામે ગયા. ત્યાં એક વર્ષસુધી રહી આજુબાજુના ગામના લોકોને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો.

પછી તેમણે ખંડીવનમાં પ્રવેશ કર્યો. એ જંગલ ઘણું ગીચ હોઇ ત્યા અનેક જાતના પ્રાણીઓ અને વનસ્પતિ પણ હતા. ત્યા એક સુંદર તળાવ હતું એ તળાવના કાંઠે સદગુરૂ આવી પહોચ્યા અને નજીકમાંજ એક ઘટાદાર વૃક્ષની નીચે ગાડી છોડી.

ત્યાં સ્નાન સંધ્યા જાપ ધ્યાન વિગેરે કરી રહ્યા એટલામાં એક હરણનું બચ્ચું દોડતું આવી ગુરૂજીપાસે ઉભું રહ્યું એ બચ્ચું બીકથી થરથરતું હતું ગુરૂજીએ એના શરીર ઉપર હળવેથી હાથ ફેરવ્યો એટ-

લામાં તો ત્યા એક ભયંકર સિંહ આવી પહોચ્યો. બચ્ચાને જોઇ સિંહ આનંદથી ગર્જના કરવા લાગ્યો. તે બચ્ચું તેમજ ગાડીના બળદો તેમજ હાજરબેગ પણ બહુજ ગભરાયા.

પણ તે સિંહ થોડીજ વારમાં શાંત થઈ ગુરૂજીની પાસે નમ્રતાથી આવી ઉભો રહ્યો. સદગુરૂએ હાથ ઉંચો કરી તેને આશિર્વાદ આપ્યા. એટલે તે સિંહ તરતજ ત્યાંથી જતો રહ્યો. આ બનાવ જોઇ હાજરબેગ આશ્ચર્યચકિત થયો. પેલું હરણનું બચ્ચુ પણ ગુરૂજીના ચરણ આગળ આળોટવા લાગ્યું ગુરૂજીએ તેને નિર્ભય કર્યું.

૧૭ ઇમામશાહનું ગીરમથાગમન, સાત વર્ષના દુકાળનું નિવારણ અને વેલજી પટેલના દિકરાને જીવનદાન.

ખંડીવનમાંથી નિકળી ગુરૂમહારાજ આગળ મુશાફરી કરવા લાગ્યા. જંગલી પ્રદેશ વટાવ્યા પછી તેમને એક ઉજ્જડ પ્રદેશ દેખાયો. માર્ગમાં ઠેકઠેકાણે તળાવો હતા પણ કોઈનામાં પાણી નહોતુ. કવચિત ઠેકાણે એકાદ ઝાડ નજરે પડતું. બાકી તો આખોય પ્રદેશ રણજેવો વેરાન અને ઉજ્જડ જેવો દેખાતો હતો.

એકંદર પરિસ્થિતી ઉપરથી ત્યાં દુકાળ પડેલો હોય એમ જણાયું. આવા કંટાળા ભરેલા પ્રદેશમાંથી મુસાફરી કરતા ઇમામશહા સાંજના સમયે હાજરબેગસાથે ગીરમથા ગામે જઇ પહોચ્યા.

ગીરમથા ગામની બહાર તેમણે મુકામ કર્યો અને સુકાઇ ગયેલા એક તળાવમાં તેમણે તંબૂ ઠોકયો અને બળદો માટે ઘાસ લાવવા તેમણે હાજરબેગને ગામમા પટેલ પાસે મોકલ્યો. હાજરબેગ પટેલ પાસે જઇ તેણે ઘાસની માગણી કરી.

આ વિનંતી સાંભળી પટેલ ઉદાસ થયા. તેમણે કહ્યું, 'મને કહેતા શરમ આવે છે કે ગયા સાત વરસથી આ ભાગમાં વરસાદનું ટીપું પણ

નથી. ઘાસ નથી કે કુવામાં પાણી પણ નથી તેથી ઢોરો ભૂખે મરે છે. મારા ઢોરોને ખવડાવવા માટે પણ મારી પાસે પુરતું ઘાસ નથી. ગુરૂજીની આજ્ઞા મારા માથે છે પણ હું લાચાર છું.' આમ કહી તેણે હાજરબેગના પગ પકડ્યા અને આગળ કહ્યું કે, 'જો આજે વરસાદ આવે એવું કરશો તો હું આપને ઘાસ આપી શકીશ અને કાયા વાચા અને મનથી આપની સેવા કરીશ.'

હાજરબેગે જવાબ આપ્યો કે પરમાત્મા આપની ઈચ્છા પુરી કરશે અને આપને આનંદ થશે.

હાજરબેગ ત્યાંથી નિકળી ગુરૂજીપાસે જઇ કંઇ પણ બોલ્યા વગર ચૂપચાપ બેસી રહ્યા. અંતર્યામી સદગુરૂ બધું મનમાં સમજી ગયા છતા તેમણે પુછ્યું, 'તું શો વિચાર કરે છે. ઘાસ લાવ્યો કે નહી ?'

હાજરબેગે કહ્યું કે પટેલે મને ખાલી હાથે મોકલ્યો તેનું મને દુઃખ નથી પણ આ પ્રદેશમાં સાતસાત વરસથી વરસાદનું ટીપું નથી તેથી કોઇની પાસે ઘાસચારો નથી પટેલે કહ્યું કે જો ગુરૂજીની કૃપાથી વરસાદ વરસે તો ઘાસ મળી રહેશે.

ગુરૂમહારાજ બોલ્યા, 'પટેલને જઈ કહે કે આજ મધરાતે જોરથી વરસાદ વરસશે. બધા હોશિયાર રહો. કોઇ ગાફીલ રહેશો નહી.'

હાજરબેગે પટેલ પાસે જઇ ગુરૂજીનો સંદેશો કહ્યો અને ઘાસ માગ્યું. તે ઉપરથી પટેલ નજીકના એક ખેતરમાં જ્યા પટેલનું નાનકડુ ઘર હતું ત્યાં ગયા અને ત્યાંથી તેમણે હાજરબેગને થોડું ઘાસ આપ્યું.

હાજરબેગ ગયા પછી પટેલ ચિંતામાં પડયા કે આકાશમાં તો વાદળાનું નામ નિશાન નથી અને વરસાદ શી રીતે આવશે ? આવી ચિંતામાં દોઢ પ્રહોર જેટલી રાત વીતી ગઇ અને પટેલ બહુ નિરાશ થયા. પણ મધરાત થઈ અને આકાશમાં એકદમ પલટો આવ્યો.

કાળા વાદળોથી આકાશ છવાઇ ગયું વિજળીના ચમકારા થયા અને તરતજ ભારે વરસાદની શરૂવાત થઈ પટેલના ગામમાના ઘર ઉપર વિજળી ત્રાટકી.

વિજળીના અવાજથી લોકો એકદમ જાગી ઉઠયા વાવાઝોડુ શરૂ થયું હોવાથી લોકો એકદમ ગભરાઇ દોડા દોડી કરવા લાગ્યા. બેત્રણ કલાકમાં તો નદીનાળા પાણીથી છલકાઈ ગયા. ગામમાં ચોતરફ એટલું પાણી થયું કે લોકોને ઉભા રહેવાની પણ જગા ન મળે આખોય પ્રદેશ જળમય થઇ ગયો.

દિવસ ઉગવા માંડ્યો તેમ વરસાદનું જોર ઓછું થવા લાગ્યું અને સૂરજ ઉગતાની સાથે વરસાદ બંધ થયો. સાત વરસબાદ ખૂબ વરસાદ થવાથી લોકોના હૃદય આનંદથી નાચવા લાગ્યા.

પટેલ સમજી ગયા કે આ બધો પ્રતાપ ઇમામશાહા મહારાજનો છે આ કોઇ મહાન પુરૂષ હોવા જોઇએ એવી તેમને ખાતરી થઈ.

પટેલ ઘેર આવ્યા ત્યાં તો રડારડ ચાલતી હતી. તેમનો એકનો એક પુત્ર મરી ગયો હતો. રાત્રે ઘર ઉપર વિજળી પડવાથી પટેલનો દિકરો મરી ગયો–પટેલને આઘાત લાગ્યો. તે શોક કરવા લાગ્યા અને લોકો તેમને દિલાસો આપવા લાગ્યા.

થોડીવાર પછી એક માણસે પટેલને કહ્યુ 'પટેલ, વિનાકારણ દુઃખ કરતા નહી. જે મહાત્માની કૃપાથી વરસાદ વરસ્યો તે મહાત્માની કૃપાથી તમારૂં આ દુઃખપણ દૂર થશે. માટે આપણે બધા તે મહા-ત્માની પાસે જઇએ.'

આ સાંભળી પટેલને હિંમત આવી અને બધા ત્યાં જવા નિકળ્યા. એટલામાં તેમને યાદ આવ્યું કે જે તળાવમાં મહાત્માએ મુકામ કર્યો હતો તે તળાવ તો પાણીથી છલકાઇ ગયું હશે. હવે એ મહાત્મા કયા હશે એવો વિચાર કરતા તે આગળ ચાલવા લાગ્યા.

૧૫

ગામની બહાર તળાવ પાસે જઈ જોયું તો સદગુરૂ ઇમામશાહ મહારાજનાં, તંબુ તેમજ બળદગાડી પાણીથી છલોછલ ભરાયેલા તળાવના મધભાગે તરતાં હોવાનું જણાયું ગુરૂજી તેમના સેવક હાજરબેગ સાથે આનંદથી વાતો કરતા હતા. લોકોને ઘણોજ આનંદ થયો અને તે આશ્ચર્યચકિત પણ થયા. બધા લોકો તળાવના કાંઠે ઉભા ઉભા, અંદર તંબુ પાસે શી રીતે જવું તેનો વિચાર કરવા લાગ્યા.

લોકોએ પ્રાર્થના કરી કે, 'પરમ કૃપાળુ પતિતપાવન ગુરૂ મહારાજ અમને દર્શન આપી પાવન કરો. આપણા શિવાય અમારૂં દુઃખ કોણ દૂર કરશે ?'

ગુરૂજી તંબુની બહાર આવ્યા અને પોતાનો ખેસ તળાવના પાણી ઉપર પાથર્યો અને તેના ઉપર થઇ તંબૂમાં આવવામાટે તેમને કાંઠા ઉપર ઉભેલા લોકોને કહ્યું. લોકો વિચારમાં પડયા પણ સદગુરૂ ઉપર દ્રઢનિષ્ઠા રાખી પાણી ઉપર પાથરેલા ખેસ ઉપરથી ચાલવા લાગ્યા. પાણી જોરથી હલવા લાગ્યું પણ લોકોની અડગ શ્રદ્ધા હોવાથી કંઇ પણ તકલીફ વગર તેઓ ગુરૂજીપાસે પહોચી ગયા.

તંબૂમાં પહોચ્યા બરાબર વેલજી પટેલે ગુરૂજીના પગ એકદમ પકડી લીધા અને રડવા લાગ્યા. ગુરૂજીએ તેમને ઉઠાડી રડવાનું કારણ પૂછ્યું. પટેલે પુત્રશોકની હકિકત કહી અને વિનંતી કરી કે 'હે ગુરૂ મહારાજ હું ગુન્હેગાર છું. મારા ઉપર દયા કરો અને મારા દુઃખમાંથી મને છોડાવો આમ પ્રાર્થના કરી ગુરૂજીને તે પોતાને ઘેર લઇ ગયા.

પટેલને ઘેર જઈ જોયું તો પટેલના દિકરાનો શ્વાસ બંધ પડેલો દેખાયો. પટેલે તે દિકરાને જીવતો કરવા આજીજી કરી.

ગુરૂજી બોલ્યા, 'આમ શોક કરવાથી કંઇ ફાયદો થશે નહી. તમારા દિકરા સાથેનો ઋણાનુબંધ છુટયો તેથી તે મરી ગયો છે. જેને તમે પોતાનો માનતા હતા તે તમારો નહી પણ કાળનો હતો તેથી તે તેને

લઇ ગયો. હવે તો પરબ્રહ્મ પરમેશ્વરને આપણે શરણે જવું જોઇએ. તેમ નહી કરતા વૃથા શોક શા માટે કરો છો ?'

સદ્દગુરૂએ ખુબ સમજાવ્યા છતા તેનો કઈ ઉપયોગ થયો નહી. સદ્દગુરૂ આગળ બોલ્યા—

'દરેક જીવ ઋણાનુબંધથી જન્મ લે છે અને ઋણની ફેડ કરી એક એક ખાડામાંથી નિકળી બીજા ખાડામાં પડે છે. આખાય જગતની રચના ઋણાનુબંધ ઉપર થયેલી છે. એને પ્રારબ્ધ કહો કે કર્મ કહો કે આપ-લે કહો પણ દરેક જણ એક બીજા સાથે સંબંધથી જોડાયેલો છે. પતિ પત્નિ પુત્ર કે પૈસો બધુ કર્મ ઉપર આધારીત છે. જેનુ પુણ્ય ઓછુ તે ખાડામાંથી નિકળી બીજામાં પડે છે. આનુજ નામ યમયાતના. ૨૮૦ દિવસ જીવ એવા જેલખાનામાં પડી રહે છે કે જ્યાં નથી પવન કે નથી પ્રકાશ. ત્યાં ઉંધા મસ્તકે લટકી દુઃખ વેઠે છે અને તેમાંથી છુટવા માટે ઇશ્વરના કાલાવાલા કરે છે. ત્યાંથી છુટયા પછી થોડા દિવસ સંસારનો પવન મળે છે કે તરતજ ભગવાનને ભુલી જાય છે અને ફરી પાછો એ કારાવાસમાં પડે છે.

જે જીવાત્મા ઇશ્વરને શોધવાનો પ્રયત્ન કરતો નથી કે માયાનો ત્યાગ કરતો નથી તેવા ભોગ લાલસાવાળા અજ્ઞાની પામર જીવો આજ ગતીને પામે છે. દુનિયાનો પ્રેમ સાચો નથી, તે મિથ્યા વિકારી અને નાશવંત છે.

આ દુઃખદાયક સંસાર તરી જવો હોય તો તેમાની આશા તૃષ્ણા ભોગવાસના વિગેરેનો ત્યાગ કરવો જોઇએ. મનુષ્યદેહ છે ત્યા સુધી તમે આ જ્ઞાન મેળવી લો. આ તક ગયા પછી તે ફરીથી પાછી મળશે નહી. પાછળથી પશ્ચાત્તાપ કરવામા કઇ અર્થ નથી.

अनित्यानि शरिराणि विभवो नैव शाश्वतः ।
नित्यं सन्निहितो मृत्युः कर्तव्यो धर्मसंग्रहः ॥

શરીર અને વૈભવ નાશવંત અને અશાશ્વત છે. ધર્મ હંમેશા સમીપ હોવાથી હંમેશા ધર્મ સંગ્રહ કરતા રહેવું એ દરેકની ફરજ છે. આકાશમાં વિજળી ચમકી તરતજ જતી રહે છે અથવા પરપોટા ફૂટી નાશ પામે છે તેવુંજ જીંદગીનુ પણ છે. દુનિયામાં કોઈ ચિરંજીવ કે સ્થિર નથી. તેથી મળેલી ક્ષણોમાં માણસે આત્મકલ્યાણ કરી લેવું. ઈશ્વરને જેણે ઓળખ્યા તેજ જન્મમરણના ફેરામાંથી છુટી શકે છે. બીજા તો માટીમાંથી નિર્માણ થાય છે તેમાજ મોહ પામે છે અને માટી-માંજ સમાવિષ્ટ થઈ જાય છે. જીવમાત્ર પોતાની કામનાઓ પુરી કરવા માટે મોહજાળમાં ફસાય છે અને જન્મમરણના ફેરામાં ભટકયા કરે છે આડ ઉપર પડેલું પાણી જેમ ત્યાં ટકી શકતું નથી તેવીજ ગતિ (અલ્પા-યુષી) માણસની થાય છે. તે બાલ્યાવસ્થા ભોગવી યૌવનનો અનુભવ લે છે અને વૃદ્ધ થઈ મરણ પામે છે. આજ દેહધર્મ છે. આમાથી મુકત થવા માટે અનિત્ય ત્યજી નિત્યનું અનુસંધાન રાખવું જોઇએ.

ગયેલો સમય પાછો આવતો નથી તેમ મનુષ્ય દેહ પણ ફરી ફરી મળતો નથી તેથી પરમ પુરૂષ સાથે દૃઢ સ્નેહ બાંધી તેના પ્રેમમાં લીન થવું એજ ખરૂ તત્વસાર કે ધર્મ છે. માતા, પિતા, પુત્ર, ધન સુખ એ તો ચાર દિવસના ચાંદરણા છે. તેથી એનો મોહ છોડ. કર્તા હર્તા હરી છે. સકલ તારક ઈશ્વરજ છે તેથી તું ખરા ભાવથી તેનીજ સેવા કર તો તારૂં કામ સહેજમાં થઇ જશે. ઇશ્વરનું નામસ્મરણ કર. બનવાની વસ્તુ બની ગઇ મરેલો માણસ જીવતો શી રીતે થઇ શકે? જેણે તેને પેદા કર્યો તેણેજ તેને માર્યો છે. તેથી એજ તેને સજીવન કરશે. આપણે બધા તેના સેવક છીએ.

પટેલે ગુરૂજીના પગ પકડી કહ્યું, 'મેં તમારા પગ પકડયા છે તે છોડવાનો નથી. વરસાદ નહોતો તે આપે ધાર્યા બરાબર એક પ્રહરમાં લાવ્યા. તેમજ પાણી ઉપર રૂમાલ નાખી તેના ઉપરથી અમને આપની પાસે બોલાવી લીધા. અને વિશેષ એ કે બળદ અને ગાડી પણ પાણી

ઉપર તરતા રાખ્યા આપની પથારી પણ પાણી ઉપર કોરી રહી. આ રીતે મારી ખાતરી થયેલી હોવાથી હું આપને છોડી કયાં જાઉ? ગુરૂ-મહારાજ! આ પામર ઉપર દયા કરો અને હું ગુન્હેગાર હોવા છતા આપનો દાસ છું. મને આ આફતમાંથી બચાવો.

પટેલની આ વાત સાંભળી ગુરૂમહારાજે તેમને પ્રેમથી પાસે બેસાડી કહ્યું, 'તુ દુઃખ કરીશ નહી. આપણે બધા મળી તે દયાઘન પ્રભૂની પ્રાર્થના કરીશું કે જેથી તે આપણા ઉપર કૃપા કરશે.' એમ કહી મૃતદેહને ચાદર ઓઢાડી બધા મળી ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યા. જેમ જેમ પ્રાર્થના ચાલવા લાગી તેમતેમ ચમત્કાર દેખાવા લાગ્યો. વેલજી પટેલના મૈયતપુત્રને શ્વાસોશ્વાસ શરૂ થઈ તે ધીમે ધીમે હિલચાલ કરવા લાગ્યો થોડીવાર પછી હાજરબેગે તેના બન્ને હાથ પકડી ઉઠાડી બેસાડયો. છોકરો આળસ મરડી ઉઠ્યો. સદગુરૂ ઇમામશહાને તેણે નમસ્કાર કરી ચરણામૃતપાન કર્યું. વિજળીના ધક્કાથી મરણ પામેલો પોતાનો દિકરો જીવતો થયેલો જોઈ વેલજી પટેલના મનની શી સ્થિતી થઇ હશે તેનું વર્ણન થઈ શકે તેમ નથી.

૧૮ માયાવી સિંહનું ગુપ્ત રહસ્ય કથન, કુંવારિકા ક્ષેત્રનું પ્રગટીકરણ અને તે ઠેકાણે સંસ્થાનની સ્થાપના.

વેલજી પટેલનો એકનો એક દિકરો જીવતો થવાથી બધાને બહુ આનંદ થયો. સદગુરૂએ તે બધાને બ્રહ્માનંદનો અને આત્મોન્નતિનો જ્ઞાંનોપદેશ કર્યો. એ ઉપદેશ સાંભળી લોકોએ તેમનો અનુગ્રહ લીધો. પટેલે નમ્રતાથી કહ્યું, 'આપનું કઈ કામ હોય તો આજ્ઞા કરો. અહી એકાદ સુંદર મંદિર અથવા મહેલ બાંધવાની ઇચ્છા હશે તો આજ્ઞા આપો. આ દાસ આપની સેવામાં હાજર છે.'

વેલજી પટેલની વિનંતીને માન આપી સદગુરૂ બોલ્યા 'તારી ઇચ્છા હોવાથી મે અહી એક સુંદર મંદીર બાંધવા નક્કી કર્યું છે તેના માટે જગા જોઇએ તે સિવાય બીજું કશું જોઇતુ નથી.'

પટેલ બોલ્યા, 'આપને જોઇએ તે ઠેકાણે ગમે તેટલી જગા પસંદ કરો. હું તે આપવા તૈયાર છું.'

સદ્દગુરૂ બોલ્યા, 'હું અહીંથી એક તીર છોડીશ. તે જે ઠેકાણે પડશે તે જગા મંદીર બાંધવા માટે મને જોઇશે.'

આ સાંભળતાજ પટેલે એક ધનુષ્યબાણ લાવી રજુ કર્યું. સદ્દ-ગુરૂએ તે ધનુષ્યબાણ લઇ પોતે પ્રથમ જે તળાવમાં તંબૂ ઠોકી મુકામ કર્યો હતો ત્યાં ગયા અને પશ્ચિમ તરફ મોઢું કરી ધનુષ્ય ઉપર તીર ચઢાવ્યું.

આ જોઈ પટેલ એકદમ બોલ્યા –'મહારાજ, એ દિશા તરફ તીર છોડતા નહી. કારણ ત્યાં ગીચ જંગલ હોઈ તેમાં એક ભયંકર સિંહ રહે છે. તેને મારવા માટે ઘણા લોકોએ પ્રયત્ન કર્યા પણ કોઈ ફાવતુ નથી. બધા થાકીને જતા રહ્યા છે ત્યા કોઈ છાની રીતે લાકડા ફાડવા જાય છે તો સિંહને જોતાજ નાસી છુટે છે. ઘણો સમય થયો છતા તે હજુ મરતો નથી. અને જંગલમાં કોઇને ફરકવા દેતો નથી. માટે મહારાજ, એ દિશા તરફ તીર છોડતા નહી.

ઈમામશહા બોલ્યા, 'જો આમ હશે તો આજ મારૂં ખાસ સ્થાન. અહીથી હું તીર છોડીશ. એ તીર જયા પડશે ત્યાં વનરાજ રહેશે નહી. એ ગુપ્ત થશે. માટે કઈ ચિંતા કરશો નહી. એ વનરાજ વચનથી બંધાયેલો હોવાથી વનમાં તે ચોકી કરે છે.'

આમ બોલી સદ્દગુરૂએ તીર છોડયું અને બધા લોકો સાથે તે જગા તરફ જવા લાગ્યા. સિંહ ત્યા શા માટે ચોકી કરે છે એમ લોકોએ પુછવાથી સદ્દગુરૂ બોલ્યા –

'ઘણા વરસો પહેલા કૌરવ અને પાંડવો દ્યૂત રમ્યા તેમાં પાંડવો હારવાથી તેમના નસીબે વનવાસ આવ્યો. ફરતા ફરતા પાંડવો આ

વનમાં આવી પહોચ્યા ત્યારે પોતાને કોઈના તરફથી કઈ તકલિફ નહી થાય તેવી વ્યવસ્થા કરવા તેમણે ભગવાન શ્રીકૃષ્ણને વિનંતી કરી. તેથી ભગવાને પોતાની યોગમાયાથી સિંહ નિર્માણ કરી તેને આજ્ઞા કરી કે તેણે આ જગાએ રહી પાંડવોનું રક્ષણ કરવું થોડી મુદતબાદ પાંડવો વિરાટ નગરી જશે ત્યાર પછી પણ તારે અહીંજ રહી 'કુંવારિકા' ક્ષેત્રનું રક્ષણ કરવું. કારણ શ્રીકૃષ્ણ ભગવાન 'નિકલંકી નારાયણ' નામથી અવતાર ધારણ કરશે ત્યારે લોકોને જ્ઞાનમાર્ગ બતાડવા માટે સદ્દગુરૂ બ્રહ્મ અવતરશે અને તે ગીરમથા ભાગમાં આવશે ત્યાંથી તે તીર છોડી તારો જમણો કાન વિંધશે અને તે તીર જમીનમાં જશે ત્યારે તું મુક્ત થઇશ. એ તીર જે સ્થળે પડશે તે સ્થળ 'કુવારિકા' નામથી ઓળખાશે. એ કળીયુગમાંનું ક્ષેત્ર થશે. અને ત્યાં સદ્દગુરૂ બ્રહ્મસ્વરૂપ પોતાની જગા બાંધશે. જેમના હાથે તારો જમણો કાન છેદાશે તેજ સતગુરૂ બ્રહ્માનો અવતાર સમજવો. તે સિવાય બીજા કોઇના પણ હાથે તને તીર, તલવાર, ભાલો અગર બીજુ કોઇપણ હથિયાર તને ઇજા કરી શકશે નહીં તુ કોઈની હિંસા કરશે નહી છતાં તારૂ ઉગ્રસ્વરૂપ જોઇ લોકો ગભરાશે. આ પ્રમાણે કહી ભગવાન શ્રીકૃષ્ણ ત્યાંથીં નિકળી ગયા. અને ભગવાનની આજ્ઞાનું પાલન તે સમયથી સિહ કરે છે.'

આટલી હકિકત કહેતા સદ્દગુરૂ એ લોકોસહ વનમાં જઇ પહોચ્યા. સદગુરૂએ તીર છોડયું ત્યારે સિંહ ડાબી કુખ ઉપર સુતેલો હોવાથી એ તીર તેનો જમણો કાન છેદી થોડા અંતર ઉપર જમીનમાં જઇ ઘુસ્યો. ઇજા થવાથી સિંહ એકદમ ચોકી ઉઠયો પણ કાન છેદવાથી તેને ભગવાન શ્રીકૃષ્ણના વચનનું સ્મરણ થયું અને તે હોશીયારીથી ઉભો થઇ આજુ બાજુ જોવા લાગ્યો. હવે સદગુરૂ પોતાને પાવન કરશે એમમાની તે બોલ્યા 'ધન્ય છે આજનો દિવસ અને ધન્ય છે આજની ઘડી કે મને આજે સદગુરૂ બ્રહ્માના દર્શન થશે.

આમ અત્યંત આતુરતાથી રાહ જોતો સિંહ ઉભો હતો. એટલામાં સદગુરૂ અને તેમની સાથેના માણસો ત્યા આવી પહોંચ્યા. સદગુરૂ નજીક આવતા જોઈ સિંહ નમીને ઉભો રહ્યો.

સદ્ગુરૂ સિંહ પાસે ગયા અને તેમણે તેના શરીર ઉપર હાથ ફેરવ્યો. એટલે સિંહની આંખમાંથી આસુ વહેવા લાગ્યા. સિંહે સદ્ગુરૂને પ્રણામ કર્યા અને તેમણે તેને નીજધામે જવાની રજા આપી સિંહે સદ્ગુરૂને ફરીથી પ્રણામ કર્યા અને સાથે આવેલા બધા લોકોને પ્રેમથી નિહાળી લઇ પોતે હવે રજા માગે છે એ ભાવ વ્યક્ત કરી એકદમ અદૃશ્ય થયો પળવારમાં ત્યાં એક દિવ્ય તેજોવલય ચમકી ગયું.

આ બનાવ જોઇ ગુરૂજી સાથે આવેલા લોકો આશ્ચર્યથી છક થયા. અને બ્રહ્માના પ્રગટ અવતાર એવા સદ્ગુરૂ ઈમામશાહાના નામની જય બોલવા લાગ્યા. પછી તીર પડ્યુ હતું તે જગાએ ગયા. ત્યાની ગીચ ઝાડી કાપી જંગલ સાફ કર્યું. ત્યાર પછી સદ્ગુરૂએ ત્યાં મંદિર (રોઝા) બાંધવાની શરૂવાત કરી.

૧૯. સુલતાન મહંમદ બેગડા તરફથી સદ્ગુરૂને થયેલો ત્રાસ અને સદ્ગુરૂની ઉદારતા.

ખંડી એટલે ખાંડવ વનમાંનો ભયંકર સિંહ ઈમામશાહા મહારાજના દર્શનથી મુક્ત થયો તેમજ સાત વરસના દુકાળથી ઉજ્જડ બનેલો પ્રદેશ સદ્ગુરૂએ એકજ પ્રહરમાં જળમય બનાવી દીધો એ હકિક્ત લોકોમાં ફેલાઈ અને તે અમદાવાદ શહેર સુધી પણ પહોચી ગઈ. તે એટલે ઇ. સ. ૧૪૬૬ ના અરસામાં ત્યાં મહંમદ બેગડા નામનો સુલતાન રાજ કરતો હતો તેના કાને પણ આ વાત ગઈ.

સિંહની વાત સાંભળી મહંમદ બેગડાએ વિચાર્યું કે આજ સુધી તો કેટલાય શિકારીઓ ત્યાથી ખાલી હાથે પાછા ફર્યા છે. હું પોતે પણ તેના શિકાર માટે ગયો પણ તેમાં ફાવ્યો નહી છતાય એક નિઃશસ્ત્ર સંતની આગળ એ સિંહ નમી પડ્યો અને ગુપ્ત થયો એ તો શી રીતે બની શકે? વળી સાત વરસથી જ્યા દુકાળ પડ્યો હતો તેનું નિવારણ થયું. તો આવો અદ્વિતીય સાધુ કોણ હશે તે જાતેજ જોવું પડશે. તેથી

પ્રધાનને સાથે લઈ તે ગીરમથા ગામે ગયો અને ઈમામશાહ મહારાજના મુકામની નજીકમાં જઈ રહ્યો.

પછી મહંમદે ઈમામશાહાને જમવાનું આમંત્રણ આપ્યું જે તેમણે સ્વીકાર્યું. ઈમામશાહા અંતર્જ્ઞાનથી સમજી ગયા કે આપણી પરીક્ષા માટેજ ભોજનનું આ આમંત્રણ આપવામાં આવ્યું છે. મહંમદે તે વખતે બિલાડીનું માંસ રાંધી તૈયાર કરાવ્યું. ઈમામશાહાનું બાદશાહે સન્માનપૂર્વક સ્વાગત કર્યું અને કહ્યું કે આપના માટે આ સુંદર રસોઇ તૈયાર કરાવી છે તેનો સ્વીકાર કરો.

સદગુરૂએ પરમેશ્વરનું નામ લઇ થાળી ઉપર હાથ ફેરવતા કહ્યું, 'બિલ્લી, તું જરાપણ ગભરાઇશ નહી. અહીથી ઉઠ અને ફાવે ત્યાં જા.' ઈમામશાહાના મુખેથી આ શબ્દો નિકળતાંજ થાળીમાંથી બીલ્લી સજીવન થઇ અને કુદકો મારી બહાર નીકળી ગઇ.

આ જોઇ બધા આશ્ચર્યચકિત થયા. પણ પોતાની કપટજાળ ખુલ્લી પડ્યાનું જોઇ સુલતાન ગુસ્સે થયો. પણ બહારથી શાંત રહી બીજુ માંસ મંગાવી થાળી ઉપર રૂમાલ ઢાંકી તે સદગુરૂ આગળ મુકયું. સદગુરૂએ રૂમાલ ખસેડયો તો શું આશ્ચર્ય! તે થાળીમાં પાન સોપારી કાથો વિગેરે પદાર્થો દેખાવા લાગ્યા. ઈમામશાહે બાદશાહના નોકરોને પાસે બોલાવ્યા અને રાજાસહ તે તમામને પાનસોપારી આપી.

સુલતાન મહંમદ બેગડો બહુજ શરમિંદો થયો. પોતાના બંનેદાવ નિષ્ફળ ગયાનું જોઇ તે રોષે ભરાયો અને તે ક્રોધમાં તેણે ગુપ્તરીતે દુધમાં ઝેર ભેળવી ગુરૂજીને આપ્યું. સદ્ગુરૂએ બધાની સમક્ષ તે ઝેર પી પચાવી નાખ્યું.

બ્રહ્મસ્વરૂપમાં લીન થયેલા લોકો ઉપર કોઇપણ વસ્તુની અસર થતી નથી. કેમ કે તે ઝેર–અમૃત, સુખ દુઃખ, શત્રુ–મિત્ર, સ્વજન–પરજન, તીર્થ કે ચાંડાલનું ઘર વગેરે બધુજ સમાન માને છે. તેમના મનમાં જરા

૧૬

સરખો દ્વૈતભાવ હોતો નથી. જ્ઞાન સાહિત્યમાં સદ્દગુરૂએ એક ઠેકાણે કહ્યું છે કે –

અચ્છી અચ્છી કરણી કમાઓ મોરા ભાઇ
અગની તમને ના બાલે ।
પવન ના ડોલે પાણી ના બુડે
રાજાભી દંડ ન કિજીએ ॥

સતકર્મના લીધે માણસને અગ્ની બાળી શકતો નથી પવન હલાવી શકતો નથી, પાણી ડુબાડી શકતું નથી તેમજ રાજા દંડી શકતો નથી. એટલુંજ નહી પણ બ્રહ્મસ્વરૂપમાં લીન થયેલા સત્ પુરૂષોને પંચમહાભૂતો પણ તકલીફ આપી શકતા નથી એમના હૃદયમાં એકાત્મતાનો પ્રેમ વસે છે તેથી ષડવિકારનો કોષ ફાડી તેમનો પવિત્ર આત્મા પરમાનંદમાં લીન થયેલો હોય છે. ચૈતન્ય સ્પર્શમણીથી એકરૂપ થયેલો સ્પર્શમણી જેવો હોય છે આખાય જગતના ચિત અથવા જડ વસ્તુમાંના ચૈતન્ય સાથે તે એકરૂપ થઈ જાય છે. ચેતન વંત પ્રવાહના કારણે તે અદ્વૈતના અનંત સાગરમાં વિલીન થયેલો હોય છે.

આજ કારણના લીધે સુલતાને આપેલ હલાહલ ઝેરવાળુ દુધ સદગુરૂએ પચાવી નાખ્યું કેમ કે ત્યા દુધ અને ઝેર એવો ભેદ ન હોતો. તેમનું ચૈતન્ય અને પ્રાશન કરનારનું ચૈતન્ય એકરૂપ થયુ હતું, 'ચેતનમાં ચેતન મળે, ત્યાં ઝેર કયાથી રહે ।' આવી સ્થિતી થઇ તેથી કહો અગર સિદ્ધ પુરૂષના અમૃતમય હસ્તસ્પર્શથી કહો તે ઝેરવાળુ દુધ અમૃતસમાન થયું.

આમ સુલતાને સદગુરૂને ઘણા સતાવ્યા છતાં જરા પણ ક્રોધ કર્યા સિવાય તે તેમની સાથે આનંદથી વાતો કરતા હતા ગુણવાન પોતાના સદગુણ કદાપિ છોડતા નથી અને દુષ્ટ માણસો પોતાની નીચતા છોડતા નથી.

હવે સુલતાનને ખાત્રી થઇ કે ખરેખર આ કોઈ મહાત્મા હોવા જોઇએ તેણે સદગુરૂ ચરણે દંડવત કર્યાં અને બોલ્યો – 'મહારાજ, મારા હાથે ભૂલ થઇ તે બદલ ક્ષમા કરો. મારૂ તન મન ધન આપના ચરણે અર્પણ છે. હુ મદાંધ થવાથી આપનું ખરૂ સ્વરૂપ ઓળખી શકયો નહી અને જુલમ ગુજારવા મેં કઇ બાકી રાખી નહી. તેમ છતા આપ જરા પણ ગુસ્સે થયા નહી. ધન્ય છે આપને.'

આ પ્રમાણે માફી માગી સુલતાને ગુરૂજીને પોતાને ઘેર પધારવા વિનંતી કરી ત્યા તેણે ઘણો સત્કાર કર્યો અને કિંમતી ભેટો પ્રેમભાવથી તેમને અર્પણ કરી. સદગુરૂએ તે ભેટ ન સ્વીકારતા પાછી આપી. સદગુરૂના ચમત્કારથી અને નિસ્પૃહતાથી સુલતાન આશ્ચર્ય ચકિત થયો. તેણે તેમની અનેક રીતે સ્તુતિ કરી અને પોતાની સુસ્વરૂપ શીલવાન પુત્રી બુજરૂક બેગમ ઈમામશહાના પુત્ર નુર મહંમદશાહાને અર્પણ કરી અને સ્તુતિ કરી સદગુરૂને તેણે પ્રેમભાવથી વિદાય આપી.

૨૦ મજુર-ચોરોના પરિશ્રમોનું સાર્થક

સુલતાન મહંમદ બેગડાની વિદાય લઇ સદગુરૂ અમદાવાદથી નિકળી પોતાના મુકામે આવ્યા અને મંદિર બાંધવાનુ કામ ઝપાટાથી શરૂ કર્યું. ઇ. સ. ૧૪૬૭ ના સુમારમાં એટલે સંવત ૧૫૨૪ માં બાંધકામની શરૂઆત થઇ.

સદગુરૂ ઇમામશહા દરરોજ કામ પુરૂ થયા પછી કારીગર લોકોને મજુરીના પૈસા ચુકવી આપતા. તે જે જગાએ બેસતા તે જગાને 'નગીના ગોમટી' એવું નામ છે. તે જગાએ એક ગાદી પાથરી તેના ઉપર તે બેસતા અને ગાદી નીચે હાથ ઘાલી ત્યાથી પૈસા કાઢી મજુરોને તે આપતા.

આ રીતે ગાદી નીચેથી પૈસા કાઢતા એક મજુરે જોયું. તેને લાગ્યું કે ગાદી નીચે ખૂબ પૈસા હોવા જોઇએ. તેથી ચોરી કરવાનું તેને મન

થયું પણ સદગુરૂના ડરથી તેની હિંમત ચાલતી નહોતી. છેવટે એક મજુર મિત્રની મદદથી તેણે ચોરી કરવાનું નક્કી કર્યું. તેથી એક રાત્રે બન્ને જણા ત્યાં ગયા અને ગુરૂજી બેસતા હતા તે ગાદી ઉચકીને જોયું પણ ત્યા કઇપણ મળ્યું નહી. તેથી કોદાળી લઇ ખોદવા લાગ્યા. ખાડો ૫–૬ ફુટ ઉંડો ખોદાયો અને મધરાત થઇ. છતાં ત્યાં કઈ મળ્યું નહી. તેથી બંને જણા નિરાશ થઇ ખોદેલો ખાડો પુર્યો, જગા સાફ કરી અને ગાદીં હતી તેવી પાથરી ઘેર જતા રહ્યા.

બીજે દિવસે સવારે લોકો કામ ઉપર હાજર થયા. અને હંમેશ મુજબ સાંજે ગુરૂજી મજુરીના પૈસા આપવા લાગ્યા. તે વખતે આ બંને મજુરોને રોજના કરતા ડબલ પૈસા મળ્યા. તેથી તેમણે કહ્યું કે ગુરૂજી આ પૈસા તો વધારે છે. તેથી વધારાના પૈસા પાછા લ્યો. સદગુરૂ બોલ્યા 'બાળકો, મેં તમને રાતની અને દિવસની મળી મજુરી આપી છે. રાત્રે તમે બહુ કષ્ટ કર્યા તેથી ડબલ પૈસા આપ્યા છે.'

પોતે ચોરીનો જે પ્રયત્ન કર્યો તે સદગુરૂ અંતજ્ઞાનથી જાણી ગયા એ જોઇ મજુરો શરમિંદા થયા.

૨૧ પીરાણા ગામે સદગુરૂના પરમશિષ્યોનું આગમન અને તેઓને સદગુરૂએ કરેલો બ્રહ્મોપદેશ.

થોડા દિવસ પછી મંદિરનું ભવ્ય બાંધકામ પુરૂં થયું અને એ સ્થળનું નામ 'પીરાણા' પડયું. હવે ગુરૂજીએ પોતાના દેશ પર્યટનનું કામ અહી થોભાવ્યું અને પીરાણા ગામે રહેવા લાગ્યા. પીરાણા અમદા-વાદથી દક્ષિણે ૧૪ માઈલ હોઇ સાબરમતીના પૂર્વકિનારાથી બે માઇલ તથા ધોલકાથી ઉત્તરે ૧૪ માઇલ અંતરે છે. આનેજ 'કુવારિકા ક્ષેત્ર' 'હિમપૂર', 'ઇમામપૂર', 'નિષ્કલંકીનું ધામ', 'છેલ્લો અખાડો' એમ પણ કહે છે.

ચરોતર જીલ્લાના પેટલાદ તાલુકાના દેવાગામે સદગુરૂ ઇમામશહાની અને પોતાના પરમમિત્ર અને ગુરૂબંધુ ભાભારામની આજ્ઞા લઇ નાયાકાકા

સત્પંથ ઉપદેશ કરવા માટે નિકળ્યા હતા. તે ગામો ગામ ઉપદેશ કરતા બહુ દૂર નિકળી ગયા છતા પોતાને મળેલા અંતર્જ્ઞાનના લીધે બધા લોકોના સમાચાર તે જાણી શકતા હતા. આ રીતે પર્યટનમાં ૨૪/૨૫ વરસ જેટલી મુદત વીતી જવાથી તેમને ગુરૂજીને અને ભાભારામને મળવાની ઇચ્છા થઈ તેથી તે પાછા આવવા નિકળ્યા.

મુકામ કરતા કરતા તે ચરોતરના પેટલાદ તાલુકામાં આવી પહોંચ્યા અને ભાભારામ તપશ્ચર્યા માટે જે ઠેકાણે ગયા હતા તે ઠેકાણે જવા નિકળ્યા. ભાભારામે સતત ૨૪ વર્ષ સુધી કડક તપશ્ચર્યા કરવાથી શરીર તદ્દન સુંકાઇ ગયું હતું છતા તેમનુ તેજ અપ્રતીમ હતું. તપશ્ચર્યા દરમીયાન તેમની ધર્મથી માનેલી વડીલ બહેન કીકીબાઈ તેમની સેવા કરતી અને પોતે પણ ભક્તિમાં મગ્ન રહેતી.

એક દિવસે સદગુરૂના દર્શને જવાની તેમને ઇચ્છા થઇ. એટલામાં દૂરથી કોઈ વિભૂતિ જેવી વ્યક્તિ તેમના તરફ આવતી દેખાઈ. યોગબુદ્ધિથી તે બધુ સમજી ગયા અને તુર્તજ તે વ્યક્તિ તરફ જવા લાગ્યા. એ વ્યક્તિ એટલે નાયાકાકા જ હતા. બંને જણા આનંદમાં આવી એક બીજાને પ્રેમથી ભેટી પડ્યા. બંનેની આંખમાંથી આનંદાશ્રુ વહેવા લાગ્યા,

અલૌકિક પ્રેમથી એકરૂપ થયેલા એ બંને જણાની સ્થિતીનું વર્ણન કરવું મુશ્કેલ છે. તે શરીરથી જુદા હોવા છતા મન અને આત્માથી એકજ હતા. થોડીવાર પછી નાયાકાકાને ભાભારામ પોતાની તપશ્ચર્યા માટે બેસવાની જગાએ લઇ ગયા અને ત્યાં તેમનો સત્કાર કર્યો. પછી તેમણે સદગુરૂના દર્શન માટે જવાનો વિચાર કર્યો અને કીકીબાઇને લઈ તે પીરાણાના રસ્તે ચાલવા લાગ્યા. રસ્તે જતા નાયાકાકાએ ધર્મ ભકિત જ્ઞાન વૈરાગ્ય સંબંધી ઘણી વાતો કરી અને પીરાણા ગામે આવી પહોચ્યા. ત્યારે નાયાકાકાએ કહ્યું કે આપણે સદગુરૂના ધામે આવી પહોંચેલા હોવાથી તેમના નામનો જયઘોષ કરતા આપણે તેમની પાસે જવું જોઇએ.

આમ બોલી એ ત્રણે જણા અંદર જવા લાગ્યા તેટલામાં ત્રિકાળ દર્શી સદગુરૂ મહારાજ તેમને તેડવા માટે સામા આવ્યા. એ જોઇ એ ત્રણેય જણા પરમ હર્ષિત થઈ તેમણે સદગુરૂને નમ્રતાથી પ્રણામ કર્યા. સદગુરૂએ એમને પ્રેમથી હૃદયસાથે ચાપી આરામ કરવા લઈ જવા સારૂ હાજરબેગને આજ્ઞા કરી.

સદગુરૂના દર્શન થવાથી ભાભારામ અને કીકીબેનને અતિ આનંદ થયો. બીજા દિવસથી ગુરૂજીએ તેમને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવાની શરૂઆત કરી. ભાભારામે પણ પોતાની બધી શંકાઓનું નિરાકરણ કરાવી લીધુ.

ઉપદેશ આપતી વખતે સદગુરૂએ પ્રથમ દરેક માણસનું જન્મથીજ શું કર્તવ્ય હોય છે તે કહ્યું. પછી માયાનો ત્યાગ કરી પ્રભુને અનન્ય-ભાવથી શરણે જવાનો સિદ્ધાન્ત કહ્યો. મન અદશ્ય અને વ્યાપક હોઈ તે સર્વ શક્તિમાન ઈશ્વરને અનન્યભાવથી શરણે કેમ રહે અને માયાથી તે અલગ શી રીતે થઈ શકે તે વસ્તુ વિસ્તારપૂર્વક કહી. માયા એટલે શું ? તેનો વિસ્તાર અને મોહ, જીવ આત્મા અને પરમાત્મા શું છે? તેમની સત્તા કેટલી તે તથા તેમને ઓળખવા માટેના સાધનોની માહિતી આપી જીવની શક્તિ પ્રભાવ, માઈક તથા અમાઇક બળ, જીવની પર-તંત્રતા, પરમાત્માનું શુદ્ધજ્ઞાન અને પવિત્રતા, પરલોક, મૃત્યુ, જીવનું અખંડપણું, માયાના લીધે થનારા દુઃખો અભિમાનનું ક્ષુદ્રપણું તેમજ સુખદુઃખ વિગેરે સંબંધી માહિતી અનેક દાખલા સાથે સચોટ રીતે સમજાવી આપી.

એ ઉપદેશથી અને સત્સંગથી એ બધા લોકો મોક્ષપદના અધિકારી થયા હતા પણ સત્તત્વનો વિષય અતિ ગહન હોવાથી તે સામાન્ય જનોને સમજવો મુશ્કેલ છે. તેથી તે તત્વજ્ઞાન ફરી ફરી જાણવા માટે ભાભારામે સદગુરૂ મહારાજને અનેક પ્રશ્ન પુછયા અને સદગુરૂ મહારાજે તેના જવાબ આપ્યા.

ભાભારામ :— મહારાજ, બ્રહ્મવેત્તા કોણ કહેવાય ?

સદગુરૂ :— અહંકાર છોડી પ્રાણીમાત્રમાં બ્રહ્મ વ્યાપી રહ્યું છે એ જે જાણે છે, 'एकमेवाद्वितीयम्' (બ્રહ્મ એક જ છે), 'एको देवा सर्वभूतेषु गुढा' (એક જ પરમેશ્વર પ્રાણી માત્રમાં ગૂઢતાથી વ્યાપી રહેલો છે) 'अणुरेणुमहतो महीयां' (ઈશ્વર અણુ પરમાણુ કરતા સૂક્ષ્મ હોઇ આકાશથી પણ મહાન છે) એ શ્રુતિ વચનોનો જેણે અનુભવ લીધો, 'હું અચ્યુત છું અનંત છું હું દેહનથી, ઈન્દ્રીયસ્વરૂપ નથી પણ ઇન્દ્રિય વિગેરેથી પર હોઈ નિત્યશુદ્ધ, ક્ષરાક્ષરાતીત, અજ, અવ્યય સર્વજ્ઞ અવસ્થામયથી જુદા, જીવશિવનો સાક્ષીરૂપ પૂર્ણ બ્રહ્મ છું. હું જન્મતો નથી કે મરતો નથી. નિત્ય, શાશ્વત, આનંદરૂપ હોઇ પંચકોષથી ભિન્ન, ષડવિકાર રહિત અને જીતેન્દ્રિય છું એ તત્વ જેના આચરણમાં પ્રત્યક્ષ ઉતર્યું છે તે પુરૂષ બ્રહ્મવેત્તા સમજવો.

ભાભારામ :— સદગુરૂનાથ આ બ્રહ્માંડમાં ૨૧ સ્વર્ગો ઉપર અને સપ્તપાતાળોની નીચે તેમજ મધ્ય ભાગે ખીચોખીચ ભરેલી એવી કઈ વસ્તુ છે કે જે સર્વવ્યાપ્ત છતા સર્વથી ભિન્ન માનવામાં આવે છે ?

સદગુરૂ : – ભાભારામ ૨૧ સ્વર્ગો ઉપર અને સપ્તપાતાળોની નીચે અગર મધ્યભાગે જ શું પણ જે ઠેકાણે મન પણ પહોચી નથી શકતું એવાગહન સ્થળે પણ સર્વત્ર અદ્વય નિરંજન ચિન્માત્ર આનંદ ઘનરૂપ બ્રહ્મ ખીચોખીચ ભરેલું છે જે પ્રમાણે પાણીમાં બરફ પડે તે બરફની અંદર અને બહાર પાણી જ રહે છે અથવા સમુદ્રમાં મીઠું પડવાથી તે એકરૂપ જ થઈ જાય છે અથવા માટીનું કાચું માટલું પાણીમાં માટીરૂપ થાય છે તે પ્રમાણે ઉપર નીચે બધે ઠેકાણે સચ્ચિદાનન્દ ઘન બ્રહ્મ છે પણ આ કહેવું પણ પુરતું નથી. જે પ્રમાણે એકાદ મોટી શીલા તોડી તેના નાના નાના ટૂકડા કરી એ પથ્થરોની મદદથી ઘરો કે મંદિરો બંધાયા અગર કેટલાક પથ્થરોમાં મૂર્તિ બનાવાય છે અને આમ જુદી જાતના આકાર બને છે છતાં મૂળમાં તો એક જ પથ્થર છે તે પ્રમાણે

કોઈપણુ જાતનો વિકાર દ્વૈતભેદ હોઈ શકતો નથી. વાયુના કારણે સાગરની સપાટી ઉંપર જુદા જુદા મોજા કે તરંગ દેખાય છે છતા તે એક જ જલનિધી છે. એકાદ બરફનો મોટો ટુકડો લઈ નાનુ બાળક તેની સાથે રમવા લાગ્યું. પ્રથમ તેણે એ બરફનો ટુકડો કોરી તેમાં પાણી ભર્યું અને તરસ લાગી ત્યારે તેમાંનું પાણી પી જઈ તરસ છીપાવી અને કહે કે પાણી કેવું ઠંડુ જાણે બરફ જ. ત્યારે બીજો છોકરો કહે કે ભાઇ બરફ અને પાણી એક જ છે. રૂ અગર રેશમના ઉભા આડા તાણુાવાણુાથી જે ચીજ તૈયાર થાય તેને વસ્ત્ર કહે છે વસ્ત્ર કહ્યું એટલે તાણુાવાણુાનું નામ રહેતું નથી તેજ પ્રમાણે બ્રહ્મ બધે વ્યાપી રહેલું હોવા છતાં અનામ નિરંજન પૂર્ણબ્રહ્મ સનાતન હોઇ ભિન્નતાને પામતું નથી.

ભાભારામ :— મહારાજ, પૂર્ણ સનાતન બ્રહ્મ આવું છે તો તે બધા કેમ જાણી શકતા નથી ?

સદગુરૂ :— જીવોની જુદી જુદી કર્મગતીના કારણે પ્રાપ્ત થયેલા ભ્રમથી અને માયાના આવરણથી નિર્માણ થયેલા મોહથી જીવાત્માને અંધારામાં દોરી ઉપર જેમ સર્પનો ભાસ થાય, થાંભલા ઉપર ચોરનો ભાસ થાય, ખાખરાના લાલચોળ ફુલ અને લીલા પાંદડાના લીધે પોપટનો ભાસ થાય છે. તે પ્રમાણે બ્રહ્મ ઉપર માયાને લીધે મિથ્યા ભાસ થાય છે માણસના ભ્રમનો વિનાશ થાય એટલે તે તે વસ્તુઓ આપણને સત્ય સ્વરૂપમાં દેખાવા લાગે છે. અરીસા ઉપર ધૂળ પડવાથી અગર ચોખ્ખા લોખંડ ઉંપર કાટ ચડવાથી તેમાં પ્રતિબિંબ દેખી શકાય નહી તે પ્રમાણે જીવાત્માના મન ઉંપર માયાની ધૂળ છવાઇ જવાથી તે પોતાના મૂળ સ્વરૂપને જોઈ શકતો નથી જાણી શકતો નથી એ ધૂળ દૂર કરવામાં આવે એટલે તેને પોતાનું મૂળ સ્વરૂપ જોવા મળશે. મન ઉપરનો માયાનો પડદો સદગુરૂ પાસેથી દૂર કરાવી લેવો એટલે એકજ સત બ્રહ્મ બધેય વ્યાપી રહેલું જણાઈ આવશે. સૂર્ય ઉગ્યા પછી જેમ દીવાની જરૂર હોતી નથી અથવા રત્નની પરીક્ષા કર્યા પછી ઝવેરી જેમ રત્ન રાખી લઇ

ચમકનો પથ્થર ફેંકી દે છે તેમ જીવાત્મા સદગુરૂના કૃપા પ્રસાદથી શુદ્ધ જ્ઞાનમુજબ વર્તે છે. અને તેજ બ્રહ્મવીદ કહેવાય છે. આવા સદભકતોનો મહિમાપણ વેદ વર્ણન કરે છે,

ભાભારામ :— સદગુરૂ મહારાજ ! બ્રહ્મ શી રીતે જાણવું ?

સદગુરૂ :— સાંભળો—

'આત્મારામ તમે અવિગત સેવો, સર્વહી ભૂત નિવાસી હો ।'

'બ્રહ્મા બાલક તમે બ્રહ્મ પછાનો, તો વેદવીના અર્થ ના સુઝે ।'

'પુંજસો તો પામસો સંસારમધે સોયજી ।

પ્રગટ આત્મા સ્વામી મારા પુંજાના ફળ જોયજી ॥'

હે નામરૂપધારી ભાભારામ, 'सदेव सौम्येदमग्र आसीत्.' સૃષ્ટી થતા પહેલા આ જગત્ બ્રહ્મરૂપજ હતું. એ બ્રહ્મતેજ તું છે (તત્વમસિ) પણ જેના ઉપર ગુરૂકૃપા થઈ નથી અને જેના મનમાં અદ્વૈતનો ઉદય થયો નથી એવા કમનશીબ જીવને આ મિથ્યા જગત સત્ય જણાય છે અને તેનેજ મરણનો ભય હોય છે. બ્રહ્મને જન્મ કે મરણ કશુંજ નથી. 'હું' અને 'આ મારૂં' એ બંનેનો જે ત્યાગ કરે છે તે દુનિયામા હોવા છતા તેને બધુજ દ્વૈતરહિત દેખાય છે. સ્થૂળ દેહમાં રહેલો જીવાત્મા પંચ-મહાભૂતો, પંચતત્વો, પંચકોશ અને જ્ઞાનના વિષય વિગેરે બધાથી જુદો હોય છે અને તેજ પરમાત્મા છે. જે પ્રમાણે મંદીરનો દિવો મર્તિ, ભકત, દિવાલો, પડદા, પૂજાપો વગેરે ઉપર એક સરખો પ્રકાશ પાડે છે તે પ્રમાણે અખિલ બ્રહ્માંડને પરમાત્મા પ્રકાશિત કરે છે. આ પરમાત્મા અશબ્દ, અસ્પર્શ, અરૂપ, અવ્યય રસરહિત, ગંધરહિત નિત્ય અનાદિ અનંતે અને અચળ છે. જેનાથી ભૂતમાત્ર ઉત્પન્ન થાય છે ટકે છે અને જીવના ઠેકાણે બધું છે તેજ બ્રહ્મ છે. તું નથી જીવ, નથી ભાભારામ કે નથી મનુષ્ય, પણ બ્રહ્મ છે એ બ્રહ્મ ચૈતન્યસ્વરૂપ નિર્મળ અવિનાશી અદ્વૈત અને આનંદસ્વરૂપ છે. જેને અદ્વૈતસિદ્ધિ પ્રાપ્ત થઈ છે તેને ચરા-

૧૭

ચરમાં સચ્ચિદાનંદસ્વરૂપ સિવાય બીજુ કઇજ દેખાતું નથી. તે સંપૂર્ણ પ્રપંચ બ્રહ્મરૂપ હોવાનું માને છે અને તેજ જન્મ મરણમાંથી મુક્ત થઇ બ્રહ્મરૂપને પામે છે જગતના મોહજાળમાંથી છુટવાની ભાવના થવાથી ચિત્તવૃત્તી પૂર્ણપણે ક્ષીણ થાય છે અને તે તદાકાર થઈ જાય છે. એવી જે વૃત્તિ, વાસના કે ભાવના તેજ બ્રહ્મ 'अयमात्माब्रह्म सर्वानुभूः।' આ આત્મા સર્વાનુભવરૂપ છે. હું તું અને આ બધા બ્રહ્મજ છે. સંપૂર્ણ ચિત્ જડ ભૂત ચૈતન્યરૂપથી પ્રાણીમાત્રમાં વ્યાપી રહેલું તે બ્રહ્મ છે. આજ અથર્વવેદનો સાર છે.

ભાભારામ :— મહારાજ, જન્મમરણથી મુક્ત કોણ થાય છે અને શું કરવાથી મુકત થવાય છે ?

સદ્દગુરૂ :— માત્ર કનક અને કામનીનો ત્યાગ કરવાથી માણસ મુકત થઇ શકતો નથી પણ સૂક્ષ્મ અને કારણરૂપ વાસનાના ત્યાગથીજ મુક્તિ મળે છે. સૂક્ષ્મ અને કારણનો ત્યાગ શ્રેષ્ઠ ગણાય છે. કામનો ત્યાગ સામાન્ય માણસ કરી શકે છે પણ સુક્ષ્મ વાસનાનો ત્યાગ સામાન્ય માણસ માટે કઠણ હોય છે. જ્ઞાનીને પણ મુશ્કેલી નડે છે. બ્રહ્મનિષ્ઠ વ્યક્તિજ સૂક્ષ્મ અને કારણનો ત્યાગ કરી શકે છે. કારણ, તેવા માણસની પ્રજ્ઞા સમતાયુકત હોય છે. તેથી તેજ મુકત થઈ શકે છે. બ્રહ્મને આત્મરૂપથી નહી જાણનાર બહુ શાખાવાળી બુદ્ધિનો માણસ તપ વગેરે કરતો હોવા છતાં આખરે દેહનેજ પામે છે. મુકત થઇ શકતો નથી.

ભાભારામ :— મહારાજ ! જીવાત્માને ઈશ્વર સાક્ષાત્કાર કયારે અને શી રીતે થઈ શકે ?

સદ્દગુરૂ :— આ કલીયુગમાં જીવમાત્ર બ્રહ્મ, બ્રહ્મ ઇશ્વર, ઈશ્વર પરમાત્મા પરમાત્મા એવો પોપટીયો ઉચ્ચાર કરે છે અને પોતાને પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયાનો દેખાવ કરે છે પણ જેમ–

ધરમ લીયા તો શું થયા, અને ગુરૂસું ન લાગા રંગ।
જેમ પાણીમાહે પથ્થર વસે, તેનું નીરે ના ભીંજે અંગ॥
મિટ્ટીમાં નીર જો દિજીએ, અને પડતા વેલુ થાયે।
એમ જે સતિયારા મુનિવરા, તે જ્ઞાન સુણે ગલી જાયે॥

અનંત વરસોથી પાણીમાં મુકી રાખેલા પથ્થરને ઠંડા અને મીઠા પાણીનો સ્પર્શનો ઉપયોગ થઇ શકતો નથી. કારણ તે પથ્થરને ચકમક સાથે ઘસવાથી એમાંથી તણખાજ નિકળે છે તે પ્રમાણે ખોટી પોપટપંચી કરનારા લોકો ઉપભોગ અને વિષયસેવનમાં પ્રવૃત્ત રહે છે. બ્રહ્મની ઓળખાણ માટે જોઇતા ત્યાગથી તે વંચિત થાય છે. મલીન બુદ્ધિવાળો માણસ ગમે તેટલા શાસ્ત્ર પઢે છતા ઇન્દ્રિયો અંતર્મુખ કર્યા વગર તે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી કે કરાવી શકતો નથી.

નાશવંતને ઠેકાણે અવિનાશીની કલ્પના કરવી એનું નામ અધ્યાસ. અધ્યાસનું કારણ અવિદ્યા હોય છે. તત્વમસિ મહાવાકયનું જ્ઞાન શુદ્ધ અને નિરહંકારી થયા સિવાય અવિદ્યાનો નાશ થતો નથી અને અવિદ્યાનો નાશ સિવાય ઇશ્વર સાક્ષાત્કાર થઈ શકતો નથી. પરાવિદ્યારૂપી સૂર્યનો અંતઃકરણમાં પ્રકાશ વ્યાપે એટલે અપરા વિદ્યારૂપી અજ્ઞાન રહેશે નહી. હીરા, મોતી, નીલમ, માણેક વગેરે રત્નોની પરીક્ષા કરવા આખી જીંદગી પુરી પડતી નથી. તે પ્રમાણે શબ્દાતીત અને ઇન્દ્રિયાતીત પરમ પુરૂષને જોવા માટે થોડો સમય શી રીતે કામ આવે? આ માટે દ્દઢનિશ્ચય, પરિશ્રમ, શ્રવણ, મનન, નિદીધ્યાસ અને સતત અભ્યાસની જરૂર હોય છે.

અન્નમયાદિ કોશોના આધારે રહેલી અવિદ્યાશકિત જ્યારે નિવૃત્ત થાય છે ત્યારે જીવશીવનો ભેદ લયપામી આત્મસ્વરૂપ પ્રકાશિત થાય છે તેથી મનુષ્યે બધી ઉપાધીયો એટલે કલ્પિતદ્દશ્ય વસ્તુઓનો લય કરી વાસનામાત્રનો ત્યાગ કરવો જોઇએ એટલે ઈશ્વરનો સાક્ષાત્કાર થશે.

આ સાક્ષાત્કાર થવા માટે સંકલ્પનો ત્યાગ કરી ભગવાન પરાયણ થવું જોઇએ. શુભાશુભ, લાભ હાની વગેરે બાબતોમાં સમદ્દષ્ટી રાખી

રાગદ્વેષાદિથી મુક્ત થઈ ચિત્તવૃત્તીનો નિરોધ કરવો જોઇએ. મનનો નાશ અને વાસનાઓનો ક્ષય થવો જોઇએ. એના માટે પુરૂષાર્થ જોઇએ. અને સાક્ષાત્કાર પોતાના પુરૂષાર્થથીજ થાય છે, બીજો તે કરાવી શકે નહી. બીમારી દૂર કરવા માટે જાતેજ દવા લેવી જોઈએ અને પરેજી પાળવી જોઈએ તે પ્રમાણે ઈશ્વરી સાક્ષાત્કાર પોતાના સાધન અને પ્રયત્નવગર થઈ શકે નહી. કિટક ભ્રમરીના ડંખથી ભ્રમરીનુંજ સ્મરણ કરતા કરતા છેવટે ભ્રમરી થઈ જાય છે તે પ્રમાણે જીવ રાતદિવસ ઇશસ્મરણ કરતો રહેશે તો તેનું દર્શન તે કરી શકશે. ગુરૂવચન પરમપૂજ્ય માની જે મનોનિગ્રહ કરે છે તે પરમ શ્રધ્ધાવાન જીવના હૃદયમાં સ્વયંપ્રકાશ પરમાત્મા પ્રકાશિત થઇ દર્શન આપશે.

સદગુરૂ મુખેથી આ રીતે મંગલકારક દિવ્યવાણી સાંભળી બધા શિષ્યો સંતોષ પામ્યા. સદગુરૂ મુખેથી નિત્ય નિયમપૂર્વક શ્રવણ કરેલા જ્ઞાનના લીધે તે સ્પર્શમણી સમાન બની કૃતાર્થ થયા જ્ઞાનાનંદમાં નિમગ્ન થયેલા એ શિષ્યો સદગુરૂ મહારાજસહ પ્રભૂના મંગલ સ્વરૂપના ધ્યાનમાં સમાધિસ્થ થયા.

આ પ્રમાણે સંપૂર્ણ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી ભાભારામ વૃત્તિશૂન્ય અને વિરક્ત થઈ બ્રહ્માનંદમાં નિમગ્ન થયા. ગુરૂમહારાજના ઉપદેશથી તે તેજસ્વી થયા. પોતાનું ભવિષ્યનું આયુષ્ય ગુરૂજીની સેવામાં ગાળવાનો તેમણે નિશ્ચય કર્યો અને તેથી નાયાકાકા, ભાભારામ, કીકીબાઇ, શાણાકાકા વગેરે બધાજ ગુરૂજીની પાસે રહેવા લાગ્યા. જ્ઞાનનાસાગર સાક્ષાત સદ્ગુરૂ એવા યોગેશ્વર મહારાજનો સમાગમ પોતાને પ્રાપ્ત થયો એમ જાણી તે બધા પોતાને કૃતાર્થ થયેલા માનવા લાગ્યા.

સદગુરૂ ઇમામશહા મહારાજ રોજ તેમને નવું નવુંજ્ઞાન આપતા. એ બ્રહ્મજ્ઞાન, આત્મજ્ઞાન, યોગજ્ઞાન, નકલંકી ગીતા, શિક્ષાપત્રી, દશાવતાર, સદગુરૂ બોધ, મુનિવર ચેતાવણી ઋષીવર ચેતામણી, યોગવાણી,

આગમવાણી, સતવાણી, ગુરૂવાણી (ભજનસંગ્રહ) વગેરે અનેક ગ્રંથોમાં તત્વરૂપે સારરૂપે ગ્રથિત કર્યું છે.

૨૨. સદગુરૂના શિષ્યોને આશિર્વાદ અને બ્રહ્મધામે પ્રયાણ.

એક દિવસ સદગુરૂ ઈમામશાહા મહારાજ ધ્યાનસ્થ બેઠા હતા ત્યારે તેમને જણ્યું કે દુનિયામાં આપણું કાર્ય હવે પુરૂં થયું છે તેથી હવે આપણે પ્રગટરીતે નહી રહેતા સમાધી લેવી. તેથી ઇ. સ. ૧૫૦૦ ના અરસામાં એટલે સવંત ૧૫૫૭ માં તેમણે પોતે બંધાવેલા મંદીરમાં સમાધી બાંધવાનું કામ શરૂં કર્યું અને થોડાજ વખતમાં તે કામ પુરૂ થયું.

પછી એક દિવસ સદગુરૂએ પોતાના તમામ સેવકજનોને બોલાવી પોતાની પાસે બેસાડ્યા અને કહ્યું, 'ખરેખર તમે બધાય ઈશ્વરની, સદ-ગુરૂની તેમજ સત્પંથની તન મન અને વિશુદ્ધ ભાવથી નિષ્કામપણે સેવા કરી છે. ગુરૂભકિતનો મહિમા મેં તમને કહ્યો છેજ. નિષ્કામભાવે તમે કરેલી ગુરૂ સેવાના ફળ તરીકે હું તમને એક વરદાન આપું છું જે ખાત્રીથી ફળશે.

પછી તેમણે હાજરબેગને કહ્યું, 'હાજરબેગ મારા સમાધીસ્થ થયા પછી થોડાજ દિવસમાં તારૂં દેહાવસાન થશે ત્યારે મારી સમાધીથી વીસ ડગલા છેટે તારી સમાધી બાંધવામાં આવશે. લોકો પ્રથમ તને નમસ્કાર કરી પાનફૂલ અર્પણ કરશે અને પછી મને અર્પણ કરશે. તારી સમાધી ખુલ્લામાં હશે અને ગમે તેટલી ગરમી હશે છતા તારી સમાધી ઠંડીજ રહેશે.

સદગુરૂએ નાયાકાકાને કહ્યું, 'આપે કાનમ જીલ્લાના કુકસ ગામે એક મંદિર બંધાવી ત્યાં રહેવું. ત્યાં ઘીનો અખંડ દીવો બળતો રહેશે છતા તેને કાજળ બીલકુલ આવશે નહી. ત્યા કાયમ સદાવ્રત (અન્નસત્ર) ચાલુ રહેશે અને હજારો માણસો તારો ઉત્સવ ઉજવશે.

પછી તેમણે ભાભારામ અને કીકીબાઇને કહ્યું—'હે પરમ પ્રીય ભક્તો તમારી તપશ્ચર્યાના ફળ તરીકે ભાભારામે દેવાગામે મંદીર બાંધવું અને તે ગામની નજીકના ઝણુ ગામે કીકીબાઇએ મંદીર બાંધવું. તમારે ત્યા પણ અખંડ ઘીનો દીવો બળતો રહેવા છતા કાજળ આવશે નહી. તમારે ત્યા જાત્રા ભરાશે અને અન્નસત્ર પણ ચાલુ રહેશે. તમારા ભંડારમાં કોઇ-પણ વસ્તુ ખુટશે નહી.

શાણા કાકાએ પણ જીંદગીસુધી સારી ગુરૂસેવા કરી હતી તે સેવાના ફળ તરીકે ગુરૂજીએ પોતાની હયાતીમાં સ્થાપન કરેલા મંદીરમાં પૂજાપાઠ કરવા અને તે સંસ્થા ચલાવવા માટે એ સંસ્થાની આખી મિલકતના તેમને વહીવટકર્તા નિમ્યા અને તે પ્રમાણે એ સંસ્થા માલકી હકકમુજબ ભગવાકાકા તરીકે બાલબ્રહ્મચારી ગાદી શિષ્ય પરંપરાગત ચાલુ રાખવી. એવું શાણાકાકાને કહી ગુરૂજીએ બધાને પ્રેમાલિંગન અને આશીર્વાદ આપ્યા અને પોતે સ્થાપન કરેલી સંસ્થા હિંદૂના બાલ બ્રહ્મચારી સાધુ ભગવાકાકાના વહિવટમાં સુપ્રત કરી તે ગાદી ઉપર તેમને અધિષ્ટિત કરી સદગુરૂ મહારાજ સમાધી લેવાની તૈયારીમાં લાગ્યા.

સદગુરૂ મહારાજના દર્શન માટે તેમના અનેક શિષ્યો પીરાણામાં સદગુરૂએ બંધાવેલા મંદિરમાં આજે આવતા હતા. સદગુરૂએ બધાને પ્રેમથી આશિર્વાદ આપી બ્રહ્મજ્ઞાનની માહિતી આપતા. દરેક જાતીના ધર્મના અને પ્રકારના લોકો આ માનવ દેહધારી ઈશ્વરને મળવા આવતા હતા. તે તમામને સદગુરૂ એ ઉપદેશ આપી તૃપ્ત કર્યા.

સાંજનો સમય થયો. ગીચ જંગલમાં અને પર્વત શિખર ઉપર અંધઃકાર છવાયો. તેથી વાતાવરણમાં એક પ્રકારની ઉદાસીનતા જણાવા લાગી. પણ સુગંધ ફેલાવનાર મંદ પવને વાતાવરણમાં ઉદાત્તપણું નિર્માણ કર્યું.

આ સમય આત્મજાગૃતિ થઇ છે એવા મહાનપુરૂષ ઈશ્વરના નામનું ગાન કરતા હતા અને તેમના શિષ્યો નમ્રપણે હાથ જોડી તેમની સામે

બેઠા હતા. સદ્દગુરૂ મહારાજના મુખકમળમાંથી નિકળતી અમૃત વાણીનું તેઓ પાન કરતા હતા. ઇશ્વરનું નામસ્મરણ ચાલતું હતું તે વખતે જ સદ્દગુરૂ દેહભાન ભૂલ્યા અને પરબ્રહ્મ સ્વરૂપમાં તેઓ લીન થયા.

થોડા વખત પછી સદ્દગુરૂ મહારાજ ભાનમાં આવ્યા તેમના મુખેથી ઈશિનામ સાંભળી શિષ્યોએ ધન્યતા અનુભવી આ અલૌકિક પ્રસંગનું વર્ણન કરવું કઠણ છે. સદ્દગુરૂએ નિરંજન નારાયણ સંબંધી એક ગાયન ગાયું. સાક્ષાત્કારનો આનંદ તેઓ દિવ્યદષ્ટિથી અનુભવવા લાગ્યા અને પોતાના વહાલા શિષ્યોને પણ તેમાં તેમણે સહભાગી કર્યા. સદ્દગુરૂને ભાવસમાધી લાગી અને આસપાસની બધી વસ્તુઓ તેમને ઈશ્વિરસ્વરૂપ દેખાવા લાગી. 'सर्वंखाल्विदं ब्रह्म'ના અનુભવમાં તેઓ લાંબા સમય સુધી રહ્યા.

થોડીવાર પછી સદ્દગુરૂ ફરીથી ભાનમાં આવતા દેખાયા. એટલે ભાભારામ, નાયાકાકા, શાણુકાકા, કીકીબાઇ અને બીજા બધા શિષ્યોએ સદ્દગુરૂને દંડવત પ્રણામ કર્યા અને પ્રાર્થના કરવા લાગ્યા કે --

'હે કરૂણાસાગર, કૃપાનિધાન બ્રહ્માનંદ સ્વરૂપ સદ્દગુરૂ મહારાજ, અમે બધા આપને અનન્ય ભાવથી શરણે આવ્યા છીએ. આપનો વિયોગ અમે શી રીતે સહન કરી શકીશું ? માટે આપના નિત્યમુક્ત સ્વરૂપનું દર્શન અને સ્મરણ અમારા હૃદયમાં હંમેશાં કાયમ રહે એવી અમારા ઉપર કૃપા કરો.'

સદ્દગુરૂએ શિષ્યો તરફ જોયું. તેમની આંખમાંથી અવર્ણનીય પ્રેમના કિરણો બહાર પડયા, બધા શિષ્યોને તેમણે પ્રેમભાવથી આલિંગન આપ્યા. શિષ્યોના મનમાનો ભેદભાવ નષ્ટ થયો અને એક જ અદ્વૈતાત્મક પરમ જ્યોતિના દર્શન બધાને થયા.

સદ્દગુરૂ મહારાજ, નાયાકાકા, ભાભારામ, કીકીબાઇ હાજરબેગ, શાણુકાકા વગેરે તમામને અપરોક્ષ અને પરોક્ષ દર્શન થયા. પછી

બધાએ સદ્દગુરૂ મહારાજનું પૂજન કર્યું અને તેમને પુષ્પહાર પ્રેમ-ભાવથી પહેરાવ્યા. સદ્દગુરૂ મહારાજે ગળગળા થઈ બધાને આશિર્વાદ આપ્યા અને વિદાય માગી. ત્યારે બધાની આંખમાં અશ્રુ ઉભરાયાં તેમણે સદ્દગુરૂને ભકિતભાવથી દંડવત કર્યા. સદ્દગુરૂ મહારાજ બોલ્યા– ' જે જે ભકતોને મારા દર્શનની ઇચ્છા હશે તેમને મારા દર્શન હંમેશા થતા રહેશે. હું સમાધિસ્થ થયા પછી પણ કલિયુગના અંત સુધી અહીં જ છું માટે હવે તમે મેં આપેલા જ્ઞાન મુજબ આચરણ કરી લોકોને ઉપદેશ આપી આત્મજાગૃતિ કરો.

આમ કહી બધાને ફરીથી દઢાલિંગન આપી સદ્દગુરૂએ વિદાય લીધી અને જ્યા સમાધી બાંધેલી હતી તે ઠેકાણે સમાધિસ્થ થયા.

સમાધીસ્થાન બંધ કર્યા બરાબર ત્યા એક દિવ્ય સ્વરૂપ પ્રગટ થવા લાગ્યું. તે તેજોમય સ્વરૂપ બધેય વ્યાપી રહ્યું. એ સ્વરૂપના જેમને પ્રત્યક્ષ દર્શન થયા એ પાંચે જણાને સમાધીમાંથી નિકળતા મધુર ગાનમાંથી એક દિવ્ય વાણી સંભળાઈ એનો સારાંશ એ હતો કે– મારા વહાલા સદભકતો તમે તમારૂં બાકી રહેલું આયુષ્ય ઇશ્વરના નામસ્મરણમાં ગાળો, તમામ કર્મો તેને જ અર્પણ કરો અને હંમેશા તેનું જ ચિંતન કરી તદ્રપ થઈ જાવ. એ પરબ્રહ્મ પરમાત્માનો દસમો અવતાર ' શ્રી નિકલકી નારાયણ ' આ કળીયુગને અંતે જ્યારે પ્રગટ થશે ત્યારે આપણે બધાનો ફરીથી મેળાપ થવાનો છે. ત્યા સુધી એ પરમપૂર્ણ અગમ્ય અદભૂત લીલાનો અનુભવ લ્યો ! આ પ્રમાણે સંદેશ આપી તે દિવ્ય વાણી વિરામ પામી.

સર્વત્ર નિરવ શાંતિ ફેલાઇ બધાના હૃદયમાં ગુરૂપ્રેમની ભરતી આવી અને ભાવનાના આવેગમા ભાભારામના મુખેથી સદ્દગુરૂએ ગાયેલું એક ગીતા નિકળ્યું.

હેતે મળોરે ભાઇ મુનિવરો, અને મુખથી સાચી વાણી બોલ ।
નિત દરશન કીજે દેવના, દિલથી સુતક પાતક ખોલ ॥૧॥

ગુરૂ ગતગંગા તીરથ ન્હાઇએ, અને કીજે નિરમલ મન ।
આ સતપંથ પદારથ તો મળે, જેના પુરણ હોવે પુન ॥૨॥
પુરણ પુણ્યવિના કેમ પામીએ, અને સતપંથ સાચી વાટ ।
એ પાચે પદારથ તો મળે, જેના દિલ હોવે પાક ॥૩॥
પવિત્ર તો પ્રભુના નામ છે, અને જપીએ દિવસને રાત ।
દૂર ના દેખોરે ભાઈ દિલમા વસે, જેવી ચંપા ફૂલોમાં વાસ ॥૪॥
રોમે રોમે સ્વામી તા વસે, અને અંતર નહી એકતીલ ।
એમ જાણીને ભગતી કિજીએ, તો પરતક બેઠા દેવ ॥૫॥
સત બોલજો અને સત ચાલજો, અને સતસમુ નહી સાર ।
સૂક્ષ્મ વેદ તો સતે રંચીયા, તમે સતે ઉતરસો પાર ॥૬॥
સતના છોડોરે મારા મુનિવરો, અને સત છોડે વીત જાએ ।
ઈમાન સરીખો દિવડો, તમે અજવાલો સ્વામીના પાય ॥૭॥
રયેણી અજવાલી પુનમની, અને દિવસ અજવાલુ સુર ।
તેમ ઘટમાહે અજવાલુ ઇમાનસું, ભાઇ ચહુદિસા વરસે નૂર ॥૮॥
નર નારાયણ તા વસે, જે ઘટમાહે સાચુ ઇમાન ।
તેણે દેવ લોક પ્રણામ કરે, તે તો પામે વૈકુંઠ ઠામ ॥૯॥
સદગુરૂ બ્રહ્મા આગમ ભાકીયા, અને એક અચંબો સાર ।
હવે છેલી નાવ કલજુગની, તા ઇમાની ઉતરસો પાર ॥૧૦॥

ગાયન પુરૂં થયું. અને તેનો દિવ્ય સંદેશ બધાના કાનમાં ઘુમવા લાગ્યો. એ મધુર ગાયનમાં બધા તલ્લીન થયા અને તેમની ભાવ સમાધી લાગી. તે અત્યંત આનંદમાં આવી તેમના મંગલ નામની જય બોલવા લાગ્યા.

जय सद्‌गुरु शरणं मम ! जय सद्‌गुरु शरणं मम !!
जय श्री सद्‌गुरु शरणं मम ऽऽऽ !!!

૧૮

जय निकलंकी शरणं मम ! जय निकलंकी शरणं मम !!
जय श्री निकलंकी शरणं मम ऽऽऽ !!!

સદ્દગુરૂ મહારાજના ઉપદેશથી બધાય પવિત્ર થયેલા હોવા છતાં તેમના વિરહથી ઉદાસ થયા. થોડી મુદત બાદ પીરાણા મુકામે સદ્દગુરૂ મહારાજના દરબારમાં રહી સદ્દગુરૂની આજ્ઞા મુજબ તે પોતપોતાના સ્થાને ગયા. અને લોકોને દિવ્ય ઉપદેશ આપી સમય આવતા પરમાત્માના પ્રેમ ધામમાં જઇ તે આનંદની લીલાનો અનુભવ લેવા લાગ્યા.

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शांतिः शांतिः शांतिः ।

किं मधुना किं विधुना किं सुधया किंच वसुधयाऽखिलया ।
यदि हृदयहारि चरितः पुरुषः पुनरेति नयनयोरचनम् ॥

જેમનું ચરિત્ર હૃદયહારક છે એવા પરમ પુરૂષના દર્શન જો થશે તો મધું વિધુ સુધા અને સકલ વસુધા એટલે પૃથ્વીની પણ શું જરૂર છે ? એની આગળ બધુ જ તૃણવત્ છે.

પીરાણા સંસ્થાનમાંનો ચમત્કાર

બ્રિટિશ અધિકારીને બતાવેલો ચમત્કાર

સદગુરૂ ઈમામશહા મહારાજ સમાધિસ્થ થયા પછી પણ પીરાણાના તેમના દરબારમાં ઘણા ચમત્કાર જોવા મળ્યા. તેમાંના થોડા નીચે આપીએ છીએ.

એક વખત એક બ્રિટિશ અધિકારી કંઇ કામ માટે ગીરમથા ગામે આવ્યા હતા, ગામની બહાર એક બગીચામાં તેમણે તંબુ ઉભો કર્યો હતો. તેમની સાથે ઘણા માણસો હતા. એક દિવસે તે અધિકારી ફરવા નિકળ્યા ત્યારે સદગુરૂ મહારાજના મંદિરનો સુવર્ણ કળશ તેમના જોવામાં આવ્યો. પોતાની સાથેના પટેલથી પુછપરછ કરતા જણાયું કે સદગુરૂ ઇમામશહા મહારાજનું એ સમાધીસ્થાન છે. અધિકારી મંદિર જોવા ગયા. ત્યાં જોડા બહાર ઉતારવા માટે તેમને કહેવામાં આવ્યું પણ તેમણે તે માન્યું નહી અને પોતાના અધિકારના મિજાજમાં જોડા પહેરી સમાધી પાસે ગયો અને પછી મુકામે પાછો ફર્યો.

રાત પડી, બધા સુઇ ગયા, મધરાતે એ અધિકારી ચોંકી ઉઠયો અને જુએ છે તો પોતાના પલંગ સાથે પોતે એકલા જ ગામની બહાર આવી પડયા હોઈ આજુબાજુ પોતાના માણસો કે તંબુ વિગેરે કઈપણ દેખાયું નહી. મધરાતનું અંધારૂં ચોતરફ છવાયું હતું અને એકંદર દશ્ય ભયાનક દેખાતું હતું. આ જોઈ તે અધિકારી ખુબ ગભરાયો અને મદદ માટે બુમો પાડવા લાગ્યો પણ તેને કઈપણ જવાબ મળ્યો નહી.

અધિકારી પોતાના અંગ રક્ષકો ઉપર ખુબ ચીડાયો. થોડી વાર પછી એના શરીરમાં ખુબ વેદના થવા લાગી પણ શું કરે. અસહ્ય વેદના વેઠતો તે રિબાતો ત્યાં પડી રહ્યો. દિવસ ઉગ્યો તે વખતે તેને

એકદમ યાદ આવ્યું કે આપણે કોઇનું માન્યા વગર જોડા સાથે સમાધી પાસે ગયા. તેનું આ પરિણામ હોવું જોઇએ.

સવારે તે અધિકારી તંબુમાં પાછો આવ્યો અને ન્હાઇધોઈ તરત જ પીરાણા જવા નિકળ્યો. શરીરમાં દુઃખાવો હતો છતાં પગે ચાલતો તે ગુરૂજીના મંદિરમાં ગયો. ત્યાં પગ ધોઈ ગુરૂ મહારાજની સમાધી પાસે ગયો અને નમ્રભાવે પ્રાર્થના કરી કે મેં કોઈનું માન્યા વગર કાલે જોડા પહેરી સમાધી પાસે આવ્યો તે મારો મોટો ગુન્હો છે હું શરણે આવ્યો છું. મારા ઉપર દયા કરી મારૂં દુઃખ દુર કરો. પ્રાર્થના કર્યા બરાબર તેનું દુઃખ દુર થયું અને તેને ઘણો આનંદ થયો. પછી તેણે સમાધી ઉપર ચાંદીનું એક છત્ર બનાવી આપ્યું અને વિદાય લીધી.

ધ્વજારોપણ વખતે થયેલો ચમત્કાર

એક વખત સદગુરૂ ઇમામશહાના મંદિર પાસે પીરાણા ગામે એક મોટો ધ્વજ ઉભો કરવાનો હતો. નવો ધ્વજ બાવન ગજ (એટલે ૧૫૬ ફુટ) ઉંચો હતો અને લોખંડનો હોવાથી બહુ વજનદાર પણ હતો. પહેલાનો જૂનો કાઢી તેના બદલે આ મોટો ધ્વજ ઉભો કરવાનો હતો. આ કામ માટે ત્યાં ઘણા લોકો ભેગા થયા હતા. યંત્રની મદદથી ધ્વજસ્થંભ ઉંચો થવા લાગ્યો પણ થોડીવાર પછી તે જરાપણ ઉંચો થાય નહી. લોકોએ ત્રણ દિવસ સુધી ખુબ મહેનત કરી પણ તેનો કંઈ ઉપાય થયો નહી. હવે શું કરવું તેની કોઇને સમજ પડે નહીં અને બધા નિરાશ થયા. પછી ધ્વજસ્થંભ ઉભો કરવા માટે પોતાને કોઈ રસ્તો બતાવવા તેઓ ઇમામશહા મહારાજની પ્રાર્થના કરવા લાગ્યા.

સદગુરૂનું નામ લેવા છતા સ્તંભ કેમ ઉંચો થાય નહી તે માટે સૌ વિચારમાં પડયા. એટલામાં ફકીરવેશમાં ત્યાં એક માણસ આવ્યો અને તેમની ચિંતાનું કારણ તેણે પુછ્યું લોકોએ પોતાની મુસીબત

કહી ત્યારે ફકીરે કહ્યું કે હાલ કલીયુગનો સમય છે માટે હાલ પ્રચલિત છે તે પૂજા કરો એટલે તમારૂં કામ થશે.

ફકીરની સુચના પ્રમાણે લોકોએ ચાલુ યુગની ઘટપાટ અને ધૃત જ્યોતિની પૂજા કરી અને ધ્વજ સ્થંભ ઉભો કરવાની તૈયારી કરી. ફકીરે પણ એ ધ્વજને હાથ લગાડયો અને ઇમામશહા મહારાજના જયઘોષથી લોકોએ ધ્વજ ઉપાડયો. એટલે તે તરત જ ઉંચો થઈ સ્થિર થયો તે જોઇ લોકો બહુ ખુશ થયા. અને ફકીરને જોવા લાગ્યા પણ તે કયાંય દેખાયો નહી. તેથી લોકોને લાગ્યું કે ફકીરના વેશમાં ઇમામશહા મહારાજ પોતે જ ત્યાં આવ્યા હતા. લોકો પસ્તાયા અને બોલ્યા– 'ગુરૂજી અમે પામર આપને ઓળખી નહી શકયા. અમને ક્ષમા કરો અને સાચવી લ્યો.

પીરાણામાટે બાલબ્રહ્મચારી મહારાજની નિયુક્તિ.

સદગુરૂ ઈમામશહા મહારાજે સ્થાપન કરેલ સત્પંથી સંસ્થાન પીરાણામાં પ્રથમ ગાદીપતિ તરીકે બાલ બ્રહ્મચારી ભગવા કાકા શ્રી શાણાકાકા સદગુરૂ ઇમામશહાના સમયમાંજ પ્રસ્થાપિત થયા હતા. પછી એ ગાદી શિષ્ય પરંપરાનુસાર શ્રી શામજીકાકા, કૃષ્ણાકાકા, સોમજીકાકા, રૈય્યાકાકા, રામજીકાકા, નથુકાકા, ભુલાકાકા, પ્રાગજીકાકા, નથુકાકા, દીપાકાકા, મનજીકાકા, નથુકાકા, નાગજીકાકા, સામજીકાકા, પેથાકાકા અને સતરમાં શ્રી નથુકાકા એ રીતે સંસ્થાના વહીવટદાર ગાદિપતિ થયા હતા. શ્રી નથુકાકા ઈ. સ. ૧૮૭૮ સાલમાં સ્વર્ગવાસી થયા. ત્યારપછી સંસ્થાના વહીવટમાટે બીજાની નિયુક્તિ કરવાની હતી તે વખતે ભગવાકાકાની સંખ્યા એક કરતા વધારે હોવાથી ગાદિપતિ નિમવાની બાબતમાં મતભેદ ઉભા થયા.

સંવત ૧૯૩૪ ના ભાદરવા મહીનામાં બધા કાકાએ આખી જમાતને પીરાણા બોલાવી ગાદીપતિ નિમવાની બાબતનો પ્રસ્તાવ રજુ કર્યો. પણ મતભેદના કારણે ત્રણ દિવસસુધી એકમત થઇ શકયા નહી.

મોટા મોટા આગેવાનોનું પણ કઇ ચાલ્યું નહી. છેવટે સદગુરૂએ ગીર-મથા ગામના એક શેઠના સ્વપ્નામાં આવીને કહ્યું કે તું પીરાણા ગામે જઈ જમાતને કહે કે બધા કાકાને ભેગા કરી દરેકના પગમાં બેડી પહેરાવવી અને જેના પગમાંથી બેડી આપોઆપ નિકળી જશે તેને ગાદી-પતિ નિમવો. આ પ્રમાણે દ્રષ્ટાંત થવાથી શેઠ પીરાણા ગામે ગયા અને લોકોને એ હકિકત કહી બધા લોકોએ તે માન્ય રાખી.

પછી બધા કાકાના પગમાં બેડી પહેરાવી પણ કોઇનાય પગમાંથી તે નિકળી નહી. તેથી લોકો ચિંતામાં પડ્યા એટલામાં એક ગ્રહસ્થના ધ્યાનમાં આવ્યુ કે કરમસી કાકાના પગમાં બેડી પહેરાવવાની બાકી છે. તેથી કરમસી કાકાને બોલાવી લીધા અને ઇમામશાહાનું સ્મરણ કરી તેમના પગમાં બેડી પહેરાવી. કાકાને ચાલવા કહ્યું તે પ્રમાણે તે બે-ત્રણ પગલા ચાલ્યા બરાબર તેમના પગમાંની બેડી આપોઆપ નિકળી ગઇ. તે જોઇ બધાને આનંદ થયો અને કરમસી કાકાને ગાદીપતિ નિમ્યા.

બેડીની આ પદ્ધતિ પૂર્વાપારથી ચાલતી આવેલી છે. જ્યારે કઇ નિર્ણય લેવાનો હોય અગર પોતે કરેલું કામ ફળીભૂત થશે કે નહી તે જોવાનું હોય ત્યારે આ રીતે બેડીનો ઉપયોગ કરવામા આવે છે. સદ-ગુરૂ મહારાજનું નામસ્મરણ કરી જેને કોઇ બાબતનો નિર્ણય જોઇતો હોય તેના પગમાં બેડી પહેરાવી ધીમે ધીમે ચાલવા કહેવું. તેમ કરતા જો એ બેડી આપોઆપ નિકળી જાય તો સમજવું કે કામ સિદ્ધ થશે અને એમ નહી થાય તો કામ નિષ્ફળ થશે એમ માનવામાં આવે છે. બેડીની આ પદ્ધતિ હાલસુધી ચાલુ છે.

સંસ્થાનમાં આરસપહાણની ખાણ.

સદગુરૂ ઈમામશહાના મંદીરમાં જે ઠેકાણે સમાધી બાંધી છે તેની સામેની બાજુએ ખુલ્લી જગા હતી. તે ઠેકાણે આરસપહાણની લાદી બેસાડવી એવો કાકાનો અને બીજા લોકોનો વિચાર થયો.

એક દિવસે ગુરૂજીએ કાકાને સ્વપ્નામાં દર્શન આપ્યા અને કહ્યું કે આરસપહાણની લાદી બેસાડવાની તમારી ઈચ્છા પુરી થશે. મંદીરની નૈઋત્ય દિશાએ ખોદકામ કરો એટલે ત્યાં તમને આરસપહાણ મળી આવશે ત્યાંથી તમને જોઈએ તેટલો પથ્થર લઈ બાદ તે ખાડો પ્રથમની માફક બંધ કરો.

કાકાએ આ હકિકત લોકોને કહી તે પ્રમાણે અમુક જગાએ ખોદતા ત્યા આરસપહાણનો મોટો જથ્થો મળી આવ્યો. લોકોએ તેમાંથી પોતાને જોઈતા પ્રમાણમાં લાદી લઈ ખુલ્લી જગામા તે બેસાડી અને ખાડો પ્રથમની માફક પૂરી નાખ્યો.

થોડા દિવસ પછી કેટલાંક લોકોએ ત્યા ફરીથી ખોદકામ કર્યુ પણ ત્યા એક ટુકડોપણ મળ્યો નહી. આ પ્રમાણે પીરાણામાં સદગુરૂ મહારાજના મંદીરમાં ઘણા આશ્ચર્યકારક બનાવો બન્યા હતા.

પીરાણામાં ફૈજપૂરના સત્પંથી અનુયાયીઓને થયેલું ગંગાદર્શન.

એક દિવસે ઈ. સ. ૧૯૨૪ માં ફૈજપૂરના સત્પંથી લોકોએ પીરાણા ગામે સદગુરૂના દર્શનમાટે જવાનો વિચાર કર્યો. તેથી ૩૦૦/૩૫૦ સ્ત્રી પુરૂષો અને બાળકો મળી સત્પંથી મંદીરમાં ગયા. તેમણે સદગુરૂના નામસ્મરણ, ભજન, પૂજન કરી પ્રભુ શ્રી નિકલંકી નારાયણ ભગવાનની સ્તુતિ કરી. પછી સ્વ. ગુરૂવર્ય ધર્મા ગુરૂ બારસુ મહારાજજીને ફૂલહાર પહેરાવી લોકો તેમથી સાથે મંદીરમાંથી બહાર નિકળ્યા તે વખતે ત્રણ છડીદારોના ગળામાં ‘શ્રી સત્પંથી સંસ્થાન ફૈજપૂર’ એવા પટા હતા. તે સૌથીં આગળ ચાલતા હતા. લોકો આનંદ અને ઉત્સાહથી સદગુરૂનું સ્તવન કરતા શહેરની બહાર ‘ગણપતિ વાડી’ નામના સુંદર બગીચામાં ભેગા થયા. એ સંઘમાં લેવા, વણકર, ગુરવ, રંગારી, રાજપૂત વગેરે અનેક જાતીના લોકોપણ હતા ફૈજપૂરના સતપંથીઓના નેતા સ્વ. તોતારામ બંધુ મહાજન પણ હતા. થોડીવારપછી સંઘે ગામલોકોની વિદાય

લીધી અને સાવદા સ્ટેશને ગયા અને ત્યાંથી રેલ્વેમાર્ગે પીરાણા પહોચ્યા. ગુરૂના દરબારમાં આવ્યા પછી લોકોએ ભજનની શરૂઆત કરી. આમ એક બે દિવસ ચાલ્યું. તેવામાં એમને ખબર મળી કે કચ્છના લોકોને આ ઠેકાણે 'ગંગાદર્શન' થયા. તેથી તેવા દર્શન માટે આ લોકોએ પણ હઠ પકડી અને એ હકિકત ગાદીપતિ કાકાશ્રી લક્ષ્મણ કરમસીને નિવેદન કરી કાકાએ કહ્યું કે આવો યોગ તો તમારી ભક્તી અને સદગુરૂ મહારાજની મરજી ઉપર અવલંબે છે. એમ કહી લક્ષ્મણ કાકા એકાંતમાં ધ્યાનસ્થ બેઠા.

ધ્યાન પુરૂં થયા પછી કાકાએ લોકોને કહ્યું કે આવતી કાલે બધાએ સ્નાન કરી સદગુરૂની સમાધીને શુદ્ધ અંતઃકરણથી ૧૦૮ પ્રદક્ષિણા ફરવી એટલે બનતા સુધી ગંગાદર્શન થશે.

કાકા સાહેબે કહ્યા પ્રમાણે બીજે દિવસે બધા લોકોએ સ્નાન કરી સદગુરૂની સમાધીને ૧૦૮ પ્રદક્ષણા કરી અને પછી બોદવડના શ્રી કિસનસિંગ રજપૂત એમણે કીર્તન કરવાનું શરૂ કર્યું. કિર્તનનો વિષય હતો હરિશ્ચંદનું આખ્યાન. કીર્તનનો પૂર્વરંગ બે દિવસ સુધી ચાલ્યો. ત્રીજે દિવસે ઉત્તરરંગની શરૂઆત થઇ. હરિશ્ચંદ્ર વિશ્વામિત્રને આપેલા દાનનું વચન પૂર્ણ કરવા માટે પોતે રાણી તારામતીને અને કુમાર રોહીદાસનેકાશીમાં વેચી પોતાનું વચન પૂર્ણ કર્યું પણ એટલેથી વિશ્વામિત્રને સંતોષ ન થતાં તેમણે અનેક રીતે પજવવાનું ચાલુ રાખ્યું. તેમ છતા રાજા હરિશ્ચન્દ્ર પોતાના વ્રતનો ભંગ થવા નહી દેતા તે પુરી રીતે કસોટીએ ઉતર્યા. આખરે હરિશ્ચન્દ્ર તલવાર લઈ તારામતીને મારવા ગયો, ત્યાં ઇશ્વર પ્રગટ થઇ હરિચન્દ્રનો હાથ પકડી લીધો અને તેને દર્શન આપ્યા હરિશ્ચન્દ્રને લેવા માટે વિમાન પણ આવ્યું. આ રીતેનું આખ્યાન સાંભળવામાં બધા તલ્લીન થયા હતા.

એટલામાં 'ગંગા આવી ગંગા આવી' એવી બુમો પાડતો એક જણ ત્યાંથી બહાર દોડતો ગયો. ગંગા દર્શન માટે આતુર થયેલા

લોકોમાં દોડાદોડી શરૂ થઈ. ધક્કામુક્કી શરૂ થઇ છતાં કોઇને કઇ ઇજા થઇ નહી. ગંગા નિકળી હતી તે ઠેકાણે બધા જઇ પહોંચ્યા. ત્યાં 'ગંગા કુવા' નામના કુંવાના બાંધકામમાંથી આશરે દોઢ ફુટ જેટલો પાણીનો ફુવારો દેખાયો.

બધાએ ગંગાના દર્શન કર્યા. તે પાણીના સુગંધનું વર્ણન કરવું કઠણ છે તે પાણી (તીર્થ) પીવા માટે દરેક જણ ધમપછાડા કરતો હતો. નજીકમાં કાટાવાળાથોરની વાડ હતી તે વાડમાં કેટલાક લોકો પડયા છતા કોઇને કાટા વાગ્યા નહી કે કઈ ઇજા થઈ નહી. એ લોકો પૈકી એક ઇસમ ઇમામશહાની સમાધી પાસે બેઠો હતો ત્યાં તેને ખળ-ખળ અને ધડધડ એવો મિશ્ર આવાજ સંભળાતો હતો.

તે ગંગાજલ બહુ દુર સુધી વહેતું ગયું ત્યારે એક રજસ્વલા સ્ત્રીની છાયા તેના ઉપર પડી એટલે તે પાણી વહેતું બંધ થયું. પણ જે ઠેકાણે ગંગા નિકળી હતી તે ઠેકાણે એક વેત જેટલો ખાડો પડેલો દેખાયો અને તેમાં પાણી પણ ભેગું થયું હતું. એ ખાડામાંથી ઘણા લોકોએ તીર્થ બાટલીમાં ભરી લીધું તેમ છતાં ત્યાંનું પાણી જરાપણ ઓછું નહી થતા જેવું ને તેવું કાયમ રહ્યું.

એક માણસને કઇ શંકા ઉપસ્થિત થઈ તેથી તેણે એ પાણીથી દીપ પ્રગટાવવા વિચાર કર્યો. એક કોડિયું લાવી તેમાં તેણે ત્રણ દિવેટો મુકી અને ખાડામાંનું પાણી તેમાં પુર્યું પછી એ દિવેટો પ્રગટાવી. ત્યારે તે ઘીના દિવાની જેમ એક સરખી બળવા લાગી. પાણી ખલાસ થવા આવે એટલે તેમા બીજું પાણી ઉમેરતા હતા. તેથી એ દીવો રાતદિવસ બળતો રહ્યો. લોકોની શંકા દુર થઈ અને ગંગા દર્શનનો દૈવી ચમત્મકાર તેમને જોવા મળ્યો.

આ ચમત્કાર જોવાથી લોકોને થયું કે આપણે કઈક ગુરૂદક્ષિણા આપવી જોઇએ તેથી તેમણે ૧૫૦૦, ૧૬૦૦ રૂપિયા જેટલી રકમ ભેગી

કરી તેમાંથી રૂા. ૧૧૦૦ ગુરૂ ઈમામશહાના દરબારમાં દક્ષિણા તરીકે અર્પણ કર્યા અને વધેલી રકમ ભાભારામ, કીકીબાઇ, નાયાકાકા એમના ધામ ઉપર અર્પણ કરી.

ૐ ગુરૂકૃપા ૐ જય નિકલંકી નારાયણ જનાર્દનમ:

પરમ પૂજ્ય દયાળુ દાતાર દેવદિલાવર પરમાર્થી પરોપકારી મહા-પુનિત આત્માના દર્શને, પીરાણા ગયો હતો. ત્યાં ઘણાં ભકતો હાજર હતાં. અને વાત થતી હતી, મારે કાને ઘણાં અવાજ પડયા. સાક્ષાત્ ગંગાજી પ્રગટયા એવી વાતો થતી હતી.

એ વાત મારા જેવા મહાપાપીના કાને મહાપવિત્ર મહાપુનિત ગંગાજી પ્રગટ થયાના અવાજ તથા દર્શન પ્રત્યક્ષ જોવા તથા સાંભળ્યાથી હું પાવન થયો. તેથી આ પીરાણાની જગ્યા મહાપવિત્ર અને પુનિત છે. જે દરેકે દર્શન કરવા જેવી છે.

આ માનવ દેહમાં આ મહાપવિત્ર જગ્યાના દર્શન ખુબ ખુબ ધરાઇને (પેટ ભરીને) કરજો. જેથી શ્રી નિકલંકી પરમાત્માના દર્શન દયા અને કૃપા તમારા ઉપર અને દરેક ઉપર ઉતરશે.

તા. ૧૨-૧-૭૧ લિ. બાળક હરિહર મુનિ મહારાજ
મંગળવાર હાઇકોર્ટ સામે, ભાવનગર.

તા. ૯-૧૨-૭૦ ની

ચમત્કારિ ઘટના

મુ. પાલડી કાંકજ-કંમ્પા

પાલડી કાંકજ કંમ્પામાં વિષ્ણુના દશ અવતારની કથાની પૂર્ણાહુતિની રાત્રે ૧૨ વાગે, એકાએક દેવરામભાઇ દેવશીભાઈના સુપુત્ર રમેશ કે જેની ઉમર પાંચ વર્ષની છે; તેમનું શરીર અચાનક મંદ પડી ગયું. હલમચલન બંધ પડી ગયું. નાડીના ધબકારા બીલકુલ મંદ ગતિએ ચાલતા હતા.

તે છોકરાને જીપમાં બેસાડી અમદાવાદ દવાખાને લઈ જવા નીકળ્યા. ત્યાંથી એક માઇલ પછી બે રસ્તા, એક અમદાવાદ અને બીજો શ્રી ઇમામશાના ધામ બાજુના હતા. જીપમાં બેઠેલા બધાએ અંતઃકરણથી શ્રી સદગુરૂને પ્રાર્થના કરી કે, 'આ બાળક સહેજ પણ શુદ્ધિમાં આવે તો શ્રી ઇમામશાહ બાવાજીના ધામમાં લઇ જઇએ,-ત્યાં તો બાળક તરતજ શુદ્ધિમાં આવ્યો અને સહેજ હાલ્યો. એટલે જીપગાડી શ્રી સદગુરૂના ધામ તરફ વાળી. જતાં જ ગુરૂજીના ધામના દરવાજે જીપ ઉભી રાખી, કે તરતજ તે બાળક જીપમાંથી ઉતરીને શ્રી સદગુરૂજીને દોડીને પગે લાગ્યો અને બધાને પ્રણામ કર્યા. ઘડી પહેલાં જે બાળકના જીવવાની કોઇ આશા ન હતી, તે બાળક જાણે સોળેકળાએ ખીલી ઉઠ્યો.

કેવો ચમત્કાર, શ્રી ઇમામશાહ મહારાજનો ?

સમારોપ

जो गुरु आज्ञा नित्य विरक्त, जो गुरुनाम नित्य स्मरत ।
ज्यासी गुरुसेवा नित्यव्रत, तो नित्यमुक्त निजदेही ॥

हस्तामलक श्लोक ८/३०४

વહાલા વાચકજન, આપે અત્યારસુધી સદગુરૂ ઈમામશહાનું ચરિત્ર વાંચ્યુ તે ઉપરથી આપને જણાયું હશે કે ગુરૂ કૃપાસિવાય કોઈને પણ સદગતિ મળતી નથી. ગુરૂ એજ અદ્વિતીય બ્રહ્મ, સર્વાર્થ સાધન અને શ્રેષ્ઠ તત્વ છે. આખુંય જગત ગુરૂમય છે. 'ગુરૂ' એ દ્વિઅક્ષરી મંત્ર જેની જીભ ઉપર વસે છે તેને વેદ પઠનની શી જરૂર છે? ગુરૂ મૂર્તિ એજ ધ્યાનનું મૂળ, ગુરૂચરણ એજ પૂજાનું મૂળ ગુરૂવાકય એજ મંત્રનું મૂળ અને ગુરૂકૃપા એજ સર્વસિદ્ધિનું મૂળ છે. એકનાથ મહારાજ કહે છે કે 'ध्यानी ध्याता सद्गुरु राया । ब्रह्मीभूत होत काया ॥' એટલે જ એકાગ્ર ચિત્તથી સદગુરૂનું ધ્યાન ધરવામાં આવે તો કાયા બ્રહ્મીભૂત થાય.

ગુરૂજ બ્રહ્મા ગુરૂજ વિષ્ણુ અને ગુરૂજ મહેશ્વર છે. ગુરૂજ અગ્નિ અને સૂર્ય હોઈ ગુરૂજ સકળ તીર્થ, યજ્ઞ, દાન અને તપરૂપ છે. આખુંય જગત ગુરૂમય છે. જેણે ગુરૂચરણનું પૂજન કર્યું તેણે આખાય જગતનું પૂજન કર્યું. તેને યજ્ઞ, દાન, તપ કે અન્ય સેવાની શી જરૂર છે? દુનિયામાં જેટલા તીર્થક્ષેત્રો છે તે બધા ગુરૂચરણને ઠેકાણે હોય છે. જે શિષ્ય હમેશા ગુરૂપાદોદક પ્રાશન કરે છે તે ધર્માર્થ કામ મોક્ષાધિપ થાય છે. ગુરૂદુવના કૃપા પ્રસાદનું સેવન કરવાથી કરોડો જન્મનું પાપ દૂર થાય છે.

સરસ્વતિ (વિદ્યા) સંપાદન કરવાનું મુખ્ય સાધન ગુરૂકૃપાજ છે. દરેક જણે શુદ્ધ મનથી ગુરૂસેવા કરવી એજ કલ્યાણનું સાધન છે. પરમેશ્વર પરમશ્રેષ્ઠ પણ તેનું દર્શન ગુરૂદેવજ કરાવી આપે છે. તેથી પરમાત્મા કરતા પણ ગુરૂ શ્રેષ્ઠ કહેવાય. તીર્થાટન કરવામાં દેહ શુદ્ધિનું ફળ મળે

છે પણ સત્સમાગમના લીધે જ્ઞાન પ્રાપ્તિ, વિવેક, બ્રહ્મોપદેશ વિગેરેનો અનુભવ થાય છે અને સદગુરૂ સમાગમથી બ્રહ્મ સાક્ષાત્કાર થાય છે. તેથી હમેશા સદગુરૂની સેવા કરી દુર્લભ વસ્તુ મેળવી લેવી.

રૂદ્રયામલમાં કહ્યું છે કે ગુરૂભક્તિ છોડી કોઇ સર્વસ્વનું દાન કરે તો પણ નરકગાપ્તિ થાય છે. કારણ ગુરૂભક્તિદ્વારાજ દાનનું ફળ મળે છે ગુરૂભક્તિદ્વારા ઇન્દ્રત્વ અને અભક્તિ દ્વારા સૂકરત્વ (ડુકકરની યોની) મળે છે. ગુરૂકૃપાવિના કરોડો પુણ્યો પણ ફોગટ જાય છે.

આ સિવાય ગુરૂગીતામાં કહ્યું છે કે ગુરૂસેવા નહી કરનાર દેવ, ગંધર્વ, કિન્નર, યક્ષ, પિતર, ઋષિ કે સિદ્ધગણ વિગેરે કોઇપણ મુક્ત થઇ શકતું નથી શ્રુતિ કે સ્મૃતિ ન વાચતાં જે ગુરૂસેવામાં રત હોય છે તે પણ સંન્યાસીજ કહેવાય છે. પણ સંન્યાશ્રમ લઇ જે ગુરૂસેવા નથી કરતા તે માત્ર વેશધારી સમજવા. કેવળ ગુરૂ પ્રસાદથી આત્મારામપદ પ્રાપ્ત થાય છે. ગુરૂમાર્ગ સ્વીકારવાથી આત્મજ્ઞાનનો ઉદય થાય છે. જીવ પાપથી મુક્ત થાય છે. કરોડો જન્મના જાપ, વ્રત, તપ અને સત્કર્મ કર્યાનું પુણ્ય મળે છે ગુરૂભક્તિના લીધે જ્ઞાનસિવાય પણ મોક્ષ મળે છે. ગુરૂસિવાય બીજુ કશુંજ નથી. ગુરૂ વ્યક્તિરૂપ તારક નથી હોતા પણ શિષ્યનો વિશુદ્ધ ભાવ તારક થાય છે. તેથી સાધકે નિર્મળ ભાવથી ગુરૂદેવનું ધ્યાન ધરવું.

શિષ્યની ફરજ શું છે અને તેનું કલ્યાણ શામાં છે? ગુરૂને ઠગવામાં કે પોપટિયા જ્ઞાન શ્રવણ પઠણ કરવામાં તેનું કલ્યાણ નથી. સદગુરૂ ઇમામશાહા કહે છે—

ગુરૂબીન જ્ઞાન હરિનામ ભૂલ્યા, વ્યર્થ જનમ ગમાયા હો ।।
વેદ પઢી પઢી થાકા પંડીતા, બ્રહ્મકા ભેદ નહી પાયા હો ।
બ્રહ્મા એ વિષ્ણુ આદ ઘણી છે, સચ્ચિદ જ્ઞાન ના જાણે હો ।।

સત્પંથ જ્ઞાન પદ સાહિત્ય.

ગુરૂ કૃપા વિના જ્ઞાન નથી. ગુરૂમંત્રનું સ્મરણ જે કરતો નથી તેનો જન્મ ફોગટ છે. ગુરૂએ પોતે જ્ઞાનનો અનુભવ લીધેલો હોવાથી એમના મુખે શ્રવણ કરેલું જ્ઞાનજ સાચું જ્ઞાન કહેવાય. ગ્રંથદ્વારાજ જો જ્ઞાન મળી શકતું હોત તો નિશાળ કે કૉલેજની કઇ જરૂર રહેત નહી. ગુરૂ સિવાય જ્ઞાન પ્રાપ્તિ થઈ શકે નહી. ગુરૂવચનનું પાલન કરવામાંજ શિષ્યનું કલ્યાણ છે. 'शिष्यस्तु कोयो गुरुभक्त एव।' સાચો ભક્ત હશે તેજ શિષ્ય કહેવાય. સદગુરૂ મહારાજ કહે છે કે–

'ગુરૂનું કહ્યું જે નહી માને । તે તો જાસે ઘોર અંધારા ॥'

ગુરૂવચન ન પાળનારને કે તેમની નિંદા કરનારને અંધઃકારમય જન્મમરણના ફેરામાં પડવું પડે છે. એવા લોકો એક યોનીમાંથી બીજી યોનીમાં કષ્ટ વેઠતાં ફરતા હોય છે. એમને સદગતિ મળતી નથી.

તેથી દરેકે ગુરૂવચન પ્રમાણે વર્તન રાખી તેમની કૃપા મેળવવી. તોજ ગુરૂ પ્રસન્ન થઇ તેને મોક્ષના અધિકારી બનાવશે. તેથી ગુરૂકૃપા મેળવવી એજ વેદ શાસ્ત્રો પુરાણો વિગેરેનો સાર છે તેથી એવી સદબુદ્ધિ અને પ્રેરણા સદગુરૂ ઈમામશાહ મહારાજ દરેકને આપે એવી તે પરમ-પાવન જગદુદ્ધારક પવિત્રચરણ કમલોને ઠેકાણે નમ્ર પ્રાર્થના કરી આપની રજા લઉં છું.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि यश्यन्तु मा कश्चिद् दुःखभाग्भवेत् ॥
सर्वस्तरंतु दुर्गाणि सर्वे भद्राणि पश्यन्तु ।
सर्वः सुखमवान्पोतु सर्व वः सर्वत्र नंदतु ॥

લેખક :

શ્રી પુરૂષોત્તમ ગુરૂ ધર્મા મહારાજ
શ્રી સતૂપંથી મંદિર, ફૈજપૂર.

कर्तव्य पञ्चक

वेदो नित्यमधीयतां तदुदितं कर्म स्वनुष्ठीयतां
तेनेशस्य विधीयतामचितिः काम्ये मतिस्त्यज्यताम् ।।
पापौघः परिधूयतां भवसुखे दोषोऽनुसंधीयता
मात्मेच्छा व्यवसीयतां निजगृहात्तूर्णं विनिर्गम्यताम् ।।१।।

વેદોનું નિત્ય અધ્યયન કરો, વેદમાં કહેલા કર્મો બરાબરરીતે કરો, વૈદિક કર્મોથી ઇશ્વર પુજન કરો, કામ્ય કર્મોમાં મન રાખતા નહી, પાપોનો નાશ કરો, સંસાર સુખમાં દોષોનું અનુસંધાન રાખો. આત્મજ્ઞાન સંપાદન કરવાની ઇચ્છાનો વ્યવસાય કરો અને ઘર છોડી ત્વરાથી બહાર નિકળો.

संगः सत्सु विधियतां भगवतो भक्तिर्दृढा धीयतां
शांत्यादिः परिचीयतां दृढतरं कर्माशु संत्यज्यताम् ।।
सद्विद्वानुपसृप्यतां प्रतिदिनं तत्पादुके सेव्यतां
ब्रह्मैकाक्षरमर्थ्यतां श्रुतिशिरोवाक्यं समाकर्ण्यताम् ।।२।।

સત્પુરૂષોનો સંગ કરો, ભગવંતના ચરણે દઢભકતી કરો. શમ, દમ, તિતિક્ષા વિગેરેનો અભ્યાસ કરો. કર્મફળનો ત્યાગ કરો વિદ્વાનોના સંનિધ રહો તેમની સેવા કરો. ૐ કાર રૂપ પરબ્રહ્મ સ્વરૂપનું શોધન કરો. ઉપનિષદ વાકયનું શ્રવણ કરો.

वाक्यार्थश्च विचार्यतां श्रुतिशिरःपक्षः समाश्रीयतां
दुस्तर्कात्सुविरम्यतां श्रुतिमतस्तर्कोऽनुसंधीयताम् ।।
ब्रह्मैवास्मि विभाव्यतामहरहो गर्वः परित्यज्यतां
देहेऽहंमतिर्यज्ञ्यतां बुधजनैर्वादः परित्यज्यताम् ।।३।।

તત્વમસિ વગેરે મહાવાકયોનો વિચાર કરો, ઉપનિષદોનો અભ્યાસ કરો, મિથ્યા તર્ક વિતર્કથી દુર રહો, વેદને અનુકુળ એવા તર્કનું

અનુસંધાન કરો. 'અહંબ્રહ્માસ્મિ' એવી ભાવના રાખો, અભિમાન છોડો, દેહપ્રત્યેની અહંબુદ્ધિનો ત્યાગ કરો, તેમજ વિદ્વાનો જોડે મિથ્યાવાદ ન કરો.

क्षुद्व्याधिश्च चिकित्स्यतां प्रतिदिनं भिक्षौषधं भुज्यतां
स्वाद्वन्नं न तु याच्यतां विधीवशात्प्राप्तेन संतुष्यताम्
शीतोष्णादि विषह्यतां न तु वृथावाक्यं समुच्चार्यता
मौदासीन्यमभीप्स्यतां जनकृपानैष्ठुर्यमुत्सृज्यताम् ।।४।।

દરરોજ ભિક્ષાન્ન સેવન કરો, સ્વાદિષ્ટ અન્નની ઇચ્છા ન રાખો પણ સંજોગોવશાત જે મળે તેમાં સંતોષ માનો, ટાઢ તડકો દુઃખ વગેરે સહન કરો મિથ્યા બોલશો નહી. સાંસારિક બાબતો પ્રત્યે અનાસકત રહો. કોઈના ઉપર અનુગ્રહ અથવા તેનો નિગ્રહ કરશો નહી

एकांते सुखमास्यतां परतरे चेतः समाधीयतां ।
पूर्णात्मा सुसमीक्ष्यतां जगदिदं तद्बाधितं दृश्यताम् ।।
प्राक्कर्म प्रविलाप्यतां चितिबलान्नाप्युत्तरैः श्लिष्यतां
प्रारब्धं त्विह भुज्यतामथ परब्रह्मात्मना स्थीयताम् ।।५।।

બ્રહ્મમાં ચિત્ત પરોવી આત્મા સિવાય બીજું કંઇ નથી એવી દષ્ટિ રાખો. આત્મજ્ઞાનથી પુંર્ણ કર્મનું પ્રવિલાપન કરો. ઉત્તર કર્મ સાથે સંબંધ રાખશો નહી. પ્રારબ્ધ કર્મનો ઉપભોગ લો અને બ્રહ્મસ્વરૂપને ઠેકાણે સ્થિર રહો.

करुणा पञ्चक

आकर्णयाशु कृपणस्य कृपावचांसि
लब्धोऽसि नाथ बहुभिः किल जन्मसंघैः ।
अद्य प्रभो यदि दयां कुरुषे न मे त्वं
त्वतः परं कथय कं शरणं प्रयामि ।।१।।

હે નાથ, ચોર્યાશી લાખ જન્મના ફેરામાં ભટકતા રહી આ દુર્લભ માનવ જન્મ પ્રાપ્ત થયો છે. આપના દર્શન કરવાની આ સોના

જેવી તક છે માટે આ દિનદાસની દર્દભરી કહાણી સાંભળો. મને નજીક હ્યો હે પ્રભો ! આપ જો આ દાસ ઉપર અનુગ્રહ નહી કરશો તો આપને છોડી હું બીજા કોના દ્વારે જાઉ ?

नगा दैत्याः कोशा भवजलधिपारं हि गमिता
स्त्वया चान्ये स्वामिन् किमिति समयेऽस्मिन्शयितवान् ।।
न हेलां त्वं कुर्यास्त्वयि निहितसर्वे मयि विभो
न हि त्वां हित्वाहं कमपि शरणं चान्यमगमम् ।।२।।

હે સ્વામી, આપની કૃપાથી વૃક્ષ, દૈત્ય, વાનર વગેરે જીવો પણ ભવ-સાગરમાંથી પાર થઈ ગયા પણ હવે મારે પાર ઉતારવાનો પ્રસંગ આવ્યો ત્યારે આપ કેમ સુઇ રહ્યા છો ? હે પ્રભો, મેં તો મારૂં સર્વસ્વ આપને અર્પણ કર્યું છે. માટે મને દૂર નહી કરો. આપના સિવાય બીજા કોઇને શરણે હું ગયો નથી.

अनन्ताद्या विद्या न गुणजलधेस्तेऽन्तमगमन्
अतः पारं यायात् तव गुणगणानां कथमयम् ।।
गुणन् यावद्धि त्वां जनिमृतिहरां याति परमां
गतिं योगिप्राप्यामिति मनसि बुद्ध्वाहमनसम् ।।३।।

હે ભુવનેશ્વર, જો શેષ, મહેશ, ગણેશ, શારદા તેમજ નારદ વિગેરે દેવર્ષિપણ આપના ગુણસાગરનો પાર જોઇ શકયા નથી તો પછી મારા જેવો એક અલ્પમતિ ક્ષુદ્ર જીવ તેની શી રીતે કલ્પના કરી શકે? આ સમજીનેજ હું આપના ગુણગાન ગાતો આપને શરણે આવ્યો છું.

संसारपाशदृढबन्धनिपीडितस्य
मोहान्धकारमयकूपनिपातितस्य ।।
कामाभिलाषविविधोरगदंशितस्य
दीनस्य मे कुरु दयां करुणै कपात्र ।।४।।

હે દીનબંધુ, હું સંસારપાશમાં જકડાયેલો છું. મોહરૂપી અંધઃકારના કુવામાં ગોથા ખાઉં છું. વિવિધ કમનારૂપ ભયંકર સર્પ મને ડંખ્યા કરે છે. આવી દયાજનક પરિસ્થિતીમાં આપ મારા ઉપર કૃપા કરો.

अज्ञस्तावदहं न मन्दधिषणः कर्तुं मनोहारिणी
श्चाटूक्तीः प्रभवामि यामि भवतो याभिः कृपापात्रताम् ।।
आर्तेनाशरणेन किंतु कृपणनक्रन्दितं कर्णयोः
कृत्वा सत्वरमेहि देहि चरणं मूर्धन्यधन्यस्य मे ।।५।।

હે સર્વજ્ઞ, હું મહામૂરખ અને મંદમતિ છું. તારા મધુર સ્તુતિપાઠ મને ગાતા આવડતા નથી, હું કયારનોય બૂમો પાડું છું માટે હવે આ શરણાગત ઉપર કૃપા કરો.

પરમેશ્વર સ્તુતિ

ૐ નમો નિકલંકી નારાયણ જનાર્દનમ્ !

હે પરબ્રહ્મ, હે અદ્વિતીય પરમતત્વરૂપ, શાંત, નિરંજન પૂર્ણના પૂર્ણ, આનંદદાન, હે સચ્ચિત્સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મન્ હું તને પ્રણામ કરૂં છું. હે પ્રભુ ! તું વંદનીય છે. આખું વિશ્વ તારી આગળ નમ્ર છે. તું સમગ્ર દ્રશ્ય અને અદ્રશ્ય સૃષ્ટિના પદાર્થો અને પ્રાણી કરતા પણ શ્રેષ્ઠ છે. હું તને નમસ્કાર કરૂં છું હે પ્રભો તુંજ જગતનો આશ્રયદાતા અને પાલનકર્તા છે. ઉત્પત્તિ અને લયકર્તાપણ તુજ છે. તુ પરાત્પર, નિશ્ચિલ અને નિર્વિકલ્પ છે. પ્રાણીમાત્રના ગતિરૂપ અને પાવનનો પાવન તું છે ઉચ્ચમાં ઉચ્ચ નિયંતાપણ તુંજ છે. હે જીવનસાક્ષી હું તારૂજ સ્મરણ કરૂં છું, ધ્યાન કરૂ છું, ઉપાસના કરૂ છું અને નમસ્કાર કરૂં છું. હું તારો દાસાનુદાસ છું. તારો આશ્રિત છું સર્વત્ર તુંજ છે તેથી તું મારી દુર્વાસનાનો નાશ કરી મને તારા ચરણ કમલે આશ્રય આપ. હેજગન્નિયંતા


ૐ નમો નિકલંકી નારાયણ જનાર્દનમ્
કલિયુગપ્રમાણ ૪,૩૨૦૦૦ વર્ષ.
અવતાર કાર્ય ૪,૩૨૦૦૦ વર્ષ.
પ્રાધાન્યભૂતવેદ અથર્વવેદ.
શ્રી નિકલંકી અવતાર.
શ્વેત ઘોડા
ધ્વજાછત્રધારી હનુમાન
શ્રી સતપંથી મંદીર હૈઝપૂર તરફથી સપ્રેમ ભેટ.

આ શરણાગતનું રક્ષણ કર. હે ઈશ્વર મને ઇન્દ્રિય સુખ કે કીર્તિ નથી જોઇતાં. ચમત્કાર બતાડનારી સિદ્ધિ પણ નથી જોઇતી. હે દીનદયાળ ! હું માત્ર શુદ્ધ ભક્તિ અને નિર્મળ પ્રેમ માગું છું. હે જગત્‌લક્ષ્મી વિશ્વમોહિની માતા ! માયામોહના કારણે હું તને ભુલી નહી જાઉ એવી તું મારા ઉપર કૃપા કર. તારી પ્રાપ્તિ થાય એવું જ્ઞાન, પ્રેમ અને ભક્તિ આપી મારા ઉપર કૃપા કર. હે દીનવત્સલ, હે દયાસિંધો, હું આપનું સ્વરૂપ ઓળખવા અસમર્થ છું. આપનામાં અને મારામાં મોટો ભેદ હોવા છતાં હું આપનોજ છુ. મારા ઉપર દયા કરો, આશ્રય આપો અને આપની સેવાને પાત્ર કરો.

પ્રેજપૂર સતપંથી મંદીર સંસ્થાનનો અલ્પ પરિચય.

પરમ પૂજ્ય સદ્‌ગુરૂ ઇમામશહા મહારાજના જીવન ચારિત્રનો આ ગ્રંથ જોડે એવો સંબંધ છે કે ધર્મ પ્રચાર માટે તે ગુજરાતમાં ફરતા હતા ત્યારે ઈ. સ. ૧૪૬૦ ના સુમારમાં તે ખંભાત આવ્યા હતા ત્યાં થોડા દિવસ સુધી ધર્મોપદેશ કરી વડોદરા ગયા અને ત્યાંથી ચાપાનેર ગયા. ત્યા ધર્મોપદેશથી કેટલાક લોકોને સતપંથનો અનુગ્રહ આપી પછી પાવાગઢ ગયા હતા.

પાવાગઢ એ ઐતિહાસિક કિલ્લો વડોદરાની પુર્વે કાલોલ તાલુકામાં છે. ત્યાં નવરાત્ર મહોત્સવમાં ભદ્રકાળી દેવીનો મોટો મેળો ભરાય છે. જુના શિલાલેખોવાળા આ કિલ્લાને પાવકગઢ અથવા પવનગઢ એવું નામ છે. સદ્‌ગુરૂ ઇમામશહા મહારાજ ત્યાં ગયા તે વખતે પતાઈ જયસિંહ રાવળ રાજ્ય કરતા હતા. સદગુરૂ મહારાજ ઘણા દિવસસુધી ત્યાં રહ્યા. ત્યાં તેમણે લેઉવા પાટીદાર અને રજપુત વિગેરે લોકોને સતપંથની દિક્ષા આપી ત્યાંથી તેઓ પેટલાદ તાલુકાના દેવા ગામે જઈ ત્યાંથી અમદાવાદ ગયા એવો તેમનો જીવન વૃત્તાન્તમાં ઉલ્લેખ છે. આ પ્રમાણે તેમનું પ્રચારકાર્ય ગુજરાતમાં વધુ પ્રમાણમાં થયુ અને મોટા જનસમાજને વૈદિક ધર્મનો તેમણે ઉપદેશ કર્યો.

સદ્દગુરૂ મહારાજ પાવાગઢથી ગયા પછી લગભગ ૨૪ વર્ષ બાદ ત્યાંના લોકો ઉપર એક મોટી આફત આવી. ઇ. સ. ૧૪૮૪ ના અરસામાં મહંમદ બેગડાએ પાવાગઢ ઉપર ચડાઈ કરી ત્યાંના જયસિંહ રાજાને ઠાર કર્યો. આ લડાઇ વખતે લોકોને ઘણી મુસીબતો વેઠવી પડી. કેટલાક લોકોં ગામ છોડી બહાર જતા રહ્યા. પવનગઢના વિનાશને કારણ તરીકે ભાટ લોકો એક એવી દંતકથા કહે છે કે રાજા જયસિંહ ઉપર ભદ્રકાળી માતાનો કોપ ઉતર્યો અને તેને શાપ મળ્યો હતો કે થોડા દિવસમાં તારો અને તારા નગરનો નાશ થશે. તેથી ત્યાંના લોકોએ ભવિષ્યની પરિસ્થિતીનો વિચાર કરીએ સ્થળ છોડયું. લોકો બહાર નિકળ્યા તેમના પૈકી કેટલાક લેઉંવા પાટીદારોની એક ટુકડી પંદરમી સદીની આખરે ખાનદેશમાં જઈ પ્રથમ અમળનેર તાલુકાના નાદેડ ગામે વસ્યા ત્યારપછી વતન, જમીન, કામ ધંધો અને નોકરી વિગેરે મળતાં ગયાં તેમ તેમ તે લોકો યાવલ, રાવેર જળગાવ, ભુસાવળ વિગેરે તાલુકાના કાયમના રહેવાસી બન્યા કેટલાક લોકો વરહાડ, નેમાડ, પશ્ચિમ ખાનદેશ વિગેરે ઠેકાણે જઇ વસ્યા. આ લોકો પોતાની મૂળ ગુજરાતી ભાષા ભુલી જઈ મરાઠી બોલતા થયા.

પાવાગઢથી ખાનદેશ જઇ વસેલા લેઉંવા પાટીદાર પૈકી ઘણા લોકો પ્રથમ પાવાગઢમાં હતા ત્યારથી સતપંથ પાળનારા હતા. ગુજરાતમાં લેઉંવા પાટીદારોમાં આજે પણ સતપંથના અનુયાયીઓ મોટા પ્રમાણમાં છે તે પોતાના પુર્વજોના ધર્મપંથો પ્રમાણે વર્તે છે. ખાનદેશમાં લેઉંવા કોમમાં આજે પણ વારકરી સ્વામી નારાયણ, સતપંથ, નાથપંથ, મહાનુ-ભાવ વિગેરે અનેક ધર્મપંથો છે. અને તે તમામનાં રોટી બેટી વ્યવહાર ચાલે છે. ખાનદેશમાં વસેલા લેઉંવા પાટીદારોમાં સો સવાસો કુટુંબ સત્પંથી હતા. તે બધા ફૈજપુરમાં અને આજુબાજુના ગામડાંઓમાં રહેલા. સત્પંથી ધર્મ પ્રમાણે પુજાપાઠ, ભજનપુજન, કથા કીર્તન શ્રવણ વગેરે માટે એક ચોક્કસ સ્થાન જોઈએ તે હેતુથી તેમણે ફૈજપુર ગામે એક મંદિર બાંધ્યું તેજ સત્પંથી મંદીર અથવા ધર્મશાળા તરીકે

ઓળખાય છે. સત્પંથી મંદીરમાં લોકો પુજા પ્રાર્થના, ભજન વિગેરે માટે ભેગા મળે છે અને ત્યાં ઘટપાટ કલશ પુજા અને ઘ્રુતજ્યોતિનું ધ્યાન તેમજ પ્રણવબ્રહ્મ ૐનું સ્મરણ વંદન વગેરે કરે છે. ત્યારપછી કેટલાક લોકો કામ ધંધા અંગે ફૈજપૂરથી આજુબાજુના ગામો જેવા કે આમોદા, બાહ્મણોદ રાજોરા, ચિનાવલ, ઉટખેડે, વિવરે, મસ્કાવદ, રોઝોદા, ખડકે, કંડારી, પિંપળગાવ, આસોદે, ફૂલબિરોદે, લિંગેનશીરાબાદ વગેરે અનેક સ્થળે ગયા અને ત્યાનાજ વતની બન્યા. ત્યાંજ તેમણે પૂજા અર્ચા માટે પૂજા સ્થાનોની સ્થાપના કરી અને પોતાની બધી વિધી કરવા લાગ્યા. માત્ર ઉત્સવ પ્રસંગે તે ફૈજપૂરમાંથી મુખ્ય ઠેકાણે ભેગા મળી સામુદાયીક પૂજા વિગેરે કરી સંઘટના કાયમ રાખતા.

ફૈજપુરના સત્પંથી અનુયાયીઓ સદ્ગુરૂ ઈમામશાહાને 'સદ્ગુરૂ' એટલે સત્ માર્ગદર્શક 'યુગગુરૂ' તરીકે માને છે. તેમણે બતાવેલા

સનાતન વૈદિક માર્ગનું જ આચરણ કરે છે. સત્પંથના સિદ્ધાંત અનુસાર શ્રી આદ્યનારાયણ, આદ્યશકિત અથવા યોગમાયા, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ આરાધ્ય દેવતાઓનુંજ પુંજન કરવાનું હોય છે. શ્રી વિષ્ણુ ભગવાનના દસ અવતારને પુજ્ય માની દસમાં અવતારની શ્રી નિકલંકી નારાયણની ભકિત કરવી. ઈતર દેવતાઓ આ એકજ વિરાટ સ્વરૂપ ભગવાનની અંશભૂત વિભૂતિ માની તેમને વંદન કરી તેમની કૃપા માટે આરાધના કરવી એવું સદગુરૂ મહારાજનું પ્રતિપાદન છે. કલશ ઘટવાટ ઘૃતજ્યોતિની પુજાવિધી અથર્વવેદના મંત્ર પ્રમાણે કરવામાં આવે છે. સદગુરૂ ઇમામશહા મહારાજે અથર્વવેદ ઉપરથી આ મંત્રો ગુજરાતી ભાષામાં કર્યા છે. પુજા વખતે અખંડ ઘ્રુતજ્યોતિનું—ઈશ્વરના નિર્ગુણ નિરાકાર તેજસ્વી સ્વરૂપનું ધ્યાન કરવાનો નિયમ છે. તેજ પ્રમાણે પ્રણવ બ્રહ્મનું નિત્યસ્મરણ કરવાનું પણ સદગુરૂ ઈમામશહા મહારાજનું પ્રતિ-પાદન છે.

કળશ પુજા એ બ્રહ્મપુજાનું અને અમૃતત્વ પ્રાપ્તિનું પ્રતીક છે. પરબ્રહ્મ પરમેશ્વરે જ્યારે સૃષ્ટી નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો ત્યારે સૌથી પ્રથમ સંકલ્પમાત્રથી બ્રહ્મ દેવને નિર્માણ કર્યા અને તેમને એક અમૃત કલશ આપી સૃષ્ટિ નિર્માણ કરવા કહ્યું. તે ઉપરથી બ્રહ્મદેવે કલશ-માંના અમૃતબિંદુનું સિંચન કરી સૃષ્ટિના એક એક પદાર્થની નિર્મિતી કરી પ્રથમ પંચમહાભૂતો નિર્માણ કર્યા અને પછી સૃષ્ટીની ઉત્પત્તિ અને રચના કરી. તે આદ્ય ઘટપાટનું પ્રતીક તરીકે સદગુરૂ ઇમામશાહે સતપંથી અનુયાયીઓને આ કલશ પાઠવિધી કહેલો છે. આપણા બધા ધર્મ-શાસ્ત્રોએ પણ આજ કારણસર કલશપુજાને અગ્રસ્થાન આપ્યું છે. પુજા વખતે ઘ્રુતજ્યોતિ પ્રગટાવી તેનું ધ્યાન કરવાનું હોય છે કેમકે ઘ્રુત એટલે ઘી તે સાત્વિક અન્ન છે તેની સુગંધ મધુર હોઇ આરોગ્ય દૃષ્ટિથી પણ તે ઉપયોગી હોય છે, સાત્વિક શાંતિ માટે ધ્યાન કરવા યોગ્ય વાતાવરણ નિર્માણ કરવા માટે ચોખ્ખા ઘીની જ્યોતિ પ્રગટાવવાની હોય છે. આપણો આત્મા અને પ્રાણિ માત્રમાં રહેલો આત્મા જ્યોતિસ્વરૂપ હોવાથી તેની પ્રાપ્તિ માટે એ સ્વરૂપથી એનુંજ ધ્યાન ધરવું. ૐ પ્રણવ બ્રહ્મ એ આદ્ય અક્ષર તત્વ છે. સૃષ્ટીની નિર્મિતીનું મુળ અક્ષર બ્રહ્મ છે. ૐ એ બ્રહ્મબીજ છે. તે સિવાય બીજા બીજ એટલે હ્રાં હ્રીં ક્ષ્રું જું સ્ર આદિ સર્વ માતૃકા બીજો છે. તેમના સ્મરણથી જે બીજ જે દેવતાનું પ્રતિકાત્મક છે તે દેવતાની ઉપાસના થાય છે. તેથી આત્યંતિક ઉપાસનાના બળ ઉપર તે જીવ તે દેવતાના સાક્ષાત્કારને પાત્ર થાય છે. પરંતુ એ દેવતા અગર તેમના ફળો નાશવંત હોવાથી તેમની ઉપાસના કરવી ગૌણ છે. ૐ આદ્ય બ્રહ્મ બીજમંત્ર હોવાથી તેના સ્મરણ ચિંતન ઉપાસનાથી આત્મપદની પ્રાપ્તિ થાય છે. અને તે દ્વારા મુક્તિપદ મળે છે. આ પ્રમાણે આ સર્વ બાબતોને સત્પંથ ઘટપાટ પુજાવિધીમાં મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે.

સત્ય, પ્રેમ, પુરૂષાર્થ, સમાનભાવ, અહિંસા, પરોપકાર અને ક્ષમા એ સત્પંથના મુખ્ય તત્વો છે. હૃદયશુદ્ધિમાટે હિંગ તંમાકૂ, અફીણ કે ગાંજો

મદ્યમાંસ એ બધુ નિષિધ માની માદક વસ્તુનો ત્યાગ કરવો તેમજ પર-નિંદા, પરસ્ત્રીગમન–ચિંતન, સવાઇ વ્યાજ વિગેરેનો પણ ત્યાગ કરવો. 'अहिंसा परमो धर्मः' એ સત્પંથના મુખ્ય ધ્યેય મુજબ આચરણ રાખવું. કોઇને 'માર' એમ કહેવું એ પણ દોષાસ્પદ છે. શરીર શુદ્ધિના નિયમો અતિ કડકપણે પાળવામાં આવે છે. પ્રસૂત થયેલી સ્ત્રીને ૪૦ દિવસ સુધી ધર્મની કોઈપણ વસ્તુને અડકવા દેતા નથી તેમજ રજસ્વલા સ્ત્રીને પાંચ દિવસ સુધી ઘરમાં વ્યવહાર કરવા દેતા નથી. મંદીરમાં મંત્રોપચારથી તીર્થ પ્રાયશ્ચિત લીધા સિવાય શુદ્ધતા થતી નથી. ઋતુકાળમાં સ્ત્રી મંદી-રના પગથીયાને પણ સ્પર્શ કરી શકતી નથી. આટલા કડક નિયમો પાળ-વાના હોય છે. રામનવમી, ગોકુળ અષ્ટમી, અગીયારસ, ચતુર્દશી, શુદ્ધ દ્વિતીયા, ચંદ્રદર્શન,ચતુર્થી વગેરે વ્રતો પણ હોય છે. ગુઢી પડવાના દિવસે ધ્વજા ઉપર નવું નિશાન ચઢાવી ધ્વજવંદન કરવામાં આવે છે. નિશાન ભગવા રંગનું અને ૐ ચિન્હાંકિત હોય છે.

ફૈજપૂરના સત્પંથી મંદીરમાં પૂજા અર્ચા અને સંસ્થાનો વહિવટ ચલાવવા માટે ગાદીપતિ બાલ બ્રહ્મચારી સાધુ હોય છે. સત્પંથી અનુ-યાયીપૈકી કોઈપણ વ્યકિતને બાળપણામાંજ બાળ બ્રહ્મચારી સાધુ તરીકે મંદીરમાં અર્પણ કરવાની પ્રથા છે. શિષ્ય પરંપરાનુસાર આ સંસ્થાનનો કારભાર ચાલે છે. આવા બાલ બ્રહ્મચારી સાધુજ સત્પંથી અનુયાયીઓના ગુરૂ હોય છે. સત્પંથનો અનુગ્રહ આપનાર તેજ તેમના ગુરૂ હોય છે. માત્ર સદગુરૂ ઈમામશહા મહારાજ એ સત્પંથીઓના એકમેવ પરમપૂજ્ય સદગુરૂ છે. આજ સુધી ફૈજપૂર સંસ્થાનમાં આશરે ૧૧/૧૨ ગાદીપતિ થયા છે. સત્પંથી મંદીર ફૈજપૂર ગામમાં ૪૦૦/૪૫૦ વર્ષોથી છે. સત્પંથી અનુયાયી અહીં આવ્યાને પણ એટલોજ સમય વિત્યો છે. પ્રથમ અહીં નાનકડું પણ ઉત્તમ રીતે બાંધેલું મંદીર હતુ. આ મંદીરની સ્થાપના ઈ. સ. ૧૫૭૫ થી ૧૬૦૦ ના અરસામાં થયેલી છે. ઇ. સ. ૧૮૩૧ ના સુમારમા તે સારી સ્થિતીમાં હતુ. તે વખતે ત્યાં પરમપૂજ્ય આચાર્ય શ્રી દગડુબુવા ગાદીપતિ બાલ બ્રહ્મચારી અને મંદીરના વહીવટકર્તા હતા.

એમના કુશળ વહીવટથી મંદીર સારી સ્થિતીએ આવ્યું. તેમના પછી પ. પૂ. આ શ્રી જાનુબુવા ગાદીપતિ થયા. તેમના સંબંધે જોઈએ તેટલી માહિતી ઉપલબ્ધ નથી. પણ તે વખતે ધર્મની ઉન્નતિ ચાલુ હતી. જ્ઞાનોપદેશનું અને ધર્મપ્રચારનું કાર્ય પૂરા જોરથી અને ઉત્સાહથી ચાલુ હતુ.

ત્યાર પછીના ગાદીપતિ પ. પૂ. આ શ્રી ધારસુ બુવાએ સાધૂના વસ્ત્રો પરિધાન કર્યા. તેમનું જન્મસ્થાન ભુસાવળ તાલુકાનું 'ટાકાનું પિંપળ-ગાંવ' હતું. ત્યા કોલ્હે ઘરાણામાં તે જન્મ્યા. બાળપણમાં ધાર્મિક શિક્ષણ અને સ્મરણશકિત સારી હોવાથી તેમના માતા પિતાએ તેમને મંદીરમાં અર્પણ કર્યા. ત્યા ઘણો પરિશ્રમ લઈ તેમણે શાસ્ત્રાભ્યાસ કર્યો. ભગવદ્-ગીતા અને શંકરાચાર્યના વાકયવૃત્તિ, અપરોક્ષાનુભૂતિ, આત્મબોધ વગેરે ગ્રંથો તેમને કંઠસ્થ હતા. સંસ્કૃતભાષાના તે પંડિત હતા. તેમનું પ્રવચન સાંભળતા લોકો તલ્લીન થઈ જતા. કામધંધામાથી પરવાર્યા પછી લોકો મંદીરમાં જઈ શાસ્ત્રનું અધ્યયન કરતા અને જુના હસ્તલિખિત શાસ્ત્રના ઉતારા કરી તેમનું પુનરૂજ્જીવન કરતા ધર્મભાવના જાગૃત થયેલી દેખાતી હતી. લોકો ભાવિક હતા. પૂજા અને ભંડારા થતા તેથી આસપાસના ગામડાના લોકોપણ ત્યાં આવતા. ગામેગામ ભાગવતસપ્તાહ, દશાવતાર અને મોટા ભંડારા ચાલતા તે વખતે પ. પૂ. ગુરૂ બારસુબુવા આજુ-બાજુના ગામડામા ફરતા. પૂર્વ અને પશ્ચિમ ખાનદેશ, વહ્રાડ, નેમાડ, મધ્યપ્રદેશ વગેરે પ્રદેશોમાં તે દરવર્ષે ફરતા. લેઉવાસિવાય રાજપૂત, મરાઠા, સાળી, બારી, કોષ્ટી, ભાવસાર વિગેરે અનેક જમાતના લોકો આ પંથના શરૂથીજ અનુયાયી હતા.

પ. પૂ. ગુરૂવર્ય બારસુબુવાના આખરના દિવસોમાં એટલે ઇ. સ. ૧૮૯૭ ના સુમારમાં ફૈજપૂરનું મંદિર જીર્ણ થયું હતું. તે તોડી તે ઠેકાણે નવું ભવ્ય મંદીર બાંધવાનો સતપંથી અનુયાયી લોકોએ વિચાર કર્યો. એજ અરસામાં ત્યાં એક ચમત્કાર જોવા મળ્યો. મંદીરની પૂર્વ બાજુએ

એક મોટો રસ્તો હોઈ ઉત્તરની બાજુએ વાડામાં જવાનો રસ્તો છે. તે બંને રસ્તાના ખૂણામાં એટલે મંદીરની ઈશાન દિશાએ એક મોટું રાયણનું વૃક્ષ હતું. તે વૃક્ષ ઉપર દર વર્ષે ગુડી પડવાના દિવસે મંદિર ઉપર ભગવું નિશાન લગાડવામાં આવતુ એ વૃક્ષની છાયામાં બાળકો રમતા. એક દિવસે સાંજે રસ્તાની બાજુએ દસબાર ફૂટ લાંબી એવી સુગંધીત ફૂલોની વૃષ્ટિ અચાનક થઇ રમનારા બાળકો ત્યાં દોડી ગયા અને ઘણી તપાસ કરી છતા પુષ્પવૃષ્ટિ કયાંથી થઈ તે જાણી શકાયું નહી. છેવટે બે ત્રણ ઈસમોએ નીચે પડેલા ફૂલ ઉચકી લીધા. તેની સુગંધ એટલી બધી હતી કે આસપાસનુ આખુંય વાતાવરણ સુમધુર થયું. મંદીરની પૂર્વેના વાડામાં કેટલાક ચૌધરી લોકોના ઘરો હતા. તે પૈકી કૈ. હુના હરી ચૌધરીએ તે ફૂલ લઈ પોતાના દેવઘરમાં મૂકયા. તે મહાન ભકત હતા. તેમના દેહમાં કોઈવાર દેવતાનો સંચાર પણ થતો. આ પુષ્પવૃષ્ટી થવાનું કારણ તેમના દિકરાઓએ તેમને પુછ્યું તેથી તેમણે પોતાના ઈષ્ટ દેવતાનું સ્મરણ કરી કહ્યું કે આ માર્ગે એક તેજસ્વી સત્પુરૂષ અદ્દશ્યરૂપે આ મંદીરમાં આવ્યા હતા. તેમના સત્કારમાટે ઈશ્વર કૃપાથી તેમના ઉપર આ પુષ્પવૃષ્ટિ થઇ છે. ત્યારે બધાને તે જગાની ધૂળ મસ્તકે ચઢાવી ગુરૂ મહારાજના નામનો જયઘોષ કર્યો.

પુષ્પવૃષ્ટિ થયેલ જગાએ ધ્વજ લગાવવાનું લોકોએ ઠરાવ્યું મંદીર ઘણું જીર્ણ થયેલું હોવાથી તેનો જીર્ણોદ્ધાર કરી તે ઠેકાણે ધ્વજારોપણ કરવાનું તેમણે નક્કી કર્યું. તેથી ઇ. સ. ૧૮૯૮ ના અરસામાં ફંડ ભેગું કરવા પ્રયત્ન કર્યો પણ તે વખતે દુકાળના કારણે લોકોની આર્થિક સ્થિતી સારી નહોતી તેમ છતા લોકોએ ઉત્સાહથી કામ ઉપાડી લીધું અને જુનું મંદીર ઉકેલ્યું નવી ઇમારત બાંધવા માટે પાયાથી કામની શરૂવાત કરી બે વર્ષમાં બાંધકામ પુરૂ કર્યું બાંધકામ માટે જોઇ તો ચુનો રાજોરે ગામની ભઠ્ઠીમાં તૈયાર કરી બામણોદ ગામે તે ઝીણી બનાવી ત્યાંથી બાંધકામના સ્થળ ઉપર અનુયાયી લોકોએ લાવી આપ્યો નળીયા ધાનોરે ગામેથી લાવવામાં આવ્યા. આજુબાજુના ગામના અનુયાયી લોકો ૮–૮ દિવસ

આવી શ્રમદાનથી કામ કરતા ફૈજપુર, ચિનાવલ, રાજોરા, બામણોદ વગેરે ગામના અનુયાયીઓએ લાકડા, પથ્થર, ઇંટો વગેરે માલસામાન લાવવા માટે બળદ ગાડીઓ આપી. વધુ મજુરોની જરૂર પડે ત્યારે કેટલાક અનુયાયી લોકો જુજ મજુરી લઇ કામ ઉપર આવતા. તે વખતે પુરૂષ મજુરને દોઢ આનો અને સ્ત્રી મજુરને પોણો આનો અથવા એક આનો મજુરી આપવામાં આવતી. સુથાર કે કડીયાને ચારથી આઠ આના સુધીની મજુરી અપાતી. આ પ્રમાણે ઘણાજ થોડા ખર્ચમાં મંદીરના જીર્ણોધ્ધારનું કામ પુરૂ થયું. આ બધાના મૂળમાં સત્પંથી અનુયાયી-ઓનો પ્રેમભાવ ભક્તિ, તાલાવેલી, પંથસંઘટના અને અસીમ ઉત્સાહ હતો. તે વખતે સત્પંથી સીવાય બીજા લોકો પણ મદદ કરવા તૈયાર હતા પણ તેટલી જરૂર ન જણાયાથી તે સ્વીકારવામાં આવી નહી. આ પ્રમાણે તનમન ધન પરિશ્રમથી બાંધેલુ આ મકાન ઈ. સ. ૧૯૦૦ માં તૈયાર થઇ તેની વાસ્તુશાંતિ કરવામાં આવી. એ વખતે આજુબાજુના ગામડાના લોકોને, સતપંથી લોકોને તેમજ ફૈજપૂર ગામના તમામ લોકોને આમંત્રણ આપવામાં આવેલા હતા. મોટો યજ્ઞ કરી યથાવિધી વાસ્તુશાંતિ થઇ અને પછી મોટો ભંડારો કરી મંદીરમાં બ્રહ્માસનની (તકતની) સ્થાપના કરી તેના ઉપર કલશ ઘટપાટ અને ઘૃતજ્યોતીની સ્થાપના કરી અને નિત્ય પૂજાપાઠ શરૂ થયો. બ્રહ્માસન ઉપર ધર્મગ્રંથની અને પ. પુ. સદ્ગુરૂ મહારાજની પાવડીની સ્થાપના કરી તેનું પુજન કર્યું. મંદીરના ઇશાન ખુણામાં ૫૦ ફુટ ઉંચાઈની ધ્વજા રોપવામાં આવી ગુડી પાડવાના શુભ મુહૂર્ત ઉપર મોટો મંગલ ઉત્સવ થઇ નવીન ધ્વજ ઉપર ૐ ચિન્હાંકીત ભગવું નિશાન ચડાવવામાં આવ્યું. તે વખતે મંગલ વાદ્યો વગાડી ધ્વજ અને નિશાનની પણ પુજા કરી શ્રીમત્ સદગુરૂ ઇમામશહા મહારાજ અને પ્રભુ શ્રી નિકલંકી નારાયણના મંગલ નામના જયઘોષ સાથે નિશાન ચડાવ્યું. આ પ્રમાણે નવીન બાંધેલા મંદીરની સ્થાપના ઇ. સ. ૧૯૦૦ માં સારી રીતે થઇ.

એજ સુમારમાં ફૈજપુરના મંદીરમાં સત્પંથી ધર્મના મુખ્ય આચાર્ય પીરાણા સંસ્થાનના ગાદીપતિ કાકા પ. પુ. ગુરૂવર્ય શ્રીરામજી લક્ષ્મણ

અને શ્રી વાલજી કાકા કઈ કારણ પ્રસંગે ૬ મહિના સુધી આ મુકામે હતા. તેમણે અહીનો વહીવટ તેમજ સમાજ સંઘટવા નિયમ પાલન વિગેરે જોઇ અનુંયાયીઓને ધન્યવાદ અને આશિર્વાદ આપ્યા ઇ. સ.૧૯૦૫ સુધી પ. પુ. ગુરૂ બારસુબુવાની આગેવાની મળી હતી. આ સમયમાં પંથ સંઘટનાની દૃષ્ટિથી ઘણા મહત્વના કામો થયા. આ અરસામાં રાવેર તાલુકામાં ઉટખેડા ગામના જાના દગડુ રાણે સત્પંથી મંદીરમાં આવ્યા અને બાધા લીધી કે મારે ત્યા પુત્ર જન્મ થશે તો તે પુત્રને બાલ બ્રહ્મચારી સાધુ તરીકે હું મંદીરમાં અર્પણ કરીશ. થોડા દિવસ પછી તેમને એક અતિશય સુંદર અને તેજસ્વી પુત્ર થયો. ભગવાન આપણા ઉપર પ્રસન્ન થયા એ જાણી તેમને બહુ આનંદ થયો. પણ માયા અને મોહમાં ફસાઇ વચન ભંગ કરી દિકરાને મંદીરમાં અર્પણ કરવાની તેમણે ના પાડી. કમનસીબે થોડાજ દિવસ પછી તે બાલક મૃત્યુ પામ્યો તેથી વચન ભંગ કર્યા બદલ તેમણે પશ્ચાત્તાપ કર્યો અને ફરીથી મંદીરમાં જઇ પોતાના અપરાધની ક્ષમા માગી અને ઇશ્વરને ભક્તિભાવથી પ્રાર્થના કરી કે ફરી એકવાર પુત્ર આપો. ઇશ્વર કૃપાથી તેને પુત્ર થયો. એ પુત્ર મંદીરમાં એટલે ધર્મને અર્પણ કરવાનો હોવાથી તેમણે તેનું નામ ધર્મા રાખ્યું. ઇ. સ. ૧૯૦૫ મા પ. પું. આચાર્ય બારસુ બુવા સ્વર્ગવાસી થયા પછી તેમણે પોતાના દિકરાને એટલે પ. પું. ગુરૂ૦ ધર્મા મહારાજને ભગવા સાધુ તરીકે મંદીરમાં અર્પણ કર્યો તે વખતે ધર્મા બુવા બાળક વયના હોવાથી સત્પંથી લોકોએ પોતાની જમાતમાંના પ્રમુખ પંચોની નિમણુક કરી ધર્મા બુવાને ઉછેરવા અને સંસ્થાનો વહિવટ ચલાવવા માટે એક કમિટી નિમી પ. પૂ. ધર્માબાવાનું બાળવય હોવાથી ઉટખેડે ગામના સન્માનનીય જયરામ ઝેહુ બારી એમણે અત્યંત અલ્પ પગાર લઇ મંદિરની પૂજા કરવાનું સ્વીકારી સંસ્થાનનો કારભાર પણ તે જોવા લાગ્યા.

સંસ્થાનના ખર્ચ અને પૂજા ધૂપ દીપ વગેરે માટે તેલ, ઘી અનાજ પ્રસાદ અને ઇતર ખર્ચનું કામ સતત અને સરળતાથી ચાલે તે માટે કેટલાક ઉદાર બુદ્ધિ સજ્જનોએ મંદીરને જમીનો અર્પણ કરી હતી

અને કેટલીક જમીનો સંસ્થાએ વેચાતી લીધી તે આવક ઉપર મંદીરનું ખર્ચ નિભાવવા લાગ્યું આ રીતે વખતો વખત જે જે બાબતોની જરૂર પડી તે તે જરૂરીયાત ભાવિક લોકોએ પૂરી પાડી સંસ્થાન સુરક્ષિત રાખ્યું ઈ. સ. ૧૯૧૧ ની હકિકત છે. ફૈજપૂર ગામના બોહરી લત્તામાં એક રાત્રે એક ઘરને એકાએક આગ લાગી પવનનું જોર વધુ હોવાથી આગ એકદમ ભડકી અને તે એક બોહરાના ગોદામસુધી જઇ પહોચી. ગોદામમાં ઘાસ-તેલના ડબ્બા હતા આગના લીધે આખા ડબાને ડબા આકાશમાં ઉછળવા લાગ્યા અને ત્યાં તેમનો સ્ફોટ થઇ ઘાસલેટ ચોતરફ ફેલાતું. તેથી આગ ઝપાટાથી વધતા દક્ષિણ બાજુતરફ ફેલાવા લાગી અને છેક સત્-પંથી મંદીર સામેના ઘરસુધી આવી પહોચી. આ અગ્નિપ્રલય જોઇ લોકો હતાશ થયા. સત્પંથી લોકોએ મંદીરમાં જઈ પરમેશ્વરની અનન્યભાવે પ્રાર્થના કરી એટલામાં આગે પોતાની દીશા બદલી અને તે કાબુમાં પણ આવી. આગથી આશરે ત્રણસો જેટલા ઘરો બળીને ખાખ થયા પણ મંદીરનો સ્પર્શ થતાંજ આગશાંત થયેલી જોઇ લોકો આશ્ચર્યચકિત થયા.

ઈ. સ. ૧૯૨૪ માં જાત્રા માટે નિકળેલા લોકોનો એક સંઘ ગુરૂદર્શન માટે પીરાણા ગામે ગયો. ત્યા ગુરૂ કૃપાથી તેમને અદભૂત રમ્ય ગંગાદર્શન થયું જેની વિગતવાર હકિકત આપણે આ પુસ્તકના પાન ૧૪૫ ઉપર વાંચી છેજ.

એક વખત મંદીરમાં ઉત્તરકાર્યની પૂજા ચાલુ હતી ત્યારે એક ચમત્કારિક બીના બની બામણોદ ગામના શ્રી નેમા રામજી ઝોપે તે વખતે બાર વર્ષની નાની ઉમરના હતા. પૂજા વખતે તે ઉપલા માળેથી નીચે ઉતરતા હતા ત્યારે પગ લપસી કુવાના બાકોરામાંથી ૫૦ ફૂટ નીચે પાણીમાં પડયા. ઇશ્વરની લીલા અગાધ છે તેમને જરાપણ ઇજા થઇ નહી. જાણે જમીન ઉપર ઉભા હોય તેમ તે લોકોને દેખાયા લોકોએ અંદર દોરડા છોડી તેમને બહાર કાઢયા અને જોયું તો તેમનું શરીર અને કપડા પણ કોરા હતા. તેથી તેમણે અત્યંત નમ્રભાવથી ઇશ્વરની

પ્રાર્થના કરી. આ ચમત્કાર જોવાથી મંદીર એક જાગૃત દેવસ્થાન હોવા બદલ બધાની ખાતરી થઈ,

મંદીરમાં પૂજા કે બીજા મંગલ ઉત્સવ પ્રસંગે કેટલાક શ્રદ્ધાળુ ભક્તોને સદગુરૂ મહારાજના સફેદ વસ્ત્રો પરિધાન કરેલી દિવ્ય વિભૂતિ રૂપે, દર્શન થયાનું સાંભળવામાં છે. કેટલાંક ભક્તોને તે નિર્મળ તેજસ્વી વિભૂતીના સફેદ ઘોડા ઉપર આરૂઢ થયેલી સ્થિતીમાં દર્શન થયા છે. જેમની જેવી ભાવના કે શ્રદ્ધા તેવા દિવ્ય દર્શન તેમને થયા.

પ. પુ. ગુરૂ૦ ધર્મા મહારાજ એક સાત્વિક વૃત્તીવાળા સતપુરૂષ હતા. તે પુજા અર્ચા કરવામાં દરરોજ તત્પર રહેતા. ઈશ્વરની નિયમિત પુજા અને તેનું એકાગ્ર ચિતે નામસ્મરણ એજ સાધનને તેમણે મહત્વ આપ્યું હતું. એ ઉપરાંત સદગુરૂ મહારાજના દર્શનનો સાક્ષાત્કાર પણ તેમને થયો હતો. જે લોકો મંદીરમા દરેક શ્રાવણ માસમાં અથવા ગમે ત્યારે પોથી પુરાણો વાંચી લોકોને તે જ્ઞાનોપદેશ આપતા સત્પંથ ધર્મનો કારભાર સારી રીતે ચાલતો હતો. એ સમયમાં સત્પંથ અનુયાયીઓની આગેવાની શ્રી. તોતારામ બધુ મહારાજને મળી હતી. અનુયાયી લોક તેમને પોતાના નેતા માનતા. તા. ૯–૨–૧૯૩૯ ના રોજ પ. પુ. ગુરૂ ધર્મા મહારાજ સ્વર્ગવાસી થયા. તેમના વખતમાં કંડારીના શ્રી કાનજી બુવા કારભારી હતા.

પ. પુ. ગુરૂ. ધર્મા મહારાજની હયાતીમાં ફૈજપુરના સદભક્ત શ્રી ખુશાલ ઓંકાર ભારંબે એ ભાવી આચાર્ય તરીકે પોતાના બંને દિકરાઓ બાળપણમાં બાળ બ્રહ્મચારી તરીકે અર્પણ કર્યા હતા. તેમના પૈકી શ્રી પૂંજો ઉર્ફે યશવંત યુવાવસ્થામાંજ મૈયત થયા અને હાલ પ. પૂ ગુરૂવર્ય પુરૂષોત્તમ ગુરૂ ધર્મા મહારાજ આચાર્ય છે. તેમના શિક્ષણના સમયમાંજ પ. પૂ. ધર્મા મહારાજ સ્વર્ગવાસી થવાથી સંસ્થાનના કારભારની બધી જવાબદારી તેમના ઉપર આવી પડી. તેથી તેમને નિશાળ છોડવી પડી. તેમનુ શાળાનું શિક્ષણ ઓછું હોવા છતાં તેમનો ધર્મ શાસ્ત્રનો અભ્યાસ ઉંડો છે. શાળા છોડયા પછી એટલે ઇ. સ. ૧૯૪૦ થી તો તેમને ઘણું ખડતર જીવન જીવવું પડયું. સામાજીક પરિસ્થિતી ઘણી

કથળી. તે વખતના પ્રતિકૂળ પવનથી આજસુધી ચાલુ રહેલી ધર્મજ્યોતિ બુઝાશે કે કેમ એવી દયાજનક પરિસ્થિતી ઉભી થઇ હતી પણ પ. પુ. ગુરૂ. પુરૂષોત્તમ મહારાજે ઘણા કષ્ઠ વેઠી આ ઓલવવા માંગતી ધર્મ જ્યોતિનું રક્ષણ કર્યું. જ્યોતિ ફરીથી સ્થિર અને તેજસ્વી કરવા તેમણે મહાન પ્રયત્ન કર્યા. તે દરમ્યાન એવો એક કપરો સમય આવી ગયો કે પોતાની પાછળ સંસ્થાનું શું થશે અને શું કરવાથી સંસ્થાન કાયમ ટકી શકશે એવું તેઓ સતત ચિંતન કરતા અને પ. પુ. સદગુરૂ ઈમામશહા મહારાજની અને પ્રભુ શ્રી નિકલંકી નારાયણની સતત આરાધના કરતા. આ પ્રકારની અત્યંત નાજુક પરિસ્થિતીમાં તેમનું મનોધૈર્ય ડગવા લાગ્યું હતું પણ અવિરત પ્રયત્ન અને આત્મતેજની વિલક્ષણ સામર્થ્યથી તેમણે પોતાની સમતુલા જાળવી રાખી.

એક દિવસે સવારમાં બ્રાહ્મ મુહૂર્તના સમયે એટલે ૪ વાગ્યાના અરસામાં તેઓ ધ્યાનસ્થ બેઠા હતા ત્યારે તેમના મનમાં ઉપર પ્રમાણેના વિચારો આવતા તેમને સદગુરૂ ઇમામશહા મહારાજના પરમ તેજસ્વી સ્વરૂપનો સાક્ષાત્કાર થયો. તે વિભૂતીએ તેમના મસ્તક ઉપર પોતાનો વરદ હસ્ત મુકી આશીર્વાદ આપ્યા કે તું ચિંતા કરીશ નહી. તારી મનોકામના થોડાજ દિવસમાં પુરી થશે. ભાવીકાળ ઉજ્વલ છે. ઇશ્વરી પ્રેરણાથી અને આત્મિક સામર્થ્યથી થયેલા આ દ્રષ્ટાંત ઉપર નિર્ભર થઇ તેમણે પોતાનુ કાર્ય પુંરા ઉત્સાહથી આગળ ચલાવ્યું.

ત્યારબાદ આઠ દિવસ પછી રાજોરે ગામના સત્પંથને પ્રથમથીજ પૂજ્ય માનનારા ધર્મપ્રેમી સદભક્ત શ્રી તુકારામ મંગૂ પાટીલને અચાનક દ્દષ્ટાન્ત થયો કે માયા પ્રપંચ અસાર છે. ધર્મ એજ બધાસારનું પણ સાર છે. ધર્મનું પાલન અને રક્ષણ કરવું અત્યંત મહત્વનુ કાર્ય છે. આ કાર્ય આપણે થોડુ ઘણુ ઉપાડી લેવું. માયા પ્રપંચના દૃઢ બંધનના કારણે આપના તરફથી કઈ થવા જેવું નહી હોય તો પણ આપણી ભાવી પેઢી તરફથી આ કામ અવશ્ય થવુંજ જોઇએ. આ પ્રકારની આંતરિક પ્રેરણા થવાથી તેમણે પોતાના એક પુત્રને મંદીરમાં બાલ બ્રહ્મચારી સાધુ તરીકે અર્પણ કરવાનું ઠરાવ્યું અને મંદીરમાં આવ્યા.

પોતાને થયેલા દૃષ્ટાંતની હકીકત પ. પૂ. પુરૂષોત્તમ મહારાજને વિદીત કરી ગુરૂ મહારાજે ઘણા આનંદથી પોતાની સંમતિ આપી.

ગુરૂ મહારાજની સંમતિ મળતા આઠ દિવસ પછી ઈ. સ. ૧૯૫૩ ના મે મહિનામાં શ્રી તુકારામ મંગુ પાટીલ અને તેમના ધર્મપત્નિ સૌ. ચમેલાબાઈ પોતાના બીજા પુત્ર જયરામને મંદીરમાં લાવી તેને બાળ બ્રહ્મચારી તરીકે અર્પણ કર્યો. આ વખતે તેની ઉમર માત્ર ૧૧ વરસની હતી. તેમણે પણ ધર્મનું કામ કરવાની પોતાની આંતરિક પ્રેરણા પ્રગટ કરી, ગુરૂમહારાજના ચરણે આશ્રય લીધો. આટલી નાની ઉમરમાં તેમને અને તેમના માબાપને થયેલી ઉપરતિ અને તેમનું મનોધૈર્ય જોઈ બધા લોકોને ઘણો આનંદ થયો અને પંથસંઘટનાનું જોર વધવા લાગ્યું. સતપંથી અનુયાયીઓની ઢીલી પડેલી ધર્મભાવનાઓ સચેતન થઈ. કાર્યાન્વિત થઇ. પ. પૂ. ગુરૂ પુરૂષોત્તમ મહારાજે બાળઆચાર્યના શિક્ષણની જબાબદારી પોતે લીધી. શાળાના શીક્ષણની સાથેજ પુરૂષોત્તમ મહારાજે તેમને ધાર્મિક શિક્ષણ આપવાની શરૂવાત કરી ઈ. સ. ૧૯૫૯ સુધી તેમનું શાળાનું શિક્ષણ પુરૂં થયું. તેજ વખતે પ. પૂ. પુરૂષોત્તમ મહારાજને લાગ્યું કે આપણી ભાવી પેઢીને ધર્મ શિક્ષણ મળે અને કાર્યાન્વીત થાય તે માટે કાયમસ્વરૂપની એવી કોઇ યોજના ઘડવી જોઇએ. એ હેતુથી તેમણે ઘણા પરિશ્રમથી 'શ્રી સત્‌પંથ ભજનાવલી' નામનો ગ્રંથ છપાવી પ્રગટ કર્યો. આ પ્રમાણે ઘણા દિવસની તેમની ઇચ્છા સફળ થઈ. આટલેથી ન અટકતાં તેમણે પોતાનું કામ આગળ ચાલુ રાખ્યું છે.

ઇ. સ. ૧૯૬૧ ની ૨૭ જુલાઈના રોજ એટલે આષાઢ સુદી પૂનમ (ગુરૂપૂનમ) શકે ૧૮૮૩, સવંત ૨૦૧૭ ના ગુરૂવારના રોજ મોટો ઉત્સવ થઇ જગન્નાથ મહારાજને બાલ બ્રહ્મચારી સાધૂના ભગવા વસ્ત્રો પરિધાન કરાવવામાં આવ્યા. અને સતપંથી મંદીરના ભાવી આચાર્ય અને વહીવટદાર તરીકે તેમને માન્ય રાખવામાં આવ્યા આ ઉત્સવમાં આજુબાજુના ગામોના લોકો મોટી સંખ્યામાં હાજર હતા.

સતપંથ માર્ગના ઘણા ખરા હસ્તલિખીત શાસ્ત્રોનું પુનર્લેખન પ. પૂ. ગુરૂ જગન્નાથ મહારાજે અને પ. પૂ. પુરૂષોત્તમ મહારાજે

અત્યંત બારકાઇથી નિરીક્ષણ કરી તેમનું પુનરૂજજીવન કરવાનું કામ ચાલુ કર્યું છે. આપણા પ. પૂ. સદગુરૂ ઇમામશહા મહારાજનો જીવન વૃત્તાન્ત અને તેમણે બતાવેલો સન્માર્ગનો અને ઈશ્વર ઉપાસનાના સાધનોનો બોધપાઠ તમામ લોકોની નજર આગળ આવે અને તેમની કાયમ સ્વરૂપની સ્મૃતી જનતાના મનમાં રહે એ હેતુથી ઘણી મહેનત લઇ સતપંથ ધર્મશાસ્ત્રની ઉપલબ્ધ માહિતી ભેગી કરી તે ઉપરથી આ જીવનચરિત્ર લખ્યું છે. તેજ આ ગ્રંથ જનતા જનાર્દનના સહકારથી પ્રસિદ્ધ થાય છે. તેમજ ભાવી પેઢીની દિન પ્રતિદીન ઉન્નતિ થાય એ હેતુથી સદગુરૂ ઇમામશહા મહારાજે જે ગ્રંથો લખેલા છે તેમના ઉપર ભાવાર્થરૂપે મરાઠી ભાષામાં ભાષ્ય લખી તે પણ પ્રસિદ્ધ કરવાનો તેમનો વિચાર છે આ પૈકી 'શિક્ષાપત્રી' અથવા 'શિખામણ' અને દિનપાઠ એ સતપંથ ધર્મના તત્વ નિયમ અને આચરણની માહિતી આપશે. હાલ એ નાનો ગ્રંથ ટૂક મુદતમાંજ પ્રસિદ્ધ થયો છે. ત્યાર પછી સદગુરૂ બોધ, ગુરૂવાણી, ચેતામણી વગેરે અનેક ગ્રંથો મરાઠીમાં ભાષાંતરીત કરી પ્રસિદ્ધ કરવાનો તેમનો ઇરાદો છે.

આ પ્રમાણે સત્પંથ અનુયાયીઓની ઉન્નતિમાટે અને ભાવી પેઢીના ઉત્કર્ષમાટે અથાગ પરિશ્રમ લઇ બંને ગુરૂમહારાજે આ કામ ચાલુ રાખ્યું છે. આ આપણા ઉપર તેમનો મહદ્ ઉપકાર છે 'आत्मनो मोक्षार्थ जगद्धितायज' એટલે પોતાના આત્માની મુક્તીસાથેજ જનતા જનાર્દનના કલ્યાણમાટે પરિશ્રમ લેવા એ તેમનું પરમ ઉજ્વલ ધ્યેય છે. ત્યાગમય જીવન જીવી નિરપેક્ષબુદ્ધિથી ચલાવેલા તેમના આ કાર્યને આપણે સહૃદયતાથી અને આત્મિયતાથી સહકાર આપી તેમનું હાર્દિક અભિનંદન કરીયે. પ. પૂ. ગુરૂવર્યના આ ઉત્સ્ફૂર્ત અને પ્રેરણાદાયી કાર્યને ઇશ્વરી અનુગ્રહ મળે અને તેમના કાર્યના સુમધૂર ફળોના કૃપાપ્રસાદ આપણને મળે તે માટે આપણે ઇશ્વરપાસે તેમજ પ. પૂ. સદગુરૂ મહારાજ પાસે અત્યંત નમ્રભાવથી અને દૃઢ શ્રદ્ધાથી પ્રાર્થના કરીયે.

ઈચ્છારામ ચમાજી ઝોપે.

આ પુસ્તકના પ્રકાશન માટે નીચેના મહાનુભાવો તરફથી મદદ મળી છે.

૫૦-૫૦	પીરાણા મુકામે સંદલદિને મળેલી મદદ	પીરાણા
૧૫૧-૦૦	શ્રી ગોવિંદભાઈ કરસનભાઈ	મેઘપુરા
૧૧૧-૦૦	શ્રી હંસરાજ તથા માવજીભાઈ દેવજીભાઈ	માઢવાકમ્પા
૧૦૧-૦૦	પાલડી કાંકજ કમ્પા સમસ્ત હસ્તે શ્રી કરસનભાઈ અરજનભાઈ	પાલડી કમ્પા
૧૦૧-૦૦	શ્રી ગોવિંદભાઈ મેઘજીભાઈ	મેઘપુરા
૧૦૧-૦૦	હસ્તે હરકોરબેન તથા પ્રમિલાબેન	ભાવનગર
૧૦૧-૦૦	સ્વસ્તી શ્રી ભાવનગર સતપંથી મંદિર તરફથી	ભાવનગર
૧૦૧-૦૦	રણાસણ કમ્પા સમસ્ત સતપંથી ભાઈઓ તરફથી હસ્તે મુખી કેસરાભાઈ તથા ગોવિંદભાઈ	રણાસણ કમ્પા
૧૦૧-૦૦	વિલાસપુરા સમસ્ત સતપંથી ભાઈઓ તરફથી હસ્તે મુખી લદ્ધાભાઈ વાલજીભાઈ તથા કેસરાભાઈ ગોવિંદભાઈ	વિલાસપુરા
૧૦૧-૦૦	ગાડુ કમ્પા સમસ્ત સતપંથી ભાઈઓ તરફથી હસ્તે શ્રી ધનજીભાઈ નારાયણ તથા શ્રી ખીમજીભાઈ નારાયણ	ગાડુ કમ્પા
૫૧-૦૦	નાપડા કમ્પા સમસ્ત સતપંથી ભાઈઓ તરફથી હસ્તે પ્રેમજીભાઈ હીરજીભાઈ	નાપડા કમ્પા
૫૧-૦૦	ખેતાભાઈ કરસનભાઈ તથા શ્રી સવજીભાઈ રામજીભાઈ	માતાજી કમ્પા
૫૧-૦૦	શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ	નિકોડા કમ્પા
૫૧-૦૦	હડમતીયા કમ્પા સમસ્ત સતપંથી ભાઈઓ તરફથી હસ્તે મુખી લદ્ધાભાઈ ગોવિંદભાઈ	હડમતીયા કમ્પા
૫૧-૦૦	અરજનભાઈ તથા ખીમજીભાઈ ધનજીભાઈ	માઢવા કમ્પા
૫૧-૦૦	શ્રી છોટાલાલ રણછોડદાસ કં. હ. અંબાલાલ તથા કિશોરભાઈ	ધોલકા
૫૧-૦૦	શ્રી પરસોમદાસ ત્રિકમજી	ભાવનગર

૫૦–૦૦	શ્રી જેઠાભાઈ તથા સવજીભાઈ મેઘજી	માઢવા કમ્પા
૨૫–૦૦	કંસારા છોટાલાલ જવેરદાસ	શિહોર
૨૫–૦૦	શ્રી પરમાનંદદાસ ગંગારામ	ભાવનગર
૨૫–૦૦	શ્રી પરમાનંદદાસ મુળજીભાઈ કં.	ભાવનગર
૨૫–૦૦	શ્રી ભીખાભાઈ આત્મારામ	ધોલકા
૨૫–૦૦	શ્રી અમૃતલાલ ગણપતદાસ	ધોલકા
૨૫–૦૦	શંકરલાલ ગીરધરલાલ	ધોલકા
૨૫–૦૦	કરશનભાઈ શામજીભાઈ	રામપુરા
૨૫–૦૦	સવજીભાઈ ભાણજીભાઈ	રામપુરા
૨૫–૦૦	વિસરામભાઈ તથા વિઠ્ઠલભાઈ દેવજીભાઈ	કાશીપુરા
૨૧–૨૫	બાબુભાઈ મનજીભાઈ	ભાવનગર
૨૧–૦૦	બેચરદાસ બાપુજી	અમદાવાદ
૨૦–૦૦	સવજીભાઈ જીવરાજભાઈ	હડમતીયા
૨૦–૦૦	શ્રી રામજીભાઈ કરસનભાઈ	કાશીપુરા
૨૦–૦૦	શ્રી ભોજાભાઈ સવજીભાઈ	કાશીપુરા
૧૫–૦૦	શ્રી મુખી કાનજીભાઈ રત્ના	રામપુરા
૧૫–૦૦	શ્રી પ્રેમજીભાઈ વિરજીભાઈ	હાથીપુરા
૧૧–૦૦	શ્રી રામજીભાઈ કરસનભાઈ	મેઘપુરા
૧૧–૦૦	શ્રી રતનસીભાઈ ધનજીભાઈ	રામપુરા
૧૧–૦૦	શ્રી હરકોરબેન બાબુભાઈ	ભાવનગર
૧૦–૨૫	શ્રી કરસનભાઈ ભાણજીભાઈ	કાપડીની વાડ
૧૦–૦૦	શ્રી નારાયણભાઈ સવજીભાઈ	ગાડુ કમ્પા
૧૦–૦૦	શ્રી કરમસીભાઈ પેથાભાઈ	આનંદપુરા
૧૦–૦૦	શ્રી ક્ષવજીભાઈ લાલજીભાઈ	મોતીપુરા
૧૦–૦૦	ડો. કેશવલાલ જે. પટેલ	અમવાદ
૧૦–૦૦	શ્રી સવગણભાઈ હીરજીભાઈ	રામપુરા
૧૦–૦૦	શ્રી મનજીભાઈ દેવજીભાઈ	રામપુરા
૧૦–૦૦	શ્રી ખીમજીભાઈ રામજીભાઈ	રામપુરા
૧૦–૦૦	શ્રી સવગણભાઈ નાનજીભાઈ	રામપુરા
૭–૦૦	શ્રી માવજીભાઈ રાજાભાઈ	કપડવંજ
૭–૦૦	શ્રી કીર્તિભાઈ નાનાલાલ	ભાવનગર

૫–૦૦	શ્રી બુધ્ધિલાલ નાથાલાલ	ભાવનગર
૫–૦૦	શ્રી મુખી નંદલાલ ગોવર્ધનદાસ	ભાવનગર
૫–૦૦	શ્રા મુખી રામજી બુદર	ભાવનગર
૫–૦૦	શ્રી મુલજીભાઈ ઈચ્છારામ	ભાવનગર
૫–૦૦	શ્રી હરીલાલ રામજીભાઈ	ભાવનગર
૫–૦૦	શ્રી ઠાકરસીભાઈ લલુભાઈ	ભાવનગર
૫–૦૦	શ્રી શાંતિલાલ હરિલાલ ફ્રુટવાલા	ભાવનગર
૫–૦૦	શ્રા દેવસીભાઈ ખીમજીભાઈ	ગણેશપુરા
૫–૦૦	શ્રી પ્રેમજીભાઈ અરજનભાઈ	ખીડોઈકચ્છ
૫–૦૦	સંભુલાલ માણેકચંદ	ખીડોઈકચ્છ
૫–૦૦	કરસનભાઈ દેવસીભાઈ	ખીડોઈકચ્છ
૫–૦૦	વિસરામભાઈ ધનજીભાઈ	ખીડોઈકચ્છ
૫–૦૦	ખીમજીભાઈ દેવજીભાઈ	વિઠ્ઠલપુરા
૫–૦૦	કરસનભાઈ દેવજીભાઈ	વિઠ્ઠલપુરા
૫–૦૦	નાનજીભાઈ જીવરાજભાઈ	વિઠ્ઠલપુરા
૫–૦૦	શ્રી જેઠાભાઈ જીવરાજભાઈ	વિઠ્ઠલપુરા
૫–૦૦	શ્રી કરસનભાઈ જેઠાલાલભાઈ	રાજલીકમ્પા
૫–૦૦	શ્રી મુલજીભાઈ વાલજીભાઈ	રામપુરા
૫–૦૦	રામજીભાઈ કાતજીભાઈ	રામપુરા
૫–૦૦	નાનજી હીરજીભાઈ	ગાડુકમ્પા
૫–૦૦	અબજીભાઈ લાલજીભાઈ	ગાડુકમ્પા
૫–૦૦	શ્રી નારાયણભાઈ વિસરામભાઈ	દેસાઈપુરા
૫–૦૦	શ્રી સવજીભાઈ અરજનભાઈ	દેસાઈપુરા
૫–૦૦	શ્રી ખીમજીભાઈ પચાણભાઈ	દેસાઈપુરા
૫–૦૦	શ્રી વાલજીભાઈ ભાણજીભાઈ	દેસાઈપુરા
૫–૦૦	શ્રી કાનજીભાઈ રામજીભાઈ	દેસાઈપુરા
૫–૦૦	શ્રી ધનજીભાઈ વાલજીભાઈ	દેસાઈપુરા
૫–૦૦	શ્રી લદ્ધાભઈ વાલજીભાઈ	દેસાઈપુરા
૫–૦૦	શ્રી લાલજીભાઈ હીરજીભાઈ	દેસાઈપુરા
૫–૦૦	શ્રાં મેઘજીભાઈ ભાણજીભાઈ	દેસાઈપુરા
૫–૦૦	શ્રી રામજીભાઈ દેવસીભાઈ	લક્ષ્મીપુરા

૫—૦૦	શ્રી પુજાભાઈ સામજીભાઈ	લક્ષ્મીપુરા
૫—૦૦	શ્રી ધનજીભાઈ સામજીભાઈ	લક્ષ્મીપુરા
૫—૦૦	શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ	નિકોળા કમ્પા
૫—૦૦	શ્રી હરજીભાઈ નાનજીભાઈ	ભવાનપુરા
૫—૦૦	શ્રી સવજીભાંઈ રામજીભાઈ	માતાજી કમ્પા
૫—૦૦	શ્રી ખેતાભાઈ કરસનભાઈ	માતાજી કમ્પા
૫—૦૦	શ્રી પ્રેમજીભાઈ માવજીભાંઇ	છત્રીસા
૫—૦૦	શ્રી મુખી દેવજી લાલજી	કાનપુરા કમ્પા
૫—૦૦	શ્રી નથુબાપા મનજીભાઈ	કાંતિલાલ કમ્પા
૫—૦૦	શ્રી સવજીભાઈ લાલજીભાઈ	આનંદપુરા
૫—૦૦	શ્રી સામજીભાઈ મેઘજીભાઈ	આનંદપુરા
૫—૦૦	શ્રી હંસરાજભાઈ કરમસી	આનંદપુરા
૫—૦૦	શ્રી કેસરાભાઈ લખુભાઈ	આનંદપુરા
૫—૦૦	શ્રી જીવરાજભાઈ લદ્ધાભાઈ	માધવપુરા
૫—૦૦	દેવકીબાઈ લદ્ધાભાઈ	માધવપુરા
૫—૦૦	શ્રી અરજનભાઈ નાનજી	માધવપુરા
૫—૦૦	શ્રી રવજીભાઈ રામજીભાઈ	માધવપુરા
૫—૦૦	શ્રી ખીમજીભાઈ સામજીભાઈ	મેઘપુરા
૫—૦૦	શ્રી રામજીભાઈ લાલજીભાઈ	મોતીપુરા
૫—૦૦	શ્રી હિરજીભાઈ સવજીભાઈ	વિષ્ણુપુરા
૫—૦૦	શ્રા જેઠાલાલ સવજીભઈ	કનીજ
૫—૦૦	શ્રી કાનજીભાઈ કરસનભાઈ	તલાવડી કમ્પા
૫—૦૦	શ્રી રામજીભાઈ કરસનભાઈ	તલાવડી કમ્પા
૫—૦૦	શ્રી મણીલાલ હીરજીભાઈ	નારાયણપુરા
૫—૦૦	શ્રી કાનજીભાઈ પ્રેમજીભાઇ	સુખપુરા
૫—૦૦	શ્રી ગોપાળભાઈ કરમસીભાઈ	કપડવંજ
૫—૦૦	શ્રી કરસનભાઈ જેઠાભાઈ	વજેપુરા
૫—૦૦	શ્રી સોમજીભાઈ સવગણભાઈ	ચંદરપુરા

નોંધ : આ સિવાય જે પ્રેમી ભાઈ-બહેનોએ પ્રેમથી પોતાની શકિત મુજબ રૂા. ૪, ૩, ૨ અને ૧ ની પણ મદદ આપી છે. તે સર્વનો આભાર માનું છું.

realpatidar.com